For Private Circulation only

**Damania & Varaiya**
Chartered Accountants

# GST ALERT XXVII

## "Frequently Asked Questions (FAQs) on GST" in Gujarati

We are pleased to attach the Gujarati edition of "FAQs on GST".

**Damania & Varaiya**
14/2, Mahalaxmi Industrial Estate,
Dainik Shivner Marg,
Lower Parel, Mumbai – 13.
Branch-Pune

For any queries email at consult@dnvca.com

Date: 04th August, 2017

**central board of excise & customs**

**New Delhi**

# જીએસટી ઉપર

# વારંવાર પૂછાતા પ્રશ્નો

## Frequently Asked Questions (FAQ) on GST

# દાવો જતો કરવાની નોટીસ (ડિસ્ક્લેમર નોટિસ)

કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક, અમદાવાદના અધિકારીઓએ કરેલ આ ગુજરાતી અનુવાદમાં શક્ય તેટલી કાળજી લેવામાં આવી છે. તેમ છતાં જો કોઈ સંભવિત ત્રુટી, ક્ષતિ કે હકીકત દોષ રહી ગયેલ હોય તેના લીધે, તેમજ ભાષાંતરીત પુસ્તકની વિગતોના આધારે કરવામાં આવતા કાર્યોના લીધે, થતા પરિણામો માટે અંગ્રેજીમાં લખાયેલ પુસ્તકને વધુ માન્ય ગણવું. કોઈ પણ અર્થઘટન માટે મૂંઝવણ થાય તો અંગ્રેજી પુસ્તકમાં આપેલ વિગતોને માન્ય ગણવી. આ પુસ્તિકા માત્ર સામાન્ય ઝાંખી પૂરી પાડવા માટે બનાવેલ છે અને કાનૂની અભિપ્રાય તથા સલાહ તરીકે ગણવામાં ના આવે વધુ વિગતો માટે આપને વિનંતી છે કે મૉડેલ જીએસટી કાયદાનો સંદર્ભ લેવામાં આવે.

સંદર્ભ પુસ્તક :

Frequently Asked Questions (FAQ) on GST

English Edition, Central Board of Excise & Customs,

New Delhi

# સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ

# નવી દિલ્હી

## જીએસટી ઉપર વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

## પ્રસ્તાવના

101માં બંધારણીય સુધારા એક્ટ 8 સપ્ટેમ્બર 2016ના રોજ અમલમાં આવતાં તથા જીએસટી કાઉન્સીલ ઉપર નોટીફીકેશન 15 સપ્ટેમ્બર 2016ના રોજ અમલમાં આવતાં, જીએસટી રોલ આઉટ માટે માર્ગ સ્પષ્ટ છે. સરકાર 1લી એપ્રિલ 2017 થી સૌથી મોટા પરોક્ષ કર સુધારણા રજૂઆત માટે આતુર છે. સૌથી મોટા પડકારોમાં કેન્દ્ર અને રાજ્યોના પરોક્ષ કર અધિકારીઓ તેમજ વેપારીઓને જીએસટીની પ્રક્રિયાઓ, કાર્યવાહી તથા સમજણ આપવાનો છે. કસ્ટમ્સ એક્સાઇઝ એન્ડ નારકોટીક્સ (NACEN)ની રાષ્ટ્રીય એકેડમી પર પરોક્ષ કરવેરામાં ક્ષમતા નિર્માણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓને તાલીમ આપવા ફરજિયાત કરવામાં આવ્યું છે. NACEN પ્રચંડ ક્ષમતા નિર્માણ કરવા માટે આશરે 60000 પ્રત્યક્ષ કરવેરા અધિકારીઓને તાલીમ આપી સુસજ્જ બનાવે કે જેથી જીએસટી અમલમાં આવે ત્યારે તેઓ સંપર્ણ સજ્જ રહે. NACEN એ આશરે 2000 ટ્રેનર્સની એક ટીમ દેશભરના ફિલ્ડ ઓફિસરોને તાલીમ આપવા માટે તૈયાર કરેલ છે. મર્યાદિત

સમય ધ્યાનમાં લેતાં NACEN એ વર્ગખંડ તાલીમ સિવાય અદ્યતન માહિતી ટેક્નોલોજીના સાધનો વાપરવાનું આયોજન કરેલ છે. જેમ કે વર્ચ્યુઅલ વર્ગ ખંડ તેમજ ઇ-લર્નિંગ મોડ્યુલ કે જેનાથી વિશાળ કવરેજ થઈ શકે. આ ક્ષમતા નિર્માણ કસરતના ભાગ તરીકે NACEN એ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)નું એક સંકલન, તાલીમ અને પૂછપરછ સત્ર દરમિયાન મેળવેલ ઇનપુટને આધારિત તૈયાર કરેલ છે કે જે એક તાલીમ સાધન તરીકે અધિકારીઓ અને જનતાને મોડેલ જીએસીટી લૉ થી સુસજ્જ કરી શકાય. FAQ કેન્દ્ર તથા રાજ્ય સરકારના અધિકારીઓની એક ટીમ દ્વારા તૈયાર તેમજ સમીક્ષા કરવામાં આવેલ છે. હું બધા અધિકારીઓને કે જેઓએ આ બુકલેટને તૈયાર કરવામાં યોગદાન આપેલ છે તથા NACEN ને તેના માટે અભિનંદન આપું છું.

મને ખાત્રી છે કે આ FAQ સંકલન 24 વિષયો સાથે 500 પ્રશ્નો આવરીને કરવેરા અધિકારીઓ, વેપારીઓ તથા જાહેરજનતા માટે જીએસટી ઉપર જ્ઞાન પ્રસારમાં અસરકારક સાધન હશે. આ પ્રથમ આવૃત્તિ કે જે મોડેલ જીએસટી કાયદો જે જનતા સમક્ષ પ્રકાશિત કરવામાં આવેલ છે. NACEN સુધારેલ આવૃત્તિઓ જ્યારે ને ત્યારે સંબંધિત કાયદો તથા નિયમો ઘડવામાં આવશે ત્યારે તેને બહાર લાવશે.

નજીબ શાહ

ચેરમેન, CBEC

# વિષય સૂચિ કોષ્ટક


1. ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)નું વિહંગાવલોકન ...9

2. કર અને કરમાંથી મુક્તિ .....25

3. રજસ્ટ્રેશન (પંજીકરણ) ..... 31

4. પૂરવઠા (સપ્લાય)નો અર્થ અને વ્યાપ ..... 48

5. પૂરવઠા (સપ્લાય)નો સમય ..... 54

6. જીએસટીમાં મૂલ્યાંકન .....60

7. જીએસટી – વેરાની ચૂકવણી .....66

8. ઇલક્ટ્રૉનિક્સ કૉમર્સ (વિજાણુ વાણિજ્ય)..... 77

9. જોબ વર્ક (બીજા માટે કાર્ય કરવું) .....84

10. ઇનપુટ ટેક્સ ક્રેડિટ .....88

11. જીએસટીમાં ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર્સ (ISD)નો કન્સેપ્ટ 102

12. રીટર્નસ પ્રક્રિયા અને ઇનપુટ ટેક્સ ક્રેડિટની એકરૂપતા ..... 108

13. આકારણી અને લેખા પરીક્ષા .....119

14. રિફંડ (ધન વાપસી) ..... 129

15. માંગ અને વસુલી (Demand and Recovery) ..... 137

16. જીએસટીમાં અપીલ, સમીક્ષા અને પુનરાવર્તન ..... 145

(Appeals, Review and Revision in GST)

17. એડવાન્સ રૂલિંગ .....153

18. કેસોની પતાવટ (સેટલમેન્ટ કમિશન) ..... 160

19. નિરીક્ષણ, શોધ, જપ્તી અને ધરપકડ ..... 168

20. ગુનો અને દંડ, સજા અને સામૂહિક ..... 194

21. આઈજીએસટી કાયદાની રૂપરેખા ..... 209

22. માલ અને સેવાઓના પુરવઠાનું સ્થળ.....214

23. જીએસટી પોર્ટલ પરની ફ્રન્ટએન્ડ વ્યવસાયિક પ્રક્રિયા ..... 222

24. ટ્રાન્ઝેશનલ જોગવાઈઓ (Transitional Provisions) .....238

**દ્વારા તૈયાર :**

શ્રી સમીર બજાજ, એડિશનલ નિયામક, NACEN મુંબઈની દેખરેખ હેઠળ

શ્રી દિપક માતા, મદદનીશ નિયામક, NACEN મુંબઈ

અને

શ્રી સંજીવ નાયર, એક્ઝામીનર, Cestat Mumbai

**દ્વારા સમીક્ષા :**

સર્વશ્રી પી. કે. મોહન્તી, સલાહકાર, CBEC (પ્રકરણ 1); વિશાલ પ્રતાપસિંધ, ડી.સી. (જીએસટી) પોલિશિવીંગ, CBEC (પ્રકરણ 2); ડૉ. પી. ડી. વાઘેલા, CCT, ગુજરાત (પ્રકરણ 3 અને 7); ડી. પી. નાગેન્દ્રકુમાર, પ્રિન્સીપાલ ADG, DGCEI, બેંગ્લુરુ (પ્રકરણ 4 થી 6). શ્રી ઉપેન્દ્ર ગુપ્તા, કમિશનર જીએસટી, CBSE (પ્રકરણ 8 થી 11), ઋત્વીક પાંડે CCT, કર્ણાટકા (પ્રકરણ 12), અરૂણકુમાર મિશ્રા, જોઇન્ટ સેક્રેટરી, CTD, બિહાર (પ્રકરણ 3), ખાલીદ અનવર, સીનીયર JCT, WB (પ્રકરણ 14 અને 24), અજય જૈન, પ્રિન્સિપાલ કમિશનર, કસ્ટમ્સ અમદાવાદ (પ્રકરણ 15), ડી. બી. અગ્રવાલ, પ્રિન્સિપલ કમિશનર, હૈદ્રાબાદ (પ્રકરણ 16), શશાંક પ્રિયા, ADG, DGજીએસટી, CBSE (પ્રકરણ 17 થ 20), જે. ડી. લોહાણી, CCE ફરિદાબાદ (પ્રકરણ 21 અને 22), પ્રકાશકુમાર, CEO, જીએસટીએન (પ્રકરણ 23)

**અનુવાદ :**

આ પુસ્તકનું ગુજરાતી અનુવાદ કેન્દ્રીય ઉત્પાદ શૂલ્ક, અમદાવાદના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

ટિપ્પણીઓ અને FAQ ઉપર સૂચનો, કૃપા કરીને ઇ-મેઇલ આઇડી dg.nacen-cbse@nic.in ઉપર મોકલવામાં આવી શકે છે.

**દાવો જતો કરવો (Disclaimer)**

NACEN દ્વારા સંકલિત અને સોર્સ ટ્રેનર્સ દ્વારા તપાસેલ જીએસટીને આધારિત પ્રશ્નાવલી, ડ્રાફ્ટ મૉડેલ, જીએસટી લૉને આધારિત છે કે જે પબ્લિક ડોમેઇનમાં જૂન 2016માં પ્રકાશિત થયેલ. આ FAQ તાલીમ અને શૈક્ષણિક હેતુ માટે માત્ર છે. આ પુસ્તિકા માત્ર સામાન્ય ઝાંખી પૂરી પાડવા માટે બનાવેલ છે અને કાનૂની અભિપ્રાય તથા સલાહ તરીકે ગણવામાં ના આવે વધુ વિગતો માટે આપને વિનંતી છે કે મૉડેલ જીએસટી કાયદાનો સંદર્ભ લેવામાં આવે.

# પ્રકરણ 1

# ગુડ્સ અને સર્વિસીસ ટેક્સ (જીએસટી)નું વિહંગાવલોકન

**પ્રશ્ન 1. ગુડઝ અને સર્વિસ ટેક્સ (જીએસટી) શું છે ?**

**ઉત્તર :** માલ અને સેવાના વપરાશ ઉપર એક સ્થળ આધારિત કર છે. તે ઉત્પાદનથી અંતિમ વપરાશ સુધી દરેક તબક્કે લાગુ કરવાની દરખાસ્ત છે. તેની સાથે આગળના તબક્કામાં ભરવામાં આવેલ કર ની ક્રેડિટ સેટઓફ તરકે ઉપલબ્ધ રહેશે. સંક્ષિપ્તમાં માત્ર કિંમત વધારા ઉપર કર લેવામાં આવશે અને કરનો બોજ અંતિમ ગ્રાહક દ્વારા ઉઠાવવામાં આવશે.

**પ્રશ્ન 2. વપરાશ પર સ્થળ આધારિત કરનો કન્સેપ્ટ શું છે ?**

**ઉત્તર :** ટેક્સ સત્તાવાળાઓ કે જેનું અધિકાર ક્ષેત્ર વપરાશ સ્થળ, કે જે પૂરવઠા સ્થળ તરીકે પણ ઓળખાય છે, માટે કર જમા મળે છે.

**પ્રશ્ન 3. જીએસટીની નીચે હાલમાં લાગુ કયા કર તથા વેરાઓ સમાવવામાં આવશે ?**

**ઉત્તર :** જીએસટી હેઠળ નીચે દર્શાવેલ કરવેરાઓને સમાવશે.

i. કેન્દ્ર દ્વારા હાલમાં લાદવામાં અને એકત્રિત કરવામાં આવેલ કર

a. સેન્ટ્રલ એક્સાઇઝ ડ્યુટી

b. એક્સાઇઝ ડ્યુટી (ઔષધિય અને ટોઇલેટ પ્રિપેરેશન્સ)

c. વધારાની એક્સાઇઝ ડ્યુટી (ગુડઝ ઓફ સ્પેશ્યલ ઇમ્પોર્ટન્સ)

d. વધારાની એક્સાઇઝ ડ્યુટી (ટેક્સટાઇલ અને ટેક્સટાઇલ પ્રોડક્ટસ)

e. વધારાની કસ્ટમ્સ ડ્યુટી (સામાન્ય રીતે જાણીતી CVD)

f. સ્પેશ્યલ એડિશનલ ડ્યુટી ઓફ કસ્ટમ્સ (SAD)

g. સર્વિસ ટેક્સ

h. સેન્ટ્રલ સરચાર્જીસ એન્ડ સેસીઝ કે જે સામાન અને સેવાઓ પૂરવઠા સંબંધિત છે.

ii. રાજ્ય દ્વારા લાદવામાં અને એકત્રિત કરવામાં આવેલ કર

a. સ્ટેટ વેટ

b. સેન્ટ્રલ સેલ્સ ટેક્સ

c. લક્ઝરી ટેક્સ

d. એન્ટ્રી ટેક્સ (દરેક ફોર્મમાં)

e. એન્ટરટેઇનમેન્ટ અને એમ્યુઝમેન્ટ ટેક્સ (સિવાય કે સ્થાનિક સંસ્થા દ્વારા લાદેલ)
f. એડવર્ટાઇઝમેન્ટ ઉપર ટેક્સ
g. ખરીદ વેરો
h. લોટરી, જુગાર અને શરતો ઉપર વેરો
i. સ્ટેટ સરચાર્જીસ એન્ડ સેસીઝ કે જે સામાન અને સેવાઓ પૂરવઠા સંબંધિત છે.

જીએસટી કાઉન્સીલ, કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા લાદવામાં આવેલ કરવેરા, સેઝ અને સરચાર્જ બાબતે કેન્દ્ર અને રાજ્યોને ભલામણ કરશે.

**પ્રશ્ન 4. ઉપર દર્શાવેલ વેરાઓ જીએસટીમાં સમાવિષ્ટ કરવા માટે કયા સિદ્ધાંતો અપનાવવામાં આવ્યા હતાં ?**

**ઉત્તર :** કેન્દ્રીય, રાજ્ય અને સ્થાનિક વેરાઓ જીએસટીમાં સમાવિષ્ટ કરવા માટે અનેક શક્યતાઓ તપાસવામાં આવી હતી. તપાસ દરમિયાન નીચે દર્શાવેલ સિદ્ધાંતો ધ્યાનમાં રાખવામાં આવે.

i. કર અથવા વેરાઓ મુખ્યત્વે પરોક્ષ કર કે જે માલ પૂરવઠા અથવા સેવા પૂરવઠા ઉપર આધારિત હોય, સમાવિષ્ટ કરવા.

ii. સમાવિષ્ટ કર અથવા વેરાઓ, વ્યવહારની સાંકળ છે જે આયાત/ઉત્પાદન/માલ ઉત્પાદન અથવા સેવાઓની જોગવાઈ અને સેવાઓ તથા સામાનનો વપરાશ.

iii. આ સમાવિષ્ટથી રાજ્યની અંદર અને આંતરરાજ્ય સ્તરે ટેક્સ ક્રેડિટનો મુક્ત પ્રવાહ થશે. કર, વેરા અને ફી કે જે માલ અને સેવાઓ પૂરવઠા સંબંધિત નથી તેને જીએસટીમાં સમાવિષ્ટ ન કરવી જોઈએ.

iv. બંને યુનિયન અને રાજ્યોની આવકના ઔચિત્યની પ્રયાસ કરવાની જરૂર છે.

**પ્રશ્ન 5. જીએસટીના કાર્યક્ષેત્રની બહાર કઈ કઈ વસ્તુઓ રાખી શકાય ?**

**ઉત્તર :** માનવ વપરાશ માટે દારૂ, પેટ્રોલિયમ ઉત્પાદન જેવા કે પેટ્રોલિયમ ક્રૂડ, મોટર સ્પિરિટ (પેટ્રોલ), હાઈ સ્પીડ ડીઝલ, કુદરતી ગેસ, એવીએશન ટર્બાઇન ફ્લુડ અને ઇલેક્ટ્રીસીટી.

**પ્રશ્ન 6. જીએસટીની રજૂઆત પછી ઉપર દર્શાવેલ વસ્તુઓ ઉપર કરવેરા બાબતમાં સ્થિતિ શું હશે ?**

**ઉત્તર :** ઉપર દર્શાવેલ વસ્તુઓ ઉપર વર્તમાન કરવેરા સીસ્ટમ (વેટ અને સેન્ટ્રલ એક્સાઇઝ) ચાલુ રહેશે.

**પ્રશ્ન 6A. જીએસટી શાસન હેઠળ તમાકુ અને તમાકુ ઉત્પાદનની સ્થિતિ શું હશે ?**

ઉત્તર : તમાકુ અને તમાકુ ઉત્પાદનો જીએસટી આધીન રહેશે. તદ્ઉપરાંત કેન્દ્ર પાસે કેન્દ્રિય આબકારી જકાત વસુલ કરવાની સત્તા રહેશે.

**પ્રશ્ન 7. કયા પ્રકારનાં જીએસટીનો અમલ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે ?**

**ઉત્તર :** તે બેવડું જીએસટી હશે, જે કેન્દ્ર અને રાજ્ય બંને દ્વારા વસુલવામાં આવતું સમાન કર માળખું હશે. જે જીએસટી, રાજ્યની અંદર આપવામાં આવતાં માલ પુરવઠા અને /અથવા સેવાઓ ઉપર કેન્દ્ર દ્વારા લાદવામાં આવશે તેને સેન્ટ્રલ જીએસટી(સીજીએસટી) કહેવામાં આવશે અને રાજ્ય દ્વારા લાદવામાં આવે તેને રાજ્ય જીએસટી (એસજીએસટી) કહેવામાં આવશે. તે જ રીતે સંકલિત જીએસટી (આઈજીએસટી), દરેક આંતર રાજ્ય માલ પુરવઠા અને સેવાઓ ઉપર કેન્દ્ર દ્વારા લાદવામાં અને સંચાલિત કરવામાં આવશે.

**પ્રશ્ન 8. ડ્યુઅલ જીએસટી શા માટે જરૂરી છે ?**

**ઉત્તર :** ભારત જેવા સમવાયી દેશમાં, બંને કેન્દ્ર અને રાજ્યોને કર લાદવાની અને એકત્રીત કરવાની સત્તા યોગ્ય કાયદા દ્વારા સોંપવામાં આવી છે. સરકારનાં બંને સ્તરે બંધારણમાં વિવિધ

જવાબદારીઓ અદા કરવા માટે નિયત સત્તા આપેલ છે જેના માટે તેઓને સાધનો એકત્રીત કરવાની જરૂર પડે છે. નાણાંકીય સમવાયતંત્રની બંધારણીય જરૂરિયાતને ધ્યાનમાં રાખવાં, ડ્યુઅલ જીએસટી જરૂરી છે.

**પ્રશ્ન 9. જીએસટી લાદવાનું અને સંચાલન કરવાનું કાર્ય કઈ સત્તા દ્વારા કરવામાં આવશે ?**

**ઉત્તર :** કેન્દ્ર દ્વારા સીજીએટી અને આઈજીએસટી લાદવાનું અને સંચાલન કરવાનું તથા જે તે રાજ્યો દ્વારા એસજીએસટી લાદવાનું તથા સંચાલન કરવાનું આવશે.

**પ્રશ્ન 10. શા માટે ભારતના બંધારણમાં જીએસટી સંદર્ભમાં તાજેતરમાં સુધારો કરવામાં આવ્યો હતો ?**

**ઉત્તર :** હાલમાં કેન્દ્ર અને રાજ્યોની નાણાંકીય સત્તા એકબીજાની સામ્યતા વગર સ્પષ્ટ રીતે બંધારણમાં સીમાંકિત કરેલ છે. કેન્દ્ર પાસે ઉત્પાદિત માલ (માનવ વપરાશ માટે દારૂ, અફીણ, નારકોટીક્સ વગેરે સિવાય) પર કર વસુલ કરવાની સત્તા છે, રાજ્યો પાસે માલ વેચાણ ઉપર કર વસુલ કરવાની સત્તા હોય છે. આંતર રાજ્ય વેચાણ કિસ્સામાં, કેન્દ્રીય વેચાણ વેરો (સીએસટી) લાદવાની સત્તા કેન્દ્ર પાસે છે, પરંતુ રાજ્યો દ્વારા તે કર સંપૂર્ણપણે એકત્રીત કરી જાળવી રાખવામાં આવે છે. સેવાઓ માટે એકલા કેન્દ્ર પાસે સેવા કર વસુલાત કરવાની સત્તા છે. જીએસટી લાગુ કરવા માટે

બંધારણીય સુધારા જરૂરી છે, જેથી કરીને કેન્દ્ર અને રાજ્યોને સમાંતર રીતે આ બધા કર લાદવાની તથા વસુલ કરવાની સત્તા મળે. ભારતના બંધારણમાં આ હેતુ માટે તાજેતરમાં બંધારણ (એકસો એક (101)મો સુધારો) ધારો 2016 દ્વારા સુધારો કરવામાં આવ્યો છે. બંધારણની કલમ 246એ કેન્દ્ર અને રાજ્યોને જીએસટી વસુલાત અને એકત્રીત કરવા માટે સમર્થ બનાવે છે.

**પ્રશ્ન 11. માલ વેચાણ તથા સેવાઓના ચોક્કસ વ્યવહાર ઉપર સમાંતર રીતે સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) અને રાજ્ય જીએસટી (એસજીએસટી) હેઠળ કેવી રીતે લેવામાં આવશે ?**

**ઉત્તર :** માલ પુરવઠો અને સેવાઓના દરેક વ્યવહાર ઉપર સમાંતરીત રીતે સેન્ટ્રલ જીએસટી અને સ્ટેટ જીએસટી લાદવામાં આવશે. સિવાય કે છૂટ પાત્ર માલ અને સેવાઓ, જીએસટીના કાર્યક્ષેત્રની બહાર હોય તેવા માલ અને વ્યવહારો કે જે થ્રેશહોલ્ડ મર્યાદાની નીચે હોય. બંનેને સમાન મૂલ્ય અથવા કિંમત ઉપર લાદવામાં આવશે નહિ કે જેમ હાલમાં લાદવામાં આવતાં સ્ટેટ વેટ, સેનવેટ સહિત માલની કિંમત ઉપરથી વિપરીત થશે. સીજીએસટીના હેતુ માટે પુરવઠાકાર અને પ્રાપ્તકર્તાનું સ્થાન દેશની અંદર હોય તે સાર વિનાનું થશે, પુરવઠાકાર અને પ્રાપ્તકર્તાનું સ્થાન રાજ્યની અંદર હશે તો જ એસજીએસટી લાદવામાં આવશે.

ઉદાહરણ 1 : કાલ્પનિક ધારો કે સીજીએસટીનો દર 10 ટકા છે અને એસજીએસટીનો દર 10 ટકા છે. ઉત્તર પ્રદેશમાં સ્ટીલનો એક હોલસેલ વેપારી સ્ટીલ બાર અને સળિયા એક બાંધકામ કંપનીને કે જે પણ રાજ્યની અંદર સ્થિત થયેલ છે તેને રૂ. 100/-માં આપે છે. વેપારી માલની મૂળભૂત કિંમત ઉપરાંત રૂ. 10/- જીએસટી અને રૂ. 10/- એસજીએસટી ચાર્જ કરશે. તેણે સીજીએસટીનો ભાગ કેન્દ્ર સરકારના ખાતામાં, જ્યારે એસજીએસટીનો ભાગ જે તે રાજ્ય સરકારના ખાતામાં જમા કરવો પડશે. અલબત્ત તેમણે ખરેખર રૂ. 20/- (રૂ. 10/- + રૂ. 10/-) રોકડમાં ચૂકવવાની જરૂર નથી. કારણ કે તે આ જવાબદારીની સામે તેમની ખરીદી (જેમ કે ઇનપુટ) ઉપર ચૂકવવામાં આવેલ એસજીએસટી અને સીજીએસટીનો પ્રતિદાવો કરી શકશે. પરંતુ, સીજીએસટી ભરવા માટે માત્ર સીજીએસટી ક્રેડિટ, કે જે ખરીદી પર ચૂકવેલ સીજીએસટીનો જ ઉપયોગ કરી શકાશે. અન્ય શબ્દોમાં સીજીએસટી ક્રેડિટ સામાન્ય રીતે એસજીએસટી ચૂકવણી માટે વાપરી શકાય નહિ તથા એસજીએસટી ક્રેડિટ સીજીએસટી ચૂકવણી માટે વાપરી શકાય નહિ. જ્યારે એસજીએસટીની ચૂકવણી માટે માત્ર એસજીએસટીની ક્રેડિટનો જ ઉપયોગ થઈ શકશે.

ઉદાહરણ 2. કાલ્પનિક ધારો કે, સીજીએસટીનો દર 10 ટકા છે અને એસજીએસટીનો દર 10 ટકા છે. જ્યારે મુંબઈ સ્થિત જાહેરાત કંપની, સાબુ ઉત્પાદિત કરતી કંપની કે જે પણ મહારાષ્ટ્રમાં આવેલી છે. તેને રૂ. 100/- માં જાહેરાત સેવાઓ પૂરી પાડે છે. જાહેરાત કંપની

મૂળ સેવા કિંમતના રૂ. 10/- સીજીએસટી અને રૂ. 10/ એસજીએસટી ચાર્જ કરશે. તેણે સીજીએસટીનો ભાગ કેન્દ્ર સરકારના ખાતામાં અને એસજીએસટીનો ભાગ જે તે રાજ્ય સરકારના ખાતામાં જમા કરાવવો પડે. અલબત્ત, તેણે ખરેખર રૂ. 20/- (રૂ. 10/- + રૂ. 10/-) રોકડમાં ચૂકવવાની જરૂર નથી. કારણ કે તે આ જવાબદારીની સામે તેમની ખરીદી (જેમ કે ઇનપુટ જેવા કે સ્ટેશનરી, ઓફિસના સાધનો, કલાકારની સેવાઓ વગેરે) ઉપર ચૂકવવામાં આવેલ એસજીએસટી અને સીજીએસટીનો પ્રતિદાવો કરી શકશે.

પરંતુ, સીજીએસટી ભરવા માટે માત્ર સીજીએસટી ક્રેડિટ, કે જે ખરીદી પર ચૂકવેલ સીજીએસટીનો જ ઉપયોગ કરી શકાશે. અન્ય શબ્દોમાં સીજીએસટી ક્રેડિટ સામાન્ય રીતે એસજીએસટી ચૂકવણી માટે વાપરી શકાય નહિ તથા એસજીએસટી ક્રેડિટ સીજીએસટી ચૂકવણી માટે વાપરી શકાય નહિ. જ્યારે એસજીએસટીની ચૂકવણી માટે માત્ર એસજીએસટીની ક્રેડિટનો જ ઉપયોગ થઈ શકશે.

**પ્રશ્ન 12. જીએસટીથી દેશને કયા લાભ થશે ?**

**ઉત્તર :** જીએસટીનો પરિચય ભારતમાં પરોક્ષ કર સુધારણા ક્ષેત્રમાં એક ખૂબ જ નોંધપાત્ર પગલું હશે. કેન્દ્ર અને રાજ્યો દ્વારા લાગુ મોટી સંખ્યાના અનેક કરવેરાઓને એક જ કરમાં ભેળવી દેવાથી તથા આગળના સ્તરના કરવેરાના સેટ-ઓફની પરવાનગીથી, બીમાર અસરો દૂર કરી સામાન્ય રાષ્ટ્રીય બજાર માટે માર્ગ મોકળો કરશે. ગ્રાહકો માટે સૌથી મોટો લાભ માલ પર એકંદર કર બોજ ઘટાડો છે,

જે હાલમાં પચ્ચીસ-ત્રીસ ટકા હોવાનો અંદાજ છે. જીએસટીના પરિચયથી અમારા ઉત્પાદનો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્પર્ધાત્મક બની શકશે. અભ્યાસ એવું દર્શાવે છે કે આ તરત આર્થિક વૃદ્ધિ પ્રેરે છે. કર આધાર વિસ્તરણના લીધે કેન્દ્ર અને રાજ્યો વધારે આવક મેળવી શકે, વેપાર વોલ્યુમમાં વધારો થાય અને કરપાલનમાં સુધારો થાય, આ છેલ્લું નથી. આ કર તેની પારદર્શકતાને કારણે સંચાલિત કરવા માટે સરળ હશે.

**પ્રશ્ન 13. આઈજીએસટી શું છે ?**

**ઉત્તર :** જીએસટી શાસન હેઠળ, આંતરરાજ્ય પુરવઠા સામાન અને સેવાઓ ઉપર કેન્દ્ર સરકાર દ્વારા એક સંકલિત જીએસટી (આઈજીએસટી) લાદવામાં અને એકત્રીત કરવામાં આવશે. બંધારણની કલમ 269એ હેઠળ આંતર રાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન પુરવઠા ઉપર કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી લાગુ અને એકત્રીત કરવામાં આવશે તથા આ કરની વહેંચણી ગુડઝ અને સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણોના આધારે, સંસદીય કાયદા પ્રમાણે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરવામાં આવશે.

**પ્રશ્ન 14. જીએસટીના વેરા માટે દર કોણ નક્કી કરશે ?**

**ઉત્તર :** સીજીએસટી અને એસજીએસટી સંયુક્ત રીતે કેન્દ્ર અને રાજ્યો દ્વારા નક્કી કરી લાદવામાં આવશે. જીએસટી કાઉન્સિલની

ભલામણોના આધાર ઉપર જીએસટી વેરાના દર સૂચિત કરવામાં આવશે.

**પ્રશ્ન 15. જીએસટી કાઉન્સિલની ભૂમિકા શું હશે ?**

**ઉત્તર :** જીએસટી કાઉન્સિલમાં કેન્દ્રીય નાણાં મંત્રી (જે કાઉન્સિલના ચેરમેન હશે), કેન્દ્રીય રાજ્ય કક્ષાના નાણાં મંત્રી અને રાજ્યોના નાણાં/કરવેરા મંત્રીઓ, કે જેઓ કેન્દ્ર અને રાજ્યોને નીચે દર્શાવેલ મુજબ ભલામણો કરશે :

(i) કેન્દ્ર, રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા લાદવામાં આવેલ કર, વેરો, સરચાર્જ કે જે જીએસટીમાં સમાવિષ્ટ થઈ શકે.

(ii) માલ તથા સેવાઓ કે જે જીએસટીમાંથી મુક્ત હોય અથવા મુક્તિને પાત્ર હોય.

(iii) હાઈ સ્પીડ ડીઝલ, મોટર સ્પિરીટ નેચરલ ગેસ અને એવીએશન ટર્બાઇન ફ્યુઅલ (સામાન્ય પેટ્રોલ તરીકે પણ ઓળખાય છે)નાં ઉપર કઈ તારીખથી જીએસટી લાદવા જોઈએ.

(iv) મોડેલ જીએસટી કાયદાઓ કર સિદ્ધાંતો, આઈજીએસટીની નિમણુંક અને પુરવઠાની જગ્યાને સંચાલીત કરતાં સિદ્ધાંતો.

(v) કુલ વેચાણની મર્યાદા નીચે સામાન અને સેવાઓ જીએસટીથી મુક્તિ કરવામાં આવી શકે.

(vi) બેન્ડ સાથે ફ્લોર દર સહિત જીએસટી દ્વારા

(vii) કોઈ ખાસ દર અથવા દરો, એક ચોક્કસ સમયગાળા માટે કોઈ કુદરતી આફત કે આપત્તિ દરમિયાન વધારાના સ્રોતો વધારવા માટે;

(viii) ઉત્તર-પૂર્વીય રાજ્યો, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ માટે ખાસ જોગવાઈ.

(ix) જીએસટીને લગતા કોઈ અન્ય બાબત જે કાઉન્સિલ નક્કી કરી શકે છે.

**પ્રશ્ન 16. જીએસટી કાઉન્સિલનાં માર્ગદર્શક સિદ્ધાંત શું છે ?**

**ઉત્તર :** જીએસટીનાં વિવિધ પાસાઓ ઉપર, કેન્દ્ર અને રાજ્યો ચ્ચે એકસૂત્રતા રહે તેની ખાતરી જીએસટી કાઉન્સિલ કરશે. બંધારણ (એકસો એકમો સુધારો (101મો) ધારો, 2016માં સમાવિષ્ટ છે કે જીએસટી કાઉન્સિલ, તેનાં વિવિધ કાર્યોને નિભાવતાં, જીએસટીનાં માળખામાં એકસૂત્રતાની જરૂરિયાતને માલ અને સેવાઓનાં એકસૂત્રીય રાષ્ટ્રીય બજાર માટે માર્ગદર્શન આપશે.

**પ્રશ્ન 17. જીએસટી કાઉન્સિલ દ્વારા કેવી રીતે નિર્ણયો લેવામાં આવશે ?**

**ઉત્તર :** બંધારણ (એકસો એક સુધારો) ધારો, 2016 અનુસાર જીએસટી કાઉન્સિલનાં દરેક નિર્ણયો એક બેઠકમાં લેવામાં આવશે કે

જેમાં સભ્યોની હાજરી તથા મતદાન ¾ ભારિત મતોથી બહુમત હોવો જોઈએ. તે બેઠકમાં કેન્દ્ર સરકારમાં કુલ પડેલા મતમાંથી 1/3 મતોનું વેઇટેજ મળશે અને રાજ્ય સરકારોનાં ભેગા મળીને પડેલા કુલ મતોમાંથી 2/3 વેઇટેજ મળશે. જીએસટી કાઉન્સીલનાં કુલ સભ્યોની સંખ્યાથી અડધા સભ્ય સંખ્યા વડે બેઠકોમાં કોરમની રચના કરી શકાશે.

**પ્રશ્ન 18. સૂચિત જીએસટી શાસન હેઠળ જીએસટી ચૂકવવા માટે કોણ જવાબદાર છે ?**

**ઉત્તર :** જીએસટી શાસન હેઠળ, માલ પુરવઠા અને /અથવા સેવાઓ ઉપર કરપાત્ર વ્યક્તિને કર ચૂકવવો પડશે. કર ચૂકવવાની જવાબદારી ત્યારે આવશે જ્યારે કરપાત્ર વ્યક્તિ થ્રેશહોલ્ડ મુક્તિ, એટલે રૂ. 10 લાખ (રૂ. પચાસ લાખ ઉત્તર પૂર્વ રાજ્યો માટે) પાર કરે, તેમ છતાં અમુક ચોક્કસ કિસ્સાઓમાં કર પાત્ર વ્યક્તિએ થ્રેશહોલ્ડ મર્યાદા પાર ના કરી હોય તો પણ તે જીએસટી ભરવાને પાત્ર ગણાશે. સીજીએસટી/એસજીએસટી એ દરેક રાજ્યની અંદરનાં માલ પુરવઠા અને /અથવા સેવાઓ ઉપર ચુકવવા પાત્ર છે જ્યારે આઈજીએસટી એ તમામ આંતર રાજ્યનાં માલ પુરવઠા અને /અથવા સેવાઓ ઉપર સીજીએસટી/એસજીએસટી અને આઈજીએસટી સંબંધિત કાયદાઓ અનુસાર ચોક્કસ દરે ચૂકવવા પાત્ર છે.

**પ્રશ્ન 19. જીએસટી શાસન હેઠળ નાના કરદાતાઓના માટે શું લાભો ઉપલબ્ધ છે ?**

**ઉત્તર :** કરદાતાઓનાં એક નાણાંકીય વર્ષમાં કુલ ટર્નઓવર રૂ. દસ લાખ સુધી કર મુક્ત હશે. (કુલ ટર્નઓવરમાં કુલ કિંમત બધા કરપાત્ર અને કરમુક્ત પુરવઠા, મુક્તિ પુરવઠા અને માલ અને /અથવા સેવાઓની નિકાસ, સમાવેશ થશે અને કરો જેવા કે જીએસટી બાકાત થશે.) એકંદર ટર્નઓવરની ગણતરી સંપૂર્ણ ભારત ધોરણે કરવામાં આવશે. થ્રેશહોલ્ડ મુક્તિને પાત્ર દરેક કરદાતાઓને ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) લાભો સાથે કર ભરવાનો વિકલ્પ રહેશે. આંતર રાજ્ય પુરવઠો અથવા રિવર્સ ચાર્જ આધાર પર કર ભરતાં કરદાતાઓ થ્રેશહોલ્ડ મુક્તિને લાયક નથી.

**પ્રશ્ન 20. વસ્તુઓ અને સેવાઓ જીએસટી શાસન હેઠળ કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવશે ?**

**ઉત્તર :** HSN (નામકરણ હાર્મોનાઇઝડ સિસ્ટમ) કોડનો જીએસટી શાસન હેઠળ માલ વર્ગીકરણ માટે ઉપયોગ કરવામાં આવશે. કરદાતાઓ જેનું ટર્નઓવર રૂ. 1.50 કરોડ ઉપર છે. પરતું રૂ. 5 કરોડથી નીચે છે તેઓ 2 અંક કોડ અને કરદાતાઓ જેનું ટર્નઓવર રૂ. 5 કરોડ અને ઉપર છે તેઓ 4 અંક કોડ ઉપયોગ કરશે. કરદાતાઓ જેનું ટર્નઓવર રૂ. 1.5 કરોડની નીચે છે, તેમણે તેમના ઇનવોઇસમાં HSN કોડનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. સેવાઓને

સેવાઓ હિસાબી કોડ (Services Account Code - SAC) તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

**પ્રશ્ન 21. જીએસટી હેઠળ આયાત ઉપર કેવી રીતે વેરો લેવામાં આવશે ?**

**ઉત્તર :** આયાતી વસ્તુઓ અને સેવાઓને આંતર-રાજ્ય પુરવઠો તરીકે ગણવામાં આવશે અને સામાન તથા સેવાઓની દેશમાં થતી આયાત ઉપર આઈજીએસટી લાદવામાં આવશે. કરભારણ સ્થળનાં સિદ્ધાંતને અનુસરશે અને એસજીએસટી કરની આવક જે તે રાજ્ય પાસે જશે કે જ્યાં આયાતી પુરવઠા અને સેવાઓને ઉપભુક્ત કરેલ હોય. આયાતી માલ અને સેવાઓ ઉપર ભરેલ જીએસટીનો આખું/સંપૂર્ણ સેટ-ઓફ ઉપલબ્ધ બનશે.

**પ્રશ્ન 22. નિકાસને જીએસટી હેઠળ કેવી રીતે ગણવામાં આવશે ?**

**ઉત્તર :** નિકાસને શૂન્ય દર પુરવઠા તરીકે ગણાશે. માલ અને સેવાઓનાં નિકાસ ઉપર કોઈ પણ કર ભરવાપાત્ર નહીં થાય, છતાં ઇનપુટ ટેક્સ ક્રેડિટની ક્રેડિટ ઉપલબ્ધ થશે અને તે નિકાસકારોને રિફંડ તરીકે ઉપલબ્ધ બનશે.

**પ્રશ્ન 23. જીએસટી હેઠળ રચના યોજના (કોમ્પોઝીશન સ્કીમ)નો શું અવકાશ છે ?**

ઉત્તર : નાના કરદાતાઓ કે જેનું એક નાણાંકય વર્ષમાં ટર્નઓવર રૂ. 50 લાખ સુધી હોય તેઓ રચના કર માટે પાત્ર ગણાશે. આ યોજના હેઠળ, આઈટીસીનો ફાયદો લીધા વિના કરદાતાએ તેનાં વાર્ષિક ટર્નઓવરનાં ટકા મુજબ કર ભરવો પડશે. સીજીએસટી અને એસજીએસટી માટે તળીયાનો દર 1 ટકાથી ઓછો ન હોવો જોઈએ. જે કરદાતા રચના યોજનાને પસંદ કરશે તે તેનાં ગ્રાહકો પાસેથી કોઈ પણ કર એકત્રીત કરી શકશે નહિ. જે કરદાતાઓ આંતર-રાજ્ય પુરવઠાઓ કરે છે અથવા રીવર્સ ચાર્જ હેઠળ કર ભરે છે તેઓને આ યોજનાને લાયક/પાત્ર ગણવામાં આવશે નહિ.

**પ્રશ્ન 24. શું રચના યોજના (Composition Scheme) વૈકલ્પિક અથવા ફરજિયાત છે ?**

ઉત્તર : વૈકલ્પિક.

**પ્રશ્ન 25. જીએસટીએન શું છે અને જીએસટી શાસનમાં તેની ભૂમિકા શું છે ?**

ઉત્તર : જીએસટીએન એટલે ગુડઝ અને સર્વિસ ટેક્સ નેટવર્ક (જીએસટીએન). જીએસટીએનને વિશિષ્ટ ઉદ્દેશ્યવાળું વાહન કહેવાય છે, જેને જીએસટીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સ્થાપિત કરવામાં આવ્યું છે. જીએસટીનાં અમલ માટે, જીએસટીએન દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારો, કરદાતાઓ અને અન્ય ભાગીદારોને

આઈટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડાવમાં આવશે. જીએસટીએનનાં અન્ય કાર્યો સાથે સમાવિષ્ટ કાર્યો :

(i) નોંધણીની આસાનતા;

(ii) કેન્દ્ર અને રાજ્યનાં સત્તાવાળાઓને રીટર્ન મોકલવાં;

(iii) આઈજીએસટીની ગણતરી અને પતાવટ.

(iv) કર ચુકવણીની વિગતોને બેંકિંગ નેટવર્ક સાથે મેળવવા.

(v) કરદાતાના રિટર્નની માહિતીના આધાર પરથી કેન્દ્ર અને રાજ્ય સરકારને વિવિધ અહેવાલો (એમઆઈએસ) પુરા પાડવા.

(vi) કરદાતાઓના પ્રોફાઇલ વિશ્લેષણ પુરા પાડવા.

(vii) મેચિંગ, રિવર્સલ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટ માટેના રિક્લેઇમ બંધબેસતું કરવા માટેનું એન્જીનને ચલાવવું.

જીએસટીએન, એક સામાન્ય પોર્ટલ વિકસાવી રહેલ છે અને નોંધણીની અરજી ચુકવણી, રીટર્ન અને એમઆઈએસ/અહેવાલો માટે પણ સામાન્ય પોર્ટલ વિકસાવવાં આવી રહેલ છે. જીએસટીએન સામાન્ય જીએસટી પોર્ટલને હાલના કર વહીવટની આઈટી સીસ્ટમ સાથે સંકલિત કરશે અને કરદાતાઓ માટે ઇન્ટરફેસો બનાવશે. જીએસટીએન, 19 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ (મોડેલ 2 રાજ્યો) માટે એક બેક એન્ડ મોડ્યુલ્સ જેવા કે

આકારણી, ઓડિટ, રેફિન્ડ અને અપલ્સ, વિકસાવસે. સી.બી.સી.સી. અને મોડેલ 1 રાજ્યો (15 રાજ્યો) પોતે પોતાની રીતે જીએસટી બેક-એન્ડ સીસ્ટમ્સ વિકસાવશે.

એક સારા સંક્રમણ માટે, જીએસટી ફ્રંટ એન્ડ સીસ્ટમની સાથે બેક એન્ડ સીસ્ટમનું સંકલન સમય પહેલા પૂર્ણ કરવું અને તેનું પરીક્ષણ પણ સમય પહેલા થવું જોઈએ.

**પ્રશ્ન 26. જીએસટીના શાસન હેઠળ વિવાદોનું સમાધાન/ઉકેલ કઈ રીતે થશે ?**

**ઉત્તર :** બંધારણ (એકસો એક મો સુધારો) ધારો, 2016 પ્રમાણે માલ અને સેવા કર કાઉન્સીલ કોઈપણ વિવાદનો ઉકેલ લાવવાની અધિષ્ઠાપિત પદ્ધતિ પુરી પાડશે.

(અ) ભારત સરકાર અને એક અથવા વધુ રાજ્યો વચ્ચે અથવા

(બ) ભારત સરકાર અને કોઈ પણ રાજ્ય અથવા રાજ્યો એક પક્ષમાં એક અથવા વધુ રાજ્યો બીજા પક્ષમાં અથવા

(ક) બે અથવા વધારે રાજ્યોની વચ્ચે કાઉન્સિલ દ્વારા કરેલ ભલામણો અથવા તેના અમલીકરણ માટે થયેલા વિવાદો.

**પ્રશ્ન 27. જીએસટીની પ્રસ્તાવનામાં કયા કયા બીજા કાયદાકીય સુધારાની જરૂરિયાત છે ?**

**ઉત્તર :** જીએસટીની લેવી (સીજીએસટી બિલ, ઇન્ટીગ્રેટેડ જીએસટી બિલ અને એસજીએસટી બિલ) માટે બંધારણીય સભા આપતા બિલોને સંસદ (રાજ્ય સભા અને લોકસભા) અને રાજ્યોની વિધાનસભામાંથી પસાર કરવા પડે. બીજા બંધારણીય સુધારા માટે 2/3 (બે તૃતીયાંશ) બહુમતી જરૂરી છે પણ જીએસટી બિલોને માત્ર સાદી બહુમતી દ્વારા પસાર કરવાની જરૂર છે.

જીએસટીના બિલ જ્યારે સંસદ સભા અને રાજ્યોની વિધાન સભાઓમાંથી પસાર થઈ કાયદો બની જાય ત્યાર પછી જ કરની લેવી (વસુલાત) શરૂ કરી શકાય.

# પ્રકરણ 2

## કર અને કરમાંથી મુક્તિ

**પ્રશ્ન 1. જીએસટી લાદવાની સત્તા શેનાથી મળેલ છે ?**

**ઉત્તર :** બંધારણીય ધારો 246અ, કે જે બંધારણ (101મો સુધારો) એક્ટ, 2016 દ્વારા રજૂ કરવામાં આવેલ, તે સંસદ અને રાજ્ય વિધાનસભા બંનેને જીએસટી વિષે કાયદા બનાવવા માટે સત્તા પૂરી પાડે છે. પરંતુ, ધારો ઑ 246 (અ) ની કલમ 2 અને ધારો 269 (અ) સંસદને આંતર-રાજ્ય વેપાર તથા વાણિજ્ય માટે કાયદો ઘડવાની વિશિષ્ટ શક્તિ પૂરી પાડે છે.

**પ્રશ્ન 2. જીએસટી હેઠળ કરપાત્ર ઘટના શું છે ?**

**ઉત્તર :** માલનો પુરવઠો અને /અથવા સેવાઓ. સીજીએસટી અને એસજીએસટી રાજ્યની અંદરનાં પુરવઠા ઉપર તથા આઈજીએસટી આંતર-રાજ્ય પૂરવઠા ઉપર લાદવામાં આવશે. (જીએસટી/એસજીએસટી એક્ટની કલમ 791) તથા આઈજીએસટી એક્ટની કલમ 4(1) હેઠળ વેરા લેવામાં આવશે.

**પ્રશ્ન 3. શું રિવર્સ ચાર્જ પદ્ધતિ માત્ર સેવાઓને જ લાગુ પડે છે ?**

**ઉત્તર :** ના. રિવર્સ ચાર્જ પદ્ધતિ બંને માલ અને સેવાઓ પરી પાડવા પર લાગુ પડે છે.

**પ્રશ્ન 4. ન નોંધાયેલ વેપારીઓ પાસેથી માલ ખરીદાવમાં આવે તો શં અસરો થઈ શકે છે ?**

**ઉત્તર :** માલ પ્રાપ્તકર્તા, આઈટીસી પ્રાપ્ત કરી શકશે નહિ. વધુમાં, પ્રાપ્તકર્તાઓ કે જે રચના યોજનાઓ હેઠળ નોંધાયેલ છે તે રિવર્સ ચાર્જ હેઠળ કર ચૂકવવા માટે જવાબદાર બનશે.

**પ્રશ્ન 5. માલના આદાન-પ્રદાન બાબતમાં, એટલે કે રેસ્ટોરાં સેવાઓ માટે સોનાની ઘડિયાળની આપ-લે, બે અલગ-અલગ વ્યવહાર હોવાથી કરપાત્ર થશે કે પછી માત્ર મુખ્ય પુરવઠાકાર કરપાત્ર બનશે ?**

**ઉત્તર :** ના. ઉપર દર્શાવેલ કિસ્સામાં, ઉપભોકતા દ્વારા રેસ્ટોરાંને આપવામાં આવેલ ઘડિયાળનો વ્યવહાર સ્વતંત્ર વ્યવહાર ના ગણાય કેમ કે તે ધંધાને સંગત નથી. તે રેસ્ટોરાં દ્વારા પૂરા પાડવામાં આવેલ એવા અંતર્ગત છે. તે, રેસ્ટોરાં દ્વારા પૂરી પાડેલ કરપાત્ર ગણાશે.

**પ્રશ્ન 6. શું, વ્યવહાર વિના કરવામાં આવેલ પૂરવઠો પણ જીએસટીના પૂરવઠા કાર્યક્ષેત્ર હેઠળ આવશે ?**

**ઉત્તર :** હા. માત્ર એવા કિસ્સાઓમાં કે જે માલ જીએસટી કાયદાની અનુસૂચિ I હેઠળ વર્ગીકૃત કરેલ હોય.

**પ્રશ્ન 7. માલ પૂરવઠો અને /અથવા સેવાઓનાં વ્યવહારને કોણ અધિસૂચિત કરી શકશે ?**

**ઉત્તર :** જીએસટી કાઉન્સીલની ભલામણો ઉપર કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર વ્યવહારને માલ પૂરવઠો અને /અથવા સેવાઓને સંલગ્ન અધિસુચિત કરી શકશે.

**પ્રશ્ન 8. શું કરપાત્ર વ્યક્તિ રચના યોજના હેઠળ ત્રણ વેપાર લંબરૂપમાંથી માત્ર એક પસંદ કરવા માટે યોગ્યરૂપ ગણાશે ?**

**ઉત્તર :** ના. રચના યોજના દરેક વેપાર લંબરૂપ/નોંધણીઓ જે અલગથી સમાન PANથી વ્યક્તિ દ્વારા મેળવલ હોય તેને જ લાગુ પડશે.

**પ્રશ્ન 9. કરપાત્ર વ્યક્તિ દ્વારા આઅંતર-રાજ્ય પુરવઠો આપવામાં આવે તેને રચના યોજનાનો લાભ મળી શકે ?**

**ઉત્તર :** ના. રચના યોજના લાગુ પડવાની શરત જ એ છે કે કરપાત્ર વ્યક્તિ આંતર-રાજ્ય પુરવઠો આપતો ન હોવો જોઈએ.

**પ્રશ્ન 10. શું રચના યોજના (કમ્પોઝીસન સ્કીમ) હેઠળ કરપાત્ર વ્યક્તિ ઇનપુટ કર ઉધારી શકે છે ?**

**ઉત્તર :** ના. રચના યોજના હેઠળ કરપાત્ર વ્યક્તિ ઇનપુટ કર ઉધારવાને લાયક નથી.

**પ્રશ્ન 11. શું કરપાત્ર વ્યક્તિ કે જે રચના યોજના હેઠળ છે. તેની પાસેથી ગ્રાહક ખરીદી કરે તો તે રચના યોજના કરને ઇનપુટ કર ઉધાર તરીકે લઈ શકે ?**

**ઉત્તર :** ના. જે ગ્રાહક કરપાત્ર વ્યક્તિ કે જે રચના યોજના હેઠળ છે તેની પાસેથી ખરીદી કરે તો તે ઇનપુટ ટેક્સ ક્રેડિટને લાયક નથી. કારણ કે રચના યોજના પુરવઠાકાર કર-બીલ (ટેક્સ ઇનવોઇસ) જારી કરી શકતો નથી.

**પ્રશ્ન 12. શું સંયુક્ત રચના કર, ગ્રાહક પાસેથી એકત્રીત કરી શકાય છે ?**

**ઉત્તર :** ના. રચના યોજના હેઠળ કરપાત્ર વ્યક્તિ ઉપર કર એકત્રીત કરવાનો પ્રતિબંધ છે. તેનો અર્થ એ થાય છે કે રચના યોજના પુરવઠાકાર કર બિલ જારી કરી શકતો નથી.

**પ્રશ્ન 13. રચના યોજના (કમ્પોઝીશન સ્કીમ) હેઠળ કર ભરવાના વિકલ્પ માટે થ્રેશોલ્ડ શું છે ?**

**ઉત્તર :** રચના યોજના હેઠળ, નાણાકીય વર્ષમાં એકંદર વકરો રૂ. પચાસ લાખ હોવો જોઈએ.

**પ્રશ્ન 14. રચના યોજનાની પાત્રતા નક્કી કરવા માટે 'એકંદર વકરો'ની ગણતરી કેવી રીતે કરવામાં આવશે ?**

**ઉત્તર :** 'એકંદર વકરો'ની ગણતરી કરવાની કાર્ય પદ્ધતિ વિભાગ 2(6)માં આપેલ છે. તદ્ અનુસાર 'એકંદર વકરો'નો અર્થ 'બધા પુરવઠાની કિંમત' (કરપાત્ર અને બિનકરપાત્ર પુરવઠા + છૂટ પુરવઠા + નિકાસ) અને જેમાંથી સીજીએસટી એક્ટ, એસજીએસટી એક્ટ અને આઈજીએસટી એક્ટ હેઠળ લાદેલ કર, આવક પુરવઠા કિંમત + પુરવઠા કિંમત કે જે રિવર્સ ચાર્જ હેઠળ કરપાત્ર છે, બાદ કરવામાં આવશે.

**પ્રશ્ન 15. કરપાત્ર વ્યક્તિ શરત ભંગ કરે અને જે રચના યોજના હેઠળ કર ભરવાને પાત્ર નથી તેને શું શિક્ષાત્મક પરિણામ ભોગવવા પડે ?**

**ઉત્તર :** કરપાત્ર વ્યક્તિ કે જે રચના યોજના માટે લાયક નથી તે કર, વ્યાજ ચૂકવવા જવાબદાર હશે અને તદ્ ઉપરાંત તેણે જમા કરવા પાત્ર કર જેટલી જ રકમ દંડ તરીકે જમા કરવી પડશે. (એમજીએલના વિભાગ 8(3))

**પ્રશ્ન 16. રચના યોજના હેઠળ લઘુત્તમદર શું સુચિત કરવામાં આવ્યો છે ?**

**ઉત્તર :** 1%

**પ્રશ્ન 17. જ્યારે માલ અને /અથવા સેવાઓ ઉપર સમગ્ર એકત્રીત કરન  બિનશરતી સંપર્ણ મુક્તિ આપવામાં આવી હોય તો, શું કરપાત્ર વ્યક્તિએ કર ભરવો પડે ?**

**ઉત્તર :** ના. કરપાત્ર વ્યક્તિ કે જે તેવા માલ અથવા સેવાઓ પુરી પાડતો હોય તો તેવા માલ અથવા સેવાઓ ઉપર કર એકત્રીત કરી શકતો નથી.

**પ્રશ્ન 18. કર/વેરો માફી શું છે ?**

**ઉત્તર :** તેનો મતલબ કે, કરદાતાએ માલ ઉપર કર ભરવાની ફરજમાંથી રાહત આપવાનો છે, જ્યારે તે માલ ખોવાઈ જાય અથવા કોઈ પણ કુદરતી આફતમાં નાશ પામે. કર માફી એ કાયદો તથા નિયમો તહત શરતોને આધિન છે.

**પ્રશ્ન 19. શું માફી જીએસટી કાયદા હેઠળ અનુજ્ઞાત છે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદાની પ્રસ્તાવિત કલમ 11 માલ પુરવઠા પર કર માફીની પરવાનગી આપે છે.

**પ્રશ્ન 20. શું માલ પુરવઠાની પહેલાં ગુમ અથવા નષ્ટ પામે તો માફીની મંજુરી મળી શકશે ?**

**ઉત્તર :** કર માફી ત્યારે જ લાગુ પડશે જ્યારે કાયદા મુજબ કર ચૂકવવાપાત્ર હોય એટલે કે કરપાત્ર ઘટના થઈ ચૂકી હોય અને કાયદા અનુસાર કર ભરવો જરૂરી હોય. જીએસટી કાયદા હેઠળ કર,

માલ પુરવઠા ઉપર લાગુ પડે છે. જ્યારે માલ પુરવઠા પહેલાં ગુમ અથવા નષ્ટ પામે તો કરપાત્ર ઘટના કર ભરવા માટે ઘટતી નથી. જેથી કરીને, કર માફીનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

**પ્રશ્ન 21. દરેક કારણોસર માલ ગુમ થાય તથા નષ્ટ પામે તો, શું માફી મળી શકે છે ?**

**ઉત્તર :** ના. સુચિત કલમ 11નાં સાદા વાંચન આધારે, માત્ર એટલા કિસ્સાઓમાં જ માફી મળશે જેમાં કે માલ પુરવઠાની ઉણપ કુદરતી કારણોસર જ હોય.

**પ્રશ્ન 22. શું મોડેલ જીએસટી કાયદો સક્ષમ સરકારને જીએસટી કરમાંથી પુરવઠાને મુક્તિ આપવાની સત્તા આપે છે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદાની ધારા 10 હેઠળ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, જીએસટી કાઉન્સીલની ભલામણોને આધારે જીએસટી કરમાંથી પુરવઠાને સામાન્ય રીતે અથવા શરતોને આધીન મુક્તિ આપી શકે છે.

# પ્રકરણ 3

## રજીસ્ટ્રેશન (પંજીકરણ)

**પ્રશ્ન 1. જીએસટી રજીસ્ટ્રેશન લેવાના લાભ શું છે ?**

**ઉત્તર :** જીએસટી અનુશાસન હેઠળ રજીસ્ટ્રેશન લેવાથી ધંધાર્થીઓને નીચે મુજબનાં લાભ મળી શકે.

- કાયદાકીય રીતે માલ અથવા સર્વિસનાં સપ્લાયર તરીકે માન્યતા પ્રાપ્ત થાય છે.
- ઇનપુટ માલ અથવા સર્વિસ ઉપર ભરાયેલ ટેક્સનું યોગ્ય એકાઉન્ટીંગ થઈ શકે જે ધંધાર્થીના માલ અથવા સેવાનાં સપ્લાય અથવા બંનેનાં સપ્લાય ખતે જીએસટી ભરવા માટે ઉપયોગ થઈ શકે.
- કાયદાકીય રીતે પોતાની ખરીદી ઉપર કર એકત્રીત કરવા માટે અધિકૃત થઈ શકે અને માલ અથવા સેવાઓનાં ખરીદદાર અને પ્રાપ્તકર્તાઓને જીએસટી ક્રેડીટ પસાર કરવા માટે અધિકૃત.

**પ્રશ્ન 2. જીએસટી રજીસ્ટ્રેશન વગર કોઈ વ્યક્તિ આઈટીસીનો દાવો કરી શકે ?**

**ઉત્તર :** ના. જીએસટીનાં રજીસ્ટ્રેશન વિના કોઈ વ્યક્તિ ન તો તેના ગ્રાહકો પાસેથી જીએસટી એકત્રિત કરી શકે ન તો પોતે ચૂકવેલા જીએસટી કરની આઈટીસીનો દાવો કરી શકે.

**પ્રશ્ન 3. રજીસ્ટ્રેશન (પંજીકરણ)ની અસરકારક તારીખ કઈ હશે ?**

**ઉત્તર :** જ્યાં રજીસ્ટ્રેશનની અરજી, વ્યક્તિ રજીસ્ટ્રેશન લેવા માટે જવાબદાર બને છે, તેનાં ત્રીસ દિવસની અંદર રજૂ કરવામાં આવી છે ત્યાં રજીસ્ટ્રેશનની અસરકારક તારીખ, તેમના રજીસ્ટ્રેશનની જવાબદારી બને તે તારીખ રહેશે.

જ્યાં રજીસ્ટ્રેશનની અરજી, વ્યક્તિ દ્વારા તેમનાં રજીસ્ટ્રેશન માટે જવાબદાર બન્યાનાં ત્રીસ દિવસ પછી રજૂ કરવામાં આવી છે, ત્યાં રજીસટ્રેશનની અસરકારક તારીખ રજીસ્ટ્રેશ આપ્યાની તારીખ ગણાશે.

Suo Moto રજીસ્ટ્રેશનના કિસ્સામાં એટલે કે સ્વેચ્છાએ રજીસ્ટ્રેશન લેવું કે જ્યાં વ્યક્તિ અસરકારક મુક્તિ મર્યાદાની અંદર હોવાથી કર ભરવાથી માફી પ્રાપ્ત હોય ત્યાં, રજીસ્ટ્રેશનની અસરકારક તારીખ, રજીસ્ટ્રેશનનાં હુકમની તારીખ રહેશે.

**પ્રશ્ન 4. કઈ વ્યક્તિઓ મોડેલ જીએસટી કાયદા હેઠળ રજીસ્ટ્રેશન લેવા માટે જવાબદાર છે ?**

**ઉત્તર :** કોઈ પણ સપ્લાયર જે ભારતમાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ ધંધો કરતાં હોય અને તેનું કુલ ટર્નઓવર એક વર્ષમાં

અસરકારક મુક્તિ મર્યાદાથી વધી જાય, ત્યારે પોતાની જાતે રજીસ્ટર થવા જવાબદાર બને છે. જો કે, એમજીએલનાં શીડ્યુલ-III અનુસાર ચોક્કસ વર્ગની વ્યક્તિઓ અસરકારક મુક્તિમર્યાદાની અસર વિના પણ રજીસ્ટર થવા માટે જવાબદાર છે.

એક ખેડૂત કરપાત્ર વ્યક્તિ તરીકે ગણવામાં આવશેનહિ અને તે રજીસ્ટ્રેશન લેવા માટે જવાબદાર રહેશે નહિ. (કલમ જી (1) અનુસાર)

**પ્રશ્ન 5. કુલ ટર્નઓવર શું છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટીનાં કલમ 2 (6) અનુસાર કુલ ટર્નઓવરમાં નીચે મુજબની વેલ્યુનો સમાવેશ થાય છે.

(i) બધા કરપાત્ર અને બિન-કર પાત્રનો સપ્લાય (પુરવઠો)

(ii) કરમુક્ત સપ્લાય (પુરવઠો)

(iii) માલ અથવા સેવાની નિકાસ (Export), વ્યક્તિ જે એક જ PAN ઉપરથી થયેલ હોય.

ઉપરની વેલ્યુની ગણતરી આખા ભારતનાં ધોરણે થશે જેમાં (જીએસટી, એસજીએસટી તથા આઈજીએસટી હેઠળ)નાં કરનો સમાવેશ થશે નહિ.

કુલ ટર્નઓવરમાં ઇનવર્ડ સપ્લાયની કિંમતો તથા સેવા સપ્લાયની કિંમતો જેમાં RCM ધોરણે કર પાત્ર થતો હોય તેનો સમાવેશ થશે નહિ.

**પ્રશ્ન 6. એવા કયા કિસ્સાઓ છે જેમાં રજીસ્ટ્રેશન ફરજીયાત છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાનાં શીડ્યુલ IIIનાં પેરેગ્રાફ 5 પ્રમાણે નીચે દર્શાવેલ સમુદાયનાં વ્યક્તિઓએ, અસરકારક મુક્તિ મર્યાદાની અસર વિના રજીસ્ટર થવાનું ફરજીયાત છે.

(a) એવી વ્યક્તિઓ જે આંતર રાજ્ય કરપાત્ર સપ્લાય કરે છે.

(b) પરચુરણ કરપાત્ર વ્યક્તિઓ

(c) એવી વ્યક્તિઓ જેને RCM હેઠળ કર ચુકવવાનો થાય છે.

(d) બિન-નિવાસી કરપાત્ર વ્યક્તિઓ

(e) એવી વ્યક્તિઓ જેઓને કલમ 37 અનુસાર કરપાત્ર કરવો જરૂરી બને છે.

(f) એવી વ્યક્તિઓ જે એક એજન્ટ અથવા અન્ય કોઈ રીતે, બીજા રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિઓ વતી માલ/સેવા સપ્લાય કરે છે.

(g) ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર

(h) એવી વ્યક્તિઓ જે બ્રાન્ડેડ સર્વિસ સિવાયનાં માલ/સેવા E-Commerce Operation મારફતે સપ્લાય કરે છે.

(i) દરેક ઇલેક્ટ્રૉનિક્સ કોમર્સ ઓપરેટર.

(j) દરેક એગ્રીગેટર જે પોતાના બ્રાન્ડ નેમ અથવા ટ્રેડનેમ હેઠળ સેવાઓ સપ્લાય કરે છે.

(k) બીજા કેટલાક વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના સમૂહ કે જે કાઉન્સીલની ભલામણો અનુસાર કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર તરફથી સુચિત કરવામાં આવે.

**પ્રશ્ન 7. મોડેલ જીએસટી કાયદા અનુસાર રજીસ્ટ્રેશન લેવા માટેની સમયમર્યાદા શું છે ?**

**ઉત્તર :** કોઈ પણ વ્યક્તિ જ્યારે રજીસ્ટ્રેશન લેવા માટે જવાબદાર બને છે તેનાં ત્રીસ દિવસની અંદર, ઠરાવેલ શરતોને આધીન તથા સૂચવ્યા અનુસાર, રજીસ્ટ્રેશન લેવું જરૂરી બને છે.

**પ્રશ્ન 8. કોઈ એક વ્યક્તિ વિવિધ રાજ્યોમાં એક જ PAN હેઠળ સંચાલન કરતી હોય, તે એક જ રજીસ્ટ્રેશન સાથે કામ કરી શકે છે ?**

**ઉત્તર :** ના. દરેક વ્યક્તિ જે રજીસ્ટ્રેશન માટે જવાબદાર હોય તેમણે દરેક રાજ્યમાં જ્યાં તે ધંધાનું સંચાલન થતું હોય, ત્યાં અલગ રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે. અને તેઓ મોડેલ જીએસટી કાયદાનાં

કલમ (19)નાં સબ-કલમ (i) અનુસાર જીએસટી ભરવા માટે જવાબદાર છે.

**પ્રશ્ન 9. કોઈ વ્યક્તિ એક જ રાજ્યમાં એકથી વધુ બિઝનેસ વર્ટીકલ્સ ધરાવતી હોય, તે અલગ અલગ રજીસ્ટ્રેશન લઈ શકે ?**

**ઉત્તર :** હા. કલમ (1g)નાં સબ-કલમ (i) અનુસાર જીએસટી ભરવા માટે જવાબદાર છે.

**પ્રશ્ન 10. કોઈ વ્યક્તિ એક જ રાજ્યમાં એકથી વધુ બિઝનેસ વર્ટિકલ્સ ધરાવતી હોય, તે અલગ અલગ રજીસ્ટ્રેશન લઈ શકે ?**

**ઉત્તર :** હા. કલમ (1g)નાં સબ-કલમ (3) અનુસાર, એ વ્યક્તિ જે શીડ્યુલ-III અંતર્ગત રજીસ્ટ્રેશન લેવા પાત્ર ન હોય, તે પોતે સ્વેચ્છાએ રજીસ્ટ્રેશન લઈ શકે છે અને રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિને લાગુ પડતા તમામ પ્રાવધાન, આવા વ્યક્તિને લાગુ પડશે.

**પ્રશ્ન 11. રજીસ્ટ્રેશન મેળવવા માટે PAN નંબર ધરાવવો ફરજિયાત છે ?**

**ઉત્તર : હા. મોડેલ જીએસટી કાયદાનાં કલમ-1g પ્રમાણે રજીસ્ટ્રેશન એક્ટ, 1961 (43 of 1961)નાં કાયદા અનુસાર ઇસ્યુ થયેલ PAN નંબર હોવો જરૂરી છે.**

આમ છતાં, મોડેલ જીએસટી કાયદાનાં કલમ 1h(4A) અનુસાર નોન-રેસીડેન્ટ કરપાત્ર વ્યક્તિ, જેને રજીસ્ટ્રેશન લાભ અન્ય

દસ્તાવેજો જે પ્રમાણીત કરવામાં આવશે તેનાં આધારે મળશે અને તેઓ માટે PAN ફરજિયાત નથી.

**પ્રશ્ન 12. આ કાયદા હેઠળ ડિપાર્ટમેન્ટ સંબંધિત અધિકારી દ્વારા કોઈ વ્યક્તિને રજીસ્ટ્રેશન માટે Suo moto કાર્યવાહી કરી શકે ?**

**ઉત્તર :** હા. કલમ (1g)નાં સબ કલમ (5) પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ જે આ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન લેવા માટે પાત્ર હોય અને રજીસ્ટ્રેશન લેવામાં નિષ્ફળ ગયેલ હોય, ત્યારે સંબંધિત અધિકારી, મોડેલ જીએસટી કાયદા અંતર્ગત લેવાતા અથવા લઈ શકાતા કોઈપણ પગલા, અથવા સંબંધિત સમયે લાગુ કોઈ પણ અન્ય કાયદાનાં પક્ષપાત વિના, સૂચિત કરેલા પ્રાવધાનો અનુસાર આવા વ્યક્તિને રજીસ્ટર કરવા માટે કાર્યવાહી કરી શકે.

**પ્રશ્ન 13. શું સંબંધિત/ઉચિત અધિકારી રજીસ્ટ્રેશનની અરજી નકારી શકે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદાનાં સબ-કલમ (7) અનુસાર ઉચિત અધિકારી જરૂરી અત્યાયન બાદ રજીસ્ટ્રેશનની અરજી નકારી શકે. આમ છતાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે કલમ (1g)નાં સબ કલમ (8) અનુસાર ઉચિત અધિકારી 'કારણ દર્શાવો સૂચના'ની નોટિસ આપ્યા વિના કે તે વ્યક્તિને સાંભળવાની ઉચિત તક આપ્યા વિના, રજીસ્ટ્રેશનની અરજી અથવા યુનિક આઇડેન્ટીફીકેશન નંબર આપવાનું નકારી શકે નહિ.

**પ્રશ્ન 14. શું કોઈ વ્યક્તિને આપવામાં આવેલ રજીસ્ટ્રેશન કાયમી છે ?**

**ઉત્તર :** હા. જો રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ સરન્ડર ન કરેલ હોય, રદ કરવામાં ન આવ્યું હોય, પાછું લેવામાં ન આવ્યું હોય કે બરખાસ્ત કરવામાં ન આવેલ હોય તો એકવાર આપવામાં આવેલ રજીસ્ટ્રેશન કાયમી છે.

**પ્રશ્ન 15. મોડેલ જીએસટી કાયદા અનુસાર UN નાં વિભાગોને રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે ?**

**ઉત્તર :** UN નાં દરેક વિભાગો, વાલીના દૂતાવાસ, વિદેશી દૂતાવાસ અને સુચીત કરેલા અન્ય વ્યક્તિઓનાં સમૂહોને જીએસટી પોર્ટલ અંતર્ગત યુનીક આઈડેન્ટીફીકેશન નંબર લેવા જરૂરી છે. આવા IOનું બંધારણ દરેક રાજ્યોમાં સમાન રહેશે અને જીએસટીએન પ્રમાણે અનુપાલન રહેશે, તથા કેન્દ્ર અને રાજ્યો માટે સમાન રહેશે. આવા UIN તેમણે કરેલા કરતાં રીફંટ માટે જયરૂરી રહેશે તથા જીએસટી નિયમોમાં સુચિત કરેલા બીજા કોઈ હેતુ માટે પણ જરૂરી રહેશે.

**પ્રશ્ન 16. UN સંસ્થાઓને સપ્લાય કરતા કરપાત્ર વ્યક્તિઓની જવાબદારીઓ શું રહેશે ?**

**ઉત્તર :** આવી સંસ્થાઓને સપ્લાય કરતા કરપાત્ર વ્યક્તિઓથી તે અપેક્ષિત છે કે તેઓ પોતાના ઇનવોઇસ ઉપર UIN દર્શાવે અને

આવા સપ્લાયને બીજા કરપાત્ર વ્યક્તિને સપ્લાય તરીકે ગણે (B2B) અને સંબંધિત ઇનવોઇસ તે સપ્લાયર અપલોડ કરે.

**પ્રશ્ન 17. સરકારી સંસ્થાઓને રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે ?**

**ઉત્તર :** સંબંધિત રાજ્ય કર અધિકાર દ્વારા જીએસટી પોર્ટલ દ્વારા સરકારી સંસ્થાઓ/PSUને યુનીક આઈડી નંબર આપવામાં આવશે જે તેમનાં જીએસટી માલનાં સપ્લાય માટે નહિ પણ આંતર-રાજ્ય ખરીદી કરવા માટે

**પ્રશ્ન 18. પરચૂરણ કરપાત્ર વ્યક્તિ કેટલા છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાનાં કલમ 2 (21)માં પરચૂરણ કરપાત્ર વ્યક્તિની વ્યાખ્યા આપેલ છે. એટલે કે એવી વ્યક્તિઓ જે ક્યારેક જ કરપાત્ર અધિકારીઓ માં સોદા કરતા હોય, જ્યાં તેનું ધંધાકીય ચોક્કસ જગ્યા ન હોય.

**પ્રશ્ન 19. બિન નિવાસી ભારતીય (નોન-રેસિડેન્ટ) કરપાત્ર વ્યક્તિ કોણ છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાનાં કલમ 2 (6g) અનુસાર સેવા કરપાત્ર વ્યક્તિ જે ભારતની બહાર રહે છે અને ક્યારેક જ દેશમા આવીને સોદા કરે છે પણ જેમનું વેપાર સંબંધી કોઈ ચોક્કસ સ્થાન ભારતમાં નથી, તે નોન-રેસિડેન્ટ (બીન નિવાસી ભારતીય) કરપાત્ર વ્યક્તિ છે.

**પ્રશ્ન 20. પરચૂરણ કરપાત્ર વ્યક્તિ અને નોન-રેસિડેન્ટ કરપાત્ર વ્યક્તિઓને અપાતા રજીસ્ટ્રેશન સ્ટીફિકેટની પ્રમાણિત સમયમર્યાદા શું છે ?**

**ઉત્તર :** પરચૂરણ કરપાત્ર વ્યક્તિ અને નોન-રેસિડેન્ટ કરપાત્ર વ્યક્તિઓને અપાતા રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ, રજીસ્ટ્રેશનની અસરકારક તારીખથી 90 દિવસ માટે પ્રમાણિત રેશે. આમ છતાં, સૂચિત અધિકારી આવા કરપાત્ર વ્યક્તિની વિનંતીથી આ સમયમર્યાદા, 90 દિવસ થી વધતે નહિ તેવી રીતે, વધુ 90 દિવસ માટે વધારી શકે.

**પ્રશ્ન 21. શું પરચુરણ કરપાત્ર વ્યક્તિ અને નોન-રેસિડેન્ટ કરપાત્ર વ્યક્તિને રજીસ્ટ્રેશન લેતા સમયે કોઈ એડવાન્સ કર ભરવાનો હોય છે ?**

**ઉત્તર :** હા. જ્યારે સામાન્ય કરપાત્ર વ્યક્તિને રજીસ્ટ્રેશન લેતા સમયે કોઈ પણ પ્રકારનાં નાણાંની ડિપોઝીટ કરવાની હોતી નથી, ત્યારે પરચુરણ કરપાત્ર વ્યક્તિ અને નોન-રેસિડેન્ટ કરપાત્ર વ્યક્તિ માટે કલમ (1g)ની સબ કલમ (i) પ્રમાણે રજીસ્ટ્રેશનની અરજી જમા કરાવતી વખતે, રજીસ્ટ્રેશન જે સમયમર્યાદા માટે આવશ્યક હોય તે સમયગાળા માટે અંદાજીત કરતી રકમની સમાન રકમ જમા કરાવવી જરરી છે. જો રજીસ્ટ્રેશન શરૂઆતનાં 90 દિવસથી વધુ લંબાવવામાં આવે તો, આ વધારાનાં સમયગાલા દરમ્યાનનનાં

અંદાજીત કરની રકમ, ની સમાન રકમ એડવાન્સમાં ભરવાની રહેશે.

**પ્રશ્ન 22. શું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટમાં સુધારા શક્ય છે ?**

**ઉત્તર :** હા. કલમ 20 પ્રમાણે સૂચિત અધિકારી, રજીસ્ટ્રન્ટની આપેલી હિતીના આધારે અથવા તો પોતે સત્યાપન કરેલ માહિતીના આધારે રજીસ્ટ્રેશનમાં સુધારા મંજૂર અથવા તો નકારી શકે, જે સુચિત સમયમર્યાદા અને ... સુચિત રીતે હશે. અહીંયા ખાસ નોંધ લેવી કે આવી ચોક્કસ અને મહત્ત્વની માહિતી માટે જ સુચિત અધિકારીની પરવાનગી આવા સુધારા માટે જરૂરી હશે, જ્યરે બાકીના સુધારા રજીસ્ટ્રન્ટ પોતાની જાતે કરી શકશે.

**પ્રશ્ન 23. શું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટનું રદ્દીકરણ સ્વીકાર્ય છે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદા અધિનિયમ 21 મુજબ આ કાયદામેં અપાયેલ રજીસ્ટ્રેશન, ઉચિત અધિકારી દ્વારા આ અધિનિયમમાં દર્શાવેલ સંજોગોમાં રદ થઈ શકે છે. યોગ્ય અધિકારી પોતાની કાર્યવાહી દ્વારા અથવા તો કરપાત્ર વ્યક્તિ, કે તેના મૃત્યુ પછી તેના કાયદાકીય વારસદારો, દ્વારા, ઉચિત રીતે કરેલી અરજીનાં અનુસંધાનમાં, રજીસ્ટ્રેશન રદ કરી શકે છે, જે આ અધિનિયમમાં દર્સાવેલ સમયમર્યાદાઓ રીત પ્રમાણે થઈ શકે છે.

**પ્રશ્ન 24. શું સીજીએસટી કાયદામાં રજીસ્ટ્રેશન રદ થાય તો તેનો અર્થ એ થાય કે તે એસજીએસટી કાયદામાં પણ રદ થયેલ છે ?**

**ઉત્તર :** હા. એક કાયદા અન્વયે (જેમ કે સીજીએસટી કાયદો) રજીસ્ટ્રેશન રદ થાય તો તે અન્ય કાયદા (જેમ કે એસજીએસટી કાયદો) હેઠળ પણ રજીસ્ટ્રેશન રદ થયેલ છે તેમ ગણવામાં આવશે. (કલમ 21(6)).

**પ્રશ્ન 25. શું યોગ્ય અધિકારી જાતે રજીસ્ટ્રેશન રદ કરી શકે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદાના કલમ 21(2) માં ચોક્કસ કરેલ સંજોગો હેઠળ યોગ્ય અધિકારી પોતાની જાતે રજીસ્ટ્રેશન રદ કરી શકે. આવા સંજોગોમાં સળંગ છ મહિના સુધી રીટર્ન ન ભરવું (સામાન્ય કરપાત્ર વ્યક્તિ) અથવા ત્રણ મહિના સુધી રીટર્ન ન ભરવું (disam કરપાત્ર વ્યક્તિ) અથવા તો રજીસ્ટ્રેશનની તારીખથી 6 માસ સુધી ધંધાની શરૂઆત ન કરવી, તેનો સમાવેશ થાય છે. આમ છતાં, રજીસ્ટ્રેશન રદ કરતા પહેલા યોગ્ય અધિકારીએ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને અનુસરવા જોઈએ.

**પ્રશ્ન 26. જો રજીસ્ટ્રેશન ખરાબ ઇચ્છાશક્તિ, ..... અથવા કોઈ સાચી હકીકત છુપાવીને મેળવેલું હોય તો શું થઈ શકે ?**

**ઉત્તર :** આવા સંજોગોમાં કલમ 21(3) અનુસાર, યોગ્ય અધિકારી દ્વારા રજીસ્ટ્રેશન પાછલી અસરથી રદ થઈ શકે.

**પ્રશ્ન 27. મોડેલ જીએસટી કાયદા હેઠળ જુદી જુદી સેવાઓ માટે એક કેન્દ્રવર્તી રજીસ્ટ્રેશન લેવાનું શક્ય છે ?**

**ઉત્તર :** ના.

**પ્રશ્ન 28. જો કોઈ કરદાતાને એક જ રાજ્યમાં જુદા જુદા બિઝનેસ વર્ટીકલ્સ હોય તો, તેને દરેક વર્ટીકલ માટે જુદુ રજીસ્ટ્રેશન લેવું જોઈએ ?**

**ઉત્તર :** ના. પરંતુ કરદાતાને મોડેલ જીએસટીનાં કલમ 19(2) અનુસાર એક રાજ્યમાં અલગ બિઝનેસ વર્ટીકલ્સને સ્વતંત્ર રીતે રજીસ્ટર કરાવવાનો વિકલ્પ છે.

**પ્રશ્ન 29. ISOL કેટલાં છે ?**

**ઉત્તર :** ISOનો અર્થ ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર થાય છે, જે મોડેલ જીએસટી કાયાદની કલમ 2 (56)માં વ્યાખ્યા કરેલ છે. આ મૂળભૂત રીતે ઇનપુટ સેવાઓનાં મેળવવા માટે, કરપાત્ર ઇનવોઇસ પ્રાપ્ત કરનારી એક ઓફિસ છે જે આગળ સપ્લાય યુનીટને અનુરૂપ રીતે ક્રેડિટની વહેંચણી કરે છે.

**પ્રશ્ન 30. શું ISOને ISD વર્તમાન કરદાતાનાં રજીસ્ટ્રેશન કરતા અલગ રીતે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે ?**

**ઉત્તર :** હા. આઈએસડી રજીસ્ટ્રેશન કરદાતાની એક ઓફિસ માટે છે જે સામાન્ય રજીસ્ટ્રેશનથી અલગ છે.

**પ્રશ્ન 31. એક કરદાતાને એકથી વધુ ISD હોઈ શકે ?**

**ઉત્તર :** હા. એક કરદાતાની જયુદી જુદી ઓફિસ, અલગ ISD રજીસ્ટ્રેશન માટે અરજી કરી શકે.

**પ્રશ્ન 32. એક બિઝનેસના ટ્રાન્સફર માટે શું જવાબદારી (રજીસ્ટ્રેશન સંબંધી) હોઈ શકે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાનાં શીડ્યુલ 3 પ્રમાણે, જેને બીઝનેસ ટ્રાન્સફર થાય છે તે અથવા અનુગામી, આવા ટ્રાન્સફર અથવા ઉત્તરાધિકાની અસરથી, રજીસ્ટર થવા માટે જવાબદાર રહેશે અને તેને અસરકારક તારીખથી નવું રજીસ્ટ્રેશન લેવાનું રહેશે.

**પ્રશ્ન 33. શે તમામ કરદાતાઓ / ડીલરો જે હાલનાં સેન્ટ્રલ એક્સાઇઝ સર્વિસ ટેક્સનાં કાયદા હેઠળ રજીસ્ટર્ડ છે તેઓને નવું રજીસ્ટ્રેશન લેવાનું રહેશે ?**

**ઉત્તર :** ના. જીએસટીએન આવા બધા જ કરદાતાઓ/ડીલરોને જીએસટી નેટવર્ક ઉપર સ્થળાંતર કરશે, અને જીએસટીઆઈએન નંબર તથા પાસવર્ડ ઇસ્યુ કરસે. તેઓને રજીસ્ટ્રેશન માટે જરૂરી બધા જ દસ્તાવેજો અને માહિતી નિયતત સમયગાળામાં આપવા માટે જણાવાશે. આમ કરવામાં નિષ્ફળ જવાથી જીએસટીઆઈએન નંબર રદ કરવાનું પરિણામ આપી શકે.

સર્વિસ ટેક્સનાં કરદાતાઓ જે કેન્દ્રીય રજીસ્ટ્રેશન ધરાવે છે તેઓએ સંબંધિત રાજ્યોમાં જ્યાં તેમનો ધંધો હોય ત્યાં નવેસરથી અરજી કરવાની રહેશે.

**પ્રશ્ન 34. શું જોબવર્ક કરનારાઓએ ફરજીયાત રજીસ્ટ્રેશન લેવું પડશે ?**

**ઉત્તર :** ના. મોડેલ જીએસટી કાયદાનાં કલમ 43A પ્રમાણે આવી કોઈ શરત નથી.

**પ્રશ્ન 35. જોબવર્કરનાં ધંધાના સ્થળેથી માલ સપ્લાય કરવાની પરવાનગી મળી શકે ?**

**ઉત્તર :** હા. પરંતુ ફક્ત એવા કિસ્સામાં જ્યાં જોબવર્કર રજીસ્ટર્ડ હોય અને મુખ્ય બિઝનેસ, જોબવર્કરનાં ધંધાના સ્થળને પોતાના વધારાનાં ધંધાનાં સ્થળ તરીકે જાહેર કરે.

**પ્રશ્ન 36. શું રજીસ્ટ્રેશનનાં સમયે કરદાતાએ તેનાં ધંધાનો બધા સ્થળોને જાહેર કરવા જોઈએ ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદાનાં કલમ 2(78) અને 2(75) માં મુખ્ય ધંધાનું સ્થળ અને ધંધાના સ્થળને અલગ અલગ રીતે વ્યાખ્યા કરેલ છે. કરદાતાએ રજીસ્ટ્રેશન ફોર્મમાં મુખ્ય ધંધાનું સ્થળ તથા વધારાનાં ધંધાનાં સ્થળોની માહિતી જાહેર કરવી પડશે.

**પ્રશ્ન 37. નાના ડીલરો અથવા ડીલરો જેમની પાસે IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર ન હોય તેમની સુવિધા માટે કોઈ સીસ્ટમ બનાવવામાં આવી છે ?**

**ઉત્તર :** એવા કરદાતાઓ જે આઈટી ની સામાન્ય સમજ નથી ધરાવતા તેમની જરૂરિયાતોને ધ્યામાં રાખીને નીચે મુજબની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**ટેક્સ રીટર્ન પ્રિપેરર (TRP) :** એક કરપાત્ર વ્યક્તિ પોતાની રજીસ્ટ્રેશનની અરજી/રીટર્ન પોતાની જાતે બનાવી શકે, અથવા સહાય માટે TRP કરપાત્ર વ્યક્તિ દ્વારા તેને પૂરી પડાયેલી માહિતી ઉપરથી રજીસ્ટ્રેશન દસ્તાવેજ/રીટર્ન બનાવશે. દ્વારા તૈયાર કરાયેલા ફોર્મ્સમાં દર્શાવેલી માહિતીની સત્યતાની કાનૂની જવાબદારી માત્ર કરદાતા વ્યક્તિની જ રહેશે, અને કોઈપણ ભૂલ અથવા અસત્ય માહિતી માટે TRP જવાબદાર રહેશે નહિ.

**સુવિધા કેન્દ્ર/ફેસીલીટેશન સેન્ટર (F) :** તે કરદાતા દ્વારા અપાયેલ અને અધિકૃત વ્યક્તિ દ્વારા સહી કરેલ ફોર્મ્સ અને દસ્તાવેજોને ડીજીટલાઇઝેશન/અપલોડીંગ કરવા માટે જવાબદાર રહેશે. FCનાં ID અને પાસવર્ડની મદદથી કોમન પોર્ટલ ઉપર માહિતી અપલોડ કર્યા બાદ, સ્વીકૃતિનું એક પ્રિન્ટ આઉટ લેવામાં આવશે, જે FC દ્વારા સાઇન કર્યા બાદ કરદાતા વ્યક્તિને તેના રેકોર્ડ રાખવા માટે આપવામાં આવશે. FC અધિકૃત હસ્તાક્ષરીત વ્યક્તિ દ્વારા સહી કરેલ સમરી શીટ સ્કેન તથા અપલોડ કરશે.

**પ્રશ્ન 38. જીએસટીએન રજીસ્ટ્રેશનમાં ડીજીટલ સીગ્નેચરની કોઈ સુવિધા છે ?**

**ઉત્તર :** કરદાતા માટે માન્ય ડીજીટલ હસ્તાક્ષર દ્વારા સહી કરેલ રજી આપવાનો વિકલ્પ રહેશે (જો કરદાતા માટે અન્ય કોઈ પ્રચલીત કાયદા હેઠળ DSC મેળવવી જરૂરી છે તો પછી તેણે પોતાની રજીસ્ટ્રેશનની અરજી તેમજ વાપરીને રજૂ કરવી પડશે) બીજા, કે જેઓ પાસે જીડીટલ હસ્તાક્ષર નથી, તેમના માટે વૈકલ્પીક પદ્ધતિઓ, જીએસટી રજીસ્ટ્રેશનનાં નિયમો હેઠળ આપવામાં આવશે.

**પ્રશ્ન 39. ઓનલાઈન અરજી પર નિર્ણય માટે સમયમર્યાદા શું છે ?**

**ઉત્તર :** જો માહિતી અને અપલોડ કરેલા દસ્તાવેજો નિયમ અનુસાર જણાય તો, રાજ્ય અને કેન્દ્રીય સત્તાવાળાઓએ અરજી મેજૂર કરી, ત્રણ સામાન્ય કામકાજનાં દિવસ દરમમયાન, આ મંજૂરી કોમન પોર્ટલ પર જણાવવાની રહેશે. આ પોર્ટલ પછી આપમેળે રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ પેદા કરશે. જો ત્રણ સામાન્ય કામકાજનાં દિવસ દરમ્યાન કોઈ પણ ક્ષતિ, રાજ્ય અથવા કેન્દ્રીય સત્તાવાળાઓ તરપથી અરજદારને જણાવવામાં ન આવે, આ રજીસ્ટ્રેશન આપોઆપ મળી ગયેલ છે તેમ માની લેવામાં આવશે. (મોડેલ જીએસટી કાયદાનાં કલમ 19(9) અને પોર્ટલ આપમેળે રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ પેદા કરશે.

**પ્રશ્ન 40. જો ઓનલાઇન અરજીમાં ક્વેરી દર્શાવામાં આવે તો અરજદાર માટે ..... માટેની સમયમર્યાદા શું હશે ?**

**ઉત્તર :** જો સત્યાપનની પ્રક્રિયા દરમ્યાન કોઈ એક કર સત્તાવાળા તરફથી કોઈ ક્વેરી દર્શાવાવમેં આવે અથવા કોઈ ભૂલ ધ્યાનમાં આવે, તો ત્રણ સામાન્ય કામકાજને દવિસ દરમ્યાન તે જીએસટી કોમન પોર્ટલ દ્વારા અરજદારને તથા કર સત્તાવાળાઓને જણાવવાની રહેશે. અરજદાર સંબંધિત કર સત્તાવાળા દ્વારા જણાવેલ સમયમાં તે ક્વેરીનો જવાબ આપશે/ભૂલ સુધારશે. (સામાન્ય રીતે આ સમયમર્યાદા સાત દિવસની રહેશે). સંબંધિત કર સત્તાવાળાને વધારાના દસ્તાવેજો અથવા સ્પષ્ટતા મલ્યા બાદ, સાત સામાન્ય કામકાજનાં દિવસમાં જવાબ આપશે.

**પ્રશ્ન 41. રજીસ્ટ્રેશનની ઇનકારની પ્રક્રિયા શું છે ?**

**ઉત્તર :** જો કોઈ કિસ્સામાં રજીસ્ટ્રેશન ઇનકારવામાં આવે તો અરજદારને તેનાં કારણો સ્પીકીંગ ઓર્ડર મારફતે જણાવવામાં આવશે. અરજદારને સત્તાવાળાનાં આ નિર્ણય સામે અપીલ કરવાનો હક રહેશે. મોડેલ જીએસટી કાયદાનાં કલમ 19નાં સબ કલમ (10) પ્રમાણે કોઈ પણ એક સત્તાવાળા (જેમ કે સીજીએસટી/એસજીએસટી કાયદા અંદર) દ્વારા નકારાયેલ અરજી, બીજા સત્તાવાળા (જેમ કે એસજીએસટી/સીજીએસટી કાયદા હેઠળ) દ્વારા પણ તે અરજી રજીસ્ટ્રેશન માટે નકારાયેલી ગણાશે.

**પ્રશ્ન 42. અરજીનાં નિકાલ સંબંધી કોઈ જાણકારી આપવામાં આવશે ?**

**ઉત્તર :** જીએસટી કોમન પોર્ટલ તરફથી e-mail અને SMS દ્વારા અરજદારને તેની રજીસ્ટ્રેશન અરજીની ફાળવણી અથવા અસ્વીકારની માહિતી આપવામાં આવશે. અરજદારને આ તબક્કે ક્ષેત્રાધિકારની વિગતો પણ જાણ કરવામાં આવશે.

**પ્રશ્ન 43. રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ જીએસટી-પોર્ટલ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે ?**

**ઉત્તર :** જો રજીસ્ટ્રેશન આપવામાં આવે તો, અરજદાર જીએસટી-પોર્ટલ ઉપરથી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ ડાઉનલોડ કરી શકશે.

# પ્રકરણ 4

## પુરવઠા (સપ્લાય)નો અર્થ અને વ્યાપ

**પ્રશ્ન 1. જીએસટી હેઠળ કરપાત્ર ઘટના ક્યારે બની કહેવાય ?**

**ઉત્તર :** જીએસટી હેઠળ માલ કે સેવા કોઈ અવેજ હેઠળ ધંધાના સાતત્ય (વિકાસ) માટે પૂરી પડાય તે કરપાત્ર ઘટના છે. હાલના ઉત્પાદન, વેચાણ કે સેવાઓ સંબંધિત અપરોક્ષ વેરાના કાયદા હેઠળની કરપાત્ર ઘટનાઓ સપ્લાયમાં સમાઈ જાય છે.

**પ્રશ્ન 2. 'સપ્લાય'નો શું અર્થ છે ?**

**ઉત્તર :** 'સપ્લાય'નો અર્થ ખૂબ જ વ્યાપક અને તેમાં વ્યક્તિ દ્વારા થતા દરેક પ્રકારના માલનો સપ્લાય અને /અથવા સેવા જેવી કે વેચાણ, ટ્રાન્સફર, બદલો (વિનિમય) આપણે લાયસન્સ, ભાડે આપવું, ધીરવું (lease) અથવા એ પ્રકારની નિકાસ (disposal) અથવા તેવા નિકાસ માટેની સમજૂતી કે જે અવેજ બદલ ધંધામાં સાતત્ય (વિકાસ) માટે કરવામાં આવી હોય તે સમાવિષ્ટ છે.

**પ્રશ્ન 3. કરપાત્ર સપ્લાય કઈ છે ?**

**ઉત્તર :** 'કરપાત્ર સપ્લાય'નો અર્થ માલ અને /અથવા સેવાઓની એવી સપ્લાય કે જે જીએસટી હેઠળ ગુડઝ અને સર્વિસ ટેક્સને પાત્ર છે.

**પ્રશ્ન 4. એમજીએલ હેઠળ સપ્લાય ગણાવા માટેના મૂળભૂત સભ્યો કયા છે ?**

**ઉત્તર :** 'સપ્લાય' તરીકે ગણાવા માટે નીચે મુજબનાં મૂળભૂત સભ્યોની હાજરી સંતોષાવી આવશ્યક છે. જેવા કે

(i) માલ અને અથવા સેવાઓની સપ્લાય;

(ii) આવી સપ્લાય અવેજ સામે છે;

(iii) આવી સપ્લાય ધંધાના સાતત્ય (વિકાસ) માટે કરાયેલ હોવી જોઈએ;

(iv) સપ્લાય વેરાને પાત્ર ક્ષેત્રમાં કરેલ હોવી જોઈએ;

(v) સપ્લાય કરપાત્ર સપ્લાય હોવી જોઈએ;

(vi) આવી સપ્લાય કરને પાત્ર વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ હોય.

**પ્રશ્ન 5. એવા વ્યવહારો કે જેમાં ઉપર દર્શાવેલ ધોરણમાંના કોઈનો કે તેથી વધુ ધોરણોની પૂર્તિ ન થતી હોવા છતાં, જીએસટી હેઠળ તેને 'સપ્લાય' ગણાય, તેવું હોઈ શકે ?**

**ઉત્તર :** હા. કેટલાક વિશિષ્ટ સંજોગોમાં જેવા કે કલમ 3(2)(બી) હેઠળ આપવાની સેવાઓ અથવા સાતે જ વિના અપાયેલ સેવાઓ, કે જે એમજીએલના શીડ્યુલ-Iમાં નિર્દિષ્ટ છે ત્યાં ઉપરના પ્રશ્ન 4ના જવાબમાં દર્શાવેલ ધોરણોમાંના એક કે તેથી વધુ ધોરણો સંતોષાતા નહિ હોવા છતાં જીએસટી કાયદા હેઠળ સપ્લાય ગણાશે.

**પ્રશ્ન 6. માલની આયાતની કલમ 3માં ગેરહજારી નોંધપાત્ર છે ? આવું શા માટે ?**

**ઉત્તર :** માલની આયાત સંબંધ કસ્ટમ્સ એક્ટ 1962ની જોગવાઈઓ લાગુ પડે છે કે જેમાં બેઝીક કસ્ટમ્સ ડ્યુટી ઉપરાંત આઈજીએસટી પણ એડીશનલ ડ્યુટી ઓફ કસ્ટમ્સ તરીકે વસુલ કરી શકાય છે.

**પ્રશ્ન 7. પોતાને જ જતી સપ્લાય (Self-supplies) જીએસટી હેઠળ કરપાત્ર છે ?**

**ઉત્તર :** આંતરરાજ્ય સેલ્ફ સપ્લાય જેવી સ્ટોક ટ્રાન્સફર કરપાત્ર ગણાશે. કારણ કે વેરા પાત્ર વ્યક્તિએ શીડ્યુલ 1(5) ના નિયમો અનુસાર દરેક રાજ્ય માટે રજીસ્ટ્રેશન લેવું આવશ્યક છે. આવા વ્યવહારોમાં અવેજ નહિ હોવા છતાં જેને કરપાત્ર ગણાયા છે. જો કે રાજ્યમાં જ કરાયેલો સેલ્ફ-સપ્લાય કરપાત્ર રહેશે નહિ.

**પ્રશ્ન 8. કોઈ પણ વ્યવહારને માલ પુરવઠો (સપ્લાય) તરીકે ગણવા માટે હક અને/અથવા કબજાની તબદિલી આવશ્યક છે ?**

**ઉત્તર :** કોઈ પણ વ્યવહારે માલના સપ્લાય તરીકે ગણાવા માટે, હક અને કબજો બંનેની તબદિલી કરેલ હોવી જોઈએ. એ કિસ્સામાં કે જ્યાં હકની તબદિલી જતી નથી, તેવા વ્યવહારને શીડ્યુલ 2(1)ના નિયમો અનુસાર સેવાની સપ્લાય તરીકે ગણવામાં આવશે. એવા કિસ્સાઓમાં કે જયાં કબજો તુરતજ સોંપાઈ ગયેલ હોય પણ હુકમી તબદિલી ભવિષ્યની કોઈ તારીખે થવાની હોય જેમ કે, સેલ ઓન એપ્રુવલ ધોરણે હોય અથવા ભાડા-ખરીદ પધ્ધતિ હેઠળ હોય. આવા વ્યવહારમાં માલન સપ્લાય તરીકે ગણાશે.

**પ્રશ્ન 9. "ધંધાના સપ્લાય (વિકાસ)ના માટે થયેલ સપ્લાય"નો અર્થ શો છે ?**

**ઉત્તર :** એમજીએલ હેઠળ એવી કોઈ વ્યાખ્યા કે કસોટી નિર્ધારિત કરવામાં નથી આવ્યા કે કોઈ પ્રવૃત્તિ ધંધાના સાતત્ય (વિકાસ)ના માટે થયેલ સપ્લાયની પ્રવૃત્તિ છે. પરંતુ સામાન્યતઃ નીચે મુજબની વ્યાવસાયિક કસોટીઓ દ્વારા એ તારણ પર આવી શકાય છે કે થયેલ 'સપ્લાય' ધંધાના સાતત્ય (વિકાસ) માટે કરેલ છે :

(i) શું તે પ્રવૃત્તિનું ગંભીર ઉપક્રમ તરીકે નિષ્ઠાપૂર્વક અમલીકણ થઈ રહ્યું છે ?

(ii) શું તે પ્રવૃત્તિ, વાજબી અથવા સહજ અને સાતત્યપૂર્ણ રીતે અમલમાં મુકાઈ છે ?

(iii) શું તે પ્રવૃત્તિ, નિયમિત રીતે સહજ અને માન્ય વ્યાવસાયિક સિધ્ધાંતો પર આધારિત છે ?

(iv) શું તે પ્રવૃત્તિ મુખ્યત્વે અવેજ/નફો મેળવવાના હેતુથી થતા કરપાત્ર સપ્લાય સાથે સંબંધિત છે ?

આ કસોટીઓ દ્વારા એ ખાતરી કરી શકાય છે કે પ્રસંગોપાત 'સપ્લાય' પછી ભલે તે અવેજ સામે કરાઈ હોય, તે જીએસટીને પાત્ર ઠરશે નહિ.

**પ્રશ્ન 10. એક વ્યક્તિ અંગત વપરાશ માટે કાર ખરીદે છે અને 1 વર્ષના વપરાશ પછી તે કાર એક ડીલરને વહેંચી દે છે. શું એમજીએલના વિષયાનુસાર આ વ્યવહાર 'સપ્લાય' કહેવાશે ? જવાબ કારણો આપી જણાવો.**

**ઉત્તર :** ના. કારણ કે આ 'સપ્લાય' વ્યક્તિ દ્વારા વ્યવસાયના સાતત્ય (વિકાસ) માટે કરવામાં આવેલ નથી. વધુમાં તે કાર મેળવી તે સમયે તેના પર ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળવાપાત્ર ન હતી, કારણ તેનો હેતુ ધંધાદારી ઉપયોગનો ન હતો.

**પ્રશ્ન 11. એક ડિલર પોતાના 'સ્ટોક ઇન ટ્રેક' માંથી એક એરકન્ડીશનર ઘરમાં પોતાના વ્યક્તિગત ઉપયોગ માટે ટ્રાન્સફર કરે છે, શું આ વ્યવહારને 'સપ્લાય' કહી શકાય ?**

**ઉત્તર :** હા. શીડ્યુલ 1(1) મુજબ ધંધાકીય મિલકતોને અંગત કે બિન-ધંધાકીય ઉપયોગ માટે ફાળવવામાં આવે તેને 'સપ્લાય'ની લેવામાં આવશે.

**પ્રશ્ન 12. સેવા કે માલ જો ક્લબ, સંગઠન કે સોસાયટી દ્વારા તેના સભ્યને પૂરા પાડવામાં આવે તો તેને 'સપ્લાય' ગણાશે કે કેમ ?**

**ઉત્તર :** હા. કલ્બ, સંગઠન, સોસાયટી કે તેવી સંસ્થા દ્વારા પોતાના સભ્યોને પૂરી પાડવામાં આવતી સગવડો/સેવાઓ 'સપ્લાય' ગણાશે. એમજીએલની કલમ 2(17) મુજબ તેનો સમાવેશ 'બિઝનેસ'ની વ્યાખ્યામાં આવરી લેવાયો છે.

**પ્રશ્ન 13. 'આંતર-રાજ્ય સપ્લાય (Inter-State)' અને 'ઇન્ટ્રા-સ્ટેટ સપ્લાય' શું છે ?**

**ઉત્તર :** 'આંતર રાજ્ય સપ્લાય' (Inter-State) અને 'ઇન્ટ્રા-સ્ટેટ સપ્લાય'ની સ્પષ્ટ વ્યાખ્યા આઈજીએસટી એક્ટની કલમ અને 3 અને 3એમાં ક્રમશઃ આપેલ છે. વ્યાપક રીતે જોતાં, જ્યાં સપ્લાયર અને સપ્લાયનું સ્થળ બંને એક જ રાજ્યમાં આવેલ હોય તેને 'ઇન્ટ્રા-સ્ટેટ સપ્લાય' અને જ્યાં તે જુદા જુદા રાજ્યોમાં હોય તો તેને 'આંતર-રાજ્ય સપ્લાય' તરીકે ગણાશે.

**પ્રશ્ન 14. જ્યાં માલ વાપરવા માટેના હક્કને ટ્રાન્સફર કરાયો હોય, તેને માલની સપ્લાય કહેવાશે કે સેવા સપ્લાય કરી કહેવાય ? શા માટે ?**

**ઉત્તર :** માલ વાપરવા માટેના હક્કની ટ્રાન્સફરને સર્વિસની 'સપ્લાય' તરીકે ગણાશે, કારણ આવા કિસ્સામાં હક્કની ફેરબદલી થતી નથી. આવા વ્યવહારો એમજીએલ શીડ્યુલ-2 મુજબ 'સપ્લાય ઓફ સર્વિસ' જ ગણાશે.

**પ્રશ્ન 15. 'વર્કસ કોન્ટ્રાક્ટ' અને 'કેટરીંગ સર્વિસીઝ'ને 'સપ્લાય ઓફ ગુડઝ' તરીકે કે 'સપ્લાય ઓફ સર્વિસ' તરીકે ગણવામાં આવશે ? શા માટે ?**

**ઉત્તર :** 'વર્કસ કોન્ટ્રાક્ટ' અને 'કેટરીંગ સર્વીસીઝ'ને એમજીએલના શીડ્યુલ-2ની જોગવાઈઓ મુજબ 'સપ્લાય ઓફ સર્વિસ' ગણાશે.

**પ્રશ્ન 16. 'ભાડા ખરીદ પદ્ધતિ' હેઠળ સપ્લાય થયેલ માલને 'સપ્લાય ઓફ ગુડઝ' ગણવામાં આવશે કે તે 'સપ્લાય ઓફ સર્વિસ' ગણાશે ?**

**ઉત્તર :** 'ભાડા ખરીદ પદ્ધતિ' હેઠળ સપ્લાય થયેલ માલને 'સપ્લાય ઓફ ગુડઝ' તરીકે ગણાશે કારણ કે તેમાં હક્કની તબદિલી થાય છે. પછી ભલે તે ભવિષ્યની તારીખમાં હોય.

# પ્રકરણ 5

## પુરવઠા (સપ્લાય)નો સમય

**પ્રશ્ન 1. (પુરવઠો) સપ્લાયનો સમય શું છે ?**

**ઉત્તર :** પુરવઠાનો સમય જીએસટી ચાર્જ કરવાની ઉદભવતી જવાબદારીનો સમય દર્શાવે છે. તે એ પણ દર્શાવે છે કે ક્યારે પુરવઠો થયો ગણી શકાય. એમજીએલ ની અંતર્ગત માલ અને સેવાઓ માટે અલગ અલગ પુરવઠાનો સમય બતાવેલ છે.

**પ્રશ્ન 2. માલના પુરવઠાના કેસમાં જીએસટી ચુકવવાની જવાબદારી ક્યારે ઉભી થાય છે ?**

**ઉત્તર :** એમજીએલના સેક્શન (કલમ) 12 માં માલના પુરવઠાના સમય નક્કી કરેલ છે. માલ પૂરા પાડવાનો સમય નીચેની તારીખોમાંથી સૌથી વહેલી હશે તે રહેશે.

(ક) 1. માલ ખસેડવાની જરૂર પડે તેવી બાબતમાં જે તારીખે માલ મોકલનાર તે પુરો પાડવા માટે ખસેડવામાં આવે તે તારીખ અથવા

2. માલ ખસેડવાની જરૂર ન પડે તેવી બાબતમાં જે તારીખે મેળવારને માલ ઉપલબ્ધ કરાવવામાં આવે તે તારીખ.

(ખ) જે તારીખે પુરવઠા અંગે પુરવઠાકાર ઇનવોઇસ આપે તે તારીખ.

(ગ) જે તારીખે પુરવઠા અંગે પુરવઠાકાર ને ચુકવણી મળે તે તારીખ.

(ઘ) જે તારીખે મેળવનાર તેવા હિસાબના ચોપડામાં માલ મળવાની પહોંચ દેખાડે તે તારીખ.

**પ્રશ્ન 3. માલના સળંગ પુરવઠા બાબતમાં પુરવઠાનો સમય શું છે?**

**ઉત્તર :** માલના સળંગ પુરવઠા બાબતમાં પુરવઠાનો સમય નીચે મુજબ છે.

(અ) માલના સળંગ પુરવઠા બાબતમાં જ્યં ઉત્તરોત્તર હિસાબના પત્રક અથવા ઉત્તરોઉત્તર ચુકવણી સંકળાયેલ હોય ત્યાં, પુરવઠાનો સમય, આવા ઉત્તરોઉત્તર હિસાબ પત્રક અથવા ઉત્તરોઉત્તર ચુકવણીને સંબંધ હોય તે મુદ્દત પુરી થવાની તારીખ રહેશે.

(બ) ઉત્તરોઉત્તર હિસાબના પત્રક ન હોય, તો ઇનવોઇસ (અથવા બીજા કોઈ દસ્તાવેજ) આપ્યાની તારીખ અથવા ચુકવણી મળ્યાની તારીખ, બેમાંથી જે વહેલું હોય તે પુરવઠા નો સમય રહેશે.

**પ્રશ્ન 4. એપ્રુવલ બેજીસ પર મોકલેલ માલના પુરવઠાનો સમય શું છે ?**

**ઉત્તર :** એપ્રુવલ બેજીઝ પર મોકલેલ / પુરવઠા માલ માટે, પુરવઠાનો સમય એ સમય ગણાશે જ્યારે એ નક્કી થશે કે પુરવઠો થશે અથવા પુરવઠાની તારીખથી 6 મહિના સુધી બેમાંથી તારીખ થી 6 મહિના સુધી બે માંથી જે વહેલા થાય તે ગણાશે.

**પ્રશ્ન 5. શું પુરવઠાના સમયનની ગણતરી કલમ (12) ની પેટા કલમ (2) (3) (5) અથવા (6) અથવા કલમ 13 એમજીએલની અંદર શક્ય છે. પુરવઠાના સમયની ગણતરી કેવી રીતે થાય ?**

**ઉત્તર :** પેટા કલમ (2) (3) (5) (6) ની જોગવાઈ હેઠળ પુરવઠાનો સમય નક્કી કરી શકાય તેમ ન હોય ત્યાં પુરવઠાનો સમય

(ક) જ્યાં સામયિક પત્રક ભરવાનું હોય તેવી બાબતમાં, જે તારીખે પત્રક ભરવાનું હોય તે તારીખ

અથવા

(ખ) બીજા કોઈ કેસમાં સીજીએસટી/એસજીએસટી જે તારીખ ચુકવાયા હોય તે તારીખ રહેશે.

**પ્રશ્ન 6. સેવા પુરી પાડવામાં જીએસટી ની ચુકવણી ની જવાબદારી ક્યારે ઉભી થાય ?**

**ઉત્તર :** સેવા પુરી પાડવાના કેસમાં કલમ 13(1) મુજબ, પુરવઠાના સમય એ વાત પરથી નક્કી થશે કે સેવા પુરી પાડવાનું ઇનવોઇસ નક્કી કરેલ સમય મર્યાદામાં બનેલ છે કે તે સમય મર્યાદા પછી બનેલ છે.

**પ્રશ્ન 7. જે કેસમાં સેવાઓ પુરી પાડવાના પુરવઠા માટે નું ઇનવોઇસ તેની નક્કી કરેલ સમય મર્યાદા માં બનેલ નથી. તેવા કેસમાં પુરવઠાનો સમય શું છે ?**

**ઉત્તર :** ઉપરોક્ત કેસમાં પુરવઠાનો સમય નીચે દર્શાવેલ માં જે પહેલા હશે તે ગણાશે.

(i) સેવા પુરી પાડવાનું કામ પુરી થાય ત્યારે

(ii) ચુકવણી મળ્યાની તારીખ

**પ્રશ્ન 8. ઇનવોઇસ નિયત કરેલી મુદતની અંદર ઈસ્યુ થયુ હોય તો તેમાં સેવા પુરવઠાનો સમય શું છે ?**

**ઉત્તર :** ઉપરોક્ત કેસમાં નીચે જણાવેલ સમયમાં જે વહેલો હોય તે.

(i) ઇનવોઇસ ઈસ્યુ કર્યાની તારીખ

(ii) ચુકવણી મળ્યાની તારીખ

**પ્રશ્ન 9. "ચુકવણી મળ્યાની તારીખ"નો અર્થ શું છે ?**

**ઉત્તર :** પુરવઠાકારના હિસાબના ચોપડામાં ચુકવણી નોંધવામાં આવી હોય તે અથવા તેના બેન્ક ખાતામાં ચુકવણી જમા લેવામાં આવી હોય તે, બે માંથી જે વહેલી હોય તે – ને ચુકવણી મળ્યાની તારીખ ગણવી.

**પ્રશ્ન 10. ધારો કે, ઇનવોઇસ ઈસ્યુ કરવામાં આવેલ નથી અને ચુકવણીની તારીખ અથવા સેવા પુરી પાડવાની કામગારી પુરી થયાની જાણ થઈ શકે તેમ નથી – તેવા કેસમાં પુરવઠાનો સમય શું ગણાશે ?**

**ઉત્તર :** જે તારીખે એવા મેળવનાર તેના હિસાબી ચોપડામાં સેવા મળ્યાની એન્ટ્રી કરે તે પુરવઠાનો સમય ગણાશે.

**પ્રશ્ન 11. ધારો કે, અગ્રિમ ચુકવણી આંશીક થઈ હોય થવા આંશીક ચુકવણી માટે ઇનવોઇસ ઈસ્યુ થયેલ હોય, તો શું પુરવઠાનો સમય – પુરા પુરવઠા માટે ગણાશે ?**

**ઉત્તર :** ના, આવા પુરવઠાને જેટલા પુરવઠા માટે ઇનવોઇસ ઈસ્યુ થયેલ હોય અથવા આંશીક ચુકવણી થી હોય – તેટલા પુરવઠા પુરતી જ ગણાશે.

**પ્રશ્ન 12. સેવાઓના પુરવઠા માટે જેમાં રીવર્સ ચાર્જ પ્રમાણે ભરાવવાનો હોય તેમાં પુરવઠાનો સમય શું છે ?**

**ઉત્તર :** જે પુરવઠાના બાબતમાં રિવર્સ ચાર્જના ધોરણે ચુકવવા જવાબદાર હોય તેમાં નેચની તારીખોમાંથી સૌથી વહેલી તારીખ ગણાશે.

(ક) સેવા મળ્યાની તારીખ

(ખ) કઈ તારીખે ચુકવણી કરવામાં આવી

(ગ) ઇનવોઇસ મળ્યાની તારીખ

(ઘ) હિસાબના ચોપડામાં ઉધારની તારીખ

**પ્રશ્ન 13. સેવા સળંગ પુરી પાડવાની બાબતમમાં પુરવઠાનો સમય શું ગણાશે ?**

**ઉત્તર :**

(i) ચુકવણીની નિયત તારીખના કોન્ટ્રાકટ પરની ખાતરી થઈ શકે તેમ હોય ત્યાં સેવા મેળવનારે કઈ તારીખે ચુકવણી કરવાની છે, તેમાં કોઈ ઇનવોઇસ ઈસ્યુ થયેલ છે કે કેમ અથવા સેવા પુરી પાડનારને ચુકવણી મળેલ છે કે કેમ ?

(ii) કોન્ટ્રાક્ટ ઉપરથી ચુકવણી તારીખની ખાતરી થઈ શકે તેમ ન હોય તો ત્યાં સેવા પુરી પાડનારને ચુકવણી ક્યારે મળી અથવા ઈન્વોઈ ક્યારે ઈસ્યુ કરેલ છે. તેમાં જે વહેલુ હોય તે.

(iii) બનાવ પુરો થયે ચુકવણી જોડવામાં આવી હોય ત્યાં તે બનાવ પુરો થયનો સમય.

**પ્રશ્ન 14. ધારો કે, વેરાના દર 18% થી વધીને 20% તા. 1-6-2017 થી થાય છે. જેમાં સેવા પુરી પડાય અને ઇનવોઇસ ઈસ્યુ થયેલ છે એપ્રીલ 2017માં એટલે સેવા ના વેરાના દર માં ફેરફાર થયા પહેલા પણ તેની ચુકવણી. અસરકારક દરમાં ફેરફાર થયા બાદ એટલે જુન-2017 પછી મળેલ છે, તો તેમાં સેવાના કરનો દરનો શું ગણાશે ?**

**ઉત્તર :** સેવા તા. 1-6-2017નો પહેલા પુરી પાડવામાં આવેલ હોય તેથી જુના દર પ્રમાણે વેરાનો દર 18% ગણાશે.

# પ્રકરણ 6

## જીએસટીમાં મૂલ્યાંકન

**પ્રશ્ન 1. વેરાપાત્ર પુરવઠાનું મૂલ્ય જીએસટી વસુલવા માટે કઈ રીતે કરી શકાય ?**

**ઉત્તર :** સામાન્ય રીતે માલ અને સેવા પુરી પાડવાનું મૂલ્ય લેવડદેવડનું મૂલ્ય રહેશે – જે મૂલ્ય/કિંમત ખરેખર ચુકવાઈ હોય અથવા ચુકવવાની હોય, તેમાં પુરવઠાકાર અને પુરવઠો મેળવનાર સંબંધ ધરાવતા નથી અને પુરવઠા માટે કિંમત સંપૂર્ણ આવે જ છે.

લેવડદેવડનું મૂલ્યમાં અમુક પરિબળોને સમાવવા અને અમુક પરિબળોને બહાર રાખવા તે વિષે એમજીએલમાં વિસ્તૃત રીતે કરવામાં આવેલ છે. દા.ત. લેવડદેવડના મૂલ્યમાં રીફન્ડેબલ ડીપોઝીટ અને પુરવઠા સમય અગાઉ અથવા પુરવઠાના સમયે આપેલ ડિસ્કાઉન્ટ સમાવિષ્ટ થશે નહી.

**પ્રશ્ન 2. લેવડદેવડનું મૂલ્ય શું છે ?**

**ઉત્તર :** લે વડદેવનું મૂલ્ય એટલે ચુકવવામાં આવેલ ખરેખર કિંમત અથવા કિંમત ચુકવવાની હોય તે જેના માટે માલ અથવા સેવા પુરી પાડાવમાં આ હોય અને પુરવઠાકાર અને પુરવઠો મેળવનાર સંબંધ ધરાવતા નથી. અને પુરવઠા માટે કિંમત/મૂલ્ય એક માત્ર

સંપૂર્ણ અવેજ છે. લેવડદેવડના મૂલ્યમાં એ રકમનો સમાવેશ પણ થશો કે જે પુરવઠાકારે ચુકવવાની જવાબદારીમાં હોય પણ પુરવઠા મેળવનારે ભોગવેલ હોય.

**પ્રશ્ન 3. શું સીજીએસટી, એસજીએસટી અને આઈજીએસટી માલ અને સેવાઓ માટે મુલ્યાંકનના નિયમો અલગ અલગ છે ?**

**ઉત્તર :** ના. કલમ (15)માં મુલ્યાંકન નિયમો બનાવેલ છે ને ત્રણેય કરવેરા માટે અને માલ અને સેવાઓ માટે પણ લાગુ પડેલ છે.

**પ્રશ્ન 4. શું કરાર આધારિત કિંમત પુરવઠાની કિંમત નક્કી કરવા પુરતી છે ?**

**ઉત્તર :** કરાર-કિંમત જેને ખાસ કરીને લેડદેવડની કિંમત/મૂલ્ય તરીકે ગણેલ છે અન્ આના આધાર પર જ કરવેરાની ગણતરી થાય છે. ફણ જ્યરે કિંમત/મૂલ્ય અમુક પરિબળો જેવા કે બન્ને (પુરવઠાકાર અને પુરવઠા મેળનાર)ના સંબંધો અથવા અમુક લેવડદેવડ જે પુરવઠા (ડીમ્ડ), પણ જેની કિંમત ના મળતી હોય, આવા પરિબળોથી બહાર જઈને લેડદેવડનું મૂલ્ય સાચી રીતે ગણાય.

**પ્રશ્ન 5. શું બધા કેસોમાં મૂલ્યાંકન નિયમોને રેફર કરવા જરૂરી છે ?**

**ઉત્તર :** ના, મૂલ્યાંકન નિયમોને એવા જ કેસોમાં રેફર કરાય જે કેસો કલમ (15)(4) દર્શાવેલ સૂચિમાં હોય. દા.ત. જેમાં ચુકવવાપાત્ર

અવેજ પૈસા નથી, અથવા લેવડદેવડમાં પુરવઠાકાર અને પુરવઠા મેળવનાર સંબંધિત વ્યક્તિઓ હોય.

**પ્રશ્ન 6. જો કિંમત/મૂલ્ય ને અસરકરતા પરિબળો જે લેડદેવડમાં આવતા હોય પણ કલમ (15)(4) માં સમાવેલ ન હોય, તેવા કિસ્સામાં શું કરવાનું હોય છે ?**

**ઉત્તર :** ચૂકવવાપાત્ર કરવેરાની ગણતરી માટે લેડદેવડના મૂલ્યની ગણતરી ધ્યાનમાં રાખવા પડે તેવા એડજસ્ટમેન્ટસની સુચી કલમ (15)(2)માં આપવામાં આવેલ છે.

**પ્રશ્ન 7. શું કલમ 15(1)માં જાહેર કરેલ લેડદેવડનું મૂલ્ય સ્વીકારી શકાય ?**

**ઉત્તર :** હા. એ સ્વીકારી શકાય પણ તપાસ કર્યા પછી કલમ (15) (2) માં સમાવેશ કર્યા બાદ જ લઈ શકાય. આ ઉપરાંત લેડદેવડ મૂલ્ય ત્યારે જ સ્વીકાર્ય છે ત્યારે પણ જ્યારે પુરવઠાકાર અને પુરવઠા મેળવનાર સંબંધિત હોય, પણ જો સંબંધોના કારણે કિંમત/મૂલ્ય પ્રભાવિત ના થતું હોય. (નિયમ 3(4) ડ્રાફ્ટ જીએસટી મૂલ્યાંકન નિયમો.

**પ્રશ્ન 8. શું પુરવઠા પછી આપેલ ડીસ્કાઉન્ટ અથવા ઇન્સેટીવને લેવડદેવડના મૂલ્યમાં સમાવેશ કરવો પડે ?**

**ઉત્તર :** હા. પણ જો પુરવઠા પછી આપેલ ડિસ્કાઉન્ટ જો કરાર મુજબ હોવાનું પુરવાર થતું હોય અને આનું જ્ઞાન પુરવઠાના સમય પહેલા અથવા પુરવઠાના સમયે હોય અને તેને લાગુ પડતા ઇનવોઇસ સાતે મેચ થતુ હોવું જોઈએ.

**પ્રશ્ન 9. શું પુરવઠા પહેલા આપેલું અથવા પુરવઠાના સમયે આપેલું ડિસ્કાઉન્ટ લેવડદેવડના મૂલ્યમાં સમાવિષ્ટ કરાય ?**

**ઉત્તર :** ના. અગર એ સામાન્ય વ્યાપાર પ્રથા દરમ્યાન આવું ડિસ્કાઉન્ટ આપવામાં આવે અને પુરવઠા સંબંધમાં આપેલા ઇનવોઇસમાં યોગ્ય રીતે નોંધાયું હોય તો ડિસ્કાઉન્ટનો સમાવેશ થશે નહિ.

**પ્રશ્ન 10. મુલ્યાંકન નિયમો ક્યારે લગાવી શકાય ?**

**ઉત્તર :** મૂલ્યાંકન નિયમો નિમ્નલિખિત પરિસ્થિતિમાં લગાવી શકાય.

(i) ચુકવેલ અથવા ચુકવવાપાત્ર અવેજ સંપૂર્ણ કે અંશત નાણા નથી.

(ii) પુરવઠાકાર અને મેળવનાર વચ્ચે સંબંધ હોય અથવા નિયત કરેલ પુરવઠાકારની કેટેગરી દ્વારા પુરવઠો પાડવામાં આવેલ હોય તો.

(iii) પુરવઠાકારે જાહેર કરેલ લેવડદેવડનું મૂલ્યની સચ્ચાઈ અથવા ચોકસાઈ અંગે શંકા ઉઠાવવાનું કરાણ હોય.

**પ્રશ્ન 11. જાહેર લેવડદેવડના મૂલ્યના ઉપર શંકા કરવાના કારણો શું છે ?**

**ઉત્તર :** ડ્રાફ્ટ જીએસટી નિયમોના નિયમ (7) (બ)માં લેવડદેવડના મૂલ્ય ઉપર શંકા કરવાના કારણો આપેલ છે.

(1) સરખાવી શકાય તેવા બીજા પુરવઠા ઘણી વધારે કિંમત હોય ત્યારે

(2) લેવડદેવડ જ્યારે બજારકિંમત કરતા ઘણી વધારે કિંમત હોય અથવા ઘણી ઓછી કિંમત પુરવઠા કરવામાં આવે ત્યારે

(3) પુરવઠાની વિગતો, જથ્થો, લાવવાની સાલનું જાહેરાત ખોટી રીતે કરેલ હોય. તો :

આ સુચિ સંકેતાત્મક છે અને સંપૂર્ણ નથી.

**પ્રશ્ન 12. ડ્રાફ્ટ જીએસટી મૂલ્યાંકન નિયમો પ્રમાણે જાહેર કરેલ મૂલ્યની ગણતરી કરવા કઈ પધ્ધતિઓ છે ?**

**ઉત્તર :** જીએસટી મૂલ્યાંકન નિયમોમાં ત્રણ પધ્ધતિઓ દર્શાવેલ છે. દા.ત.

(1) તુલનાત્મક પધ્ધતિ

(2) ગણનાત્મક પધ્ધતિ

(3) રેસીડ્યુઅલ પધ્ધતિ.

આ પધ્ધતિઓ ઉપર જણાવેલ પંક્તિમાં લેવા પડે. આ સિવાય, અમુક મૂલ્યાંકન પધ્ધતિઓ પણ અમુક કેસો અધિકૃત કરવામાં જેવા કે વીમા ઉતારનાર, એર ટ્રાવેલ એજન્ટ અને ડિસ્ટ્રીબ્યુટર અથવા લોટરીના વેચાણ એજન્ટો થયેલ છે.

**પ્રશ્ન 13. કલમ 15 (2)ના દર્શાવેલ એવા પરિબળો જે લેવડદેવડ મૂલ્યમાં લેવા પડે તે ક્યા છે ?**

**ઉત્તર :** કલમ 15(2)માં દર્શાવેલને પરિબળો જે લેવડદેવડ મૂલ્યમાં લેવા પડે તે નીચે છે.

(અ) એવી કોઈ રકમ જે પુરવઠા મેળવનાર જે પુરવઠાકારના જવાબદારીમાં પુરવઠા માટે ચુકવવાનું હોય.

(બ) માલ અથવા સેવા પુરવઠાની પૈસાની દૃષ્ટિએ મૂલ્ય જો શૂન્ય હોય તો.

(ક) રોયલ્ટી અને લાયસન્સ ફી પુરવઠો એક શરત તરીકે પ્રાપ્ત કર્તા દ્વારા રાહત પુરી પાડવામાં

(ડ) કોઈ પણ બીજા કાયદાઓ (એસજીએસટી/સીજીએસટી/ આઈજીએસટી) હેઠળ લાદવામાં આવેલ કર.

(ઇ) ખર્ચ પુરવઠા પહેલા સપ્લાયર દ્વારા લાગતા અને અલગ ચાર્જ.

(ફ) પુરવઠાકારને સબરસડી – જે તે પુરવઠા માટે મળેલ હોય તો

(ગ) પુરવઠાકાર દ્વારા જો રીએમ્બર્સમેન્ટ અલગતી હોવાનો દાવો કર્યો હોય.

(એચ) પુરવઠો થયા પછા ડિસ્કાઉન્ટ આપેલ હોય – સિવાય કે તે પુરવઠા પહેલા તેની જાણ હોય

(સામાન્ય વેપાર પ્રથા તરીકે ડિસ્કાઉન્ટ માન્ય હોય અને ઇનવોઇસ ઉપર તેની નોંધ કરવામાં આવેલ હોય.)

# પ્રકરણ 7

# જીએસટી - વેરાની ચુકવણી

**પ્રશ્ન 1. જીએસટી હકૂમત હેઠળ કઈ કઈ ચુકવણી કરવા પાત્ર છે ?**

**ઉત્તર :** જીએસટી હકૂમત (પ્રથા) હેઠળ, જે તે રાજ્યના દરેક પૂરવઠા માટે જે વેરા ભરવા પાત્ર છે તે સીજીએસટી (કેન્દ્રિય જીએસટી, જે કેન્દ્ર સરકારના ખાતામાં જશે) ને બીજી સ્ટેટ જીએસટી (એસજીએસટી, જે રાજ્ય સરકારના ખાતામાં જશે). આંતર રાજ્ય (Inter – State Supply) પૂરવઠા પર જે વેરો ભરવાનો છે તે ઈન્ટીગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) છે, જેનામાં બંને સીજીએસટી તેમજ એસજીએસટીના કંપોનેન્ટસ છે. તદ્ઉપરાંત, અમૂક કેટેગરીના સૂચિત નોંધાયેલ વ્યક્તિએ ગર્વનમેન્ટ ખાતામાં ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ (ટી.ડી.એસ) ને ટેક્ષ ક્લેક્ટેડ એટ સોર્સ ((TCS) ભરવો પડશે. વધારામાં, લાગુ પડે ત્યાં વ્યાજ, પેનેલ્ટી, ફીસ અને બીજી ચૂકવણી પણ કરવાની રહેશે.

**પ્રશ્ન 2. કોણ કોણ જીએસટી ભરવા પાત્ર છે ?**

**ઉત્તર :** સામાન્ય રીતે માલ (ગુડ્સ) કે સેવા (સર્વિસ) પૂરી પાડનાર જીએસટી ભરવા પાત્ર છે. પરંતુ અમુક નિર્દિષ્ટ કેસ, જેવા કે આયાત અને અમૂક અધિસુચીત પૂરવઠા માટે માલ અને / અથવા સેવા મેળવતી વ્યક્તિ (રેસિપિએન્ટ) વેરો ભરવા માટે જવાબદાર થઈ

શકે છે. તદ્ઉપરાંત, અમુક કિસ્સામાં ત્રાહિત વ્યક્તિ (થર્ડ પર્સન) પણ વેરા પાત્ર થઈ શકે છે. (ઉદાહરણ માટે – ઈ-કોમર્સ ઓપરેટર ટિસીએસ માટે જવાબદાર છે અથવા ગર્વનમેન્ટ ડિપાર્ટમેન્ટ, ટિડીએસ માટે જવાબદાર છે.)

**પ્રશ્ન 3. વેરાપાત્ર વ્યક્તિએ ક્યારે જીએસટીની ચૂકવણી કરવાની રહેશે ?**

**ઉત્તર :** સેક્સન 12 માં સમજાવ્યા મુજબ, માલના પુરવઠાનો સમયે અને સેક્સન 13માં સમજાવ્યા મુજબ સેવા પૂરી પાડવાના સમયે.

સામાન્ય રીતે 'સમય' એ ત્રણ પ્રસંગોમાંથી જે પહેલા થાય તે છે; જેમ કે પેમેન્ટ મળવું, ઇનવોઇસ ઈસ્યુ ની તારીખ અથવા પૂરવઠો પૂરો થયાની તારીખ ઉદ્ભવેલ વિભિન્ન પરિસ્થીતીઓ તથા વિવિધ કરપાત્ર પોઈન્ટસને ઉપર મુજબના સેક્સન્સમાં સમજાવવામાં આવેલ છે.

**પ્રશ્ન 4. જીએસટી ચૂકવણી પ્રક્રિયાની મુખ્ય વિશેષતાઓ શું છે ?**

**ઉત્તર :** સૂચિત જીએસટી હકૂમત હેઠળ, કર ચૂકવણીની વિશેષતાઓ નીચે મુજબ છે:

ઈલેક્ટ્રોનીક જીએસટીએન પોર્ટલ દ્વારા ચલણ તૈયાર થશે (પ્રત્યેક પ્રકારના પેમેન્ટ માટે) અને હાથેથી ચલણ બનાવવાની જરૂર નથી;

કર ચૂકવનાર માટે તકલીફ મુક્ત ફેસિલીટી જેમાં ગમે ત્યારે, ગમે ત્યાં કર ચુકવણી થઈ શકશે,

ઓનલાઈન ચૂકવણી કરવાની સગવડતા,

ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં લોજીકલ ટેક્સ ક્લેક્શન ડેટા,

ગર્વન્મેન્ટ એકાઉન્ટમાં ટેક્ષ રેવેન્યુ નું ઝડપી રેમીટેન્સ,

કાગળ મુક્ત વ્યવહારો,

ઝડપી હિસાબી અને રિપોર્ટિંગ, પ્રક્રિયા

બધી રસીદોની ઈલેક્ટ્રોનીક મેળવણી,

બેન્કો માટે સરળ પ્રક્રિયા,

ડિઝીટલ ચલણનું વેરહાઉસિંગ

**પ્રશ્ન 5. કર ચૂકવણી કેવી રીતે કરી શકાય ?**

**ઉત્તર :** કર ચૂકવણી નીચે મુજબ પદ્ધતિઓ દ્વારા કરી શકાય છે :-

(i) કરદાતાના ક્રેડિટ ખાતા વહી જે કોમન પોર્ટલ પર મેઈનટેઈન થાય છે, તેમાં ડેબિટ દ્વારા, - ફક્ત કરની ચુકવણી થઈ શકે. વ્યાજ, પેનેલ્ટી અને ફી ની ચુકવણી આવી ડેબીટ દ્વારા ના થઈ શકે. કરદાતાઓને ઈનપુટ પર ચૂકવવામાં આવેલ કરની ક્રેડિટ (ઈનપુટ ટેક્ષ ક્રેડિટ) મળશે. જેનો આઉટપુટ ઉપર ટેક્ષ ચુકવવા માટે જ

ઉપયોગ થશે. જો કે, સીજીએસટીની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ એસજીએસટી ભરવા માટે નહીં વાપરી શકાય તેવી જ રીતે એસજીએસટી ક્રેડિટનો ઉપયોગ જીએસટી, સીજીએસટી અને એસજીએસટી (આ ક્રમમાં) ભરવા માટે થઈ શકશે.

(ii) રોકડ ચૂકવણી કોમન પોર્ટલ પર જાળવવામાં આવતા કેશ લેજરમાં ડેબિટ દ્વારા કરી શકાશે. નાણા કેશ લેજર માં વિવિધ પ્રકારથી જમા કરી શકાશે, જેમ કે, ઈ-પેમેન્ટ (ઈન્ટરનેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, RTGS, NEFT). આ અંગે નિયત કરવામાં આવે તેવી બેંકોની બ્રાંચમાં પેમેન્ટ લેવામાં આવશે.

**પ્રશ્ન 6. પૂરવઠાકાર (સપ્લાયરે) ક્યારે ટેક્સ ભરવાનો રહેશે ?**

**ઉત્તર :** સામાન્ય કરદાતા એ માસીક ધોરણે મહીનાની 20 મી તારીખ સુધી ટેક્ષ ભરવાનો રહેશે. કેશ પેમેન્ટ કેશ લેજરમા જમા થશે, જેમાંથી ટેક્ષ પેયર ડેબિટ દ્વારા ટેક્ષ ભરશે અને પોતાના માસીક પત્રકમાં ડેબિટ એન્ટ્રી નં. બતાવશે. આગળ જણાવ્યા મુજબ ટેક્ષ , ક્રેડીટ લેજરમાં ડેબિટ કરી પણ ભરી શકાય છે. માર્ચ મહીનાનો ટેક્ષ 20મી એપ્રિલ સુધીમાં ભરી દેવાનો રહેશે.

કમ્પોઝીશન કરદાતાએ ત્રિ-માસીક ધેરણે ટેક્ષ ભરવાનો રહેશે. ટેક્ષ ભરવાનો સમય 0000 HRS થી 2000 HRS નો રહેશે.

**પ્રશ્ન 7. શું ટેક્ષ ભરવાની સમય મર્યાદા વધી શકે કે માસીક હપ્તામાં ભરી શકાય ?**

**ઉત્તર :** ના, આની પરવાનગી સ્વંય આકારણી વેરાને પાત્ર જેઓ છે તેમના માટે નથી. આપ સંજોગોમાં સક્ષમ ઓથોરીટીને સમય મર્યાદા વધારવા અથવા હપ્તામાં ટેક્ષ ભરવા પરવાનગી આપવા માટે પાવર આપાવમાં આવેલ છે. (સેક્સન 55 of એમજીએલ)

**પ્રશ્ન 8. કર પાત્ર વ્યક્તિ જો વેરા પત્રક ભરી દે, પણ ટેક્સ ના ભરે તો શું થાય ?**

**ઉત્તર :** આવા સંજોગોમાં વેરા-પત્રક માન્ય વેરા પત્રક ગણવામાં નહી આવે. મોડેલ જીએસટી લો ના સેક્સન 27(3) પ્રમાણે વેરા

પત્રક ત્યાં સુધી માન્ય ગણવામાં નહીં આવે જ્યં સુધી કરપાત્ર વ્યક્તિ પરેપૂરો બાકી ટેક્ષ, જે વેરા-પત્રકમાં દર્શાવેલ છે, તે ભરી ન દે ફક્ત માન્ય વેરા-પત્રક દ્વારા જ પ્રાપ્તકર્તાને ઈનપુટ-ટેક્ષ-ક્રેડિટ મળશે. બીજા શબ્દોમાં, જ્યાં સુધી પૂરવઠાકારે પૂરેપૂરો સ્વયં-આકારણી ટેક્ષ અને કર-પત્રક ભરે અને પ્રાપ્તકર્તા કર-પત્રક ભરી દીધેલ હય ત્યાં સુધી પ્રાપ્તકર્તાની ઈનપુટ ટેક્ષ ક્રેડિટની પુષ્ટિ કરવામાં નહીં આવે.

સેક્સન 28 પ્રમાણે જ્યાં સુધી કરપાત્ર વ્યક્તિ માન્ય કર-પત્રક ના ભરે તો તેને ક્રેડિટ વાપરવા નહીં મળે, જ્યાં સુધી તે પોતાના દ્વારા સ્વ આકરણી મુજબની કર ચૂકવણી ના કરી દે.

**પ્રશ્ન 9. કઈ તારીખને ટેક્સ જમા કરવાની તારીખ માનવામાં આવશે – ચેક ભરવાની તારીખ, કે પેમેન્ટની તારીખ કે ગર્વમેન્ટ એકાઉન્ટમાં એમાઉન્ટ ક્રેડિટ થયાની તારીખ ?**

**ઉત્તર :** તે ગર્વમેન્ટ એકાઉન્ટમાં ક્રેડિટ થયાની તારીખ છે.

**પ્રશ્ન 10. ઈ-લેજર્સ શું છે ?**

**ઉત્તર :** ઈલેક્ટ્રોનીક લેજર્સ અથવા ઈ-લેજર્સ દરેક રજીસ્ટર્ડ કરદાતા ના બાબતમાં રોકડ તેમજ ઈનપુટ ટેક્સ ક્રેડિટના પત્રકો છે. વધુમાં દરેક કરદાતાના ઈલેક્ટ્રોનીક કર જવાબદારી રજિસ્ટર પણ રહેશે. એકવાર કરદાતા સામાન્ય પોર્ટલ (જીએસટી એન) પર રજીસ્ટર થાય એટલે બે ઈ-લેજર (કેશ અને ઈનપુટ ટેક્ષ ક્રેડિટ) તથા

ઈલેક્ટ્રોનીક કર જવાબદારીનું રજીસ્ટર આપો આપ ખૂલશે અને તેમના ડેશ-બોર્ડ પર પ્રદર્શિત થશે.

**પ્રશ્ન 11. કર જવાબદારી રજીસ્ટર (ટેક્સ લાયાબીલીટી રજીસ્ટર) શું છે ?**

**ઉત્તર :** કોઈ ચોક્કસ મહિના માટે કરદાતાની તે મહીના માટેની કુલ ટેક્ષ જવાબદારી (સંપાદન પછી) તે કર જવાબદારી રજીસ્ટર દર્શાવેશે.

**પ્રશ્ન 12. કેશ (રોકડ) રજીસ્ટર શું છે ?**

**ઉત્તર :** રોકડ ખાતાવહી રોકડમાં જમા કરવામાં આવેલી તમામ થાપણો પ્રતિબિંબિત કરશે તથા TDS/ટિસીએસ કપાત જે કરદાતાના સંર્ભમાં કરેલ હશે તે દર્શાવશે. આ લેજર જીએસટીના કોઈ પણ પેમેન્ટ માટે વાપરી શકાશે.

**પ્રશ્ન 13. આઈ.ટી.સી. (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) લેજર શું છે ?**

**ઉત્તર :** માસીક પત્રકમાં સ્વયં આકારણી કરેલ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લેજરમાં પ્રતિબિંબિત થશે. આ લેજરની ક્રેડિટનો ઉપયગ "ફક્ત ટેક્ષ" ભરવા માટે જ થશે અને બીજી ચુકવણી જેવી કે વ્યાજ, પેનેલ્ટી, ફીસ વગેરે ભરવા માટે વાપરી નહિ શકાય.

**પ્રશ્ન 14. જીએસટીએન અને અધિકૃત બેન્કો વચ્ચે શું જોડાણ છે ?**

**ઉત્તર :** જીએસટીએન અને બેંકની કોર બેંકિંગ સોલ્યુશન (CBS) વચ્ચે રિયલ ટાઈમ દ્વિપક્ષિય જોડાણ હશે. ઈલેક્ટ્રોનીક સ્ટીંગ દ્વારા CPIN ઓટોમેટીક બેંકમાં જશે અને પેમેન્ટ વેરીફાય કરશે અને

એકવાર પેમેન્ટ કન્ફર્મ થશે એટલે ચલણ આઈડી નંબર બેંક દ્વારા કોમન પોર્ટલ ને મોકલવામાં આવશે જે પેમેન્ટ રીસીપ્ટને કન્ફર્મ કરશે. આમાં બેંક કેશિયર, ટેલર અથવા ટેક્ષ પેયર કોઈને પણ મેન્યુઅલ હસ્તક્ષેપ હશે નહીં.

**પ્રશ્ન 15. શું એક કરદાતા બહુવિધ બેઠકમાં ચલણ બનાવી શકે ?**

**ઉત્તર :** હા, એક કરદાતા ચલણ ફોર્મ આંશિક ભરી કામચલાઉ 'સેવ' કરી શકે છે, જે પછીથી કમ્પલીટ કરી શકાશે. આ પ્રકારે સેવ કરેલ ચલણ પછી થી એડીટ કરી શકાય. એક વાર ચલણ ફાઈનલ થઈ જાય પછી તે નિકાળી શકશે, જે ટેક્ષ પેમેન્ટ માટે વપરાશે. નાણા મોકલનારને તેના રેકોર્ડ માટે ચલણ પ્રીન્ટ કરવાનો ઓપ્શન હશે.

**પ્રશ્ન 16. ઓનલાઈન જનરેટ થયેલ ચલણમાં ફેરફાર કરી શકાય ?**

**ઉત્તર :** ના, કરદાતા અથવા તેમના ઓથોરાઈઝ્ડ પર્સન જએસટીએન પોર્ટલ પર લોગીન કરી પેમેન્ટ પર્ટીક્યુલર ફીડ કરી ચલણ જનરેટ કરી શકે. તેઓ અધવચ્ચે, તેને પાછળથી અપડેટ કરવા માટે 'સેવ' કરી શકે છે. પણ એક વાર ચલણ પૂર્ણ કરી જનરેટ થઈ જાય અને CPIN જનરેટ થઈ જાય, પછી કરદાતા દ્વારા તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં.

**પ્રશ્ન 17. શું ચલણની માન્યતા માટે સમય ગાળો છે ?**

**ઉત્તર :** હા, એક ચલણ પંદર દિવસ માટે માન્ય રહેશે અને પછી તે સિસ્ટમમાંથી નીકળી જશે. જો કે, કરદાતા એમની અનુકૂળતા એ બીજુ ચલણ જનરેટ કરી શકશે.

**પ્રશ્ન 18. CPIN શું છે ?**

**ઉત્તર :** CPIN એટલે કોમન પોર્ટલ આઈડેન્ટીફીકેશન નંબર, જે ચલણ જનરેશન માટે અપાય છે. તે ચલણ આઈડેન્ટીફાય કરવા માટેનો એક 14 ડીજીટનો યુનિક નંબર છે. ઉપર જણાવ્યા મુજબ CPIN 15 દિવસ માટે માન્ય (Valid) રહે છે.

**પ્રશ્ન 19. સીઆઈએન (CIN) શું છે ને તેનું મહત્ત્વ શું છે ?**

**ઉત્તર :** સીઆઈએન (CIN) એટલે ચલણ આઈડેન્ટીફીકેશન નંબર. તે 17 ડિજીટનો નંબર છે. જેમાં 14 ડીજીટ CPIN છે વત્તા 3-ડિજીટ બેંક કોડ છે.

CIN ઓથોરાઈઝ્ડ બેન્ક / રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ત્યારે જનરેટ થાય છે, જ્યારે પેમેન્ટ ખરેખર રીસીવ થાય છે અને ગર્વમેન્ટ એકાઉન્ટમાં ક્રેડિટ થાય છે. (ઓથો. બેન્ક અથવા આરબીઆઈ દ્વારા સંબંધિત ખાતામાં). તે એક સૂચન છે કે ચૂકવણી થઈ ગઈ છે અને યોગ્ય રતે સરકારી ખાતામાં જમા થઈ ગઈ છે. ઓથોરાઈઝ્ડ બેંક દ્વારા CIN  ટેક્ષ પેયર તથા જીએસટીએન ને જણાવવામાં આવે છે.

**પ્રશ્ન 20. જ્યાં કરદાતાના અગાઉના મહીનાના ટેક્સની જવાબદારી બાકી છે તયાં ટેક્સની ચુકવણી નો ક્રમ શું છે ?**

**ઉત્તર :** સેક્સન 35(8) દ્વારા ચુકવણીનો ક્રમ નક્કી કરવામાં આવેલ છે. જેમાં કરદાતાની ચાલુ મહિના પહેલાની કર જવાબદારી બાકી હોય. આવા કિસ્સામાં આ ક્રમ નીચે મુજબ રહેશે :-

પહેલા : સ્વયં-આકારણી કરેલ ટેક્સ અને વ્યાજ જે આગળના સમયનો બાકી હોય;

તેના પછી : સ્વયં-આકારણી કરેલ ટેક્સ અને વ્યાજ જે અત્યારના સમયનું હોય તે.

અને તે પછી : બીજી રકમની જવાબદારી હોય કે જેમાં કન્ફર્મ ડિમાન્ડ સેક્સન 51 પ્રમાણે પણ આવી જાય છે.

આ ક્રમ ફરજીયાત પ્રમાણે અનુસરવામાં આવશે.

**પ્રશ્ન 21. ઈ-એફપીબી (E-FPB) શું છે ?**

**ઉત્તર :** ઈ-એફપીબી એ ઈલેક્ટ્રોનીક ફોક્લ પોઈંટ બ્રાંચ(શાખા) માટે વપરાય છે. આ બધી ઓથોરાઈઝ્ડ બેંકો કે જે જીએસટી પેમેન્ટ કલેક્શન માટે અધિકૃત છે તેમની બ્રાંચીસ(શાખાઓ) છે. દરેક અધિકૃત બેંન્ક પાન ઈન્ડિયા ટ્રાન્ઝેક્શન માટે ફક્ત એક જ ઈ-એફપીબી બ્રાંચ નોમીનેટ કરશે. ઈ-એફપીબી શાખાએ સરકાર માટે દરેક મેજર હેડ નીચે એકાઉન્ટ ઓપન કરવા પડશે. આ રીતે ટોટલ

38 એકાઉન્ટ (સીજીએસટી, એસજીએસટી, આઈજીએસટી માટે એક-એક, અને એસજીએસટી માટે બધા રાજ્ય / યુનિ. ટેરીટરી) માટે ખોલવા પડશે. ઈએફપીબી દ્વારા જીએસટી હેઠળ પ્રાપ્ત થતી રકમ, ઈએફપીબી દ્વારા ખોલેલ યોગ્ય એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

**પ્રશ્ન 22. ટીડિએસ શું છે ?**

**ઉત્તર :** ટેક્ષ ડિડક્ટેડ એટ સોર્સ માટે ટિડીએસ (TDS) સંજ્ઞા વપરાય છે. સેક્સન 37 પ્રમાણે આ જોગવાઈ સરકાર અને સરકારી એકમો તથા અન્ય સૂચિત કંપનીઓ માટે છે, જે કરાર મુજબ રૂ. 10 લાખથી વધુ ચૂકવણી પૂરવઠાકારને ચુકવે છે, આવી ચૂકવણી કરતી વખતે જે તે સંબંધિત સરકાર કે સત્તા એ કુલ પેયેબલ એમાઉન્ટ ના 1% ની કપાત કરી ને યોગ્ય જીએસટી એકાઉન્ટમાં જમા કરાવવાનું રહેશે.

**પ્રશ્ન 23. પૂરવઠાકર્તા તેમના રિટર્ન ફાઈલ કરતી વખતે આ ટીડિએસનું એકાઉન્ટ કેવી રીતે કરશે ?**

**ઉત્તર :** ટીડિએસ તરીકે દર્શાવેલ કોઈપણ રકમ સંબંધિત સપ્લાયરના ઈલેક્ટ્રોનીકસ કેશ લેજરમાં દેખાશે. તે રકમનો ઉપયોગ ટેક્ષ જવાબદારી, ફી, વ્યાજ તથા અન્ય ચૂકવણી માટે વપરાશ કરી શકશે.

**પ્રશ્ન 24. ટિડીએસ ડિડક્ટર આ ટીડિએસનું એકાઉન્ટ કઈ રીતે કરશે ?**

**ઉત્તર :** ટીડીએસ ડિડક્ટર આવા ટીડિએસનો નિચે મુજબ હિસાબ રાખશે :

1. આવા ડિડક્ટરને ફરજીયાત પણે સેક્શન 19 અને શિડ્યુલ III ઓફ એમજીએલ હેઠળ રજીસ્ટ્રેશન લેવં જરૂરી છે.
2. તેઓએ આવનાર મહિનાની 10 તારીખ સુધીમાં જે ટિડિએસ એકત્ર કરવામાં આવ્યો હોય અને જીએસટીR-7 માં દર્શાવેલ હોય, તે જમા કરાવવા જરૂરી છે.
3. ટિડીએસ તરીકે જમા રકમ સપ્લાયરના ઇલેક્ટ્રોનીક કેશ લેજરમાં દેખાશે.
4. તેમણે 5 દિવસની અંદર આવા ટિડીએસ કપાતનું સર્ટિફિકેટ ડિડક્ટીને આપવાનું રહેશે, અને જો આમ ના થાય તો પ્રત્યેક દિવસ માટે રૂ. 100 પ્રમાણે (મહત્તમ રૂ. 5000/-) ડિડક્ટર દ્વારા ચૂકવવા પાત્ર રહેશે.

**પ્રશ્ન 25. ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (TCS) શું છે ?**

**ઉત્તર :** કલમ 43C પ્રમાણે આ જોગવાઈ માત્ર ઈ-કોમર્સ ઓપરેટર ને લાગુ પડે છે. દરેક ઈ-કોમર્સ ઓપરેટરે તેના દ્વારા સપ્લાયરને ચુકવવા પાત્ર રકમમાંથી અમુક ટકા રકમ (પછીથી સુચીત

કરવામાં આવશે) રોકી રાખવી પડશે.  રોકેલ રકમ દરેક ઈ-કોમર્સ ઓપરેટરે આવતા મહિનાની 10 તારીખ સુધીમાં યોગ્ય જીએસટી એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. ટીસીએસ તરીકે જમા રકમ સપ્લાયરના ઈલેક્ટ્રોનીક કેશ લેજર માં પ્રતિબિંબિત થશે.

**પ્રશ્ન 26. જીએસટીએન પોર્ટલમાં જીએસટી પેમેન્ટ માટે ક્રેડિટ કાર્ડની પૂર્વ નોંધણી જરૂરી છે ?**

**ઉત્તર :** હા, કરદાતા પતે જે ક્રેડિટ કાર્ડ ટેક્ષ ભરવા માટે વાપરવાના હોય તેની પૂર્વ નોંધણી જીએસટીએન ના કોમન પોર્ટલ પર કરવી જરૂરી છે. જીએસટીએન આવા ક્રેડિટ કાર્ડનું બેંક દ્વારા વેરીફીકેશન માટેની સીસ્ટમ પણ નિર્ધારિત થઈ શકે છે. જેમાં સેવા પ્રદાતાની પુષ્ટિ લઈને આવી ચકાસણી થઈ શકશે. જેથી ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કોઈપણ નાણાકીય મર્યાદા વિના વાપરી શકાય અને વ્યાપાર કરવામાં સરળતા રહે.

# પ્રકરણ 8

# ઇલેક્ટ્રૉનિક કૉમર્સ (વિજાણુ વાણિજ્ય)

**પ્રશ્ન 1. ઇ-કૉમર્સ (વિજાણુ વાણિજ્ય) શું છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાની કલમ 43 બી (ડી) માં કરેલ વ્યાખ્યા પ્રમાણે ઇલેક્ટ્રોનિક કૉમર્સ (વિજાણુ વ્યવસાય) એટલે ઇલેક્ટ્રૉનિક નેટવર્ક પર, મુખ્યત્વે ઇન્ટરનેટ દ્વારા, ઇન્ટરનેટ પર આધારીત કોઈ એપ્લીકેશનનો ઉપયોગ કરીને, એટલે કે ઇ-મેઇલ, ત્વરિત સંદેશા પદ્ધતિ, શોપિંગ કાર્ટ, વેબસર્વિસ, સાર્વત્રિક વર્ણન, યુનિવર્સલ ડિસ્ક્રીપ્શન ડિસ્કવરી અને ઇન્ટગ્રેશન (UDDI), ફાઈલ ટ્રાન્સફર પ્રોટોકોલ (FTP) અને ઇલેક્ટ્રૉનિક ડેટા ઇન્ટરચેન્જ (EDT) વગેરે મારફત માલસામાન અને /અથવા સેવાઓ પૂરી પાડવી અથવા પ્રાપ્ત કરવી, નાણાં તબદીલ કરવા, માહિતી તબદીલ કરવી, જે માટે ચૂકવણી ઓનલાઇન હાથ ધરાતી હોય કે નહીં, તેમજ અંતે તે સેવા કે માલસામાનની ડિલીવરી તે ઓપરેટર દ્વારા કરવામાં આવે કે નહિ.

**પ્રશ્ન 2. ઇ-કૉમર્સ ઓપરેટર કોણ છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાના કલમ 43બી(ઇ) અંતર્ગત ઇ-કૉમર્સ ઓપરેટરમાં એવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે, કે જે સીધી કે આડકતરી રીતે ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મની માલિકી ધરાવતા

હોય, અથવા તેનું સંચાલન કરતા હોય અથવા તેનું વ્યવસ્થાપન કરતા હોય અને જે દ્વારા કોઈ પણ માલસામાન કે સેવાઓનો પુરવઠો ઉપલબ્ધ કરાવી શકાતો હોય. એવી વ્યક્તિ કે જે આવા માલ કે સેવાથઈ સંબંધિત કે તેને અનુષંગિક માહિતી કે અન્ય સેવાઓ ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પર આવો પુરવઠો પૂરો પાડતા હોય તેન ઓપરેટર ગણાશે. જો વ્યક્તિ દ્વારા પોતાના ખાતે જ (on his own account) આવી સેવાઓ કે માલ પૂરા પડાતા હોય તેને ઓપરેટર ગણવામાં નહિ આવે.

દાખલા તરીકે – એમેઝોન અને ફ્લિપકાર્ટ બંને ઇ-કૉમર્સ ઓપરેટર્સ છે કારણ કે તેઓ વાસ્તવિક સપ્લાયર્સને તેમનો માલ પૂરો પાડવા એક પ્લેટફોર્મ આપે છે. (લોકપ્રિય રીતે તેને માર્કેટ પ્લેસ મોડેલ અથવા ફુલફિલમેન્ટ મોડેલ કહેવામાં આવે છે). જો કે, ટાઇટન જે પોતાની ખુદની વેબસાઇટ પર અગર ઘડિયાળો અને ઘરેણાં વેચે તો તેને આ જોગાવઈ હેઠળ ઇ-કૉમર્સ ઓપરેટર ગણવામાં આવશે નહિ. આજ રીતે જો એમેઝોન અને ફ્લિપકાર્ટ પણ એવા સપ્લાયના સંબંધમાં ઇ-કૉમર્સ ઓપરેટર નહિ ગણાય જે તે પોતાના ખુદના એકાઉન્ટ પર કરે છે. (લોકપ્રિય રીતે આને ઇન્વેન્ટરી મોડલ કહે છે.)

**પ્રશ્ન 3. શું ઇ-કૉમર્સ ઓપરેટર માટે રજીસ્ટ્રેશન (નોંધણી) મેળવવું ફરજીયાત છે ?**

**ઉત્તર :** હા. એમજીએલના કલમ 19 અને શિડ્યુલ III પ્રમાણે ઇ-કૉમર્સ ઓપરેટરને થ્રેશહોલ્ડ મુક્તિ મળતી નથી અને તેથી તેમના

દ્વારા પૂરા પાડવામાં આવતા પુરવઠાની કિંમત ગમે તેટલી હોય, તેઓ રજીસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર રહેશે.

**પ્રશ્ન 4. એવો માલ/સેવા પૂરી પાડનાર, કે જે, ઇ-કૉમર્સ ઓપરેટર દ્વારા પૂરવઠો પૂરો પાડે છે તેમને થ્રેશહોલ્ડ મુક્તિ મળશે ?**

**ઉત્તર :** ના. એમજીએલના શિડ્યુલ III સાથે કલમ 19 પ્રમાણે આવા પૂરવઠાકાર (સપ્લાયર) માટે થ્રેશહોલ્ડ મુક્તિ ઉપલબ્ધ નથી, અને તેમા પુરવઠાની કિંમત ગમે તેટલી હોય પણ તેમની રજીસ્ટ્રેશન કરાવવાની જવાબદારી રહેશે.

**પ્રશ્ન 5. એગ્રેગેટર કોણ છે ?**

**ઉત્તર :** એમજીએલના કલમ 43બી(એ)ની વ્યાખ્યા પ્રમાણે એગ્રેગેટર એટલે એવી વ્યક્તિ કે જે પોતાનું વીજાણું પ્લેટફોર્મ ધરાવે છે અને તેનું સંચાલન કરે છે અને એપ્લીકેશન અને કમ્યુનિકેશન પદ્ધતિની સહાયથી સંભવિત ગ્રાહકને તે એગ્રેગેટરની બ્રાન્ડનેમ કે ટ્રેડનેમની હેઠળ સેવાઓ ઉપલબ્ધ કરનાર વ્યક્તિ સાથે સંપર્ક કરાવે છે. દાખલા તરીકે, ઓલા કેબ્સ એક એગ્રેગેટર ગણાશે.

**પ્રશ્ન 6. એક એગ્રેગેટર દ્વારા જીએસટી હેઠળ રજીસ્ટર થવું જરૂરી છે ?**

**ઉત્તર :** હા. એમજીએલના શિડ્યુલ III અને કલમ 19 પ્રમાણે એક એગ્રેગેટરને થ્રેશહોલ્ડ મુક્તિ મળતી નથી અને તેથી તેમના દ્વારા પૂરા પાડાવામાં આવતા પુરવઠા/સેવાની કિંમત ગમે તેટલી હોય, તો પણ તેઓ રજીસ્ટ્રેશન કરાવવા માટે જવાબદાર રહેશે.

**પ્રશ્ન 7. ટેક્સ કલેક્શન એટ સોર્સ (TCS) શું છે ?**

**ઉત્તર :** એમજીએલના કલમ 43સી(1) પ્રમાણે, ઇ-કૉમર્સ ઓપરેટરની એ જવાબદારી છે કે તે માલ/સેવા પુરવઠાની જે ચૂકવણી માલ/સેવાના વાસ્તવિક પુરવઠાકાર કે જેઓએ ઇ-કૉમર્સ ઓપરેટરનું પ્લેટફોર્મ ઉપયોગ કર્યું હોય, તેમને કરવાની હોય તેમાંથી અમુક રકમ એકત્રીત (એટલે કે કપાત) કરી લે. આ એકત્રીત/કપાત કરેલ રકમને ટેક્સ કલેક્શન એટ સોર્સ (TCS) કહેવામાં આવે છે.

**પ્રશ્ન 8. શું સમયે/સમયાંતરે ઇ-કૉમર્સ ઓપરેટરે આવી કપાત કરવી જોઈએ ?**

**ઉત્તર :** આવા એકત્રણ/કપાત માટેનો સમય તે બે ઘટનામાંથી જે પ્રથમ બને તે છે :

(i) માલ/સેવાના વાસ્તવિક પુરવઠાકારના એકાઉન્ટમાં રકમ ક્રેડિટ કર્યાનો સમય;

(ii) આવા પુરવઠાકારને કેશ કે બીજા કોઈ પણ મોડ દ્વારા ચૂકવણી કર્યાનો સમય.

**પ્રશ્ન 9. આવા TCSને સરકારના ખાતામાં જમા કરાવવા માટે શું સમય મર્યાદા છે ? શું આ માટે ઓપરેટરે કોઈ પત્રક (રિટર્ન) જમા કરાવવાની જરૂર છે ?**

**ઉત્તર :** એમજીએલના કલમ 43સી(3) પ્રમાણે આ રીતે એકત્રીત કરેલ TCS ની રકમ જે તે મહિનો પૂરો થવાના 10 દિવસની અંદર યોગ્ય સરકારી ખાતામાં જમા કરાવવાની રહેશે. વધુમાં, એમજીએલના કલમ 43સી(4) અંતર્ગત, ઓપરેટર માટે જરૂરી છે કે તે જે તે કેલેન્ડર મહિલાનું સ્ટેટમેન્ટ હોય તેના 10 દિવસની અંદર ઇલેક્ટ્રૉનિક સ્ટેટમેન્ટ ફાઈલ કરી દે, કે જેમાં આ મહિનામાં એકત્રિત કરેલ રકમ કે જેમાં પોતાના પોર્ટલ પર મોકલાવેલ બાહ્ય પુરવઠાને લગતી હોય, તેની માહિતી હોવી જોઈએ. આ સ્ટેટમેન્ટ (નિવેદન)માં વાસ્તવિક પુરવઠાકારના નામ, તેમના દ્વારા પૂરા પાડેલ પુરવઠાની માહિતી અને તેમના વતી એકત્રીત કરેલ રકમની પૂરતી માહિતી હોવી જરૂરી છે. આવા સ્ટેટમેન્ટનું ફોર્મ અને પદ્ધતિ સુચિત જીએસટી નિયમોમાં નિર્ધારિત કરવામાં આવશે.

**પ્રશ્ન 10. વાસ્તવિક પુરવઠાકાર આ ટીસીએસ (TCS)ની ક્રેડિટનો દાવો કરી શકે છે ?**

**ઉત્તર :** ઓપરેટરો દ્વારા દાખલ કરવામાં આવેલ સ્ટેટમેન્ટના આધારે, આ TCS જે ઓપરેટરો દ્વારા સરકારી ખાતામાં જમા કરાવવામાં આવેલ છે, તે વાસ્તવિક પુરવઠાકાર (જેમના માટે આ રકમ એકત્રીત કરવામાં આવી છે) તે તેમના કેશ લેજરમાં પ્રતિબિંબિત થશે. આ જ ક્રેડિટનો ઉપયોગ વાસ્તવિક પુરવઠાકાર પોતાની ટેક્ષ જવાબદારી ભરવાના સમયે કરી શકે છે.

**પ્રશ્ન 11. શું ઇ-કૉમર્સ ઓપરેટર દ્વારા સરકારને માહિતી આપવી જરૂરી છે ?**

**ઉત્તર :** હા. કલમ 43સી(10) પ્રમાણે, એક અધિકારી, કે જે સંયુક્ત કમિશ્નરના ક્રમની નીચે ના હોય, તે ઓપરેટર પાસે નીચે સંબંધિત માહિતી માંગી શકે છે :

(i) કોઈ પણ સમયગાળા દરમ્યાન ઓપરેટર દ્વારા પૂરા પાડાવમાં આવેલ માલ/સેવાનો પૂરવઠો,

(ii) વાસ્તવિક પુરવઠાકાર કે જેણે ઓપરેટરોના ગોડાઉન કે બજારોને પતાના વધારાના ધંધાના સ્થળ તરીકે રજીસ્ટર્ડ કરાવેલા છે, તેમાં વાસ્તવિક પુરવઠાકારના પુરવઠાનો જથ્થો (સ્ટોક).

નોટિસ સર્વ કર્યાના 5 દિવસની અંદર ઓપરેટરે ઉપર જણાવેલ માહિતી આપવી જરૂરી છે. આવી માહિતી પૂરી

પાડવામાં નિષ્ફળતાના કિસ્સામાં રૂ. 25,000/- સુધીનો દંડ કરી શકાય છે.

**પ્રશ્ન 12. શું ઇ-કૉમર્સ ઓપરેટર દ્વારા કોઈ સ્ટેટમેન્ટ રજૂ કરવું જરૂરી છે ? આ સ્ટેટમેન્ટમાં કઈ માહિતી આપવાની જરૂરિયાત છે ?**

**ઉત્તર :** હા. કલમ 43સી(4) મુજબ, આવા ઓપરેટર માટે એ જરૂરી છે કે તે એક કેલેન્ડર મહિના માટે માલ અને /અથવા સેવાના બાહ્ય પુરવઠા પર એકત્રીત/કપાત કરેલ TCSનું ઇલેક્ટ્રૉનિક સ્ટેટમેન્ટ, જે તે મહિનો પૂરો થવાના 10 દિવસની અંદર રજૂ કરી દે. આવા સ્ટેટમેન્ટમાં, બીજી બાબતોની સાથે સાથે, આ ઓપરેટર મારફતે પૂરી પાડેલ બધા જ પુરવઠાકાર વતી તે કેલેન્ડર માસમાં માલ/સેવાના પુરવઠો પૂરો પાડ્યાની સપ્લાયર દીઠ વિગતો અને દરેક સપ્લાયર વતી તે માટે વસુલ કરેલ રકમની વિગતો આપવાની રહેશે.

**પ્રશ્ન 13. ઇ-કૉમર્સ જોગવાઈઓ અનુરૂપતા (મેચિંગ)નો ખ્યાલ શું છે અને તે કઈ રીતે કાર્ય કરશે ?**

**ઉત્તર :** કલમ 43સી(6) પ્રમાણે, દરેક ઓપરેટરે તેમાના સ્ટેટમેન્ટમાં દર્શાવેલ પુરવઠા તેમજ એકત્રીત કરેલ રકમની માહિતી, તેજ કેલેન્ડર મહિના કે અગાઉના મહિના માટે, સંબંધિત પુરવઠાકારે રજૂ કરેલ, કલમ 2 અંતર્ગત હેઠળ રજૂ કરેલ માન્ય પત્રક (રિટર્ન), કે

જેમાં તેમના બાહ્ય પૂરા પાડેલ પુરવઠાની અનુરૂપ માહિતી હશે, તેની પરસ્પર મેચ (બરાબરી) કરવામાં આવશે.

જ્યાં પણ ઓપરેટર દ્વારા દર્શાવેલ સ્ટેટમેન્ટ સામે પુરવઠાકાર દ્વારા દર્શાવેલ બાહ્ય પુરવઠાની માહિતી, કે જેના પર ટેક્ષ એકત્રીત કરવામાં આવેલ છે, તેની પરસ્પર મેચ નહીં થાય તો તે વચ્ચે રહેલ ફરકની બન્ને વ્યક્તિઓને જાણ કરાશે.

**પ્રશ્ન 14. જો વિગતો મેળ ખાધા વગરની જ રહે, તો શું થઈ શકે ?**

**ઉત્તર :** કલમ 43સી(ક) પ્રમાણે, આવા ફરકની જાણ કરવા છતાં પુરવઠાકાર દ્વારા તેમના જે તે મહિનાના માન્ય પત્રકમાં સુધારવામાં ના આવે, તો તે ચૂકવણીના પુરવઠાની કિંમત, જે તે પુરવઠાકારના આગામી મહિનાની બાહ્ય ટેક્સ ભરવાની જવાબદારીમાં ઉમેરી દેવામાં આવશે. આવા પુરવઠાકાર, કે જેમની આ રીતે બાહ્ય ટેક્સ જવાબદારી વધારવામાં આવી છે, તેઓ આવા પુરવઠા પર ટેક્સ તથા કલમ 36(1) માં સ્પષ્ટ કરેલ દરે વ્યાજ (ઉપર મુજબ વધારેલ ટેક્સ જવાબદારી ઉપર) કે જે ચૂકવવાપાત્ર કર જે દિવસથી ભરવાપાત્ર થતો હતો ત્યારથી જ્યારે તેની ચૂકવણી થાય તે દિવસ સુધીનું; ભરવા/ચુકવવા જવાબદાર રહેશે.

# પ્રકરણ 9

## જોબ-વર્ક (બીજા માટે કાર્ય કરવું)

**પ્રશ્ન 1. જોબ-વર્ક શું છે ?**

**ઉત્તર :** એમજીએલના કલમ 2(62) પ્રમાણે "જોબ-વર્ક"નો મતલબ — કોઈ બીજા રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિના માલ ઉપર કોઈ પ્રક્રિયા કે સમારકામ કરવું/હાથ ધરવું, અને "જોબ-વર્કર"નું અર્થઘટન આ પ્રમાણે કરવામાં આવશે.

આ વ્યાખ્યાને નોટીફીકેશન 214/86 – સેન્ટ્રલ એક્સાઇઝ તા. 23 માર્ચ, 1986 હેઠળ ખૂબજ ઉંડાણમાં સમજાવવામાં આવી છે, જે મુજબ "જોબ-વર્ક" હેઠળ કરેલ કાર્ય અથવા પ્રક્રિયા, ઉત્પાદન તરીકે ઓળએકવામાં આવે. આમ જોબ-વર્કની વ્યાખ્યા પોતેજ જીએસટી શાસન હેઠળ કરવેરાની મૂળભૂત યોજના અંગે ફેરફાર પ્રતિબિંબિત કરે છે.

**પ્રશ્ન 2. શું કોઈ કરદાતા એ જોબ-વર્ક માટે માલ મોકલ્યો હોય તે સપ્લાય (પૂરવઠા) ગણવામાં આવશે અને તેની પર જીએસટી લાગશે ? શા માટે ?**

**ઉત્તર :** ના. તે સપ્લાય (પૂરવઠા) તરીકે ગણવામાં આવસે નહીં. એમજીએલના શિડ્યુલ I ના પેરા 5 પ્રમાણ રજીસ્ટર્ડ કરદાતા

(મુખ્ય)નો જોબ વર્ક માટે મોકલાવેલ માલ સપ્લાય તરીકે ગણવામાં નહિ આવે ( કલમ 43એ મુજબ). તેથી એવું અનુમાન લગાવી શકાય કે રજીસ્ટર્ડ કરદાતા (મુખ્ય)ના જોબ વર્ક માટે મોકલેલ માલ પર જીએસટી નહીં લાગે.

**પ્રશ્ન 3. શું એક રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિ ટેક્સ ભર્યા વગર પોતાનો માલ જોબ વર્ક માટે મોકલી શકે ?**

**ઉત્તર :** હા. એમજીએલના કલમ 43એ પ્રમાણે રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિ (મુખ્ય) પતાનો માલ જોબ-વર્કરને જોબવર્ક કરવા માટે ટેક્સ ભર્યા વગર મોકલી શકે છે. તેઓ પોતાનો માલ એએક જોબ-વર્કરથી આગળ બીજા જોબ-વર્કરને ત્યાં પણ મોકલી શકે છે (અમુક ચોક્કસ સ્થિતિમાં) અહીંયા એક વાત નોંધવાની કે કલમ 43એ ની જોબ-વર્કમાં મોકલાવાય, તેમાં લાગુ પડતી નથી.

**પ્રશ્ન 4. શું જોબ-વર્કરે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે ?**

**ઉત્તર :** હા. કારણ કે જોબ-વર્કર પોતે સેવો સપ્લાયર છે અને જો તેનું ટર્નઓવર નિર્ધારિત થ્રેશહોલ્ડ કરતાં વધી જાય તો તેમણે રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે.

**પ્રશ્ન 5. શું ઉત્પાદકનો માલ જોબ-વર્કરનાં સ્થળથી સીધા જ મોકલવામાં આવે તો જોબ-વર્કરનાં ટર્નઓવરમાં ઉમેરાશે ?**

**ઉત્તર :** ના, તે મુળ ઊત્પાદકનાં ટર્નઓવરમાં ઊમેરાશે.

**પ્રશ્ન 6. શું મુળ ઉત્પાદક જોબ-વર્કરનાં સ્થળથી પોતાની જગ્યાએ પાછો લાવ્યા વિના સીધા જ માલ મોકલી શકે છે ?**

**ઉત્તર :** હા. પરંતુ મુળ ઉત્પાદકે જોબ-વર્કરની જગ્યાને પોતાના ધંધાનાં વધારાનાં સ્થળ તરીકે જાહેર કરેલ હોય, અથવા જોબ-વર્કર પંજીકૃત થયેલ હોય અથવા માલ નોટીફાઇડ હોય.

**પ્રશ્ન 7. કેવા સંજોગોમાં મુળ ઉત્પાદક જોબ વર્કરની જગ્યાએથી સીધો જ માલ સપ્લાય કરી શકે ?**

**ઉત્તર :** જોબ-વર્કરની જગ્યાને પોતાના દંધાના વધારાના સ્થળ તરીકે દર્શાવ્યા વગર સીધો જ માલ જોબ વર્કરના સ્થળથી સપ્લાય બે સંજોગોમાં થઈ શકે – જેવા કે જ્યારે જોબ-વર્કર પોતે રજીસ્ટર્ડ કરદાતા હોય અથવા તો જ્યાં મુળ ઉત્પાદક એવો માલ સપ્લાય કરતા હોય જે નોટિફાઇડ હોય.

**પ્રશ્ન 8. જોબ વર્કરને મોકલેલ કાચોમાલ/મશીનરીને લકગતી આઈટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ) લેવા માટે કયા કલમો/પ્રોવિઝન્સ છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદામાં જોબ વર્કરને મોકલેલ કાચો માલ / મશીનરી કે જેની ઉપર જકાત ભરાયેલ છે. તેની કલમ 16એ અંતર્ગત નીમ્ન કલમો પ્રમાણે ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય છે;

- જો જોબ-વર્કરને મોકલેલ માલ જોબ-વર્ક માટે મોકલ્યાથી 180 દિવસમાં જોબ-વર્ક થયા બાદ પરત આવેલ હોય તો મુળ ઉત્પાદક ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવા પાત્ર છે.
- જયો કાચો માલ જોબવર્કરને સીદા જ મોકલેલ હોય તો એવા કિસ્સામાં જોબવર્કરે માલ પ્રાપ્ત કર્યાની તારીખેથી સમયમર્યાદા ગણવી.
- જો નિર્ધારીત સમય મર્યાદામાં કાચોમાલ જોબ-વર્કરને ત્યાંથી પરત ન આવે તો કાચા માલ પર લાગેલ ઇનપુટ ટેક્સ ક્રેડિટ વ્યાજ સહિત ભરવાપાત્ર થાય છે.
- જ્યારે જોબ-વર્કરને ત્યાંથી હકીકતમાં માલ પરત આવે ત્યારે ઇનપુટ ટેક્સ ક્રેડિટ પુનઃ માગી શકાય છે.

**પ્રશ્ન 9. શું જોબ-વર્કને લગતી કલમો બધા જ પ્રકારનાં માલ માટે લાગુ થવા પાત્ર છે ?**

**ઉત્તર :** ના. પંજીકૃત જકાતપાત્ર વ્યક્તિ દ્વારા જકાતપાત્ર માલ મોકલવામાં આવે ત્યારે જય જોબ-વર્કને લગતી કલમો લાગુ થવા પાત્ર છે. બીજા શબ્દોમાં, જો જકાત મુક્ત (Exemped) માલ અથવા બિન જકાત પાત્ર માલ અથવા માલ મોકલનાર પંજીકૃત જકાતપાત્ર વ્યક્તિ ન હોય તો જોબ-વર્કને લગતી કલમો લાગુ પડતી નથી.

# પ્રકરણ 10

# ઇનપુટ ટેક્સ ક્રેડિટ

**પ્રશ્ન 1. ઇનપુટ ટેક્સ શું છે ?**

**ઉત્તર :** "ઇનપુટ ટેક્ષ"ની વ્યાખ્યા એમજીએલની સેક્શન 2(57) અને આઈજીએસટી એક્ટની કલમ 2(1) (d)માં કરેલ છે.

વેરો ચૂકવવાપાત્ર વ્યક્તિના સંબંધે સીજીએસટી એક્ટ હેઠળ 'ઇનપુટ ટેક્ષ' એટલે (આઈજીએસટી અને સીજીએસટી) અને એસજીએસટી એક્ટ હેઠળ (આઈજીએસટી અને એસજીએસટી) કે જે કાંઈ પણ માલ અને / અથવા સેવાઓ સંબંધે સાથે કરાયેલ છે અને ધંધાની સાત્યતા (વિકાસ) જાળવવા માટે જેનો ઉપયોગ/ઉપયોગ કરવાના હેતુસર મેળવેલ છે, અને તેમાં કલમ (7)ની સબ-કલમ (3) હેઠળ ચૂકવેલ વેરાનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન 2. જીએસટી, સીજીએસટી અને આઈજીએસટી એક્ટ્સ હેઠળ 'ઇનપુટ ટેક્સ' ની જુદી વ્યાખ્યાઓનો હેતુ અને અસર શું છે ?**

**ઉત્તર :** આ વ્યાખ્યાઓ સૂચવે છે કે ઇનપુટ ટેક્ષમાં સીજીએસટી એક્ટના સંદર્ભમાં આઈજીએસટી અને સીજીએસટી અને એસજીએસટી એક્ટના સંદર્ભોમાં આઈજીએસટી અને સીજીએસટી સમાવિષ્ટ છે. આઈજીએસટી એક્ટ હેઠળ 'ઇનપુટ ટેક્ષ'માં ત્રણેય

વેરાઓ આઇજીએસટી, સીજીએસટી અને એસજીએસટીનો સમાવેશ થાય છે.

વધુમાં એ પણ સૂચિત છો કે ત્રણેય વેરાઓની ક્રેડિટનો ઉપયોગ આઈજીએસટી એક્ટ હેઠળ ઊભી થતી વેરાની જવાબદારીની ચૂકવણી માટે કરી શકાય છે, જ્યારે સીજીએસટી એક્ટ હેઠળ માત્ર આઈજીએસટી અને સીજીએસટીની ક્રેડિટ જ મળવાપાત્ર છે અને એસજીએસટી એક્ટ હેઠળ આઈજીએસટી અને એસજીએસટી ક્રેડિટ મળવાપાત્ર છે. વધુમાં સીજીએસટી અને એસજીએસટીની ક્રેડિટ પરસ્પર વેરાની ચૂકવણી માટે ઉપયોગમાં લઈ શકાતી નથી.

**પ્રશ્ન 3. 'રીવર્સ-ચાર્જ' હેઠળ ચૂકવેલ જીએસટીને ઇનપુટ ટેક્સ ગણી શકાય છે ?**

ઉત્તર : હા. 'ઇનપુટ ટેક્ષ'ની વ્યાખ્યામાં કલમ (7) ની સબ-કલમ (3) હેઠળ ચૂકવવાપાત્ર વેરો (રીવર્સ ચાર્જ) સમાવોશ થાય છે. તે ક્રેડિટ જો સંબંધિત માલ અને અથવા સેવાઓનો ઉપયોગ/ઉપયોગ કરવાનો હેતુ ધંધાની સાતત્યતા (વિકાસ) જાળવવાના હોય તો મળવાપાત્ર છે.

**પ્રશ્ન 4. શું 'ઇનપુટ ટેક્સ'માં કાચોમાલ (Input Goods), ઇનપુટ સેવાઓ અને /અથવા કેપીટલ ગુડસ પર ચૂકેવલ વેરો (સીજીએસટી/આઈજીએસટી/એસજીએસટી) સમાવેશ થાય છે ?**

**ઉત્તર :** હા, એમજીએલની section 2(54), 2(55) અને 2(20)માં તે ક્રમશઃ સમવિષ્ટ છે. અહીં એ નોંધપાત્ર છે કે કેપીટલ ગુડસ સંબંધે યૂકવેલ વેરાની પૂરેપૂરી ક્રેડિટ એક જ સમયે (at 1st instalment) લઈ શકાય છે.

**પ્રશ્ન 5. એવી વ્યક્તિ કે જેના માટે રજીસ્ટ્રેશન લેવું કાયદાની દૃષ્ટિએ આવશ્યક બન્યું છે અને તે પછી 30 દિવસના સમયગાળામાં આ માટે તેણે રજીસ્ટ્રેશન માટે અરજી કરેલ છે અને જેને રજીસ્ટ્રેશન મળેલ છે, તેવી વ્યક્તિની આઈટીસી પાત્રતા શું છે [કલમ 16(2)]**

**ઉત્તર :** આવી વ્યક્તિ તેની પાસે સ્ટોકમાં રહેલ ઇનપુટ, સેમી ફીનીશ્ડ કે ફીનીશ્ડ માલમાં સમાયેલ ઇનપુટ કે જે તેની પાસે, તે વેરો ભરવાને પાત્ર થયો કે જે તેની પાસે, તે વેરો ભરવાને પાત્ર થયો તેના તુર્તજ અગાઉના દિવસે સ્ટોકમાં હતા તેના પરના ઇનપુટ ટેક્ષની ક્રેડિટ તેને મળવાપાત્ર છે. અહીં એ નોંધપાત્ર ક્રેડિટ તેને મળવાપાત્ર છે. અહીં એ નોંધપાત્ર છે કે પ્રી-રજીસ્ટ્રેશન સ્ટોકતી સંબંધિત ક્રેડિટ જો આવું રજીસ્ટ્રેશન તેણે રજીસ્ટ્રેશન માટે પાત્ર થયાના 30 દિવસની સમયમર્યાદામાં મેળવ્યું હશે તો જ મળવાપાત્ર રહેશે.

**પ્રશ્ન 6. એક વ્યક્તિ પહેલી ઓગસ્ટ, 2017ના રોજ વેરો યૂકવવાને પાત્ર થાય છે અને તેણે તા. 15મી ઓગસ્ટ 2017ના રોજ રજીસ્ટ્રેશન**

**મેળવેલ છે. આવી વ્યક્તિને ઇનપુટ ટેક્સ ક્રેડિટ કયા દિવસે તેની પાસે સ્ટોકમાં રહેતા ઇનપુટ માટે મળી શકે છે ?**

**ઉત્તર :** 31 જુલાઈ 2017

**પ્રશ્ન 7. સ્વૈચ્છિક (voluntary) રજીસ્ટ્રેશન મેળવનાર વ્યક્તિને માટે ઇનપુટ સ્ટોક સંબંધી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાની પાત્રતા (eligibility) શું છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(2એ)ની જોગવાઈ હેઠળ, એ વ્યક્તિ કે જેણે સ્વૈચ્છિક રજીસ્ટ્રેશન મેળવેલ છે, તે રજીસ્ટ્રેશનની તુરતજ અગાઉની તારીખે પોતાની પાસે સ્ટોકમાં રહેલ ઇનપુટ, સેમી-ફિનીશ્ડ અને ફિનીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટનો સ્ટોક સંબંધિત ઇનપુટ ટેક્ષની, ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લેવાને પાત્ર છે.

**પ્રશ્ન 8. એવી વ્યક્તિ કે જે વેરો ચૂકવવાને પાત્ર છે અને જે તે માલ અને / અથવા સર્વીસીસનો ઉપયોગ વેરાને પાત્ર અને બિનવેરાપાત્ર સપ્લાય માટે કરે છે, તેવા રજીસ્ટર્ડ વ્યક્તિને મળવાપાત્ર ઇનપુટ ટેક્સ ક્રેડિટ સંબંધે શું જોગવાઈ છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(6)ની જોગવાઈ અનુસાર માલ અને / અથવા સર્વીસીસ કે જે વેરાને પાત્ર સર્વીસીસ સંબંધિત છે તેથી જ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર છે. ક્રેડિટની મળવાપાત્ર રકમની ગણતરી એમજીએલની કલમ 16(7) અને જીએસટી આઈટીસી Rule (જે હવે પછી જાહેર થશે) માં દર્શાવેલ પદ્ધતિ

મુજબ થશે. અહીં એ નોંધનીય છે કે કેપીટલ ગુડઝ સંબંધિત ક્રેડિટ પણ આ રીતે પ્રમાણસર ધોરણે મળવાપાત્ર રહેશે.

**પ્રશ્ન 9. એવી સ્થિતિ કે જ્યાં વેરો ચૂકવવાપાત્ર વ્યક્તિ માલ અને/અથવા સર્વીસીસનો ઉપયોગ ધંધાવિષયક અને બિન-ધંધાકીય સપ્લાય માટે કરે છે, આવા રજીસ્ટર્ડ વ્યક્તિની ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાની પાત્રતા શું છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(5) હેઠળ માલ અને/અથવા સેવાઓ કે જે ધંધાના સપ્લાયથી સંબંધિત છે, તેનીજ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ રજીસ્ટર્ડ વ્યક્તિને મળી શકે છે. ક્રેડિટનિ મળવાપાત્ર રકમની ગણતરી એમજીએલની કલમ 16(7) અને જીએસટી આઈટીસી Rules (જે હવે પછી જાહેર થશે)માં દર્શાવેલ પદ્ધતિ મુજબ થશે. એ નોંધપાત્ર છે કે કેપીટલ ગુડઝ સંબંધિત ક્રેડિટ પણ આ રીતે પ્રમાણસર ધોરણે મળવાપાત્ર રહેશે.

**પ્રશ્ન 10. જ્યાં રજીસ્ટર્ડ ટેક્સેબલ (કરપાત્ર) વ્યક્તિના બંધારણમાં ફેરફાર થયો હોય તેવી સ્થિતિમાં ઇનપુટ ટેક્સની પાત્રતા સંબંધી શું જોગવાઈ છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(8)ની જોગવાઈ અનુસાર આવા સંજોગોમેં ટ્રાન્સફર, વણવપરાયેલ ક્રેડિટ કે જે તેના સંબંધિત હિસાબી ચોપડાઓમાં રહેલી છે, તે ટ્રાન્સફરીને બેલેન્સમાં આપી શકે

છે. પરંતુ આ સાતે જવાબદારી (Liabilities) પણ ટ્રાન્સફરીને ટ્રાન્સફર કરવું અનિવાર્ય છે.

**પ્રશ્ન 11. એવા સંજોગોમાં કે જ્યારે રજીસ્ટર્ડ વ્યક્તિ દ્વારા સપ્લાય થથો માલ અને / અથવા સેવા સંપૂર્ણપણે વેરામુક્ત જાહેર થાય તેવા સેંજોગોમાં ઇનપુટ ટેક્સની પાત્રતાની શું સ્થિતિ છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(12)ની જોગવાઈઓ મુજબ એવા રજીસ્ટર્ડ વ્યક્તિ કે જા દ્વારા સપ્લાય થતા માલ અને / અથવા સેવા સંપર્ણપણે વેરામુક્ત જાહેર થયા હોય તો તે સંજોગોમાં સ્ટોકમાં રહેલ ઇનપુટ, સેમી-ફિનિશ્ડ અથવા ફિનીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટ કે જે તેની પાસે આવી વેરામુક્તિ જાહેર થયાના તુરત જ અગાઉના દિવસે સ્ટોકમાં હતા, તેની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ થતી હોય તેટલી રકમ ચૂકવવાપાત્ર થશે. એ જોગવાઈ પણ કરવામાં આવી છે, કે ઉપર દર્શાવેલ ચૂકવણી કર્યા બાદ તેના ઇલેક્ટ્રોનીક લેજરમાં રહેલ બેલેન્સ ક્રેડિટ લેપ્સ (lapse) થશે. આ ચૂકવવાપાત્ર રકમની ગણતરી GAAP અનુસાર એમજીએલની કલમ 16(13) ની જોગવાઈ મુજબ થશે.

**પ્રશ્ન 12. એવી વ્યક્તિ કે જે હાલ વેરાની ચૂકવણી કલમ 7 ની જોગવાઈઓ હેઠળ કરી રહેલ છે, પરંતુ તે હવે પછી કલમ 8 કમ્પાઉન્ડીંગ સ્કીમ હેઠળ વેરો ચૂકવવાની પસંદગી કરે છે, તેવા સંજોગોમાં તેવી વ્યક્તિની ઇનપુટ ટેક્સની જવાબદારી શું રહેશે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(12)ની જોગવાઈ નીચે, એવી રજીસ્ટર્ડ વ્યક્તિ કે જે કલમ 7 હેઠળ વેરાની ચૂકવણી કરી રહેલ છે પરંતુ હવે કલમ 8 મુજબની કમ્પાઉન્ડીંગ સ્કીમ હેઠળ વેરો ચૂકવવાનું પસંદ કરે છે, તેવી વ્યક્તિ આ ફેરબદલી (switch over)ના તુરતજ અગાઉની તારીખે તેની પાસે સ્ટોકમાં રહેલા ઇનપુટ, સેમી ફિનીશ્ડ અથવા ફિનીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ થતી હોય તેટલી જ રકમ ચૂકવવાપાત્ર જશે. એ જ ગવાઈ પણ કરવામાં આવી છે કે, ઉપર દર્શાવેલ ચૂકવણી કર્યા બાદ તેના ઇલેક્ટ્રોનીક લેજરમાં રહેલ બેલેન્સ ક્રેડીટ લેપ્સ (lapse) થશે. આ ચૂકવવાપાત્ર રકમની ગણતરી GAAP અનુસાર એમજીએલની કલમ 16(13) ની જોગવાઈ મુજબ થશે.

**પ્રશ્ન 13. એવા ડીલર કે જે ટેક્સની ચૂકવણી કમ્પાઉન્ડીંગ સ્કીમ હેઠળ કરે છે અને કમ્પાઉન્ડીંગ સ્કીમની મર્યાદા પૂરી થતા નિયમિત કરપાત્ર વ્યક્તિ બને છે તે આઈટીસીનો લાભ લઈ શકે છે ? જો લઈ શકે તો કંઈ તારીખથી ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(3) હેઠળ તે કલમ 7 હેઠળ કરપાત્ર બન્યા તેની તુરતજ અગાઉની તારીખે તેની પાસે સ્ટોકમાં રહેલા ઇનપુટ, સેમી ફિનીશ્ડ અને ફીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટની સંબંધે આઈટીસીનો લાભ લઈ શકશે.

**પ્રશ્ન 14. શ્રીમાન B કે જે રજીસ્ટર્ડ વ્યક્તિ તરીકે તા. 30 મી જુલાઈ 2017 સુધી (કમ્પોઝીટ રેટ) હેઠળ કરની ચૂકવણી કરતા હતા. પરંતુ તા. 31મી જુલાઈ 2017ના રોજ તે રેગ્યુલર સ્કીમ હેઠળ કર ભરવાપાત્ર બે છે. તે આઈટીસી લાભને પાત્ર છે ?**

**ઉત્તર :** શ્રીમાન B તેમની પાસે સ્ટોકમાં રહેલ ઇનપુટ અને સેમી ફિનીશ્ડ અથવા ફિનીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટ કે જેનો સ્ટોક તેમની પાસે તા. 30 જુલાઈ 2017ના રોજ હતો તેની ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લેવાને પાત્ર છે.

**પ્રશ્ન 15. શ્રીમાન A તા. 6 જુન 20174ના રોજ સ્વૈચ્છિક રજીસ્ટ્રેશન માટે અજી કરી તા. 22 જૂન 2017ના રોજ રજીસ્ટ્રેશન મેળવે છે. શ્રીમાન A તા. 21 જૂન, 2017ના રોજ સ્ટોકમાં રહેલ ઇનપુટ સંબંધિત ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાને પાત્ર છે.**

**ઉત્તર :** શ્રીમાન A, તેમની પાસે તા. 21 જૂન 2017ના રોજ સ્ટોકમાં રહેલા ઇનપુટ અને સેમી-ફિનીશ્ડ અથવા ફિનીશ્ડ માલમાં સમાવિષ્ટ ઇનપુટ સંબંધિત ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મેળવવાને પાત્ર છે.

**પ્રશ્ન 16. કયા સંજોગોમાં કરપાત્ર વ્યક્તિ તેને સપ્લાય થયેલ માલ અને / અથવા સેવાઓ સંબંધિત ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવા માટે કલમ 16ની સબ કલમ [2], [2A] અથવા કલમ [3] પાત્ર નથી ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(4) હેઠળ જ્યાં આ માલ કે સેવા સપ્લાય થઈ હોય તેને લગતા ઇનવોઇસની તારીખને એક વર્ષ પૂરું થયા પછી ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મળી શકશે નહીં.

**પ્રશ્ન 17. પ્રિન્સીપાલ કે જેણે ઇનપુટ જોબ વર્કરને જોબવર્ક માટે મોકલેલ છે. તેનાથી સંબંધિત ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળવાપાત્ર છે ?**

**ઉત્તર :** હા, એમજીએલની કલમ 16A(2) હેઠળ પ્રિન્સીપાલ કે જેણે ઇનપુટ મેળવનારને જોબવર્ક માટે મોકલ્યા છે, તે ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લઈ શકે છે.

**પ્રશ્ન 18. જોબવર્કને પ્રિન્સીપાલ દ્વારા મોકલેલ ઇનપુટ પરત મળવા સંબંધિત કોઈ સમય મર્યાદા છે ?**

**ઉત્તર :** 180 દિવસ

**પ્રશ્ન 19. એવા સંજોગોમાં કે જ્યરે જોબવર્કરને મોકલેલ ઇનપુટ 180 દિવસની અંદર પરત મળ્યા નથી, પ્રિન્સીપાલે, ઇનપુટ સંબંધી ઇનપુટ ટેક્સ ક્રેડીટ પાછી ભરપાઈ કરવાની રહેશે ?**

**ઉત્તર :** હા, પ્રિન્સીપાલે એવા ઇનપુટ સંબંધી ઇનપુટ ક્રેડીટ જે જોબવર્ક માટે મોકલેલ પણ 180 દિવસમાં પરત કરાયા નથી તેની રકમ વ્યાજ સહિત ભરપાઈ કરી દેવાની રહેશે. પરંતુ જ્યારે ઇનપુટ પરત થાય ત્યારે આ ક્રેડીટ તે ફરીથી લઈ શકશે.

**પ્રશ્ન 20. નીચેનામાંથી કયા સપ્લાયને વેરાપાત્ર સપ્લાયની ગણતરીમાં સમાવેલ છે કે જેની ક્રેડીટ લઈ શકાય છે ? (a) ઝીરો રેટેડ સપ્લાય (b) એક્ઝેમ્પ્ટ સપ્લાય (c) બંને**

**ઉત્તર :** ઝીરો રેટેડ સપ્લાય.

**પ્રશ્ન 21. પ્રિન્સિપાલ દ્વારા જોબવર્કને મોકલેલ કેપીટલ ગુડઝ પાછા પ્રિન્સીપાલને પરત કરવા શું સમયમર્યાદા છે ?**

**ઉત્તર :** 2 વર્ષ

**પ્રશ્ન 22. એવા સંજોગોમાં કે જ્યારે મોકલ્યાની તારીખ થી 2 વર્ષની અંદર કેપીટલ ગુડઝ પ્રિન્સિપાલને જોબવર્કર પાસેથી પરત નથી કરાયા તો પ્રિન્સીપાલની શું જવાબદારી છે ?**

**ઉત્તર :** પ્રિન્સીપાલે આ કેપીટલ ગુડઝ સંબંધિત લીધેલ ક્રેડિટના જેટલી જ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરી દેવાની રહેશે. જો કે કેપીટલ ગુડઝ પરત મળ્યે આ ક્રેડીટ પાછી લઈ શકાશે.

**પ્રશ્ન 23. કરને પાત્ર વ્યક્તિ કે જે ઇન્ફર્મેશન ટેક્નોલોજીના વ્યવસાયમાં છે અને પોતાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર્સના વપરાશ માટે મોટર વ્હીકલ ખરીદે છે. આ મોટર વ્હીકલની ખરીદી સમયે ચૂકવેલ જીએસટીની ઇનપુટ ટેક્સ ક્રેડિટ તે લઈ શકે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(9) (a)ની જોગવાઈ હેઠળ મોટર વ્હીકલ પર ઇનપુટ ટેક્ષ ક્રેડીટ ત્યારે જ લઈ શકાય જો કરને પાત્ર

વ્યક્તિ મુસાફરોના કે માલના ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં હોય અથવા તો મોટર વ્હીકલ સંબધિત ટ્રેનિંગ આપવાની સર્વીસ આપતો હોય.

**પ્રશ્ન 24. રજીસ્ટર્ડ વ્યક્તિ દ્વારા કેપીટલ ગુડઝની કિંમતમાંથી ટેક્સનો હિસ્સો છે, તે માટે ઇન્કમ ટેક્સ એક્ટ 1961 હેઠળ ઘસારો ક્લેઇમ કરવામાં આવ્યો હોય, તે સંજોગોમાં ઇનપુટ ટેક્સ ક્રેડીટ મળી શકે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(10)ની જોગવાઈ હેઠળ, ટેક્ષના હિસ્સા (Component) પર આવા સંજોગોમાં ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર નથી.

**પ્રશ્ન 25. ઇનપુટ ટેક્સ ક્રેડીટ મેળવવા આવશ્યક શરતો કંઈ છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 106(11) હેઠળ નીચે મુજબની ચાર શરતો નિર્ધારિત છે :

(a) રજીસ્ટર્ડ વેરાને પાત્ર વ્યક્તિ પાસે સપ્લાયર પાસેથી મળેલ ડોક્યુમેન્ટ કે જેમાં ડ્યૂટી રેલ છે તે હોવો આવશ્યક છે.

(b) વેરો ભરવાને પાત્ર વ્યક્તિએ માલ અને /અથવા સેવા મેળવ્યા હોવા જોઈએ.

(c) આ સપ્લાયથી સંબંધિત વેરો ચાર્જ થયેલ અને સરકારને ચૂકવેલ હોવો જોઈએ. આવી ચકવણી રોકડમાં કે ઇનપુટ-ટેક્ષ ક્રેડીટ દ્વારા થઈ હોવી જોઈએ; અને

(d) વેરો ભરાવે પાત્ર વ્યક્તિને કલમ 27 હેઠળ રીટર્ન ભરેલ હોવું જોઈએ.

**પ્રશ્ન 26. રજીસ્ટર્ડ વેરાને પાત્ર વ્યક્તિને જ્યારે ઇનવોઇસ હેઠળ માલ જુદા જુદા લોટ કે સમયાંતરે મળેલ છે, તેવા સંજોગોમાં ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેવા સંબંધી શું જોગવાઈ છે ?**

ઉત્તર : એમજીએલની કલમ 16(11)ના પ્રોવીઝો મુજબ. રજીસ્ટર્ડ વેરાને પાત્ર વ્યક્તિએ આ સંજોગોમાં જ્યારે માલનો છેલ્લો લોટ કે અંતિમ હિસ્સો મળે જ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લઈ શકાય છે.

**પ્રશ્ન 27. એવા સંજોગો કે જેમાં માલની ડિલીવરી વેરાને પાત્ર વ્યક્તિ સિવાય અન્યને ('bill to' – 'ship to'ના સંદર્ભમાં) કરવામાં આવી હોય, ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેવા સંબંધી શું જોગવાઈ છે ?**

**ઉત્તર : એમજીએલની કલમ 16(11)માં અપાયેલ સ્પષ્ટીકરણ (એકસ્પ્લેનેશન ક્લોઝ) મુજબ એવા સંજોગોમાં કે જ્યારે કરને પાત્ર વ્યક્તી સૂચનાથી માલની ડિલીવરી અન્ય થર્ડ પાર્ટીને કરવામાં આવે છે, ત્યારે એવું મનાશે કે કરને પાત્ર વ્યક્તિને જ માલની ડિલીવરી થઈ છે. તે રીતે, માલની ડિલીવરી થર્ડ પાર્ટીને થઈ રહેવા**

**છતાં, જેની સૂચનાથી આમ કરાયું છે, તે વ્યક્તિ જ ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકશે.**

**પ્રશ્ન 28. ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવા સંબંધી આ માટે કોઈ સમયમર્યાદા**
**છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(15) મુજબ ઇનપુટ ટેક્ષ ક્રેડિટ, ઇનવોઇસની તારીખ પછીના ફાઈનાન્સીઅલ વર્ષના સપ્ટેમ્બર માસ પછી, અથવા તો વાર્ષિક રીટર્ન ભરવાની તારીખ પછી, બંનેમાંથી જે પણ પહેલાં આવે તે પછી મળવાપાત્ર નથી.

આ જોગવાઈ માટેનું મુખ્ય કારણ એ છે કે ફાઈલ કરાયેલા રીટર્નમાં, પછીના ફાઇનાન્સીઅલ વર્ષના સપ્ટેમ્બર માસ બાદ કોઈ સુધારો કરવા પર પ્રતિબંધ છે. જો વાર્ષિક રીટર્ન સપ્ટેમ્બર માસ પહેલેં ફાઈલ કરવામાં આવ્યું હશે, તો તે ફાઈલ કર્યા બાદ તેમાં સુધારો કરી શકાશે નહીં.

**પ્રશ્ન 29. એવું કોઈ નેગેટીવ લીસ્ટ છે કે જેના દ્વારા ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવા સંબંધી મર્યાદાઓ મૂકાઈ હોય ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16 (9) અનુસાર ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લેવાની અપાત્રતા વિષયક જોગવાઈ આપેલ છે. આ જોગવાઈઓ અનુસાર નીચે મુજબની આઇટમ પર ઇનપુટ ટેક્ષ ક્રેડિટ મળી શકતી નથી.

(a) મોટર વ્હીકલ, સિવાય કે તે વ્યવસાયના સમાન્ય ભાગ રૂપે સપ્લાય થયા હોય અથવા તો તેમનો ઉપયોગ નીચે મુજબની કરપાત્ર સેવાઓ પરી પાડવા માટે કરવામાં આવેલો હોય :

(i) મુસાફરના ટ્રાન્સપોર્ટેશન અથવા

(ii) માલની હેરફેર-વહન અથવા

(iii) મોટર ડ્રાઇવિંગ આવડત વિષયક ટ્રેનિંગ આપવી;

(b) માલ અને /અથવા સેવાઓ કે જે ખાદ્ય પદાર્થો કે પીણાં, આઉટડોર કેટરીંગ, બ્યુટી ટ્રીટમેન્ટ, સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ, કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જરી, ક્લબની મેમ્બરશપ, હેલ્થ અને ફીટનેસ સેન્ટર, લાઇફ ઇન્સ્યુરન્સ, હેલ્થ ઇન્સ્યુરન્સ અને પ્રવાસ સુવિધા સંબંધી લાભો જે વેકેશન જેવા કે રજા અથવા હોમ ટ્રાવેલ કન્સેશન કર્મચારીઓને અપાયા હોય, જ્યારે આવો માલ અને/અથવા સેવાઓનો ઉપયોગ મુખ્યત્વે વ્યક્તિગત ઉપયોગ કે કોઈપણ કર્મચારીના માટે કરાય.

(c) માલ અને/અથવા સેવાઓ કે જે પ્રિન્સીપાલ દ્વારા વર્કસ કોન્ટ્રાક્ટ માટે મેળવવામાં આવી હોય અને આવા કોન્ટ્રાક્ટ દ્વારા પ્લાન્ટ અને મશીનની સિવાયની ઇમમુવેબલ પ્રોપર્ટી (સ્થાયી મિલકત)નું નિર્માણ થયું હોય.

(d) પ્રિન્સીપાલ દ્વારા મેળવાયેલ માલ કે જેમાં મિલક્તનું હસ્તાંતરણ. (માલ કે અન્ય બીજા કોઈ પણ સ્વરૂપમાં) બીજી

વ્યક્તિને થતું નથી. અને જેમનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરી સિવાયના ઇમમુવેબલ પ્રોપર્ટીના બાંધકામમાં થાય છે.

(e) માલ અને /અથવા સેવાઓ કે જેના પર કલમ 8 હેઠળ વેરો ભરેલ છે; અને

(f) માલ અને/અથવા સંવાઓ જ્યાં સુધી અંગત અને વ્યક્તિગત રીતે વપરાશમાં લેવામાં આવી હોય.

**પ્રશ્ન 30. એમજીએલની કલમ 29 હેઠળ આઈટીસી પ્રમાણિત ત્યારે જ થશે. જ્યારે મેળવનાર દ્વારા ઇનવર્ડ માહિતી/વિગત ફાઈલ કરવામાં આવી છે તે સપ્લાયર દ્વારા ફાઈલ કરવામાં આવેલ માન્ય રીટર્ન માં ભરેલ આઉટવર્ડ માહિતી/વિગત સાથે મેચ થાય. આવી સમાનતા ન હોવાના સંજોગોમાં શું થઈ શકે છે ?**

**ઉત્તર :** એવા કિસ્સામાં કે જ્યાં ઇનવર્ડ અને આઉટવર્ડ માહિતી/વિગત અનુરૂપ નથી, તેવા સંજોગમાં સપ્લાયર દ્વારા બે માસના સમયગાળામાં જે કાંઈ પણ વિગતદોષ હોય તે સુધારી લેવાનો રહેશે અને આવી અસમાનતા તે પછી પણ રહેશે તેવા સંજોગોમાં ક્રેડિટ મેળવનાર (Receipient) પર ઇનપુટ ક્રેડીટ ટેક્સ પાછી ભરપાઈ કરી દેવાની જવાબદારી આવશે.

**પ્રશ્ન 31. કર ભરવાને પાત્ર વ્યક્તિ દ્વારા કેપીટલ ગુડઝ કે જેના પર ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવામાં આવી છે તે અન્યને સપ્લાય કરવામાં આવે ત્યારે વેરા વિષયક શું જવાબદારી ઉભી થશે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(15)ની જોગવાઈ હેઠળ જ્યારે કેપીટલ ગુડઝ કે જેના પર ઇનપુટ ટેક્ષ ક્રેડિટ લેવામાં આવી છે તે સપ્લાય કરાય ત્યારે કર ભરવા પાત્ર વ્યક્તિ દ્વારા આવી કેપટીલ ગુડઝ પર લેવામાં પાત્ર વ્યક્તિ દ્વારા આવી કેપીટલ ગુડઝ પર લેવામાં આવેલી ટેક્સ ક્રેડીટ જેટલી જ રકમ  કે જેમાં નિર્ધારિત ધારાધોરણ મુજબ ઘટાડો કરાશે તે રકમ અથવા તો કેપીટલ ગુડઝની ટ્રાન્ઝેક્શન વેલ્યુ પરનો વેરો, બંનેમાંથી જે પણ વધારે હોય ચૂકવવાના રહેશે.

**પ્રશ્ન 32. અયોગ્ય અમાન્ય રીતે લેવાયેલ ક્રેડિટની વસૂલાત કરવા સંબંધી શું પ્રક્રિયા છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 16(16) હેઠળ રજીસ્ટર્ડ વેરો ચૂકવવાને પાત્ર વ્યક્તિ પાસેથી આવી અમાન્ય/અયોગ્ય રીતે લેવાયેલ ક્રેડિટ એમજીએલની કલમ 51ની જોગવાઈઓ અંતર્ગત વસૂલ કરાશે.

# પ્રકરણ 11

## જીએસટીમાં ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર (ISD)નો કન્સેપ્ટ

**પ્રશ્ન 1. જીએસટીમાં "ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર" (ISD) વિષયક જોગવાઈઓ શુ છે ?**

**ઉત્તર 1.** એમજીએલની કલમ 2(56) મુજબ, ISD એટલે માલ અને /અથવા સેવા પૂરા પાડનાર સપ્લાયરથી ઓફિસ કે જ્યાં ઇનપુટ સર્વીસ માટેના કલમ 23 હેઠળ ઇસ્યુ થયેલ ઇનવોઇસ મેળવે છે અને સીજીએસટી (રાજ્યના કાયદાઓમાં એસજીએસટી)અને અથવા આવી સર્વિસીઝ પર ચૂકવાયેલ આઈજીએસટીની વેરાપાત્ર માલ અને/અથવા સર્વિસીઝના સપ્લાયર કે જેનો PAN No. અને ઉપર દર્શાવેલ ઓફિસમાં PAN No. એક જ છે, ટેક્સ ઇનવોઇસ કે અન્ય માન્ય ડોક્યુમેન્ટ હેઠળ વહેંચણી (વિતરણ) કરે છે. ક્રેડિટની વહેંચણી કરવા સંદર્ભમાં આઈએસડીને સપ્લાયર ઓફ સર્વિસીઝ તરીકે માન્ય કરાયેલ છે.

**પ્રશ્ન 2. ISD રજીસ્ટ્રેશન મેળવવા માટેની શું આવશ્યકતાઓ છે ?**

**ઉત્તર 2.** કલમ 19 અને પેરા 5(vii) શીડ્યુલ-III જોગવાઈઓ અનુસાર ISDએ માની લેવાયેલ (deemed) સપ્લાયર તરીકે

રજીસ્ટ્રેશન મેળવવું આવશ્યક છે. રજીસ્ટ્રેશન સંબંધિત ટોચમર્યાદા ISDને લાગુ પડતી નથી. એવા ISD કે જે વર્તમાન કાયદા (એટલે કે service tax) હેઠળ રજીસ્ટર્ડ છે, તેમની ફેરબદલી નવા જીએસટીથી સંબંધિત કાયદાઓ હાટળ આપોઆપ થશે નહિ. હાલ અસ્તિત્વમાં રહેલા બધાં જ ISDs એ નવા કાયદાની પ્રક્રિયા હેઠળ જો તેઓ ISD તરીકે કાર્યરત રહેવા માગતા હોય તો નવું રજીસ્ટ્રેશન લેવું આવશ્યક છે.

**પ્રશ્ન 3. ક્રેડિટની વહેંચણી શરતો કઈ સંબંધી (વિતરણ)/નિયંત્રણો લાગુ પડે છે ?**

**ઉત્તર 3.** ક્રેડિટની વહેંચણી (વિતરણ) નીચે દર્શાવેલ શરતોને આધિન છે.

(a) ક્રેડિટની વહેંચણી ટેક્સ ઇનવોઇસ અથવા અન્ય માન્ય ડોક્યુમેન્ટ હેઠળ જ કરી શકાશે,

(b) વહેંચણી કરેલ ક્રેડિટની રકમ ઉપલબ્ધ ક્રેડિટની રકમ કરતાં વધારે ન હોવી જોઈએ.

(c) ક્રેડિટની વહેંચણી એવા સપ્લાયરને જ થઈ શકશે કે જેમના વિષયક આ સેવાઓ હોય.

(d) એવા કિસ્સામાં કે જ્યાં સર્વીસ એક કરતા વધુ સપ્લાયર વિષયક હોય તેવા સંજોગોમાં ક્રેડિટની વહેંચણી સપ્લાયરના

ગત નાણાંકીય વર્ષના ટર્નઓવરના પ્રમાણને આધારે લઈને થશે.

**પ્રશ્ન .4 ISD એ રીટર્ન ફાઇલ કરવાનું હોય છે ?**

**ઉત્તર 4.** હા. એમજીએલની કલમ 27(6) અંતર્ગત આઈએસડી એ ફોર્મ જીએસટીઆર-6માં દરેક મહિનાની 13 તારીખ સુધીમાં માસિક રીટર્ન ફાઇલ કરવાનું રહેશે.

**પ્રશ્ન 5. એક કંપની એકથી વધુ આઈએસડી તરીકે કાર્ય કરી શકે છે ?**

**ઉત્તર 5.** હા. વિવિધ ઓફિસ જેવી કે માર્કેટિંગ ડિવિઝન, સિક્યુરિટિ ડીવીઝન હોઈ શકે, જે દરેક માટે અલગ આઈએસડી માટે અરજી કરી શકાય છે.

**પ્રશ્ન .6 આઈએસડી દ્વારા અધિક/અમાન્ય/ખોટી રીતે વહેંચણી કરાયેલ ક્રેડિટની વલસૂલાત સંબંધે શી જોગવાઈ છે?**

**ઉત્તર 6.** આવા કિસ્સામાં આઈએસડીની સાથે કલમ 18(1) અને 18(2)ની જોગવાઇઓ હેઠળ પગલાં લઇને આવી આર્થિક કે અમાન્ય રીતે વહેંચણી કરેલ ક્રેડિટ વસુલ કરાશે અથવા તેવી જ કાર્યવાહી મોડલ જીએસટી કાયદાની કલમ 51 હેઠળ રેસીપીઅન્ટ કે જેને આવી ક્રેડિટની વહેંચણી થઈ છે તેની સામે પણ કરી શકાશે.

**પ્રશ્ન 7. શું સીજીએસટી અને આઈજીએસટીની ક્રેડિટ આઈએસડી દ્વારા આઈજીએસટી ક્રેડિટ સ્વરૂપે વિવિધ રાજ્યોમાં સ્થિત એકમોને કરી શકાય છે ?**

**ઉત્તર :** હા. કલમ 17(1)ની જોગવાઈ હેઠળ આઈએસડી વિવિધ રાજ્યોમાં સ્થિત એકમોને, સીજીએસટીની ક્રેડિટની વહેંચણી આઈજીએસટી અને આઈજીએસટીની ક્રેડિટ આઈજીએસટીની સ્વરૂપે વહેંચણી કરી શકે છે.

**પ્રશ્ન 8. શું આઈએસડી એસજીએસટીની ક્રેડિટને પોતાના અલગ અલગ રાજ્યોમાં આવેલ યુનિટસમાં આઈજીએસટીની ક્રેડિટ તરીકે/સ્વરૂપે વહેંચણી કરી શકે છે ?**

**ઉત્તર 8.** હા. કલમ 17(2) પ્રમાણે આઈએસડી, એસજીએસટી ક્રેડિટને આઈજીએસટીની ક્રેડિટની વહેંચણી તેના વિવિધ રાજ્યોમાં સ્થિત એકમોને કરી શકે છે.

**પ્રશ્ન 9. શું આઈએસડી, સીજીએસટી અને આઈજીએસટીની ક્રેડિટની વહેંચણી સીજીએસટી ક્રેડિટ રૂપે કરી શકાય છે ?**

**ઉત્તર 9.** હા. આઈએસડી દ્વારા સીજીએસટી ક્રેડિટને આઈજીએસટીની ક્રેડિટની વહેંચણી એક જ રાજ્યમાં સ્થિત એકમને કરી શકાય છે.

**પ્રશ્ન 10. આઈએસડી દ્વારા ક્રેડિટની વહેંચણી કરવા સંદર્ભે કયા ડોક્યુમેન્ટસ છે ?**

**ઉત્તર 10.** ડોક્યુમેન્ટસ કે જેના આધારે ક્રેડિટની વહેંચણી કરી શકાય છે, તેવા માન્ય ડોક્યુમેન્ટસ હજુ પ્રીસ્ક્રાઇબ કરાયા નથી. પરંતુ કાયદાની જોગાવઈ હેઠળ ક્રેડિટની વહેંચણી માન્ય દસ્તાવેજો/ડોક્યુમેન્ટસ હેઠળ જ થઈ શકશે.

**પ્રશ્ન 11. આઈએસડીના હેઠળના તમામ એકમોને સર્વસામાન્ય ક્રેડિટની વહેંચણી કંઈ રીતે કરી શકાય ?**

**ઉત્તર 11.** બધાં જ એકમો વચ્ચે વપરાતી સાથે સામાન્ય ક્રેડિટની વહેંચણી તમામ એકમોના કુલ ટર્નઓવરની સામે જે તે યુનિટના વ્યક્તિગત ટર્નઓવરને ધ્યાનમાં લઈ, તે જ પ્રમાણમાં ક્રેડિટની વહેંચણી આઈએસડી કરી શકશે.

**પ્રશ્ન 12. આઈએસડી દ્વારા કોમન ક્રેડિટની વહેંચણી પોતાના બધા યુનિટ્સ વચ્ચે કેવી રીતે કરી શકાય ?**

**ઉત્તર 12.** આઈએસડી દ્વારા કોમન ક્રેડિટની વહેંચણી પોતાના બધા યુનિટ

વચ્ચે પ્રો-રેટા બેઝીસ એટલે કે દરેક યુનિટના ટર્નઓવર અને બધા યુનિટના કુલ ટર્નઓવર પ્રમાણે કરી શકાય.

**પ્રશ્ન 13. આઈએસડી દ્વારા સીજીએસટી અને આઈજીએસટીની ક્રેડિટ રાજ્ય બહારના પ્રાપ્ત કર્તા (Recipient) ને કયા સ્વરૂપે કરી શકશે ?**

(A) આઈજીએસટી (b) સીજીએસટી (c) એસજીએસટી

**ઉત્તર 13.** (a) આઈજીએસટી.

**પ્રશ્ન 14. આઈએસડી દ્વારા સીજીએસટીની ક્રેડિટ તે જ રાજ્યમાં કયા સ્વરૂપે પૂરી શકશે ....**

(A) આઈજીએસટી (b) સીજીએસટી (c) એસજીએસટી

**ઉત્તર 14.** (b) સીજીએસટી

**પ્રશ્ન 15. એકથી વધુ સપ્લાયર દ્વારા ઉપયોગમાં લેવાતી ઇનપુટ સેવાઓ પર ચૂકવેલ વેરાની ક્રેડિટ –**

(a) આવી ક્રેડિટની વહેંચણીઓ ઇનપુટ સેવાઓનો ઉપયોગ કરનાર વિવિધ એકમો વચ્ચે તેમનાં તે રાજ્યમાં ટર્નઓવરના પ્રમાણસર થશે.

(b) બધાં જ સપ્લાયરો વચ્ચે સમાન ધોરણે વહેંચણી થશે.

(c) એક જ સપ્લાયર આ ક્રેડિટ મેળવશે.

(d) વહેંચણી કરવી શક્ય નથી.

**ઉત્તર 15.** (a) આવી ક્રેડિટની વહેંચણી આ ઇનપુટ સેવાઓને ઉપયોગ

કરનાર વિવિધ એકમો વચ્ચે તેમનાં તે રાજ્યમાં ટર્નઓવરના

પ્રમાણસર થશે.

**પ્રશ્ન 16. શું અધિક (excess) ક્રેડિટની વહેંચણી થઈ હોય તે વિભાગ દ્વારા વસુલ કરી શકાય છે ?**

**ઉત્તર 16.** હા. આવી અધિક (excess) ક્રેડિટની વહેંચણી થઈ હોય તો તે આઈએસડી પાસેથી વ્યાજ સાથે વિભાગ દ્વારા વસુલ કરવામાં આવશે.

**પ્રશ્ન 17. આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી જો ક્રેડિટની વહેંચણી થઈ હોય તે સંબંધિત શું જોગવીઓ છે ?**

**ઉત્તર 17.** આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી, વહેંચણી કરાયેલ ક્રેડિટની વસુલાત, જે એકમને આવી ક્રેડિટની વહેંચણી કરવામાં આવી છે, તેની પાસેથી વ્યાજ સાથે વસુલ કરાશે.

# પ્રકરણ 12

## રીટર્નસ, પ્રક્રિયા અને ઇનપુટ ટેક્સ ક્રેડિટની એકરૂપતા

**પ્રશ્ન 1. રીટર્નનો હેતુ શું છે ?**

**ઉત્તર :** (a) કરવહીવટ માટે માહિતીના હસ્તાતંરણનું માધ્યમ છે.

(b) કરવહીવટ માટે કાયદાઓનું યોગ્ય પરિપાલન થયું છે કે કેમ તે ચકાસવું.

(c) કરે પાત્ર વ્યક્તિની ટેક્સ સંબંધિત જવાબદારીનું નિર્ધારણ નિયત સમયમર્યાદામાં કરવું. નિશ્ચિત અવધિ માટેની વેરાની જવાબદારી જાહેર કરવી,

(d) નીતિવિષયક નિર્ણયો લેવા માટે આવશ્યક ઇનપુટસ પુરા પાડવા.

(e) કરવહીવટના ઓડિટ અને કરચોરી વિરોધી કાર્યક્રમોનો યોગ્ય વહીવટ કરવો.

**પ્રશ્ન 2. જીએસટી કર વ્યવસ્થામાં કોણે રીટર્ન ફાઇલ કરવા આવશ્યક છે ?**

**ઉત્તર :** દરેક રજીસ્ટર્ડ વેરાને પાત્ર વ્યક્તિ – જેમણે વેરાની ચૂકવણી સંબંધી ટોચની મર્યાદા પાર કરેલ છે. એવા સપ્લાયર કે જેનું કુલ ટર્નઓવર રૂ. 9 લાખથી અધિક છે, તેણે રજીસ્ટ્રેશન લેવું આવશ્યક છે જો કે તે કરપાત્ર વ્યક્તિ ત્યારે જ બને છે, જ્યારે, આવું ટર્નઓવર રૂ. 10 લાખની મર્યાદા પાર કરે, મર્યાદાથી વધે. આવી રૂ. 10 લાખની મર્યાદા પાર કર્યા પછી તેના દ્વારા રીટર્ન ફાઇલ કરવું આવશ્યક બને છે. વ્યક્તિઓનો અન્ય એવો વર્ગ પણ છે કે જેમના માટે રજીસ્ટ્રેશન લેવું આવશ્યક છે અને તે જ કારણ રીટર્ન ભરવું પણ.

દા.ત. આંતરરાજ્ય સપ્લાયર્સ,

ટીડીએસ કપાત કરનારા, ઇ-કોમર્સ ઓપરેટર્સ, એવા સપ્લાયર કે જે માલ ઇ-કોમર્સ સપ્લાયર્સ દ્વારા સપ્લાય કરે છે. (રેફ. શિડ્યુલ-III પ્રશ્ન 6 રજીસ્ટ્રેશન ચેપ્ટર).

**પ્રશ્ન 3. કેવા પ્રકારની આઉટવર્ડ સપ્લાયની વિગતો રીટર્નમાં દર્શાવવી આવશ્યક છે ?**

**ઉત્તર :** સામાન્ય રજીસ્ટર્ડ કરદાતા દ્વારા આઉટવર્ડ સપ્લાયની વિગતો જીએસટીઆર-1 રીટર્નમાં આપવાની હોય છે, જેમાં તે માસ દરમ્યાન કરેલ સપ્લાય જેવી કે રજીસ્ટર્ડ વ્યક્તિઓને કરેલ આઉટવર્ડ સપ્લાય, બિન-રજીસ્ટર્ડ વ્યક્તિઓ (ઉપભોગતા)ને કરેલ આઉટવર્ડ સપ્લાય, ક્રેડિટ-ડેબિટ નોટસની વિગતો, ઝીરો રેટેડ,

એક્ઝેમ્પ્ટેડ અને નોન-જીએસટી સપ્લાય, નિકાસો, અને ભવિષ્યમાં કરવાની સપ્લાય સંબંધી મળેલી અગ્રીમ (Advance) રકમની વિગતોનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન 4. ઇનવોઇસીસની સ્કેન્ડ (Scanned) કોપી જીએસટીઆર-1 જોડે અપલોડ કરવી જરૂરી છે ?**

**ઉત્તર :** ના. ઇનવોઇસીસની સ્કેન્ડ કોપી અપલોડ કરવાની નથી. પરંતુ ઇનવોઇસમાં રહેલ કટેલીક વિશિષ્ટ વગિતો નિર્ધારિત કરેલ છે. તે રીટર્નમાં સમાવવાની રહેશે.

**પ્રશ્ન 5. શું બધાં જ ઇનવોઇસ અપલોડ કરવાના રહેશે ?**

**ઉત્તર :** ના. તેનો આધાર શું તે B2B અથવા B2C પ્લસ કે આંતર રાજ્ય કે ઇન્ટ્રારાજ્ય સપ્લાય પર છે. B2B સપ્લાય માટેના બધાં જ ઇનવોઇસ તે ઇન્ટ્રાસ્ટેટ છે કે આંતરરાજ્ય છે અપલોડ કરવાના રહેશે. આવું શા માટે ? તેનું કારણ એ છે કે, પ્રાપ્તકર્તા આઈટીસી લે તેની એકરૂપતા ચકાસવા આ આવશ્યક છે.

જ્યારે B2C સપ્લાય માટે, ખરીદનાર આઈટીસી લેતો નથી. તેથી સામાય રીતે આવું અપલોડીંગ આવશ્યક રહેશે નહિ. પરંતુ, સ્થળ આધારિત સિધ્ધાંત (Destination based principle)ના અનુપાલન માટે આંતર-રાજ્ય B2B સપ્લાયના ઇનવોઇસીm કે જેમાં વેલ્યુ 2.5 લાખથી વધુ છે, તે અપલોડ કરવાના રહેશે. રૂ. 2.5

લાખની ઓછી વેલ્યુના ઇન્ટ્રા-સ્ટેટ ઇનવોઇસ અને બધાં ઇન્ટ્રાસ્ટેટ ઇનવોઇસની રાજ્યવાર (State wise) સમરી આપવું પૂરતું છે.

**પ્રશ્ન 6. શું ઇનવોઇસમાં સમાવિષ્ટ દરેક આઇટમની વિગતો અપલોડ કરવાની રહે છે ?**

**ઉત્તર :** ના. વાસ્તવમાં આઇટમની વિગતો અપલોડ કરવાની જરૂર નથી. પરંતુ માલના સપ્લાય સંબંધી HSN કોડ અને સેવાઓના સપ્લાય સંબંધે એકાઉન્ટીંગ કોડ દાખલ કરવાના રહેશે. આ માટે લઘુતમ કેટલા ડીજીટ (Digit) ફાઇલકર્તાએ અપલોડ કરવાનાં છે, તેનો આધાર તેના છેલ્લા વર્ષમાં ટર્નઓવર પર રહેશે.

**પ્રશ્ન 7. શું દરેક ટ્રાન્ઝેક્શનની વેલ્યુ દાખલ કરવાની રહશે ? જ્યાં અવેજ (consideration) ન હોય તેવા કિસ્સાનું શું ?**

**ઉત્તર :** હા. માત્ર વેલ્યુ જ નહિ પરંતુ વેરાપાત્ર વેલ્યુ પણ દાખલ કરવાની રહેશે. ઘણાં કિસ્સાઓમાં બંને અલગ અલગ હોઈ શકે.

એવા કિસ્સાઓમાં જ્યાં વ્યવહાર ના થયો હોય, પરંતુ શિડ્યુલ 1ના અંતર્ગત પુરવઠો હોય, કરપાત્ર કિંમતને અપલોડ કરવી પડશે.

**પ્રશ્ન 8. પ્રાપ્તકર્તા દ્વારા એવી વિગત કે સપ્લાયર દ્વારા દાખલ કરવાની રહી ગઈ છે, તે પોતાના જીએસટીઆર-2 રીટર્નમાં ભરી શકે છે ?**

**ઉત્તર :** હા. પ્રાપ્તકર્તા પોતે જ એવા ઇનવોઇસ દાખલ કરી શકે છે જે

સપ્લાયર દ્વારા અપલોડ ન થયા હોય. આવા ઇનવોઇસને લગતી ક્રેડિટ પણ કામચલાઉ ધોરણે અપાશે જે અનુરૂપતા (matching)ને આધિન હશે.

જ્યારે અનુરૂપતા ચકાસાય (matching) તેવા સમયે જો સપ્લાયર દ્વારા ઇનવોઇસ અપલોડ નહીં કરાયેલ હોય તો બંનેને તેવી જાણ કરાશ. જો આ બિનઅનુરૂપ (mismatching) સુધારી લેવાઈ હશે તો કામચલાઉ ધોરણે અપાયેલ ક્રેડિટ માન્ય કરાશે. પરંતુ જો આ બિનઅનુરૂપ (mis-match) એની જાણ કરાઈ હોવા છતાં ચાલુ રહેશે તેવા સંજોગોમાં કામચલાઉ ધોરણે અપાયેલ ક્રેડિટ પાછી ભરપાઈ કરી દેવાની રહેશે.

**પ્રશ્ન 9. કરપાત્ર વ્યક્તિ દ્વારા જીએસટીઆર-2ની વિગતોમાં કઇ પણ વિગત ભરવાની હોય છે કે જીએસટીઆર-1 માંથી સ્વયંસંચાલિત રીતે આપી જશે ?**

**ઉત્તર :** જો કે જીએસટીઆર-2 મહદ્‌અંશે સ્વયં-સંચાલિત હોવા છતાં કેટલીક વિગતો એ છે કે જે મતાર પ્રાપ્તકર્તા દ્વારા જ દાખલ કરી શકાય છે જેમ કે આયાતની વિગતો, અનરજીસ્ટર્ડ કે કમ્પોઝીશન સપ્લાયર્સ પાસેથી કરાયેલી ખરીદીની વિગતો અને વેરામુક્ત / નોન જીએસટી / Nil જીએસટી સપ્લાય વગેરે.

**પ્રશ્ન 10. ઇનવોઇસ મેચ ન થાય તો ? શું ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) મળવાપત્ર નથી ? જો તેમ હોય તો સપ્લાયર સામે શું પગલાં લેવામાં આવશે ?**

**ઉત્તર :** જીએસટીઆર-2માં દર્શાવેલ ઇનવોઇસ જો સામેની પાર્ટીના જીએસટીઆર-1માં દર્શાવેલ ઇનવોઇસ સાથે મેચ ન થાય તો એવા સંજોગોમાં કે જ્યારે બંનેને જાણ કરવા છતાં પણ આ mis-match સુધારાય નહીં તેવા સંજોગોમાં આઈટીસી પાછી ભરપાઈ કરી દેવાની રહેશે. આવી mis-match બે કારણોસર હોઈ શકે. પ્રથમ તો પ્રાપ્તકર્તાના પક્ષ ભૂલ થઈ હોય આવા સંજોગોમાં અન્ય કોઈ પગલા લેવાની જરૂર નથી. બીજી સ્થિતિમાં એ શક્ય છે કે સપ્લાયર દ્વારા સદરહુ ઇનવોઇસ ઇસ્યુ કરાયેલ હોય પણ તેણે ન તેને અપલોડ કર્યું હોય કે ના તેના પર વેરો ચૂક્વયો હયો. આવા સંજોગોમાં સપ્લાયર સામે વસૂલાતની કાર્યવાહી કરાશે. ટૂંકમાં બધા જ mis-matchના કિસ્સાઓમાં જ્યાં સપ્લાયરે સપ્લાય કરેલ હોય પરંતુ તેના પર વેરો ન ચૂકવાયો હોય ત્યાં વધુ કાર્યવાહી આવશ્યક બનશે.

**પ્રશ્ન 11. એવા સંજોગોમાં કે જ્યાં આઈટીસી પુનઃ ભરપાઈ કરી દેવાયેલ છે, પરંતુ સપ્લાયર દ્વારા તેની જાણ થયે આ ભૂલ સુધારી આવશ્યક વિગતો ભરી દેવાય છે. કાયદાકીય પરિસ્થિતિ શું રહેશે ?**

**ઉત્તર :** સપ્લાયર તેણે જીએસટીઆર-3 રીટર્ન જે માસમાં અપલોડ

કરેલ છે, તેમાંના રહી ગયેલ (missing) ઇનવોઇસ કોઈ પણ સમયે, પરંતુ પછીન નાણાંકીય વર્ષના સપ્ટેમ્બર માસ પહેલાં તેના ઇનવોઇસ અપલોડ કરી વ્યાજ સહિત વેરો ભરી શકે છે. આ સ્થિતિમાં પ્રાપ્તકર્તા આપોઆપ આવા ઇનવોઇસ સંબંધી આઈટીસી મેળવી શકશે. પ્રાપ્તકર્તા એ આઈટીસી પુનઃ ભરપાઈ કરતી વખતે જે વ્યાજની ચૂકવણી કરી હતી, તે રકમ પણ પ્રાપ્તકર્તાને જીએસટીએનની સ્વસંચાલિત સીસ્ટમ દ્વારા પરત થઈ જશે.

**પ્રશ્ન 12. જીએસટીઆર-2ના વિશિષ્ટ પાસા કયા છે ?**

**ઉત્તર :** જીએસટીઆર-2નું મુખ્ય પાસુ એ છે કે પ્રાપ્તકર્તાને કરવામાં આવેલ સપ્લાયની વિગતો સામેની પાર્ટી દ્વારા ફાઇલ કરાયેલ જીએસટીઆર-1ના આધારે સ્વસંચાલિત રીતે તેમાં સમાવિષ્ટ થઈ શકે છે.

**પ્રશ્ન 13. શું નકારવામાં આવેલી આઈટીસી પુનઃસ્થાપિત કરી શકાય છે ?**

**ઉત્તર :** જો પુનઃ ભરપાઈ કરેલ આઈટીસી સંબંધી ઇનવોઇસ તેના પછીના નાણાંકીય વર્ષના સપ્ટેમ્બર માસ પહેલા જો સપ્લાયર દ્વારા અપલોડ કરવામાં આવે, તો આવી પુનઃ ભરપાઈ કરેલ આઈટીસીની રકમ તેના પર ભરેલ વ્યાજ સહિત પુનઃસ્થાપિત થઈ જશે.

**પ્રશ્ન 14. કમ્પોઝીશન સ્કીમ હેઠળ કર ભરનાર વ્યક્તિએ જીએસટીઆર-1 અને જીએસટીઆર-2 રીટર્નસ ફાઈલ કરવા આવશ્યક છે ?**

**ઉત્તર :** ના. કમ્પોઝીશન સ્કીમ હેઠળ વેરો ભરનારે કોઈ પણ પ્રકારનું આઉટવર્ડ કે ઇનવર્ડ સપ્લાય સંબંધી સ્ટેટમેન્ટ ફાઇલ કરવાનું નથી. તેમણે ફોર્મ જીએસટીઆર-4 ત્રિમાસિક ધોરણે જે તે ક્વાર્ટર પૂરો થયાની પહેલી તારીખ સુધીમાં ફાઇલ કરવાનું રહેશે. તેમને આઈટીસી મળવાપાત્ર નથી તે કારણથી જીએસટીઆર-2 રીટર્ન ભરવાની આવશ્યકતા નથી તો બીજી તરફ તેઓ કોઈ પણ પ્રકારની ક્રેડિટ પણ બીજાને પાસ કરતા નથી. તેથી જીએસટીઆર-1 ફાઇલ કરવું પણ જરૂરી નથી. તેમનાં રીટર્નમાં તેમણે તેમના દ્વારા થયેલ આઉટવર્ડ સપ્લાયની સમરી જાહેર કરવાની રહેશે અને ભરેલ વેરાની રકમ દર્શાવવાની રહેશે. તેણે આ ઉપરાંત તેમના દ્વારા થયેલ ખરીદીથી વિગતો પણ ત્રિમાસિક રીટર્નમાં આપવાની રહેશે, જે મહદ્અંશે સ્વસંચાલિત હશે.

**પ્રશ્ન 15. શું ઇનપુટ સર્વીસ ડિસ્ટ્રીબ્યુટર માટે તેમણે ફાઈલ કરેલ રીટર્ન સાથે આઉટવર્ડ અને ઇનવર્ડ સપ્લાય દર્શાવતું અલગ સ્ટેટમેન્ટ ફાઈલ કરવું આવશ્યક છે ?**

**ઉત્તર :** ના. આઈએસડી માટે માત્ર જીએસટીઆર-6 રીટર્ન જ ફાઈલ કરવું આવશ્યક છે. કે જેમાં સેવા પૂરી પાડનાર પાસેથી મળેલ ક્રેડિટની વિગતો અને તેમની અનુષંગિક એકમોને તેમના દ્વારા

વહેંચણી કરાયેલ ક્રેડિટની વિગતો હશે. તેમના દ્વારા ફાઈલ કરાયેલ રીટર્ન આ બધાં જ પાસા આવરી લેતું હોઈ વધારાનું ઇનવર્ડ કે આઉટવર્ડ સ્પર્શી બની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ આપવાની જરૂર નથી.

**પ્રશ્ન 16. વેરો ચૂકવનાર તેના વતી કાપી લેવાયેલ TDS (Tax Deducted at Source) ની ક્રેડિટ કંઈ રીતે મેળવી શકે છે ? શું ક્રેડિટ મેળવવા માટે તેણે કર કપાત કરેલ વ્યક્તિ દ્વારા આપેલ ટીડીએસ સર્ટિફિકેટને રજૂ કરવું પડે ?**

**ઉત્તર :** જીએસટી હેઠળ, આવી કપાત કરનાર દ્વારા ફાઇલ કરાતા જીએસટીઆર-7 રીટર્ન કે જે કપાત કર્યા પછીના માસની દસમી તારીખ સુધી ફાઇલ કરવાનું હોય છે, તે રીટર્નમાં દરેક વ્યક્તિદીઠ કેટલી ટીડીએસ પેટે કપાત કરેલ છે તેની વિગતો હશે. કપાત કરનાર વ્યક્તિ દ્વારા upload કરવામાં આવેલી કપાતી વિગતો સ્વસંચાલિત રીતે જેમના વિશે કપાત કરાઈ છે, તેના જીએસટીઆર-2 રીટર્નમાં આ જશે. વેરો ભરનાર દ્વારા જીએસટીઆર-2માં દર્શાવેલી આ કપાત સંબંધી માહિતી ટેક્સ ક્રેડિટ લેવા માટે પ્રમાણિત કરવાની રહેશે. આવી ક્રેડિટ લેવા માટે કોઈ લેખિત સર્ટિફિકેટ કે ઇલેક્ટ્રોનિક ફોર્મ રજૂ કરવાની જરૂર નથી.

આ સર્ટિફિકેટ માત્ર વેર ભરનારના રેકાર્ડના હેતુ માટે છે અને તે સામાન્ય પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે.

**પ્રશ્ન 17. વાર્ષિક રીટર્ન ફાઈલ કરવું બધાં માટે આવશ્યક છે ?**

**ઉત્તર :** હંગામી (Casual) અને કમ્પોઝીશન સ્કીમ હેઠળ વેરો ભરનાર સિવાયના વેરો ભરનારા કે જેઓએ જીએસટીઆર-1 થી 3 રીટર્ન ફાઇલ કરે છે, તે બધા માટે વાર્ષિક રીટર્ન ભરવું આવશ્યક છે. હંગામી ધોરણે વેરો ભરનાર, બિન-વસાહતી વેરો ભરનાર, ISDs અને TDS માટે અધિકાર ધરાવનારાઓએ વાર્ષિક રીટર્ન ફાઇલ કરવાનું નથી.

**પ્રશ્ન 18. શું વાર્ષિક રીટર્ન અને ફાઇનલ રીટર્ન બંને એક જ છે ?**

**ઉત્તર :** ના. દરેક રજીસ્ટર્ડ વેરો ભરનાર કે જે સામાન્ય કે કમ્પાઉન્ડીંગ વેરો ભરનાર છે, તેમણે વાર્ષિક રીટર્ન ભરવું આવશ્યક છે. જ્યારે ફાઇનલ રીટર્ન તેમણે જ ભરવાનું છે કે જેઓ વેરો ભરવાપાત્ર વ્યક્તિ તરીકે રજીસ્ટર્ડ છે અને જેમણે રજીસ્ટ્રેશન કેન્સલ કરવા માટે અરજી આપેલ છે. આવું રીટર્ન કેન્સલેશનની તારીખ કે કેન્સલેશનના ઓર્ડરના ત્રણ માસ સુધીમાં ફાઇલ કરી દેવાનું રહેશે.

**પ્રશ્ન 19. રીટર્ન ફાઇલ કર્યા પછી, તેમાં કોઈ સુધારો કરવાની આવશ્યકતા હોય તો આવો ફેરફાર કંઈ રીતે કરી શકાશે ?**

**ઉત્તર :** જીએસટીમાં રીટર્ન વ્યક્તિગત વ્યવહારોના આધારે ફાઇલ કરાતા હોઈ, સુધારેલું (Revised) રીટર્ન ફાઇલ કરવાની આવશ્યકતા નથી. પરંતુ રીટર્નમાં સુધારો કરવાની જરૂરિયાત જ્યારે ઇનવોઇસના સેટમાં કે ડેબીટ-ક્રેડિટ નોટમાં ઉભી થઈ શકે.

આવા સંજોગોમાં ફાઇલ કરી દીધેલ રીટર્ન રીવાઇઝ કરવાના સ્થાને, સીસ્ટમ દ્વારા એવા વ્યવહારો (ઇનવોઇસ અથવા ક્રેડિટ/ડેબીટ નોટ)ની વિગતો કે જેમાં ફેરફાર કરવાની જરૂર છે, તેની પરવાનગી આપશે. આવા સુધારા હવે પછી ફાઇલ થનારા જીએસટીઆર 1 / 2માં અગાઉ જાહેર કરેલી વિગતોમાં સુધારો કરવા માટે ખાસ આપેલ ટેબલોમાં વિગત ભરી કરી શકાશે.

**પ્રશ્ન 20. વેરો ભરનાર પોતાના રીટર્ન કંઈ રીતે ફાઇલ કરી શકે છે ?**

**ઉત્તર :** વેરો ભરનાર પાસે સ્ટેટમેન્ટ અને રીટર્ન ફાઇલ કરવા માટે વિવિધ વિકલ્પો હશે. પ્રથમ, તેઓ પોતાના સ્ટેટમેન્ટ અને રીટર્ન સીધા કોમન પોર્ટલ પર ઓનલાઇન ભરી શકે છે. જો કે આવું કરવું એ કંટાળાજનક અને પુરા સમય માંગી લેનાર જણાય કે જ્યં ઇનવોઇસની સંખ્યાખૂબ મોટી હોય. આવા કર ભરનારાઓ માટે, એક ઓફલાઇન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. કે જેનો ઉપયોગ સ્વસંચાલિત વિગતો ડાઉનલોડ કર્યા પછી સ્ટેટમેન્ટ ઓફલાઇન બનાવવા અને અંતે કોમન પોર્ટલ પર અપલોડ કરવા થઈ શકશે. જીએસટીએન દ્વારા એક ઇકોસિસ્ટમ જીએસટી Suvidha Portal (GSP) પણ ડેવલપ કરાઈ છે જે કોમન પોર્ટલ સાથે સંલગ્ન હશે.

**પ્રશ્ન 21. એક જાગૃત વેરો ભરનારે જીએસટીના સુવિધાજનક (hastle free) અનુપાલન માટે શું કરવું જોઈએ ?**

**ઉત્તર :** જીએસટીમાં સહુથી મહત્ત્વનું પાસું એ છે કે આઉટવર્ડ સપ્લાયની વિગતો ફોર્મ જીએસટીઆર-1ના પછીના માસની 10 તારીખ પહેલા સમયસર અપલોડ કરી દેવામાં આવે. આ શ્રેષ્ઠ રીતે ખાત્રીપૂર્વક કંઈ રીતે કરી શકાય તેનો મુખ્ય આધાર વેરો ભરનાર કેટલા B2B ઇનવોઇસ ઇસ્યુ કરે છે તેના પર છે. જો તેની સંખ્યા ઓછી હશે તો કર ભરનાર એક જ સમયે બધી જ વિગતો એક સાથે અપલોડ કરી શકશે. પરંતુ જ્યાં ઇસ્યુ કરાતા ઇનવોઇસની (અથવા credit/debit notes)ની સંખ્યા ખૂબ મટી છે, તેમણે તે નિયમિત ધોરણે અપલોડ કરવા જોઈએ. જીએસટીએન રીઅલ ટાઇમ બેઝ પર આવું નિયમિત અપલોડિંગ કરવા દેશે. જ્યાં સુદી સંપૂર્ણ સ્ટેટમેન્ટ મોકલાયું નથી, ત્યાં સુધી સીસ્ટમ અપલોડેડ ઇનવોઇસમાં સુધારો પણ કરવા દેશે. આ રીતે વરો ભરનાર દ્વારા નિયમિત ધોરણે ઇનવોઇસ અપલોડ કરતાં રહેવું લાભદાયી છે. છેલ્લા સમયે આવું અપલોડિંગ તકલીફ આપનારું અને ફેઇલ્યોર કે ચૂક (default) નું જોખમ ઉભુ કરી શકે છે. બીજી બાબત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે વેરો ભરનાર દ્વારા તેનાં ઇનવર્ડ સપ્લાય ઇનવોઇસની વિગતો પણ તેના સપ્લાયર દ્વારા યોગ્ય રીતે અપલોડ થાય તે માટે પ્રયત્નશીલ રહેવું. આ બાબત ઇનપુટ ક્રેડિટ કોઈ પણ પ્રાકરની તકલીફ કે વિલંબ વિના મેળવવામાં મદદરૂપ થશે. પ્રાપ્તકર્તા તેમના સપ્લાયરને પણ પ્રેરિત કરે કે સપ્લાયર પણ તેના ઇનવોઇસ નિયમિત ધોરણે / સમયાંતરે અપલોડ કરતા રહે અને અંત સુધી કે નિયત તારીખની સુધી તે બાકી રાખે. સીસ્ટમ નિયત

તારીખની સુધી તે બાકી રાખે. સીસ્ટમ પર સપ્લાયર દ્વારા પ્રાપ્તકર્તા સંબંધી ઇનવોઇસ અપલોડ કરાયા છે કે નહીં તે પણ જોઇ શકવાની સુવિધા છે. જીએસટીએન સીસ્ટમ દ્વારા વેરો ચૂકવનાર દ્વારા ટેક્સ સંબંધી નિયમોનું પરિપાલન કંઈ કક્ષાનું છે તેનો ટ્રેક રેકોર્ડ પણ ઉપલબ્ધ કરાવાશે. તેમાંય ખાસ કરીને સપ્લાયર દ્વારા સમયસર સપ્લાય ઇનવોઇસીસની વિગતો અપલોડ થઈ છે કે નહી તેમજ તે સપ્લાયર દ્વારા થયેલ સપ્લાય સામે ઓટો રીવર્સલ (ક્રેડિટ પુનઃ ભરપાઈ કરવી)ના કિસ્સા કેટલા છે તે મહત્ત્વનું છે. જીએસટીના કોમન પોર્ટલ પર પણ ઇન્ડિયા ડેટા એક જ સ્થાને ઉપલબ્ધ હશે જે વેરો ભરનારને માટે ખૂબ જ મહત્ત્વની સુવિધા છે. ઇનવોઇસીસની રેગ્યુલર અપલોડીંગ શક્ય તેટલું સરળ બને તે માટે પ્રયત્નો ચાલુ જ છે. અને એવી આશા રખાય છે કે આ ઉદ્દેશ માટે એક enabling eco-system ડેવલપ થશે. વેરો ભરનાર દ્વારા આ ઇકો સિસ્ટમનાં જીએસટીએનના યોગ્ય પરિપાલન માટે સરળતા અને તકલીફમુક્ત યોગ્ય ઉપયોગ કરાશે.

**પ્રશ્ન 22. શું ટેક્સ ચૂકવનાર દ્વારા પોતે જ રીટર્ન ફાઇલ કરવું આવશ્યક છે ?**

**ઉત્તર :** ના. રજીસ્ટર્ડ ટેક્સ પેયર પોતાનું રીટર્ન ફાઇલ કરવા માટે ટેક્સ રીટ્રન પ્રીપેરર (Tax Return Preparer) કે જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અધિકૃત છે તેના દ્વારા ફાઇલ કરી શકશે.

**પ્રશ્ન 23. નિયત કરવામાં આવેલ તારીખની અંદર રીટર્ન ફાઇલ કરવામાં ન આવે તો પરિણામ આવી શકે ?**

**ઉત્તર :** નોંધાયેલ કરપાત્ર વ્યક્તિ નિયત તારીખથી પછી રીટર્ન ફાઇલ કરે તો તેણે વિલંબના દર દિવસ પ્રમાણે રૂ. 1000 ની વિલંબિત ફી ભરવી પડશે, વધારેમાં વધારે રૂ. 5000/-.

# પ્રકરણ 13

## આકારણી અને લેખા પરીક્ષા

## (Assessment and Audit)

**પ્રશ્ન 1. ચૂકવવા પાત્ર થતાં કરની આકારણી કરવા કાયદાને અંતર્ગત કઈ વ્યક્તિ જવાબદાર છે ?**

**ઉત્તર :** અધિનિયમ/કાયદાને અંતર્ગત નોંધાયેલ દરેક વ્યક્તિ કરનાં સમયગાળા માટે જાતે પોતાનાં દ્વારા ચૂકવવા પાત્ર થતાં કરની આકારણી કરશે અને પછી કલમ 27 દ્વારા જરૂરી એવું રિટર્ન/પત્રક ફાઇલ કરશે.

**પ્રશ્ન 2. એમજીએલ (મોડેલ જીએસટી લૉ)માં પરત કરાયેલાં માલની કર પદ્ધતિ માટે કોઈ પ્રાવધાન છે ?**

**ઉત્તર :** હા. એમજીએલા કલમ 44માં આનું પ્રાવધાન છે. તે દર્શાવે છે કે જ્યારે ઇનવર્ડ સપ્લાય તરીકે પ્રાપ્ત થયેલાં માલને બીલની તારીખનાં છ મહિનાની અંદર પ્રાપ્તકર્તા દ્વારા સપ્લાયરને પરત કરવામાં આવે, તો આવાં પુરવઠા પર ભરવાનો થતો કર એ અગાઉનાં ઇનવર્ડ સપ્લાય પર લીધેલી ઇનવર્ડ ટેક્સ ક્રેડીટ જેટલો થશે. આ જોગવાઈ દર્શાવે છે કે જો મૂળ સપ્લાયનાં છ મહિનાની અંદર પ્રાપ્તકર્તા માલને પરત કરે તો તેની કરની જવાદારી મૂળ સપ્લાય પર થતાં કર જેટલી જ રહેશે.

**પ્રશ્ન 3. 'A' એ 'B'ને એપ્રિલ 2017માં માલ પુરો પાડ્યો. આ માલ B દ્વારા A ને જૂન-2017માં પરત કરવામાં આવ્યો. A દ્વારા 18% ટેક્સ દર વસુલ કરવામાં આવ્યો હતો. મે-2017માં ટેક્સ દરમાં ફેરફાર થઈને 18.5% નો દર થઈ ગયો. આવાં સંજોગોમાં B દ્વારા A ને પરત કરાયેલ ઇનવર્ડ સપ્લાય પર કયો દર લાગશે ?**

**ઉત્તર :** 18%

**પ્રશ્ન 4. કરપાત્ર વ્યક્તિ કામચલાઉ રીતે ક્યારે કર ભરી શકે ?**

ઉત્તર : કરદાતા દ્વારા સ્વ-આકારણી કરીને કર ભરવાનો હોવાથી, કામચલાઉ આકારણીની વિનંતી કરદાતા દ્વારા આવવી જોઈએ જેને સક્ષમ અધિકારી દ્વારા મંજૂરી પ્રાપ્ત થવી જોઈએ. બીજાં શબ્દોમાં કોઈ પણ કર અધિકારી પોતાની મેળે કામચલાઉ આકારણીનો આદેશ આપી શકશે નહિ. આ એમજીએલનાં કલમ 44A માં દર્શાવેલું છે. કર કામચલાઉ રીતે ત્યારે જ ભરી શકાશે કે જ્યારે સક્ષમ અધિકારી દ્વારા આદેશ પારિત કરીને તેની મંજૂરી આપવામાં આવી હોય. આ હેતુસર, કરપાત્ર વ્યક્તિ દ્વારા સક્ષમ અધિકારીને લેખિત અરજી આપવાની રહેશે, જેમાં કામચલાઉ આકારણી માટેનાં કારણો દર્શાવવાનાં રહેશે. આવી વિનંતી કરપાત્ર વ્યક્તિ દ્વારા ત્યારે જ કરી શકાશે કે જ્યારે તેનાં દ્વારા પુરાં પાડવામાં આવતાં માલ કે સેવાનું

(a) મૂલ્ય અથવા

(b) વેરાનો દર

નક્કી ન થઈ શકતો હોય.

આવાં કિસ્સામાં કરપાત્ર વ્યક્તિ દ્વારા નિર્ધારીત નમૂનામાં બોન્ડ અને જામીનગીરી અથવા સિક્યોરીટી આપવાની રહેશે (જે સક્ષમ અધિકારી નક્કી કરે તે પ્રમાણે).

**પ્રશ્ન 5. અંતિમ આકારણી વધુમાં વધુ કેટલા સમયમાં કરવાની રહેશે ?**

**ઉત્તર :** અંતિમ આકારણીનો આદેશ સક્ષમ અધિકારી દ્વારા કામચલાઉ આકારણીના આદેશ મોકલાયાંની તારીખનાં છ મહિનામાં પારિત કરવાનો રહેશે.

જોકે પુરતાં કારણો દર્શાવવાની અને આવાં કારણોને લેખિતમાં નોંધીને ઉપરોક્ત છ મહિનાનો સમયગાળો નીચે પ્રમાણે લંબાવી શકાશે :

(a) સંયુક્ત / અધિક કમિશ્નર દ્વારા બીજા છ મહિનાથી વધુ નહી, અને

(b) કમિશ્નર દ્વારા તેમને યોગ્ય લાગે તેટલો સમયગાળો.

**પ્રશ્ન 6. જ્યારે અંતિમ આકારણી દ્વારા કર જવાબદારી કામચલાઉ આકારણી કરતાં વધુ આવે, ત્યારે કરદાતા દ્વારા વ્યાજ ચૂકવવાનું રહેશે ?**

**ઉત્તર :** હા. કર ચૂકવવાની મૂળ તારીખથી કર ચૂકવવાની વાસ્તવિક તારીખ સુધીના સમયગાળા માટે વ્યાજ ચૂકવવાનું રહેશે.

**પ્રશ્ન 7. જો એમજીએલનાં કલમ 45માં ફાઇલ કરાયેલ રીટર્ન/પત્રકમાં કોઈ વિસંગતતા હોય અને તેનો પુરતો ખુલાસો આપવામાં ન આવે તો અધિકારી દ્વારા શું પગલાં લેવામાં આવશે ?**

**ઉત્તર :** જો કરપાત્ર વ્યક્તિને જાણ કરાયાંના 30 દિવસ (અધિકારી દ્વારા લંબાવી શકાય) ની અંદર જો કોઈ સંતોષકારક ખુલાસો ન આપવામાં આવે અથવા વિસંગતતા સ્વીકારાયા પછી વ્યાજબી સમયગાળાની અંદર કોઈ સુધારવાનાં પગલાં ન લેવામાં આવે તો સક્ષમ અધિકારી નીચેના પ્રાવધાનોની અંતર્ગત પગલાં લઈ શકશે :

(a) કાયદાનાં કલમ 49ની અંદર ઓડીટ/લેખા-પરીક્ષા કરાવી શકશે;

(b) કલમ 50ની અંદર નામાંકિત થયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા વિશિષ્ઠ ઓડિટ કરાવી શકશે; અથવા

(c) કલમ 60ની અંતર્ગત નિરીક્ષણ, તલાશી અને જપ્તીની કાર્યવાહી કરાવી શકશે; અથવા

(d) કલમ 51ની અંતર્ગત કર નિર્ધારણ માટે કાર્યવાહી કરી શકશે.

**પ્રશ્ન 8. શું સક્ષમ અધિકીએ આકારણી પૂર્ણ કરતાં પહેલાં કલમ 46માં કોઈ નોટિસ આપવાની રહેશે ?**

**ઉત્તર :** આ પ્રાવધાન 'શ્રેષ્ઠ ચૂકાદા આકારણી' (બેસ્ટ જજમેન્ટ મેથડ)ને સંબંધિત હોઈ, કરપાત્ર વ્યક્તિને નોટિસ આપવી જરૂરી નથી.

**પ્રશ્ન 9. જો કરપાત્ર વ્યક્તિ કાયદાકીય (કલમ 27 અથવા 31) પત્રક ફાઇલ કરવામાં કસર કરે તો કર અધિકારી શું કાયદાકીય પગલાં લઈ શકશે ?**

**ઉત્તર :** સૌ પ્રથમ કર અધિકારીએ કલમ 32માં કરપાત્ર વ્યક્તિને નોટિસ આપવાની રહેશે, જેમાં દર્શાવેલ સમયગાળામાં પત્રક ફાઇલ કરવાનું રહેશે અને આ સમયગાળો ન્યૂનતમ પંદર દિવસનો હશે (મોડેલ જીએસટી કાયદાનાં કલમ 46 પ્રમાણે). જો કરપાત્ર વ્યક્તિ આપેલ સમયગાળામાં પત્રક ફાઇલ કરવામાં કસૂર કરશે, તો સક્ષમ અધિકારી તેનાં દ્વારા પ્રાપ્ત તમામ મિહતીને ધ્યાનમાં રાખીને કસૂરવાર/ડીફોલ્ટર વ્યક્તિની કર જવાપબદારી 'બેસ્ટ જજમેન્ટ' પદ્ધતિ પ્રમાણે આકારણી કરશે. આ સત્તા એમજીએલનાં કલમ 46માં આપેલી છે.

**પ્રશ્ન 10. કેવા સંજોગોમાં કલમ 46માં જારી કરેલો 'બેસ્ટ જજમેન્ટ' આકારણી આદેશ પાછો ખેંચી શકાય ?**

**ઉત્તર :** જો બેસ્ટ જજમેન્ટ આકારણી આદેશ મળેથી ત્રીસ દિવસમાં કરપાત્ર વ્યક્તિ ડીફોલ્ટ સમયગાળાનું માન્ય પત્રક ફાઇલ કરે (અને તેણે આકારણી કરેલો કર ભરે) તો સક્ષમ અધિકારીએ કલમ 46માં જારી કરેલો બેસ્ટ જજમેન્ટ આકારણી આદેશ આપોઆપ પાછો ખેંચાયેલો ગણાશે.

**પ્રશ્ન 11. કલમ 46 અને 47માં આદેશ પારિત કરવા માટે શું સમય મર્યાદા છે ?**

**ઉત્તર :** વાર્ષિક પત્રક ફાઇલ કરવાની નિર્ધારિત તારીખથી ત્રણ વર્ષ અથવા પાંચ વર્ષ, એવી કલમ 46 અથવા 47માં આકારણી આદેશ જારી કરવાની સમયમર્યાદા છે.

**પ્રશ્ન 12. જો કોઈ વ્યક્તિ કર ભરવાને પાત્ર હોય પણ રજીસ્ટ્રેશન લેવાનું ચૂકી જાય તેવા સંજોગોમાં શું કાયદાકીય વિધી થઈ શકે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 47 પ્રમાણે, આવાં સંજોગોમાં સક્ષમ અધિકરી કર જવાબદારીની આકારણી કરી શકે અને તેનાં બેસ્ટ જજમેન્ટ પ્રમાણે આદેશ પારિત કરી શકે (લાગુ પડતા કર સમયગાળા માટે).

જો કે આવો આદેશ જે નાણાંકીય વર્ષ માટે કર ન ભરાયો હોય તે નાણાંકીય વર્ષ માટાં વાર્ષિક રીટર્નની નિર્ધારીત તારીખથી પાંચ વર્ષનાં સમયગાળામાં પારિત કરવાનો રહેશે.

**પ્રશ્ન 13. કેવાં સંજોગોમાં કર અધિકારી સંક્ષિપ્ત આકારણી કરી શકે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 48 પ્રમાણે, રાજસ્વનાં હિતને રક્ષણ આપવાં સંક્ષિપ્ત આકારણી નીચેના સંજોગોમાં કરી શકાય :

(a) જ્યારે કાયદાની અંતર્ગત કરપાત્ર વ્યક્તી કર ભરવાની જવાબદારી ઉદ્ભવતી હય તેવાં પુરાવા સક્ષમ અધિકારી પાસે હોય, અને

(b) જ્યારે સક્ષમ અધિકારી માનતાં હોય કે આકારણી આદેશ પારિત કરવામાં મોડું થવાથી રાજસ્વનું હિત જોખમાશે.

આવો આદેશ એડીશનલ કમિશનર/જોઇન્ટ કમિશનરની મંજૂરી મેળવ્યાં પછી પારિત કરી શકાશે.

**પ્રશ્ન 14. સંક્ષિપ્ત આકારણી આદેશની સામે, એપેલેટ ઉપાય સિવાય અન્ય કોઈ ઉપાય/રસ્તા કરદાતાને રાપ્ત થયેલાં છે ?**

**ઉત્તર :** જે કરપાત્ર વ્યક્તિની સામે સંક્ષિપ્ત આકારણી આદેશ પરિત થયેલો હોય, તે આવો આદેશ મળ્યાંનાં ત્રીસ દિવસનાં સમયગાળઆમાં, અધિકાર ક્ષેત્ર ધરાવતાં એડીશનલ/જોઇન્ટ કમિશનરને આવો આદેશ પાછો ખેંચવા અરજી કરી શકશે. જો તે અધિકરીને લાગે કે આદેશ ક્ષતિયુક્ત છે, તો તે તેને પાછો ખેંચી શકશે અને એમજીએલનાં કલમ 51માં કર જવાબદારી નિર્ધારિત

કરવાં માટે સક્ષમ અધિકારીને સૂચના આપી શકશે. જો એડિશનલ/જોઇન્ટ કમીશનરને લાગે કે સંક્ષિપ્ત આકારણી આદેશ ક્ષતિયુક્ત છે, તો તેની મેળે પણ આવાં પગલાં ભરી શકશે (એમજીએલનું કલમ 48).

**પ્રશ્ન 15. શું સંક્ષિપ્ત આકારણી આદેશ કરપાત્ર વ્યક્તિની સામે પારિત/ઇસ્યુ કરવો જરૂરી છે ?**

**ઉત્તર :** ના. કેટલાંક કિસ્સા, જેવાં કે માલ પરિવહનમાં હોય અથવા વખારમાં ભરેલો હોય અને આવાં માલ માટે કરપાત્ર વ્યક્તિ કોણ છે તે નક્કી ન થઈ શકતું હોય તો જે વ્યકિતનાં કબજામાં/ચાર્જમાં આવો માલ હોય તે વ્યક્તિને કરપાત્ર વ્યક્તિ માની લેવાશે અને કર આકારણી કરાશે (એમજીએલનું કલમ 48).

**પ્રશ્ન 16. કરદાતાઓનું ઓડિટ કોણ કરી શકશે ?**

**ઉત્તર :** એમજીએલનાં સેકશના 49 પ્રમાણે કમિશનર દ્વારા અધિકૃત (સામાન્ય કે ચોકક્સ આદેશથી) સીજીએસટી કે એસજીએસટીનાં કોઈ પણ અધિકારી કરદાતાનું ઓડિટ કરી શકશે. ઓડિટની આવૃત્તિ અને પદ્ધતિ હવે પછી નક્કી કરવામાં આવશે.

**પ્રશ્ન 17. ઓડિટ શરૂ કરતા પહેલાં કોઈ પૂર્વ સૂચના આપવી જરૂરી છે ?**

**ઉત્તર :** હા. પૂર્વ સૂચના જરૂરી છે અને ઓડિટ શરૂ કરવાનાં ઓછામાં ઓછાં 15 દિવસ પહેલાં કર પાત્ર વ્યક્તિને ઓડિટના કાર્યક્રમની જાણ કરવી જરૂરી છે.

**પ્રશ્ન 18. ઓડિટ પૂરું કરવા માટે કેટલો સમયગાળો છે ?**

**ઉત્તર :** ઓડિટ શરૂ કર્યાની તારીખથી 3 મહિનાનાં સમયગાળામાં ઓડિટ પૂર્ણ થવું જોઈએ અથવા કમિશનરની મંજૂરીથી આ સમયગાળો વધુ 6 મહિના લંબાવી શકાશે.

**પ્રશ્ન 19. ઓડિટની શરૂઆત ક્યારે થઈ ગણાશે ?**

**ઉત્તર :** 'ઓડિટની શરૂઆત' પદ અગત્યનું છે, કારણ કે ઓડિટની શરૂઆતન તારીખથી નિર્ધારિત સમયમર્યાદામાં ઓડિટ પૂર્ણ કરવાનું હોય છે. 'ઓડિટની શરૂઆત'નો અર્થ નીચેનામાંથી જે છેલ્લું હોય તે છે :

(a) ઓડિટ સત્તાવાળાઓએ માંગેલા રેકોર્ડ/હિસાબો જે તારીખે રજૂ કરેલા હોય તે તારીખ, અથવા

(b) કરદાતાનાં ધંધાના સ્થળે ઓડિટ શરૂ કરાયાંની વાસ્તવિક તારીખ.

**પ્રશ્ન 20. જ્યારે ઓડિટ માટેની નોટિસ મળે ત્યારે કરપાત્ર વ્યક્તિની શું જવાબદારીઓ છે ?**

**ઉત્તર :** કરપાત્ર વ્યક્તિ નીચે પ્રમાણે જવાબદાર છે :

(a) ઓડિટ સત્તાવાળાઓએ માંગેલા રેકોર્ડ/હિસાબો જે તારીખે રજૂ કરેલા હોય તે તારીખ, અથવા

(a) પોતાની પાસે ઉપલબ્ધ હોય તેવાં અથવા સત્તાધિકારીઓ દ્વારા માંગવામાં આવેલાં હિસાબો/રેકોર્ડની ચકાસણી માટે સુવિધા આપવી.

(b) સત્તાધિકારીઓને ઓડિટ કરવાં જરૂરી હોય તેવી માહિતી પુરી પાડવી, અને

(c) ઓડિટ સમયસર પૂર્ણ થાય તે માટે સહાય પુરી પાડવી.

**પ્રશ્ન 21. ઓડિટ પૂર્ણ થયેથી સક્ષમ અધિકારી દ્વારા શું પગલાં લેવાનાં રહેશે ?**

**ઉત્તર :** સક્ષમ અધિકારી મોડું કર્યા વગર કરપાત્ર વ્યક્તિને તેનાં તારણ, તારણો માટેનાં કારણો અને આવાં તારણો બાબતે કરપાત્ર વ્યક્તિને તેનાં હક અને જવાબદારીઓ વિશે જાણ કરશે.

**પ્રશ્ન 22. કેવાં સંજોગોમાં વિશિષ્ટ ઓડિટ કરી શકાશે ?**

**ઉત્તર :** જ્યારે ચકાસણી, અન્વેષણ વગેરે જેવાં મર્યાદિત સંજોગોમાં ધ્યાનમાં આવે કે કેસ જટીલ છે અથવા રાજસ્વનું પ્રમાણ વધુ છે તો

વિશિષ્ટ ઓડિટ કરી શકાશે. આ સત્તા એમજીએલનાં કલમ 50માં આપેલી છે.

**પ્રશ્ન 23. વિશિષ્ટ ઓડિટની નોટિસ કોણ આપી શકે ?**

**ઉત્તર :** કમિશનરની મંજૂરી પછી જ આસીસ્ટન્ટ કમિશનર કે ડેપ્યુટી કમિસનર વિશિષ્ટ ઓડિટની નોટિસ આપી શકે.

**પ્રશ્ન 24. વિશિષ્ટ ઓડિટ કોણ કરી શકે ?**

**ઉત્તર :** કમિશનર દ્વારા નામાંકિત થયેલાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કોસ્ટ એકાઉન્ટન્ટ ઓડિટ કરી શકે.

**પ્રશ્ન 25. ઓડિટ રિપોર્ટ રજૂ કરવાની કેટલી સમયમર્યાદા છે ?**

**ઉત્તર :** 90 દિવસમાં, કે લંબાવેલા વધુ 90 દિવસમાં ઓડિટરે રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

**પ્રશ્ન 26. વિશિષ્ટ ઓડિટનો ખર્ચ કોણે ભોગવવાનો રહેશે ?**

**ઉત્તર :** ઓડિટરને આપવાનો થતો ખર્ચ, ચકાસણી અને ઓડિટ માટેનું મહેનતાણું કમિશનર દ્વારા નક્કી કરવામાં આવશે અને ભોગવવામાં આવશે.

**પ્રશ્ન 27. વિશિષ્ટ ઓડિટ પછી કર સત્તાવાળાઓ કેવાં પગલાં લઈ શકે ?**

**ઉત્તર :** વિશિષ્ટ ઓડિટનાં તારણો/અવલોકનોનાં આધારે એમજીએલનાં કલમ 51માં પગલાં લઈ શકાય.

# પ્રકરણ 14

## રીફન્ડ (ધન વાપસી)

**પ્રશ્ન 1. ધન વાપસી (Refund) એટલે શું ?**

**ઉત્તર :** ધન વાપસીની ચર્ચા એમજીએલ (Model જીએસટી Law)નાં પેટા વિભાગ કલમ 38માં કરવામાં આવી છે. ધનવાપસીમાં માલ ઉપરનો કર અને / અથવા સેવા કે જે ભારત બહાર નિર્યાત કરવામાં આવી છે તે વાપસ આપવામાં આવે છે અથવા વપરાયેલ કાચી સામગ્રી પર કર અથવા મેળવેલ સેવા પર કર કે જે માલ/વસ્તુઓ/સેવા ભારત બહાર નિર્યાત કરવામાં આવે છે તે પરત આપવામાં આવે છે અથવા માન્યતા પ્રાપ્ત નિર્યાત (Deemed Expert)માં મોકલેલ વસ્તુ/માલ પરનો કર વાપસ આપવામાં આવે છે.

અથવા વણવપરાયેલ કાચા માલની સામગ્રી પરનો કર કલમ 38(2)માં દર્શાવાયા પ્રમાણે વાપસ કરવામાં આવે છે.

**પ્રશ્ન 2. કાચા માલ સામગ્રી પર ભરેલ આઈટીસી કરની વપરાયા વગરની જમા રકમની ધન વાપસી મળી શકે ?**

**ઉત્તર :** હા. પરંતુ કલમ 38(2)માં દર્શાવ્યા પ્રમાણે નીચેના સંજોગોમાં મળી શકે :

(i) નિકાસ થયેલ માલ કે જેમાં નિકાસ ભરવાનો ન થતો હોય.

(ii) સેવાની નિકાસ થતી હોય.

(iii) કાચી સામગરી પર કરનો દર વધારે હોય અને માલ પર કરનો દર ઓછો હોય તેવા સંજોગોમાં જમા રકમ સતત વધતી રહેતી હોય.

**પ્રશ્ન 3. જ્યારે માલ ભારત બહાર નિકાસ કર્યો હોય કે જેમાં નિકાસ કર લાગતો હોય, ત્યારે વપરાયેલ આઈટીસીનું ધન વાપસી (Refund) મળી શકે ?**

**ઉત્તર :** ના. (એમજીએલના કલમ 38(2)ની પેટા શરત 2 પ્રમાણે)

**પ્રશ્ન 4. નાણાકીય વર્ષનાં અંતે પડેલ માલ ઉપર આઈટીસી (Input Tax Credit)ની ધન વાપસી મળી શકે ?**

**ઉત્તર :** ના. તે આગળ લઈ જવા માટે દરખાસ્ત કરેલ છે.

**પ્રશ્ન 5. ધારો કે કરપાત્ર વ્યક્તિઓ આઇજીએસટી/સીજીએસટી/એસજીએસટીના બદલે આંતરરાજ્ય (Inter State) પુરવઠા તરીકે ભરેલ હોય અને તે વિષે પાછળથી સ્પષ્ટતા થાય, તો આ સીજીએસટી/એસજીએસટી ભૂલથી ભરેલ આઈજીએસટીમાં એડજસ્ટ કરી શકાય ?**

**ઉત્તર :** ના. તેને લાગુ પડતો ટેક્સ ભરવો પડે અને ભૂલથી ભરેલ ટેક્સનું ધન વાપસી (Refund) માટે અરજી કરવી પડે (આઈજીએસટી કલમ 30 અને કલમ 53 જીએસટી)

**પ્રશ્ન 6. રાજદૂત/એલચી અથવા યુએન (UN) દ્વારા ખરીદી કર હોય તે પર ટેક્સ લાગે કે કર માફ છે ?**

**ઉત્તર :** તે ઉપર ટેક્સ લાગુ પડશે જે પછીથી ધન વાપસી (Refund) માગી શકાશે. (યુનો અને રાજદૂત/એલચી એ Unique Identity Number લેવો પડશે. અને તે નંબરમાં કરેલ ખરીદી દર્શાવવામાં આવશે પુરવઠાકારનો જે આઉટ વર્ડ પુરવઠામાં બતાવશે અને પછી કરનું રિફન્ડ આપી શકાશે.

**પ્રશ્ન 7. ધન વાપસી (Refund) લેવા માટે સમયગાળો શું છે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 38ની સમજૂતી મુજબ સંબંધિત વ્યક્તિઓ સંબંધિત તારીખથી બે વર્ષની અંદર અરજી રજૂ કરવાની રહેશે.

**પ્રશ્ન 8. અન્યાયી વૃદ્ધિનો સિદ્ધાંત (Unjust Enrichment Principle) ધન વાપસીમાં લાગુ પડશે ?**

**ઉત્તર :** હા. સિવાય કે કલમ 38નાં પેટા વિભાગ (2)માં ઉલ્લેખ કર્યા મુજબ નિકાસ કરેલ કેસમાં કે વણવપરાયેલ આઈટીસીની 'ધન વાપસી' (Refund) હોય.

**પ્રશ્ન 9. જ્યારે ઉપભોકતાને કરનો બોજો ઉપાડવાનો થાય/ફેરબદલી થાય તેવા કેસમા ધનવાપસી (Refund) મંજુર થઈ શકે ?**

**ઉત્તર :** MSS ma translation baki che

**પ્રશ્ન 10. ધન વાપસી (Refund) મંજૂર કરવા માટે કોઈ સમયમર્યાદા છે ?**

**ઉત્તર :** હા. દરેક કેસમાં 90 દિવસની સમયમર્યાદા છે. સિવાય કે કલમ 38માં પેટા વિભાગ (4A) માં દર્શાવ્યા પ્રમાણે, અમુક પ્રકારનાં નિકાસકારોને ધનવાપસી (Refund) માં માંગેલ કુલ રકમનાં 80 ટકા સુધી ચૂકવેલ હોય. જો ધનવાપસી (Refund) 90 દિવસની અંદર મંજૂર કરવામાં ન આવે તો ખાતા દ્વારા વ્યાજ ચૂકવવું પડશે.

**પ્રશ્ન 11. ખાતા દ્વારા ધનવાપસી (Refund) અટકાવી શકાય ?**

**ઉત્તર :** હા. નીચેના સંજોગમાં ધનવાપસી (Refund) અટકાવી શકાય.

- જો નોંધાયેલ વેપારી (Registered Dealer) એ રીટર્ન (Return) ન ભરેલ હોય જ્યાં સુધી રીટર્ન ન ભરે ત્યાં સુધી.
- જો નોંધાયેલ કરપાત્ર વ્યક્તિએ કોઈ ટેક્સ, વ્યાજ કે દંડ ભરવાનો બાકી હોય અને તેના પર કોઈ કોર્ટ/Tribunal કે અપીલ અધિકારી દ્વારા જ્યાં મનાઈ હુકમ ન હોય,

જ્યાં સુધી તે ટેક્સ વ્યાજ કે દંડની ચૂકવણી ન કરે ત્યાં સુધી (યોગ્ય અધિકારી ધનવાપસી (Refund)ની આપવા લાયક રકમમાંથી નહીં ચકવેલ કર/ટેક્સ કાપી શકે છે.)

– આયુક્ત/બોર્ડ ધનવાપસી અટકાવી શકે છે. જો ધનવાપસીનો ઓર્ડરની સામે ઉપલી કોર્ટમાં અરજી કરેલ હોય અને તેઓનો મત હોય કે ધનવાપસી (Refund) મંજૂર કરવાથી ખાતાને ઉલ્ટી અસર થશે. (એમજીએલની કલમ 38(9) પ્રમાણે)

**પ્રશ્ન 12. કલમ 38 (9) મુજબ ઉપર 11 (સી)માં ચર્ચા કરેલ પ્રમાણે ધન વાપસી (Refund) અટકાયેલ હોય તેવા સંજોગમાં કરપાત્ર વ્યક્તિને વ્યાજ આપવામાં આવશે ?**

**ઉત્તર :** જો ઉપલી કોર્ટમાં કરેલ અરજ અથવા આગળની કાર્યવાહીમાં ચુકાદા મુજબ કરપાત્ર વ્યક્તિ ધનવપાસી (Refund) મેળવવા માટે હક્ક મળે/લાયક ગણાય તો તેન વ્યાજ મેળવવા માટે હક્ક છે/લાયક ગણાય.

**પ્રશ્ન 13. ધન વાપસી (Refund) માટે કોઈ ન્યુનતમ હક છે ?**

ઉત્તર : જો ધન વાપસી (Refund)ની રકમ રૂ. 1000/- કરતાં ઓછી હોય તો ધનવાપસી નહી મળી શકે. (એમજીએલનાં કલમ 38 (11))

**પ્રશ્ન 14. અગાઉનાં કાયદામાંથી ઉદભવેલ ધનવાપસી (Refund)ની ચૂકવણી કેવી રીતે કરવામાં આવશે ?**

**ઉત્તર :** અગાઉના કાયદામાંથી ઉદભવેલ ધન વાપસી (Refund)ની ચૂકવણી અગાઉનાં કાયદા પ્રમાણે કરવામાં આવશે અને તેની રોકડમાં ચૂકવણી કરવામાં આવશે (સીજીએસટી પ્રમાણે) અથવા અગાઉનાં કાયદાની જોગવાઈ પ્રમાણે (એસજીએસટી પ્રમાણે) નક્કી કરવામાં આવશે અને આઈટીસી તરીકે આપવામાં નહિ આવે. એમજીએલનાં કલમ 1556, 157 અને 158)

**પ્રશ્ન 15. દસ્તાવેજ/માહિતીની ચકાસણી કર્યા વગર ધન વાપસી (Refund)ની ચૂકવણી થઈ શકે ?**

**ઉત્તર :** અધિસુચિત વર્ગમાં આવતા વેપારી દ્વારા નિકાસ કરેલ માલ માટે 80 ટકા સુધી ધન વાપસી (Refund) ચકાસણી કર્યા પહેલા આપી શકાય. (કલમ 38 (4એ)માં દર્શાવ્યા પ્રમાણે અમુક શરતો અને નિયંત્રણને આધીન)

**પ્રશ્ન 16. નિકાસથી ઉદભવેલ ધન વાપસી (Refund)માં ધન વાપસી (Refund)ની મંજૂરી માટે બીઆરસી જરૂરી છે ?**

**ઉત્તર :** નિકાસકર્તા માટે નિકાસ કર્યાની તારીખથી એક વર્ષના સમયગાળામાં નિકાસની વિધી પૂરી કરવાની હોય છે, ત્યારે ધન વાપસી (Refund)ની અરજી કરે ત્યારે બીઆરસી કદાચ ન હોઈ શકે. પરંતુ નિકાસ કર્યાની વિધી/રકમ એડવાન્સમાં આવી ગઈ હોય

તો બીઆરસી હોઈ શકે. માટે બીઆરસીની વિગતો એક વર્ષની અંદર આપવાની શરતે અથવા આરબીઆઈ દ્વારા સમયગાળો વધાર્યો હોય તેને અનુલક્ષીને ધન વાપસી (Refund) મંજૂર થઈ શકે ડીજીએફટીનું ઇ.બીઆરસી મોડ્યુલ (માપાંક) જીએસટી મોડ્યુલ સાથે સંગઠિત કરવામાં આવશે.

તેમ છતાં, સર્વીસ (સેવા)ની નિકાસ માટે ધન વાપસી (Refund) મંજૂર કરતા પહેલા બીઆરસી જરૂરી રહેશે.

**પ્રશ્ન 17. 'અન્યાય વૃદ્ધિનો સિદ્ધાંત' (Principle of Unjust Enrichment) નિકાસ અથવા માન્ય નિકાસમાં લાગુ પડશે ?**

**ઉત્તર :** અન્યાય વૃદ્ધિનો સિદ્ધાંત વસ્તુ કે સેવાનાં પ્રત્યક્ષ નિકાસ માટે લાગુ નહિ પડે. કારણ કે લેનાર કરપાત્ર ક્ષેત્રની બહાર આવેલ છે. પરંતુ, માન્ય નિકાસ (Deemed Export)નાં કેસમાં તે લાગુ પડશે.

**પ્રશ્ન 18. 'અન્યાય વૃદ્ધિનો સિદ્ધાંત તેનાં કેસમાં લાગુ નથી પડતો' તેવું વ્યક્તિ કઈ રીતે સાબિત કરશે ?**

**ઉત્તર :** સંબંધિત વ્યક્તિઓ અરજી કરે ત્યારે તેની સાથે એવા દસ્તાવેજ અથવા સાબિતી આપવી જોઈએ જે સાબિતી કરે કે ટેક્સની રકમ અને વ્યાજ જો લાગુ પડતું હોય તો, થવા અન્ય કોઈ રકમની ચૂકવણી – જે માટે ધન વાપસી (Refund)ની માંગણી કરેલ છે – તે તેના દ્વારા બીજી કોઈ વ્યક્તિને આપવા માટે કહેલ

નથી – કલમ 38(3)(બી) અથવા તેનો બોજો બીજા વ્યક્તિ પર નાખેલ નથી.

વધુમાં કર ભરનારને રાહત આપવા માટે ઉપરોક્ત પેટા-કલમમાં જણાવેલ છે કે ધનવાપસી (Refund) જ્યારે રૂ. પાંચ લાખથી ઓછું હોય તેવા કેસમાં ફક્ત સ્વ-ઘોષણા (Self declaration) જરૂરી રહેશે.

**પ્રશ્ન 19. હાલમાં વેટ/સીએસટીના નિકાસકાર વેપારીઓ ઘોષણા પત્ર આપીને ટેક્સ ભર્યા વગર માલની ખરીદી કરી શકે છે. શું આ વ્યવસ્થા જીએસટીમાં રહેશે ?**

**ઉત્તર :** ના. જીએસટીમાં તેની કોઈ જોગવાઈ નથી. તેઓએ માલની ખરીદી ટેક્સ ભરીને કરવાની રહેશે અને કલમ 38(2)માં જણાવ્યા પ્રમાણે જમા થયેલ આઈટીસીની, ધનવાપસી (Refund) માટે અરજી કરવાની રહેશે.

**પ્રશ્ન 20. અત્યારે કેન્દ્રીય કાયદા પ્રમાણે નિકાસકારોને ટેક્સ/ડ્યુટી ભરેલી કાચી સામગ્રી લાવવાની છૂટ છે, તેના ઉપર આઈટીસી લે છે અને માલની નિકાસ ડ્યુટી ભરીને કરે છે (આઈટીસી વાપર્યા પછી) અને ત્યારબાદ નિકાસ કરેલ માલ પર ભરેલ ડ્યુટીની ધન વાપસી (Refund)ની અરજી કરે છે. શું આ વ્યવસ્થા જીએસટીમાં ચાલુ રહેશે ?**

**ઉત્તર :** જીએસટી Regime (પધ્ધતિ) મુજબ નિકાસ શૂન્ય લક્ષી (Zero-Rated) રહેશે જેનો મતલબ છે કે કાચા માલ પર ડ્યુટી ભરી હોવા છતાં કરેલ માલને કોઈ ટેક્સની જવાબદારી ભોગવવી નહિ પડે. જીએસટીમાં જમા થયેલ કાચા માલમાં તેમજ નિકાસ કરેલ માલમાં ધન વાપસી (Refund) મળી શકશે.

# પ્રકરણ 15

## માંગ અને વસૂલી (Demands and Recovery)

**પ્રશ્ન 1. ઓછા કર ભરેલ હોય, ન ભરેલ હોય, ભૂલથી વધુ પરત રહેલ હોય અથવા ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ખોટી રીતે લીધી કે ઉપયોગ કરી હોય તેવા કિસ્સાઓમાં કઈ કલમ (સેકશન) હેઠળ વસૂલી થઈ શકશે ?**

**ઉત્તર :** છેતરપીંડી / માહિતી છુપાવેલ હોય/દમન ન હોય તેવા કિસ્સાઓમાં કલમ 51એ અને જ્યાં છેતરપિંડી / દમન માહિતી છુપાવેલ / ખોટું નિવેદન હોય ત્યાં તેવા કિસ્સાઓમાં કલમ (સેકશન) 51 બી.

**પ્રશ્ન 2. શું જેને કર ભરવાનો છે તે વ્યક્તિ તેને તે માંગ (નોટીસ) મળ્યા પહેલા વ્યાજ સાથે ભરી શકે ?**

**ઉત્તર :** હા. આવા કિસ્સાઓમાં અધિકારી નોટીસની બજવણી નહી કરે.

**પ્રશ્ન 3. શું કલમ 51એ માં નોટીસ આપ્યા બાદ વ્યક્તિ તેનું ભુગતાન કરે તો તેવી કિસ્સામાં શું ન્યાય નિર્ણય (adjudiction) કરવાની જરૂર છે ?**

**ઉત્તર :** જો વ્યક્તિને કલમ 51એ(1) હેઠળ નોટીસ મળેલ હોય તે નોટીસ મળ્યાના 30 દિવસમાં પોતાનો કર અને વ્યાજ ભરી દે તો તેની પર કોઈ દંડ (Penalty) લાગશે નહી. અને તેની સામે બીજી કોઈ કાર્યવાહી થશે નહી.

**પ્રશ્ન 4. કલમ 51એ/બી માં માંગણી નોટીસ SCN (Show Cause Notice) આપવા માટે સંબંધિત તારીખ કઈ છે ?**

**ઉત્તર :** વાર્ષિક વિવરણ પત્ર (Annual Return) ભરવાની તારીખ જ્યાં આ વિવરણપત્ર સાચે જ ભરેલું હોય, અથવા ના ભરેલું હોય ત્યારે તે વિવરણ પત્ર ભરવાનું થતું હોય તે તારીખને સંબંધિત તારીખ ગણશે.

**પ્રશ્ન 5. શું કલમ 51એ/બી માં માંગણા નોટીસ (એસસીએન) અને તેનું ન્યાય નિર્ણય (Adjudication) કરવાની કોઈ સમયમર્યાદા (time limit) છે.**

**ઉત્તર :** માંગણા નોટીસ (એસસીએન) આપવા માટે કોઈ સમયમર્યાદા નથી. પરંતુ માગણા નોટીસ (એસસીએન) રાખવાની તથા તું ન્યાયનિર્ણય ત્રણ વર્ષની સમયમર્યાદા (જો કલમ 51એ) અને પાંચ વર્ષ (જો કલમ 541બી) સંબંધિત તારીખથી.

**પ્રશ્ન 6. શું કલમ 51બી માં જેને માંગા નોટીસ (એસસીએન) મળે તે પહેલા વ્યક્તિ કર અને તેનું વ્યાજ ભરી શકે ?**

**ઉત્તર :** હા. વ્યક્તિને સબ-કલમ (1) અને સબ-કલમ (2)માં દંડ, વ્યાજ અને 15 ટકા દંડ ભરવાનો વિકલ્પ મળે છે. જે પોતાની વ્યક્તિગત આકારણીથી કે સંબંધિત અધિકારીના કહેવાથી ભરાયેલ હોય તો તેને આ કરની નોટીસ આપવામાં નહી આવે.

**પ્રશ્ન 7. શું કલમ 51બી માં માંગણા નોટીસ (એસસીએન) આપ્યા બાદ જો વ્યક્તિ તેનું ભુગતાન કરે તો તે નોટીસનું ન્યાય નિર્ધારણ (Adjudication) કરવું જરૂરી છે ?**

**ઉત્તર :** ના. કર, વ્યાજ અને દંડ ભરી દીધેલ હશે તો જે વ્યક્તિને સબ કલમ (1)માં નોટીસ મળેલી છે તે પોતાનો કર, વ્યાજ અને 25% Penalty જો નોટીસ મળ્યાના ત્રીસ દિવસમાં ભરી દે તો નોટીસની કાર્યવાહી પુરી થયેલી ગણાશે.

**પ્રશ્ન 8. જો કલમ 51બીમાં નોટીસને ન્યાયનિર્ણય કર્યા બાદ કર અને દંડ લાદવામાં આવે ત્યારબાદ શું વ્યક્તિને તેવા કિસ્સામાં દંડ ઘટાડાનો લાભ મળે ?**

**ઉત્તર :** હા. તેણે ઓર્ડર મળ્યાના ત્રીસ દિવસમાં કર/વ્યાજ અને 50% દંડ ભરી દવો જોઈએ. જ્યારે ઓર્ડર કલમ 51બી(6) માં આપવામાં આવ્યો હોય તો વ્યક્તિએ કર/વ્યાજ અને 50% દંડ (નિર્ધારીત કરનો) ત્રીસ દિવસમાં ભરી દે તો કાર્યવાહી પુરી થયેલ ગણાશે.

**પ્રશ્ન 9. જો કલમ 51એ (ત્રણ વર્ષ) અને કલમ (51બી) (પાંચ વર્ષ)માં નોટીસ આપવામાં આવેલ હોય પણ તેનો ઓર્ડર થયો ન હોય તેવા કિસ્સામાં શું થશે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી લો (એમજીએલ) અંતર્ગત આવા કિસ્સાઓમાં તેનું ન્યાયનિર્ધારણ પ્રક્રિયા પુરી થઈ ગયેલ ગણાશે કલમ 51એ(7) માં ત્રણ વર્ષની મુદત અને કલમ 51બી(7)માં પાંચ વર્ષની મુદત અપાયેલ છે.

**પ્રશ્ન 10. એવા કિસ્સાઓમાં શું થશે જ્યાં વ્યક્તિએ પોતે કર એકઠો કરેલ હશે પણ સરકારમાં જમા નહી કરાવ્યો હોય ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદો (એમજીએલ)ના કલમ 52 પ્રમાણે, કોઈ વ્યક્તિએ જો બીજી વ્યક્તિ પાસેથી કરના રૂપમાં એકઠી/ભેગી કરેલી હશે તો તેણે કેન્દ્ર કે રાજ્ય સરકારમાં જમાં કરાવવી જરૂરી છે. ભલે તે પરવઠો કરપાત્ર હોય કે નહિ.

**પ્રશ્ન 11. જો વ્યક્તિ એકઠો કરેલો કર સેકસન 52 પ્રમાણે જમા ના કરાવે તો તેની સામે કઈ કાર્યવાહી થશે ?**

**ઉત્તર :** તેને નોટીસ આપવામાં આવશે. કુદરતી ન્યાય પ્રક્રિયાનું પાલન કરીને તેને ઓર્ડર આપવામાં આવશે. આવો ઓર્ડર, નોટીસ આપ્યાની તારીખથી એક વર્ષમાં ચોક્કસપણે આપવો પડશે. પરંતુ તેની માંગણા નોટીસ (એસસીએન) આપવા માટે કોઈ

તારીખ/સમયમર્યાદા નક્કી કરેલ નથી. આમ આવા કિસ્સાઓમાં કર, દસ વર્ષ બાદ પણ વસુલી શકાશે.

**પ્રશ્ન 12. જો કર એકઠો કરેલો હોય પણ જમા કરાવેલ ના હોય તો કલમ 52માં માગણા નોટીસ (એસસીએન) આપવાની કોઈ સમયમર્યાદા નિર્ધારીત કરેલ છે ?**

**ઉત્તર :** ના. આવી કોઈ સમયમર્યાદા નથી. આવા કિસ્સામાં જાણ થયા બાદ ક્યારેય પણ નોટીસ આપી શકાય છે. પરંતુ નોટીસ આપ્યા બાદ એક વર્ષમાં તેનું ન્યાયનિર્ધારણ કરવું જરૂરી છે.

**પ્રશ્ન 13. સંબંધિત અધિકારી પાસે વસૂલી માટે કયા રસ્તાઓ છે ?**

**ઉત્તર :** નીચે દર્શાવેલા રસ્તા ઉપર સંબંધિત અધિકાર દ્વારા વસુલી માટે કાર્યવાહી થઈ શકશે.

(a) સંબંધિત કે નિયુક્ત અધિકારી તેને કરવામાં આવતી ચુકવણીમાંથી વસુલી લેશે અથવા તેન મળવાપાત્ર રકમ ત્રાહિત વ્યક્તિ પાસેથી પણ લઈ શકશે.

(b) સંબંધિત અધિકારી કે કોઈ ચોકક્સ અધિકારી/નિયુક્ત અધિકારી આવી વ્યક્તિની માલિકના માલને અટકાયત કરીને અને પછી વેચીને પણ વસુલી કરી શકશે.

(c) સંબંધિત અધિકારી, લેખિતમાં નોટીસ આપીને, વ્યક્તિ પાસેથી કર/વસુલ કરવાના નાણા તે વ્યક્તિને અન્ય વ્યક્તિ પાસેથી

મળવાપાત્ર નાણામાંથી વસુલીને કેન્દ્ર કે રાજ્ય સરકારમાં જમા કરાવશે.

(d) સંબંધિત અધિકારી કે નિયુક્ત અધિકારી કે જેને સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ છે તે સ્થાવર કે જંગમ મિલકતને ટાંચમાં લઈ શકે છે. જ્યાં સુધી નાણાની ચુકવણી ન થઈ જાય, તો આવું કર્યા પછી 30 દિવસ સુધી પછી પણ જો ચુકવણી બાકી રહે તો આ મિલકતોને વેચી શકાશે. અને કાર્યવાહી દરમ્યાન ઉપજેલ રકમમાંથી બાકી રકમ કે બાકી રહેતી રકમનું ભુગતાન થશે.

(e) સંબંધિત અધિકારી, ડિસ્ટ્રીક્ટ કલેકટરને બાકી રહેલી રકમ વસુલીનું પ્રમાણપત્ર આપશે/મોકલશે જેથી તેની મિલકત, ઘર અને ધંધામાંથી તેની વસુલાત થઈ શકે. (જમીન મહેસૂલની જેમ)

**પ્રશ્ન 14. શું સંબંધિત અધિકારી બાકી કરના હપ્તા કરી શકશે ?**

**ઉત્તર :** હા. સ્વ આકારણી સિવાયના કિસ્સાઓમાં કમિશ્નર/ચીફ કમિશ્નર, 24 થી વધુ નહિ તેવા માસિક હપ્તામાં (વ્યાજ સાથે) જરૂરી કાળજી અને પ્રતિબંધ સાથે કલમ 36માં ભુગતાન કરાવી શકશે. પરંતુ જો કોઈ પણ હપ્તો ભરવામાં ચુક થાય તો બાકી ભરવા નીકળતી રકમ તુરતજ લેણા રકમ બનશે. જેના માટે કોઈ માગણા નોટીસ (એસસીએન) આપવાની રહેશે નહી.

**પ્રશ્ન 15. એવા કિસ્સાઓમાં શું થશે જેમાં કર માંગ અપીલ/ પુનરાવર્તન (Appeal / Revision) દરમ્યાન વધારવામાં આવેલ હોય ?**

**ઉત્તર :** કોઈ પણ વધારેલ કર માંગણી માટે નોટીસ આપવી જરૂરી છે. અપીલ/રિવીઝનની કાર્યવાહી પહેલાની નિશ્ચિત કર માગણી અમલમાં રહેશે.

**પ્રશ્ન 16. જેની પર કર જવાબદારી છે તે વ્યક્તિ જો પોતાનો બિઝનેસ/ ધંધો જો બીજાને વેચી દે તો કર માગણીનું શું થશે ?**

**ઉત્તર :** જ્યારે કર જવાબદારીવાળી વ્યક્તિ પોતાનો બિઝનેસ વેચાણ/ ભાડે/ભેટ કે બીજી કોઈ રીતે સંપૂર્ણ કે ટુકડા/ભાગમાં આપવામાં આવે તો જેન બીઝનેસ આપવામાં આવ્યો છે, તેની સંયુક્ત અને વ્યક્તિગત રૂપે કર, વ્યાજ અને દંડની જવાબદારી બને છે. જ્યાં સુધી બિઝનેસ ટ્રાન્સફર થયો હોય ત્યાં સુધી આકારણી પહેલા નક્કી થઈ હોય કે પછી કે ચુકવણી બાકી હોય કે આકારણી બાકી હોય.

**પ્રશ્ન 17. જ્યારે કોઈ કંપની (કરપાત્ર વ્યક્તિ) ફડચામાં જાય ત્યારે કર જવાબદારીનું શું થશે ?**

**ઉત્તર :** જો કોઈ કંપની ફડચામાં જાય કે સંકેલી લેવાય તે પહેલા કે પછીનો કર જવાબદારી બચેલી લેણા બાકી નીકળતા હોય તો તે

કંપનીના ડાયરેક્ટર પાસે વસુલી સંયુક્ત કે વ્યક્તિગત રીતે કરી શકાય. જો તે કમીશ્નર/આયુક્તને સમજાવામાં સફળ થાય કે તે તેની કર જવાબદારી તેની કોઈ ત્રુટી કે અજાણતાથી નથી થઈ. તો તે આવા જવાદારીમાંથી બચી શકે છે.

**પ્રશ્ન 18. ભાગીદારી પેઢી (Partnership firm)માં ભાગીદારની બાકી કરની જવાબદારી કેટલી રહેશે ?**

**ઉત્તર :** ભાગીદારો, ભાગીદાર કંપની/firmની કર/વ્યાજ/ની દંડની જવાબદારીમાં સંયુક્ત અને વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે પેઢીના ભાગીદારો, કમીશ્નર/આયુક્તને લેખિતમાં તેના નિવૃત્તિની જાણ કરશે જેથી તેની નિવૃત્તિ તારીખ સુધી તેની જવાબદારી નક્કી થઈ શકે. જો નિવૃત્ત થવાના એક મહિના સુધી ભાગીદાર જો આયુક્ત/Commission/ કમીશનને જાણ પત્ર ન આપે તો જાણ પત્ર આપ્યા સુધી તેની જવાબદારી રહેશે.

**પ્રશ્ન 19. જો કોઈ બાળક બિઝનેસ/ધંધો તેના કોઈ વાલીવારસ/ટ્રસ્ટી કે તેના કોઈ એજન્ટ દ્વારા ચલાવતો હોય તો કરની જવાબદારી કોની રહેશે ?**

**ઉત્તર :** જ્યારે કોઈ બાળકનો બિઝનેસ વાલી/ટ્રસ્ટી/એજન્ટ દ્વારા ચલાવવામાં આવતો હોય ત્યારે બાળક/અશક્તનો લાભ મળશે અને કર વ્યાજ અને દંડની જવાબદારી જે તે વાલી/ટ્રસ્ટી/એજન્ટની રહેશે.

**પ્રશ્ન 20. જ્યારે કરપાત્ર વ્યક્તિની મિલકત કોઈ વાલી અદાલત (Court of Wards)ની નિયંત્રણમાં હોય તો શું થશે ?**

**ઉત્તર :** જો કોઈ કરપાત્ર વ્યક્તિની મિલકત (કે જેની પર કોઈ કર, વ્યાજ કે પેનલ્ટી/દંડ ભરવાનો બાકી છે તે) વાલી અદાલત Court of Wards/Administrator/નિયંત્રક/ટ્રસ્ટી/રીસીવર/મેનેજરના નિયંત્રણમાં હોય તો તે કર/વ્યાજ/દંડ તે કોર્ટ ઓફ વોર્ડ/ એડમીનીસ્ટ્રેટર /નિયંત્રક/ ટ્રસ્ટી/રીસીવર/મેનેજર તે માટે જવાબદાર રહેશે અને તેઓની પાસેથી વસુલી શકાશે, જેવ રીતે કરપાત્ર વ્યક્તિ પાસેથી કર, વ્યાજ અને દંડની રકમ વસુલવામાં આવે છે.

# પ્રકરણ 16

# જીએસટીમાં અપીલ, રીવ્યુ અને રિવીઝન

# (Appeals, Review and Revision in GST)

**પ્રશ્ન 1. જો કોઈ વ્યક્તિને તેના મળેલા ઓર્ડર સામે (Appeal) અપીલ કરવાનો અધિકાર છે ?**

**ઉત્તર :** હા. કોઈ પણ વ્યક્તિ તેના મળેલા ઓર્ડરથી જો નાખુશ (Aggrieved) હોય તો તેને આગળ અપીલ કરવાનો અધિકાર છે. આ ઓર્ડર Adjudicting Authority ન્યાયનિર્ણય કર્તા અધિકારીનો હોવો જોઈએ. પરંતુ આવા નિર્ણયો અથવા ઓર્ડર (કલમ 93માં સમાવેલ) ને લાગુ પડતું નથી.

**પ્રશ્ન 2. શું સીજીએસટીના કમિશ્નર/આયુક્તને પોતાનો જ ઓર્ડર Legal & proper/યોગ્ય અને કાનૂની ન લાગે તો તેનું પુર્નઅવલોકન કરી શકશે ?**

**ઉત્તર :** ના. સીજીએસટીના કમિશ્નર પોતાનો ઓર્ડર બદલી શકતા નથી. મોડલ જીએસટી કાયદામાં, સીજીએસટી અને એસજીએસટી માટે અલગ અલગ પ્રાવધાન/જોગવાઈ છે. સીજીએસટીમાં કલમ 79(2) પ્રમાણે સીજીએસટીના કમિશ્નર જો કોઈ પોતાનાથી નીચેના

અધિકારીનો ઓર્ડર legal અને proper/કાનુની અને યોગ્ય ન લાગે તો જીએસટી અધિકારીને તે ઓર્ડર સાથે પ્રથમ એપેલેટ સત્તા (FAA)ને અપીલ કરવા જણાવે છે. તેની આ અરજી અપીલ ગણાશે.

**પ્રશ્ન 3. પ્રથમ અપીલ અધિકારીને અપીલ કરવાના સમયની સમયમર્યાદા શું છે ?**

**ઉત્તર :** ઓર્ડર મળ્યાના ત્રણ મહિના એ સમયમર્યાદા છે.

**પ્રશ્ન 4. શું સીજીએસટીના કમિશ્નરના ઓર્ડરની સામે અપીલ/અરજી કરવા માટે પણ સરકારી વિભાગને પણ સમયમર્યાદા લાગુ પડે છે ?**

**ઉત્તર :** હા. આવી અરજીને પણ આ જ અપીલના કાયદાઓ લાગુ પડે છે.

**પ્રશ્ન 5. શું પ્રથમ એપેલેટ સત્તાને અપીલ ફાઇલ કરવામાં વિલંબ થાય તો માફ કરવાની સત્તા છે.**

**ઉત્તર :** હા. તે એક મહિના સુધીનો વિલંબ એટલે કે 3 + 1 માફ કરી શકે છે. પરંતુ તે માટે પુરતા કારણો કલમ 79(4) પ્રમાણે જણાવવા જોઈશે.

**પ્રશ્ન 6. શું પ્રથમ એપેલેટ સત્તા, અપીલ મેમોમાં જણાવેલ કારણો સિવાયના વધારાના કારણોને સમાવેશ કરવાની સત્તા છે.**

**ઉત્તર :** હા. જો તેમને લાગે કે વધારાના કારણો ગેરવ્યાજબી કે ભૂલથી સમાવેશ કરવામાં આવ્યો નથી.

**પ્રશ્ન 7. પ્રથમ એપેલેટ સત્તા પોતાનો ઓર્ડર ખાસ કરીને કોને આપશે ?**

**ઉત્તર :** પ્રથમ એપેલેટ સત્તા પોતાના પાસ કરેલા ઓર્ડરની કોપી અપીલકર્તા (appellant) અને ન્યાયનિર્ણય કરનાર અધિકારી (Adjudication authority) અને CGXZT & એસજીએસટીના ક્ષેત્ર અધિકારીને અપાશે.

**પ્રશ્ન 8. દરેક અપીલ સાથે કેટલી પ્રીડિપોઝીટ તારવી ફરજીયાત છે ?**

**ઉત્તર :** વિવાહિત રકમના 10% ( એસજીએસટી માટે અલગથી પ્રાવધાન છે. પ્રશ્ન 12 & 13 જુઓ)

**પ્રશ્ન 9. વિવાહીત રકમ શું છે ?**

**ઉત્તર :** કલમ 79(6) મોડેલ જીએસટી કાયદાનાં આપેલ સ્પષ્ટીકરણ પ્રમાણે વિવાહિત રકમમાં નીચેના સામેલ છે.

**પ્રશ્ન 10. પ્રથમ એપેલેટ સત્તા શું તેના ઓર્ડરમાં કર/દંડ વગેરેને વધારી કે વાપસી થવા (Refund)/આઈટીસી ઇનપુટ ટેક્સ ક્રેડિટને ઘટાડી શકે છે ?**

**ઉત્તર :** એફએએ – પ્રથમ એપેલેટ સત્તાને આ સત્તા મળી છે કે દંડ/જપ્તીની અવેજીનો દંડ/વગેરેને વધારી શકે છે. વાપસી દાવા/આઈટીસીને ઘટાડી શકે. જેમાં અપીલકર્તાએ વ્યાજબી કારણો જણાવવા જરૂરી છે. (એકરૂપી 79(10))

કર જવાબદારી વધારવી કે ગેરવ્યાજબી લીધેલી આઈટીસી ઘટાડવી જેમા કામ, એફએએ માત્ર જરૂરી કારણ બતાઓ સૂચના (એસીએન) આપીને કરી શકશે અને તે પણ કલમ 51માં આપેલી સમયમર્યાદાનું પાલન કરીને (સેક્શન 79(10) ના બીજા પ્રોવીઝન પ્રમાણે.)

**પ્રશ્ન 11. (માત્ર એસજીએસટી કાયદા માટે) એસજીએસટી માટે પ્રથમ અપીલ અધિકારી સામે અપીલ કરવા માટે કેટલી રકમના પ્રી-ડિપોઝીટ કરવું આવશ્યક છે ?**

**ઉત્તર :** વિવાહીત રકમના 10% રકમ, અપીલ ફાઇલ કર્યા પહેલા જમા કરાવવા જરૂરી છે. સીજીએસટી અને એસજીએસટીમાં આ કાયદો સામાન્ય છે. પરંતુ એસજીએસટાં 10% રકમ ઉપરાંત અપીલકર્તા દ્વારા સ્વનિર્ધારીત કુલ કર/દંડ/વ્યાજની રકમ પણ જમા કરાવવી જરૂરી છે.

વધુમાં જો એસજીએસટી કમિશ્નર/આયુક્ત ને કોઈ કેસ/વિવાહ ગંભીર પ્રકારનો લાગે તો સરકારી વિભાગ એફએએને પ્રિ-ડિપોઝીટની રકમ 50% સુધી વધારવાની સૂચના આપી શકે છે.

**પ્રશ્ન 12. (માત્ર એસજીએસટી કાયદા માટે) ગંભીર પ્રકાર (Serious Case)નો અર્થ શું લઈ શકાય ?**

**ઉત્તર :** જે વિવાદમાં કર વિવાદની જવાબદારી રૂપિયા 25 કરોડથી ઓછી ન હોય અને એસજીએસટીના કમિશ્નર (લેખિત કારણો સાથે) એં માનતા હોય કે કરપાત્ર વ્યક્તિ સાથે આ મજબૂત કેસ (વિવાદ) છે.

**પ્રશ્ન 13. શું એસજીએસટીના કમિશ્નર તેના નીચલા અધિકારીના ઓર્ડરને બદલી શકે છે.**

**ઉત્તર :** હા. કલમ 80(1) એસજીએસટીના પ્રમાણે કમિશ્નર કોઈ પણ નીચલા અધિકારી દ્વારા પારીત ઓર્ડર મંગાવીને જાંચ કરી શકે છે અને જો તે ગેરવ્યાજબી લાગે કે સરકારની વિરુદ્ધ લાગે તો તે ઓટીસીને જણાવીને બદલી શકે છે.

**પ્રશ્ન 14. શું એસજીએસટીના કમિશ્નર તેના નીચલા અધિકારી દ્વારા પારીત ઓર્ડર ઉપર સ્ટે આપી શકે છે ?**

**ઉત્તર :** હા.

**પ્રશ્ન 15. શું એસજીએસટીમાં કમિશ્નરને તેના નીચલા અધિકારી દ્વરા પારીત ઓર્ડરને રીવાઇઝ/સુધારો કરવાનો કાયદાકીય અધિકારમાં અંકુશ આપેલ છે ?**

**ઉત્તર :** હા.

નીચેના સંજોગોમાં કમિશ્નર ઓર્ડરમાં સુધારો કરી શકશે નહી.

(a) જો તે ઓર્ડર કલમ 79/80/87/88 મુજબ અપીલકારક હોય.

(b) ત્રણ વર્ષથી વધુનો સમયગાળા બાદ જો તેને સુધારાકારક લાગે તો.

આ માટે વધુ અંકુશો માટે મોડેલ જીએસટી કાયદો (એમજીએલ)ના કલમ 80 પણ જુઓ.

**પ્રશ્ન 16. ક્યારે ટ્રીબ્યુનલ (Tribunal/પંચ)ને અપીલ દાખલ/સ્વીકાર નરહિ કરવાની સત્તા છે ?**

**ઉત્તર :** જ્યારે અપીલમાં

- કરની રકમ,
- આઈટીસી
- રકમમાં વિવાદ,
- આઈટીસીમાં વિવાદની રકમ અથવા
- દંડની રકમ,
- ફીની રકમ

જો રૂપિયા 10,000/- કરતા ઓછી હોય તો, ટ્રીબ્યુનલ અપીલ દાખલ કરવા/સ્વીકારવાની ના પાડી શકે છે. (કલમ 82(2) એમજીએલ)

**પ્રશ્ન 17. અપીલ ફાઇલ/દાખલ કરવા માટે ટ્રીબ્યુનલમાં શું સમયમર્યાદા છે ?**

**ઉત્તર :** જે ઓર્ડર સામે અપીલ ફાઇલ કરવાની છે તે મળ્યાના ત્રણ મહિનાની અંદર

**પ્રશ્ન 18. શું ટ્રીબ્યુનલ અપીલ દાખલ કરવામાં થયેલા વિલંબને માફ કરી શકે છે (તે પણ ત્રણ મહિનાથી વધુ) અને જો હા તો કેટલા સમય સુધી ?**

**ઉત્તર :** હા. જો જરુરી વિલંબના કારણો બતાવવામાં આવે તો ટ્રીબ્યુનલ કોઈ પણ સમય માટે વિલંબના કારણો માફ કરી શકે છે.

**પ્રશ્ન 19. ટ્રીબ્યુનલમાં વાંધા અરજી (Cross objection) દાખલ કરવા માટે કેટલી સમય મર્યાદા છે.**

**ઉત્તર :** ઓર્ડર મળ્યાના 45 દિવસની.

**પ્રશ્ન 20. Tribunal માટે સીજીએસટી અને એસજીએસટીમાં અપીલ પ્રાવધાનોમાં શું ફરજ છે ?**

**ઉત્તર :** (i) એસજીએસટીના સેક્શન કરના પ્રાવધાનો સીજીએસટીના કલમ 82ના પ્રાવધાનો પ્રમાણે કોઈપણ વ્યક્તિ જે ઓર્ડરથી સંતુષ્ટ નથી તે એફએએને અપીલ કરી શકે છે. આમ સરખા

પ્રાવધાનો છે.

(ii) આ સિવાયના પ્રાવધાનોમાં એસજીએસટીના કલમ 82 માં એ અપીલનો સમાવેશ કરેલ છે જેમાં કમિશ્નરે તેના ઓર્ડરમાં સુધારો દાખલ કર્યો હોય.

(iii) પરંતુ સહકાર વિરુદ્ધના ઓર્ડર પર એફએએ અપીલના પ્રાવધાનો એસજીએસટીના કાયદામાં નથી. જ્યારે એસજીએસટી કમીશ્નરના સુધારા ઓર્ડરને સામેલ કરાયેલ છે.

(iv) આ ઉપરાંત એસજીએસટી કાયદા પ્રમાણે કરપાત્ર વ્યક્તિને પોતે સ્વનિર્ધારિત કરેલ કર/વ્યાજ/દંડ વગેરે પણ પ્રી-ડિપોઝીટ કરવા જરૂરી છે.

**પ્રશ્ન 21. શું ડિપોઝીટ કરેલી રકમ જ્યારે રીફંડ કરવાની હોય ત્યારે વ્યાજ આપવું જરૂરી છે ?**

**ઉત્તર :** હા. મોડેલ જીએસટી કાયદા (એમજીએલ)ના કલમ 85 પ્રમાણે જે કોઈ પણ રકમ કલમ 79(6)/(4) કે કલમ 82 (10) (7) અંતર્ગત કરપાત્ર વ્યક્તિએ ભરેલ હોય અને (એફએએ કે Tribunal) પ્રથમ એપેલેટ સત્તા કે ટ્રીબ્યુનલના) ઓર્ડરથી પરત (Refund) કરવાની હોય તો કલમ 39માં જણાવેલ રેટથી વ્યાજની ચૂકવણી કરવી જરૂરી છ. રકમ જમા કર્યા તારીખથી રકમ ચૂકવણા તારીખ સુધી.

**પ્રશ્ન 22. ટ્રીબ્યુનલના ઓર્ડર સામે અપીલ ક્યાં કરવી જોઈએ ?**

**ઉત્તર :** હાઇકોર્ટ, જો હાઇકોર્ટને લાગે કે આમા કોઈ કાયદાકીય પ્રશ્ન (Question of law)નો સમાવેશ થયેલ છે. પરંતુ જ્યારે ટ્રીબ્યુનલના ઓર્ડર કે જેમાં બે કે તેથી વધુ રાજ્યો કે કેન્દ્ર અને રાજ્યો કે જેમના અલગ અલગ જોગવાઈ થઈ હોય તો કે પ્લેસ ઓફ સપ્લાય, આંતર રાજ્ય, વગેરે હોય તો હાઇકોર્ટને બદલે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવી.

**પ્રશ્ન 23. હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા માટે શું સમયમર્યાદા છે ?**

**ઉત્તર :** 180 દિવસ. જે ઓર્ડરની સામે અપીલ કરવાની છે તે મળ્યાના 180 દિવસમાં. પરંતુ હાઇકોર્ટ પાસે તેને વિલંબથી સ્વીકારવાના રસ્તા છે જો તે માટે પુરતા વ્યાજબી કારણો બતાવવામાં આવે તો.

# પ્રકરણ 17

## એડવાન્સ રૂલીંગ (Advance Ruling)

**પ્રશ્ન 1. એડવાન્સ રૂલીંગનો અર્થ શું છે ?**

**ઉત્તર :** મોડલ કેન્દ્રીય માલ અને સવા કર / રાજ્ય માલ અને સેવા કરની કલમ 94 મુજબ એડવાન્સ રૂલીંગ એટલે કાયદાની કલમ 97 અને તેની સંબંધિત અપીલ (કલમ 99)ના સંદર્ભમાં અરજદાર દ્વારા કરવામાં આવેલ વિષય સંબંધી પ્રશ્નો ઉપર સત્તા દ્વારા આપવામાં આવેલ લેખીત નિર્ણય.

**પ્રશ્ન 2. કલમ 97 મુજબ કયા કયા વિષયોમાં એડવાન્સ રૂલીંગ માંગી શકાય ?**

**ઉત્તર :** એડવાન્સ રૂલીંગ નીચેનાં વિષયો ઉપર માંગી શકાય.

(i) કાયદા મુજબ કોઈપણ માલ અથવા સેવાનું વર્ગીકરણ.

(ii) કાયદાની જોગવાઈઓ મુજબ કરનાં દર સંબંધી નોટીફીકેશન (અધિસૂચના) એપ્લીકેબીલીટી (લાગુ કરવા માટે).

(iii) કાયદાની સૈદ્ધાંતિક જોગવાઈઓ હેઠળ માલ અથવા સેવાઓ કિંમત નિર્ધારણ હેતુ માટે અપનાવી શકાય છે.

(iv) ચૂકવેલા કર અથવા માનવામાં આવેલ (deemed)

ચૂકવેલા કરની મળવાપાત્ર ઈનપુટ ટેક્ષ ક્રેડીટ.

(v) કાયદા હેઠળ કોઈ માલ કે સેવાઓ પર કર ચૂકવણીની જવાબદારીનો નિર્ણય.

(vi) કાયદા હેઠળ અરજદારે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે કે કેમ ?

(vii) કોઈ અરજદાર દ્વારા માલ કે સેવાઓ સંબંધિત કોઈ ખાસ પ્રક્રિયા કરેલી હોય તો તે કાયદાનાં અર્થ મુજબ માલ કે સેવાઓનો સપ્લાય (પુરવઠો) કહેવાશે કે નહીં ?

**પ્રશ્ન 3. એડવાન્સ રૂલીંગ પદ્ધતિનો ઉદ્દેશ્ય શું છે ?**

**ઉત્તર :** એક સત્તા સ્થાપવા માટે વ્યાપક ઉદ્દેશ્ય છે જેમ કે.

(a) એક સૂચિત પ્રવૃત્તિ સંબંધમાં એડવાન્સ ટેક્ષ જવાબદારીની નિશ્ચિતતા અરજદાર દ્વારા પુરી પાડવામાં આવે.

(b) સીધા વિદેશી રોકાણ (FDI) આકર્ષવા.

(c) મુકદ્દમા ઘટાડવા અથવા કાયદાકીય વિવાદો ઘટાડવા

(d) પારદર્શક અને સસ્તી રીતે ઝડપથી ચૂકાદાની જાહેરાત

**પ્રશ્ન 4. જીએસટી હેઠળ એડવાન્સી રૂલિંગ સત્તાન રચના શું હશે ?**

**ઉત્તર :** એડવાન્સ રૂલીંગ (સત્તા)માં એક સભ્ય સીજીએસટી અને અને એક સભ્ય એસજીએસટીનાં રહેશે. તેમની નિમણૂંક અનુક્રમે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ક્રમશ: કરશે. નિમણુંક માટે તેમની

લાયકાત અને યોગ્યતા સ્થિતિ મોડલ જીએસટી નિયમોના નિયમ 95માં નક્કી કરાશે.

**પ્રશ્ન 5. એડવાન્સ રૂલિંગ માટે એપેલેટ ઓથોરીટી શું છે અને તેની રચના શું હશે ?**

**ઉત્તર** : એડવાન્સ રૂલીંગની એપેલેટ ઓથોરીટી, એડવાન્સ રૂલીંગ દ્વારા આપવામાં આવેલ રલીંગ સામેની અપીલ સાંભળશે. આની રચનામાં બે સભ્ય જેમ કે એક સભ્ય સીજીએસટી મુખ્ય આયુક્ત કે જે CBEC દ્વારા પદઆધારિત હશે અને એસજીએસટી નાં આયુક્ત કે જેમનું અરજકર્તા ઉપર કાર્યક્ષેત્ર હશે.

**પ્રશ્ન 6. જીએસટીમાં એડવાન્સ રૂલીંગ અને એપેલેટ એડવાન્સ રૂલીંગની રચના કેવી હશે ?**

**ઉત્તર :** દરેક રાજ્ય માટે એક એડવાન્સ રૂલીંગ ઓથોરીટી અને એક એપેલેટ એડવાન્સ રૂલીંગ ઓથોરીટી હશે. આ રચના કલમ 95 અને 96 પ્રમાણે થશે.

**પ્રશ્ન 7. એડવાન્સ રૂલીંગ કોને લાગુ પડશે ?**

**ઉત્તર :** કલમ 102 મુજબ એડવાન્સ રૂલીંગ કે એપેલેટ એડવાન્સ રૂલીંગ દ્વારા આપાવમાં આવેલ નિર્ણય ફક્ત અરજદારને બંધનકર્તા રહેશે અને અરજદારનાં ક્ષેત્રાધિકારની ટેક્ષ ઓથોરીટીને પણ બંધનકર્તા રહેશે. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે રાજ્યમાં અન્ય

સમાન કરદાતાને એડવાન્સ રૂલીંગ લાગુ પડશે નહીં. આ તેને જ લાગુ પડશે જેણે એડવાન્સ રૂલીંગમાં અરજી કરી હશે.

**પ્રશ્ન 8. એડવાન્સ રૂલીંગ લાગુ કરવાની સમય મર્યાદા શું છે ?**

**ઉત્તર :** કાયદામાં રૂલીંગ લાગુ કરવાની કોઈ ચોક્કસ સમય મર્યાદાની જોગવાઈ કરવામાં આવી નથી. છતાં પણ કલમ 102 અંતર્ગત એવી જોગવાઈ છે કે જ્યાં સુધી કાયદો, હકીકતો અને સંજોગો બદલાય ત્યાં સુધી બંધનકર્તા રહેશે.

**પ્રશ્ન 9. આપવામાં આવેલ એડવાન્સ રૂલીંગ રદ થઈ શકે ?**

**ઉત્તર :** કલમ 103 મુજબ એડવાન્સ રૂલીંગ મૂળથી રદબાતલ ગણાશે જો તે એડવાન્સ રૂલીંગ અને એપેલેટ એડવાન્સ રૂલીંગ ઓથોરીટીને એમ લાગે કે તે અરજદારે આ એડવાન્સ રૂલીંગ છેતરપીંડી, તથ્યો છુપાવીને અથવા તથ્યો ખોટી રીતે રજુ કરીને મેળવેલ હોય.

આવી પરિસ્થિતિઓમાં, સીજીએસટી/સીજીએસટી કાયાદની બધી જોગવાઈઓ અરજદાર માટે લાગુ પડસે જેમ કે એડવાન્સ રૂલીંગ થયું જ નથી કે કરવામાં આવ્યું જ નથી (પણ જ્યારે એડવાન્સ રૂલીંગ રદ કરતો ઓર્ડર કરવામાં આવે ત્યાં સુધીનો સમયગાળો આમાંથી બાકાત રહેશે). એડવાન્સ રૂલીંગનાં ઓર્ડરને રદ કરતો ઓર્ડર અરજદારને સાંભળ્યા પછીથી જ પાસ કરી શકાશે.

**પ્રશ્ન 10. એડવાન્સ રૂલીંગ મેળવવાની પ્રક્રિયા શું છે ?**

**ઉત્તર :** કલમ 97 અને 98 એડવાન્સ રૂલીંગ મેળવવાની પ્રક્રિયા વિષે છે. કલમ 97 પ્રમાણે એડવાન્સ રૂલીંગનાં ઇચ્છુક અરજદારે નિયત ફોર્મ અને યોગ્ય રીતે એએઆર ને અરજી કરવાની રહેશે. મોડલ જીએસટી નિયમોમાં ફોર્મ તથા તેની વિગતવાર પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવશે.

કલમ 98માં એડવાન્સ રૂલીંગ માટે અરજી કરવાની પ્રક્રિયાની જોગવાઈ કરેલ છે. એએઆર અરજીની નકલ જે તે ક્ષેત્રનાં અધિકારીને મોકલશે અને સંબંધિત રેકોર્ડ મંગાવશે. ત્યારબાદ એએઆર રેકોર્ડ અને અરજીનું નિરીક્ષણ કરશે અને જરૂર ગણાશે તો અરજદારને સાંભળશે. ત્યાર બાદ એએઆર અરજીનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતો આદેશ કરશે.

**પ્રશ્ન 11. કયા સંજોગોમાં એડવાન્સ રૂલીંગની અરજી ફરજીયાતપણે ફગાવી નાખવામાં આવશે ?**

**ઉત્તર :** કલમ 98(2) માં નિયત કરેલ સંજોગોમાં અરજી ફરજીયાતપણે રદ કરવામાં આવશે : જે નીચે પ્રમાણે દર્શાવેલ છે.

(i) જો અરજમાંનો પ્રશ્ન, પ્રથમ એપેલેટ ઓથોરટી, એપેલેટ ટ્રીબ્યુનલ અથવા કોઈ કોર્ટમાં અરજદારાં કેસમાં બાકી હશે.

(ii) જો અરજીમાંનો જેવો સમાન પ્રશ્ન પ્રથમ એપેલેટ ઓથોરીટી, એપેલેટ ટ્રીબ્યુનલ કે કોઈ કોર્ટમાં પહેલેથી જ નિર્ણિત થયેલ હોય.

(iii) જો અરજીમાંનો જેવો સમાન પ્રશ્ન કાયદાની કોઈ પણ જોગવાઈઓ હેઠળ અરજદારનાં કેસમાં કોઈપણ પ્રક્રિયામાં બાકી /પેન્ડિંગ હોય.

(iv) જો અરજીમાંનાં પ્રશ્ન જેવો સમાન પ્રશ્ન અરજદારનાં કેસમાં અધિનિર્ણયન કે આકારણી અધિકારી દ્વારા પહેલેથી નિર્ણિત/નક્કી થયેલ હોય.

જો અરજીનો અસ્વીકાર કરવામાં આવે તો, તે અસ્વીકારનાં કારણો દર્શાવતો, Speaking Order થી કરવો જોઈએ.

**પ્રશ્ન 12. એક વખત જ્યારે અરજી સ્વીકાર કરવામાં આવે ત્યાર પછી એએઆર દ્વારા કઈ પ્રક્રિયાનું અનુસરણ કરવાનું છે ?**

**ઉત્તર :** અરજી દાખલ થયા બાદ, 90 દિવસમાં એએઆર પોતાનો ચુકાદો આપવાનો રહેશે. ચુકાદો આપતા પહેલાં અરજીની ચકાસણી કરશે અને અરજદાર અથવા સંબંધિત વિભાગીય અધિકારી દ્વારા આપેલ કોઈ પણ વધારાનું સાહિત્ય પણ ચકાસશે.

રૂલીંગ આપતા પહેલા એએઆર એ અરજદાર અથવા તેનાં

અધિકૃત પ્રતિનિધિ તેમજ સીજીએસટી/એસજીએસટીનાં ક્ષેત્રીય અધિકારીને સાંભળવા જ પડશે.

**પ્રશ્ન 13. જો એએઆર નાં સભ્યોમાં અભિપ્રાયમાં મતભેદ હોય તો શું થાય ?**

**ઉત્તર :** જો એએઆરનાં સભ્યોનાં અભિપ્રાયમાં મતભેદ હોય તો તેવા મુદ્દા એએઆરને આ વિષય સાંભળવા માટે મોકલવામાં આવશે અને જો એએઆર ના સભ્યો મતભેદોનું તારણ લાવવામાં અસમર્થ રહે તો એવું માનવામાં આવશે કે મતભેદોનું તારણ રૂલીંગ આપી શકાય તેમ નથી.

**પ્રશ્ન 14. એએઆર ના ઓર્ડર / આદેશ સામે અપીલની જોગવાઈ શું છે ?**

**ઉત્તર :** મોડલ જીએસટી કાયદાની કલમ 99 અને 100માં એએઆર સમક્ષ અપીલ કરવાની જોગવાઈ છે.

જો અરજદાર એએઆર નાં તારણથી અસંતુષ્ટ હોય તો તે એએએઆર સમક્ષ અપીલ કરી શકે છે. એવી જ રીતે, સીજીએસટી / એસજીએસટી નાં નિયત / ક્ષેત્રીય અધિકારી પણ જો એએએઆરનાં તારણથી અસંતુષ્ટ હોય તો તેઓ પણ એએએઆર સમક્ષ અપીલ કરી શકે છે. સીજીએસટી/એસજીએસટીનાં નિયત અધિકારી એટલે તે અધિકારી જેને સીજીએસટી / એસજીએસટી પ્રશાસને એએઆર

નાં બાબતમાં પદાધીન (Designated) કરવામાં આવેલ છે. સામાન્ય સંજોગોમાં સંબંધિત અધિકારી એ કહેવાશે જેનાં ક્ષેત્રમાં અરજદાર આવેલ / સ્થિત હોય. આવા મામલામાં સંબંધિત અધિકારી જ સીજીએસટી / એસજીએસટી નો ક્ષેત્રીય અધિકારી ગણાશે.

એડવાન્સ રૂલીંગ મળેથી 30 દિવસની અંદર કોઈપણ અપીલ દાખલ કરવી પડસે. આ અપીલ નિયત ફોર્મમાં હોવી જોઈએ અને તેની ચકાસણી યોગ્ય રીતે કરવી જોઈએ. આ યોગ્ય રીત અને નિયત ફોર્મ મોડલ જીએસટી નિયમોમાં નિયત કરવામાં આવશે.

એપેલેટ ઓથોરીટીએ અપીલ દાખલ થયાનાં 90 દિવસમાં પક્ષકારોને સાંભળીને આદેશ પસાર કરવાનો છે. જો Aએએઆરનાં સભ્યોમાં અપીલનાં કોઈ પણ મુદ્દા પર મતભેદહોય તો એવું માનવામાં આવસે કે અપીલનાં આ મુદ્દા પર કોઈ એડવાન્સ રૂલીંગ જારી કરવામાં આવ્યું નથી.

**પ્રશ્ન 15. શું એએઆર અને એએએઆર રૂલીંગમાં ભૂલ સુધારણાનો ઓર્ડર કરી શકશે ?**

**ઉત્તર :** હા, કાયદાની કલમ 101 હેઠળ એએઆર અને એએએઆર ને ઓર્ડરની તારીખનાં 6 માસમાં પોતાનાં ઓર્ડરમાં દેખાતી કોઈપણ ભૂલ પોતે શોધેલી હોઈ શકે અથવા સીજીએસટી / એસજીએસટી નાં નિયત / ક્ષેત્રીય અધિકારી દ્વારા ધ્યાન ઉપર

લાવવામાં આવેલ હોય. જો આ ભૂલ સુધારણાથી કરની જવાબદારી વધતી હોય અથવા ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ઘટતી હોય તો આદેશ કરતા પહેલાં અરજદારને સાંભળવા પડશે.

# પ્રકરણ 18

## કેસોની પતાવટ (Settlement Commission)

**પ્રશ્ન 1. પતાવટ કમિશનના મૂળભૂત હેતુઓ કયા છે ?**

**ઉત્તર :** પતાવટ કમિશનના મૂળભૂત હેતુઓ નીચે મુજબ છે.

1 કરદાતાને તકરારના નિવારણ માટે વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવી

2 મોંઘી અને લાંબી કાયદાકીય આંટીઘૂંટીમાં પડ્યા સિવાય વિવાદીત વેરાકીય રકમનું ભરણું ત્વરીતપણે થાય તે જોવું.

3 કરચોરીના કિસ્સાનાં કરદાતાને ગુનામાંથી બહાર નિકળવાની તક પુરી પાડવી.

4 વેરાકીય જવાબદારીની સાચી અને સંપૂર્ણ જાહેરાત થઈ શકે તે માટે કરદાતાને કેસોની પતાવટ માટેનું માધ્યમ પૂરૂ પાડવું.

5 વેપારી વર્ગને કાર્યવાહીની પળોજણ માંથી મુક્તિ આપવા સહ વિવાદોની ત્વરીત પતાવટ માટે પ્રોત્સાહન આપવું.

**પ્રશ્ન 2. મોડેલ જીએસટી કાયદા હેઠળ રાજ્યના અંદરના અને આંતરરાજ્ય એમ બંને પ્રકારના વ્યવહારોને લગતા સ્થિતીની પતાવટ થઈ શકે.**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદામાં પતાવટ કમિશનની જોગવાઈ જીએસટીના કાયદા હેઠળ કરવામાં આવે છે. આથી રાજ્યના અંદરના વ્યવહારોને લગતા વિવાદો હાલની જોગવાઈ મુજબ પતાવટ ન થઈ શકે. પરંતુ જે તે રાજ્ય દ્વારા કાયદામાં પતાવટ કમિશનની જે જોગવાઈ કરવામાં આવી છે તેને અનુસરીને પોતાના રાજ્યના કાયદામાં આવી જોગવાઈ કરી શકે છે.

**પ્રશ્ન 3. મોડેલ જીએસટી કાયદાની પતાવટની જોગવાઈઓ મુજબ "કેસ" એટલે શું ?**

જીએસટીની કલમ-2 "કેસ" એટલે જીએસટી અધિકારી કે પ્રશ્નવિવાદ અધિકારી સમક્ષ જે તારીખે જીએસટીની વસુલાતની પતાવટ માટે જીએસટીના વેરા, આકારણી અને ઉઘરાણી સંબંધમાં આ કાયદા હેઠળ ચાલતી કોઈ કાર્યવાહી.

**પ્રશ્ન 4. પતાવટની અરજીની સુનાવણીમાં સમાવિષ્ટ સભ્યો કોણ હશે.**

**ઉત્તર :** પતાવટની દરેક અરજીની સુનાવણી એક બેંચ દ્વારા હાથ ધરવામાં આવશે જે બેંચના અધ્યક્ષ પદે રાજ્ય અધ્યક્ષ હશે. અને તેમાં અન્ય બે સભ્યોનો સમાવેશ થશે. રાજ્ય અધ્યક્ષ તરીકે

હાઈકોર્ટના હોદ્દા ઉપર ચાલુ હોય તેવા સફળ નિવૃત્ત જજ રહેશે. અન્ય બે સભ્યો જીએસટી ખાતામાંથી લેવામાં આવેલ ટેકનીકલ સભ્યો હશે.

**પ્રશ્ન 5. પતાવટની અરજીની સુનાવણી દરમ્યાન બેંચના સભ્યોમાં મતભેદ ઉદભવે / એકમત ન હોય તો શું થાય ?**

**ઉત્તર :** જીએસટી કાયદાની કલમ-14માં જોગવાઈ કરેલ છે કે જ્યારે પતાવટ કમિશનના સભ્યો કોઈ એક મુદ્દા ઉપર એકમત ન હોય ત્યારે બહુમતીના મત મુજબ મુદ્દાનો નિર્ણય લેવાશે.

**પ્રશ્ન 6. પતાવટ માટે કોણ અરજી કરી શકે.**

**ઉત્તર :** જીએસટી કાયદાની કલમ 15 પ્રમાણે કોઈપણ કરપાત્ર વ્યક્તિ કે જેને ન્યાયનિર્ણય – એજ્યુડીકેટીંગ – અધિકારી અથવા પ્રથમ અપીલ અધિકારી દ્વારા કારણદર્શક સૂચના આપવામાં આવેલ હોય અને તે પડતર હોય તે કરપાત્ર વ્યક્તિ પતાવટ માટે અરજી કરી શકે છે.

**પ્રશ્ન 7. પતાવટની અરજીમાં કઈ કઈ વિગતો હોવી જોઈએ ?**

**ઉત્તર :** પતાવટની અરજીમાં નીચે મુજબની પૂરેપૂરી અને સાચી જાહેરાત હોવી જોઈએ.

(1) આવા જીએસટીના સક્ષમ અધિકારી સમક્ષ જાહેર નથી કરી તેવી વેરાકીય જવાબદારી

(2) આ વેરાકીય જવાબદારી ઉદ્ભવવાની ગણતરી

(3) વેરાની વધારાની રકમ કે જે તે ભરવાપાત્ર હોવાનું સ્વીકારે છે

(4) અન્ય વિગતો જેવી કે ખોટું વર્ગીકરણ, માફી અંગેનું જાહેરનામું કે જેના લીધે વેરો ઓછો ભરાયાનું સ્વીકારે છે.

**પ્રશ્ન 8. પતાવટના કેસ માટેની અરજી સ્વીકારવા માટે કઈ કઈ શરતો પરિપૂર્ણ થવી જોઈએ ?**

**ઉત્તર :** આઈજીએસટી કાયદાની કલમ-15 મુજબ નીચેની શરતો પરીપૂર્ણ થયેથી પતાવટના કેસ માટેની અરજી સ્વીકારવામાં આવશે.

(એ) આ અધિનિયમની જોગવાઈઓ નીચે તેણે રજૂ કરવાના છે અથવા હતા તેવા બધા પત્રકો અરજદારે ભર્યા છે અથવા પતાવટ કમિશન દ્વારા આવા પત્રકો ભરવામાંથી મુક્તિ આપવાનો કારણો સહિતનો આદેશ કરેલ હોય.

(બી) જીએસટી અધિકારીએ આપેલી વેરાની માંગણી માટેની કારણદર્શક સૂચના અરજદારને મળી હોય અથવા જીએસટી અધિકારીએ વેરાની માંગણી મુકરર કરતો હુકમ કર્યો હોય અને તે પ્રશ્ન પ્રથમ એપેલેટ ઓથોરીટી સમક્ષ પડતર હોય.

(સી) અરજીમાં અરજદારે સ્વીકારેલા વેરાની વધારાની રકમ રૂપિયા પાંચ લાખથી વધારે હોય.

(ડી) આ રીતે સ્વીકારેલા વેરાની વધારાની રકમ અરજદારે જીએસટી કાયદાની કલમ-36 હેઠળના વ્યાજ સાથે ભરપાઈ કરેલી હોય.

**પ્રશ્ન 9. કયા સંજોગોમાં પતાવટની અરજી સ્વીકારી શકાય નહી ?**

**ઉત્તર :** આઈજીએસટીની કલમ-15 મુજબ, નીચેના સંજોગોમાં પતાવટ કમિશન પતાવટ અંગેની અરજી સ્વીકારશે નહીં.

(1) જે કેસ અપીલ ટ્રીબ્યુનલ અથવા કોઈ અદાલતમાં પડતર હોય

(2) વેરાના દરને અસર કરે તેવો પ્રશ્ન હોય અથવા આ કાયદા હેઠળ માલ અને / અથવા સેવાઓ પર વેરો ચૂકવવાની જવાબદારી નક્કી કરવાની બાબત હોય.

(3) નિયત કરેલ ફી ચૂકવવામાં આવી ન હોય.

**પ્રશ્ન 10. શું પતાવટની અરજી કર્યા બાદ પાછી ખેંચી શકાય ?**

**ઉત્તર :** ના. આઈજીએસટીની કલમ-15(1) મુજબ એકવાર દાખલ થયેલી અરજી પાછી ખેંચવાની, પરત ખેંચવાની મંજૂરી આપી શકાય નહીં.

**પ્રશ્ન 11. પતાવટ કમિશન કેવો આદેશ પસાર કરશે ?**

**ઉત્તર :** પતાવટ કમિશન, પતાવટની શરતો નક્કી કરતો, નીચેની વિગતોનો સમાવેશ કરતો આદેશ પસાર કરશે.

(1) વેરો, વ્યાજ અને દંડની ભરવાપાત્ર રકમ (જો આ રકમ 30 દિવસમાં ભરપાઈ કરવામાં ન આવે તો, અથવા આ સમયગાળો ત્રણ મહિના સુધી લંબાવીને, તે રકમ (સીજીએસટી કાયદાની કલમ-54 મુજબ વ્યાજ સાથે વસૂલ કરવાની રહેશે.) (કલમ-16)

(2) પતાવટની ભરવાપાત્ર રકમ કઈ રીતે ભરવી જોઈશે તેની રીત (કલમ 16)

(3) પતાવટની અરજીની તારીખે મુકદમાને લગતી ફોજદારી કાર્યવાહી શરૂ થઈ ન હોય અથવા પતાવટ કમિશનને એવો સંતોષ થાય કે અરજદારે સંપૂર્ણ અને સાચી વેરાકીય જવાબદારી અદા કરી છે તો તે અરજદારને આ કાયદા હેઠળના ગુના સબબ મુકદમા માંથી પ્રતિરક્ષણ-મુક્તિ-આપી શકશે. (કલમ-20)

(4) દંડમાંથી અંશતઃ અથવા સંપૂર્ણ પ્રતિરક્ષણ (કલમ-20)

(5) પોતાની સમક્ષ ચાલતી કાર્યવાહી દરમ્યાન મિલકત કામચલાઉ ટાંચમાં લેતા હુકમ કરી શકશે. સરકારી લેણું ભરપાઈ શરૂથી અને જે મતલબના પુરાવા, પતાવટ

કમિશન સમક્ષ રજૂ થયેથી, આ કામચલાઉ ટાંચ રદબાતલ થશે.

(6) જો પતાવટ કમિશનને એવું જણાય કે અરજદાર સહકાર આપતા નથી, તો તે જેને ક્ષેત્રાધિકાર ધરાવતા જીએસટી અધિકારીને અથવા પ્રથમ એપેલેટ સત્તાને કેસ પરત મોકલી શકશે. અને તે સંજોગોમાં સંબંધિત હુકમ કરનાર અધિકારી, પતાવટ કમિશન સમક્ષ રજૂ થયેલ વિગતો અને પુરાવાઓનો આધારને માનવાલાયક તેવા હકદાર રહેશે.

(7) અગાઉ પૂર્ણ થયેલ કેસ ફરીથી ખોલી-રીઓપન કરી-યોગ્ય જણાય તેવો આદેશ પસાર કરશે. આવું કરવા માટે અરજદારની સંમતી હોવી જરૂરી છે અને પતાવટની અરજીની તારીખથી પાંચ વર્ષની સમયમર્યાદા પૂર્ણ થયેલ ન હોવી જોઈએ. (કલમ-18) આ સમયમર્યાદા માટે કમીશનને કરેલ અજીની તારીખને, માન્ય તારીખ ગણવી.

**પ્રશ્ન 12. કયા સંજોગોમાં પતાવટ કમિશનનો આદેશ રદ થશે?**

**ઉત્તર :** (1) પતાવટ કમીશનનો આદેશ. જો તે કપટ કે હકિકતોની ગેરરજૂઆતથી મેળવેલ છે તેવું પાછળથી જણાશે તો તે આદેશ નિરર્થક-રદબાતલ-ગણાશે. આ પતાવટથી આવરી લેવાતી બાબતો, પતાવટ નિરર્થક બની. જાય

ત્યાથી, ક્ષેત્રાધિકારના મૂળ અથવા પ્રથમ એપેલેટ સત્તા, પતાવટ નિરર્થક, બની છે તેવો સંદેશો મળ્યાની તારીખથી બે વર્ષની અંદર અરજી પુનર્જીવિત થઈ હોવાનું માનવામાં આવશે. (કલમ-16)

(2) પતાવટ કમિશનને પછીથી એવો ખ્યાલ આવે કે અરજદારે કોઈ હકીકતો છૂપાવીને અથવા ખોટા પુરાવાઓ રજૂ કરીને અથવા પતાવટની આદેશમાં દર્શાવેલ રકમ નિયતસમયમાં ભરવાનું ચૂકે ત્યારે, મુકદમા સામે પ્રતિરક્ષણ અને દંડ ભરપાઈ કરવા સામે પ્રતિરક્ષણનો આદેશ પાછો ખેંચેલ ગણાશે-રદ થશે.

**પ્રશ્ન 13. પતાવટ કમિશનનો ઉપયોગ કોણ ન કરી શકે ?**

**ઉત્તર :** પતાવટ કમિશનની સુવિધાનો ઉપયોગ નીચેની વ્યક્તિઓ ન લઈ શકે.

(1) કોઈપણ વ્યક્તિને બેથી વધારે વાર પતાવટની સગવડ મળશે નહીં.

(2) પતાવટનો હુકમ પસાર કર્યા પછી તે કેસના સંબંધમાં આ આઈજીએસટી કાયદા નીચે કોઈ હૂકમમાં, ગુનામાં તકસીરવાર હશે ત્યારે અથવા અરજદારના સહકારના અભાવે પતાવટ કમિશન, સંબંધિત ન્યાયનિર્ણય અધિકારીને કેસ પરત મોકલે. (કલમ 23 પ્રમાણે)

**પ્રશ્ન 14. પતાવટ કમિશનની સત્તાઓ શું છે ?**

**ઉત્તર :** પતાવટ કમિશનની સત્તાઓ આઈજીએસટીની કલમ-25 અને કલમ 26માં આપવામાં આવેલ છે.

(1) પતાવટ કમિશનને શોધ અને નિરીક્ષણ કરવા, કોઈપણ વ્યક્તિને હાજર રહેવા ફરજ પાડવાનો, તેને સોગંદ ઉપર તપાસવા, કમિશન ઈસ્યુ કરવા, અને હિસાબના ચોપડા અને બીજા રેકર્ડ રજૂ કરવા ફરજ પાડવાનો સિવિલ પ્રોસીજર કોડ – 1908 અન્વયે સીવીલ કોર્ટની બધી સત્તાઓ રહેશે.

(2) પતાવટ કમિશનને, ક્રિમિનલ પ્રોસીજર કોડ-1973ની કલમ-195ના હેતુઓ માટે સિવિલ કોર્ટ માની લેવામાં આવશે. પતાવટ કમિશન સમીક્ષાની પ્રત્યેક કાર્યવાહી, ઈન્ડીયન પીનલ કોડ ની કલમ – 196 ના હેતુ માટે કલમ-113 અને 228 હેઠળની ન્યાયિક કાર્યવાહી ગણાશે. પતાવટ કમિશનને પોતાની કાર્યવાહી નિયમિત-રેગ્યુલેટ-કરવાની સત્તા છે. (કલમ-26) પતાવટ કમિશનને કલમ-24 હેઠળ, પોતાના આદેશમાં ભૂલસુધારણા કરવાની સત્તા છે જે પોતાનો આદેશ કાર્યોના ત્રણ માસમાં, રેકર્ડ ઉપરની દેખીતી ભૂલ સુધારી શકે છે. આવી ભૂલ, પતાવટ કમિશન સ્વયં અથવા અરજદાર દ્વારા અથવા જીએસટી અધિકારી

દ્વારા ધ્યાને લાવી શકાશે. જો ભૂલસુધારણાના પરિણામે વેરાની જવાબદારીમાં વધારો થતો હોય કે ઈનપુટ ક્રેડીટમાં ઘટાડો થતો હોય, તો અરજદારને સાંભળવાની તક આપ્યા બાદ જ આદેશ પસાર કરી શકાશે.

# પ્રકરણ 19

## નિરીક્ષણ, શોધ, જપ્તી અને ધરપકડ

**પ્રશ્ન 1. 'શોધ'નો અર્થ શું છે ?**

**ઉત્તર :** કાયદાના શબ્દકોશ અને વિવિધ ન્યાયાલયોના ચુકાદા પ્રમાણે અને સરળ ભાષામાં 'શોધ' એટલે એક સરકારી તંત્ર દ્વારા કરવામાં આતી ક્રિયા જેમાં એક વ્યક્તિ પરિક્ષણ અથવા સ્થળ અથવા પદાર્થનું કાળજીપર્વક અને સંપૂર્ણ પરિક્ષણ/શોધ – આ શોધનો હેતુ ગુના વિરુદ્ધની સાબિતીઓ/પુરાવા જે છુપાયેલા/સંતાડાયેલ હોય તો તે શોધવાનો હોય છે. કોઈ પણ વ્યક્તિ કે વાહન અથવા જગ્યાની શોધ માત્ર કાયદાનું યોગ્ય અને માન્ય સત્તા હેઠળ જ કરી શકાય છે.

**પ્રશ્ન 2. "નિરીક્ષણ" શબ્દનો અર્થ શું છે ?**

**ઉત્તર :** "નિરીક્ષણ" એમજીએલ હેઠળની નવી જોગવાઈ છે. આ જોગવાઈ શોધ કરતા નરમ જોગવાઈ છે – જેમાં અધિકારીઓને સક્રિય કરવા માટે કોઈ પણ કરપાત્ર વ્યક્તિના ધંધાની જગ્યાની અંદર જવાની અનુમતિ આપે છે. આ જોગવાઈ હેઠળ કોઈ પણ વ્યક્તિની જગ્યા જે વેરહાઉસ (વખાર) અથવા ગોડાઉનનો ઓપરેટર અથવા માલિક છે. અથવા માલ પરિવહનના ધંધામાં સંકળાયેલ હોય, ની જગ્યાની નિરીક્ષણ થઈ શકે છે.

**પ્રશ્ન 3. 'નિરીક્ષણ' કરવા માટે કોણ અને કયા સંજોગોમાં હુકમ કરી શકે છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ (કલમ) 60 પ્રમાણે નિરીક્ષણ કરવાની સત્તા કોઈ પણ સીજીએસટી/એસજીએસટીના અધિકારીને માત્ર લેખિત અધિકૃત – જે સંયુક્ત કમિશનર અથવા ઉપરના અધિકારી દ્વારા જારી કરેલી હોય – દ્વારા હાથ ધરવામાં કરી શકાય છે.

સંયુક્ત કમિશનર અથવા ઉપરના અધિકારી દ્વારા અધિકૃત ત્યારે જ માપી શકાય જ્યારે તેમને એ માનવાના કારણો લાગે કે સંબંધિત વ્યક્તિ દ્વારા નીચે દર્શાવેલ કાર્યોમાંથી કોઈ એક કાર્ય કરેલ હોય તો

1. પુરવઠા વ્યવહાર છુપાવેલ (દબાવેલ) હોય
2. હાથ ઉપર જે માલનો સ્ટોક હોય તેને છુપાવેલ હોય/દબાવેલ હોય.
3. વધુ ઇનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કર્યો હોય તો
4. કર ચોરી માટે સીજીએસટી/એસજીએસટીની કોઈ પણ જોગવાઈઓ ભંગ કરે તો.
5. જો કોઈ પણ ટ્રાન્સપોર્ટર અથવા વેરહાઉસ માલિક દ્વારા કોઈ પણ માલ રાખેલ હોય . જે માલ ઉપર કર ચુકવણી ના થઈ હોય અથવા સેવા કોઈ એકાઉન્ટસ (હિસાબો) રાખેલ હોય અથવા માલ એવી રીતે રાખેલ હોય જેનાથી કરચોરી થઈ શકે તેમ હોય.

**પ્રશ્ન 4. શું યોગ્ય/સક્ષમ અધિકારી કોઈ પણ અધિકૃતતા જારી કરી શકે, જેનાથી કોઈ પણ વ્યક્તિની અસ્કાયમતો/જગ્યાના નિરીક્ષણ માટે કલમ 60 હેઠળ કરી શકે ?**

**ઉત્તર :** ના. નિરીક્ષણ માટે અધિકૃતતા સીજીએસટી/એસજીએસટીના અધિકારીને નીચેના સંજોગમાં થઈ શકે છે.

(1) કરપાત્ર વ્યક્તિની બીજનેસની કોઈ પણ જગ્યા માટે

(2) વ્યક્તિની ધંધાકીય/વેપારની જગ્યા જે વ્યક્તિ, માલના પરિવહનના ધંધા સાથે સંકળાયેલ હોય – પછી તે રજિસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિ હોય કે ના હોય.

(3) વખાર અથવા ગોડાઉનના માલિક અથવા ઓપરેટરના ધંધાકીય જગ્યા.

**પ્રશ્ન 5. એમજીએલ જોગવાઈઓ હેઠળ શોધ અને જપ્તી માટે કોણ ઓર્ડર કરી શકે છે ?**

**ઉત્તર :** જોઇન્ટ કમિશનર અથવા તેમના ઉપરી અધિકારી – લેખિત અધિકૃતી આપી શોધ અને દસ્તાવેજો, પુસ્તકો અને વસ્તુઓની જપ્તી માટે કરી શકે છે. આવી અધિકૃતી સંયુક્તિ કમિશનર માને કે કોઈ સામાન/પુસ્તકો/દસ્તાવેજ જપ્તી કરવા માટે લાયક છે અને તે આવા સ્થળ ઉફર છુપાયેલ છે.

**પ્રશ્ન 6. "વ્યાજબી (માનવાલાયક) કારણો"નો અર્થ શું છે ?**

**ઉત્તર :** "માનવાલાયક કારણો" એટલે એવી હકીકતનું જ્ઞાન હોવું જે સીધું જ્ઞાન ના હોય, પણ એક વ્યક્તિ વ્યાજબી વ્યક્તિ હોય જ્યારે તે એજ જ્ઞાનનું વ્યાજબી  વસ્તુનું તારણ હોય છે.

ઇન્ડિયન પીન કડ, 1860ની કલમ 26 પ્રમાણે – એક વ્યક્તિ પાસે માનવાલાયક અથવા વ્યાજબી કારણો (એક વિષયવસ્તુ), અથવા વ્યાજબી કારણો (એક વિષયવસ્તુ), જો વ્યક્તિ પાસે એવું માનવા માટે વ્યાજબી કારણો હોય તે વસ્તુ તેવી વ્યાજબી કારણો હોય તે વસ્તુ તેવી વ્યાજબી કારણો હોય તે વસ્તુ તેવી વ્યાજબી કારણો હોય તે વસ્તુ તેવી હોવાનું અથવા ના હોવાનું. "માનવાલાયક અથવા વ્યાજબી કારણો (એક વિષય વસ્તુ), જો વ્યક્તિ પાસે એવું માનવા માટે વ્યાજબી કારણો હોય તે વસ્તુ તેવી હોવાનું અથવા ના હોવાનું. "માનવા લાયક/વ્યાજબી કારણો" એ દર્શાવે કે આ એક હેતુલક્ષી નિર્ધારણ જેનો આધાર બુદ્ધિશાળી કાળજી અને કેવળ વ્યક્તિલક્ષી વિચારણામાંથી એક અલગ રીતથી મૂલ્યાંકન કરવાનું હોય છે. તે એક પ્રમાણિક અને વ્યાજબી વ્યક્તિ જે સંબંધિત સામગ્રી અને સંજોગો પર આધારિત હોય છે અને હોવી જ જોઈએ.

**પ્રશ્ન 7. શું નિરીક્ષણ, શોધ અને જપ્તી માટે અધિકૃતતા આપતા પહેલા તેના માનવાલાયક/વ્યાજબી કારણોની લેખિત નોંધ રેકોર્ડમાં કરવી, યોગ્ય અધિકારી માટે ફરજીયાત છે ?**

**ઉત્તર :** આમ તો અધિકારીએ માનવાલાયક/વ્યાજબી કારણો જણાવવાનું જરૂરી નથી, પણ તેના માટે એ વિગતો/સામગ્રી જાહેર

કરવી જરૂરી છે, જેના ઉપરથી આવી માનવાલાયક/વ્યાજબી કારણો બન્યા હોય છે. દરેક કેસમાં અચુક રીતે લેખિત નોંધ લેવી જરૂરી નથી. પણ, જો કે આવી સામગ્રી/માહિતી વિષે રેકોર્ડ પર નોંધવામાં આવે અને તે પણ શોધ વોરંટ જારી કર્યા પહેલા અથવા શોધ શરૂ કર્યા પહેલા તેવું કરવું વધુ સારુ રહેશે.

**પ્રશ્ન 8. એક શોધ વોરંટ શું છે અને તેમાં શું સમાવિષ્ટ હોય છે ?**

**ઉત્તર :** સામાન્ય રીતે, શોધ કરવા માટે અપાયેલ લેખિત સત્તાપત્રને શોધ વોરંટ કહેવાય છે. શોધ વોરંટ જારી કરવા માટે સક્ષમ સત્તા સંયુક્ત કમિશનર અથવા તેના ઉપરી અધિકારી હોય છે. શોધ વોરંટમાં હંમેશા એ દર્શાવવું જોઈએ કે દરેક શોધની સાથે વ્યાજબી માન્યતા હોવી જ જોઈએ.

શોધ વોરંટમાં નીચેની વિગતો હોવી જોઈએ :

(1) કાયદાનું ઉલ્લંઘન.

(2) શોધ કરવા માટેની જગ્યા અથવા સ્થળ.

(3) જે અધિકારીને શોધ કરવા માટે અધિકૃત કરવા માટે આવેલ હોય તેનું નામ અને હોદ્દો.

(4) શોધ વોરંટ ઇસ્યુ/જારી કરનારનું નામ, પુરો હોદ્દો અને રાઉન્ડ (ગોળ) મહોર.

(5) શોધ વોરંટ જે જગ્યાએથી ઇસ્યુ થયેલ છે તે જગ્યાનું નામ અને તારીખ.

(6) શોધ વોરંટનો અનુક્રમ નંબર.

(7) માન્યતાનો સમયગાળો અર્થાત એક કે બે દિવસ...

**પ્રશ્ન 9. એમજીએલની જોગવાઈઓ હેઠળ, માલ જપ્તી માટે ક્યારે જવાબદાર બને છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદાની ધારા/કલમ 70 હેઠળ, માલ જપ્તીને લાયક નીચે દર્શાવેલ કાર્યો, કોઈ વ્યક્તિ કરે, ત્યારે બને છે.

(1) આ કાયદા અને નિયમોનું કોઈ પણ રીતે ઉલ્લંઘન કરવામાં આવેલ માલ પુરવઠો – જે આગળ જતા કરચોરીમાં પરિણમે છે.

(2) કોઈ કર ચુકવવા પાત્ર માલનું એકાઉન્ટ હિસાબો રાખેલ નથી અને તેના ઉપર આ કાયદા પ્રમાણે કર ચૂકવવા જવાબદાર છે.

(3) નોંધણીની (રજીસ્ટ્રેશન) અરજી કર્યા વગર. કોઈ પણ માલનો પુરવઠો પાડે – જેના ઉપર કર ચુકવવાની જવાબદારી આ અધિનિયમ હેઠળ છે.

(4) કરચોરી કરવાના ઉદ્દેશ્યથી સીજીએસટી/એસજીએસટીના અધિનિયમ/નિયમોની કોઈ પણ જોગવાઈએનું ઉલ્લંઘન કરે.

**પ્રશ્ન 10. માન્ય શોધ દરમિયાન એક અધિકારી દ્વારા કઈ સત્તાઓ વાપરી શકાય ?**

**ઉત્તર :** માન્ય શોધ દરમિયાન શોધ કરનાર અધિકારી, શોધ દરમિયાન જે તે જગ્યા/સ્થળને શોધ કરી શકે છે અને જપ્ત થવા લાયક માલને કબ્જે કરી શકે છે અને એમજીએલ હેઠળ કોઈ પણ કાર્યવાહી માટે સંબંધિત કોઈ પણ દસ્તાવેજો, કાગળો, પુસ્તકોને જે તે સ્થળ પરથી કબજે લઈ શકે છે.

શોધ દરમિયાન, જો જગ્યા/સ્થળની શોધ માટે અધિકૃત શોધ વોરંટ જારી કરવામાં આવેલ હોય તો અને સ્થળને શોધ કરવાની, નકારવામાં આવે તો તેવા કિસ્સામાં શોધ કરનાર અધિકારીને તે જગ્યા/સ્થળના દરવાજાને તોડવાની સત્તા મળેલ છે.

શોધ દરમિયાન, અધિકારી પાસે, કોઈ પણ અલમીરા/કબાટ અથવા બોક્સ તોડવાની સત્તા મળે છે, જો શોધ દરમિયાન આ વસ્તુઓની શોધ નકારાવમાં આવે તો અને તેમાં કોઈ પણ શંકાસ્પદ માલ અથવા દસ્તાવેજ હોય તે જગ્યા સીલ પણ કરી શકાય છે.

**પ્રશ્ન 11. શોધની કામગીરી કરવામાં કઈ વિધી/પ્રક્રિયા હોય છે ?**

**ઉત્તર :** શોધ માટેની કામગીરી એમજીએલની કલમ 60(8) માં દર્શાવેલ રીતે કરવી જરૂરી છે અને તે સાથે સાથે Code of Criminal Procedure, 1973 (ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973) પણ અનુસરીને શોધ કરવી અત્યંત જરૂરી છે. શોધ કરવાની રીત અથવા પદ્ધતિને કલમ/ધારા 100 (Cr. P. Code)માં દર્શાવેલ છે.

**પ્રશ્ન 12. શોધ કામગીરી દરમિયાન કઈ કઈ મૂળભૂત જરૂરિયાતોને ધ્યાન લેવી જોઈએ ?**

**ઉત્તર :** શોધ કામગીરી દરમિયાન નીચે જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :

(1) સક્ષમ/યોગ્ય અધિકારી દ્વારા ઇસ્યુ/જારી કરેલ માન્ય શોધ વોરંટ વગર કોઈ પણ સ્થળ/જગ્યાની શોધ કરી શકાય નહિ.

(2) નિવાસ માટેની શોધ ટીમમાં અચુક એક મહિલા અધિકારી હોવી જોઈએ.

(3) શોધ શરૂ કરતા પહેલા, અધિકારીએ પોતાના ઓળખપત્ર બતાવી પોતાની ઓળખ અચૂક આપવી.

(4) શોધ શરૂ કરતા પહેલા, શોધ વોરંટ જે તે જગ્યાના ઇનચાર્જ અથવા માલિકને બતાવી તેના ઉપર તેના તારીખવાળા હસ્તાક્ષર લેવા જરૂરી છે અને એ પણ

જરૂરી છે કે શોધ વોરંટની ઉપર કમસે કમ બે તટસ્થ સાક્ષીઓની સહી લેવાવી જોઈએ.

(5) શોધની કામગીરી જે તે કમ સે કમ બે સ્થાનિક અને તટસ્થ સાક્ષીઓની હાજરીમાં કરવી જોઈએ. જો આવા સ્થાનિક સાક્ષી ના મળે અથવા ના તૈયાર હોય તો બીજા વિસ્તારના સાક્ષીઓની હાજરીમાં શોધની કામગીરી થવી જોઈએ. શોધનો હેતુ સંક્ષિપ્તમાં સાક્ષીઓને જણાવવું જરૂરી છે.

(6) શોધની કાર્યવાહી શરૂ કરતાં પહેલા, શોધ કરનાર અધિકારીઓની ટીમ તથા બન્ને સાક્ષીઓએ પોતાની અંગ જડતી, શોધ થનાર જગ્યાના ઇનચાર્જ અથવા માલિકને આપવી. એ જ રીતે, શોધ પૂર્ણ થયા બાદ, શોધ કરનાર અધિકારીઓની ટીમે તથા બન્ને સાક્ષીઓએ પોતાની અંગ જડતી (વ્યક્તિગત શોધ) આપવી જોઈએ.

(7) શોધ દરમિયાન થયેલી કાર્યવાહીને જે તે જગ્યા ઉપર જે એક પંચનામા/મહાઝારના રૂપમાં નોંધ લેવાવી જોઈએ. આ પંચનામાના જોડે એક યાદીમાં તે બધા જ માલ, દસ્તાવેજો, પ્રાપ્ત થયેલા અન્ય પુરાવાની નોંધ લઈને યાદીને પંચનામા/મહાઝાર સાથે જોડવી અને તેને અને તેની સાથે જોડેલી યાદી ઉપર શોધ થયેલ

જગ્યાના ઇનચાર્જ, તટસ્થ સાક્ષીઓ અને જે અધિકારીને શોધ કરવા અધિકૃત કરવામાં આવેલ છે તે બધાની, પંચનામા અને તેની યાદીના દરેક પાના ઉપર તારીખવાળી સહી અચુક કરાવડાવવી.

(8) શોધની કાર્યવાહી પૂર્ણ થયા બાદ, શોધ વોરંટને યોગ્ય રીતે ઉપયોગ કર્યા બાદ તેની પાછળના ભાગે, જે તે શોધ અંગે સંક્ષિપ્તમાં અહેવાલ લખવો જોઈએ અને જે તે શોધમાં ભાગ લેનાર અધિકારીઓનો નામો, હોદ્દાઓ લખી, શોધ વોરંટ અદા/જારી/ઇસ્યુ કરનાર અધિકારીને પરત કરવું અત્યંત જરૂરી છે.

(9) શોધ વોરંટ ઇસ્યુ/જારી કરેલ શોધ વોરંટ, પરત કરેલ શોધ વોરંટ અને વપરાયેલ શોધ વોરંટની નોંધ રેકોર્ડ ઉપર લેવી જોઈએ.

(10) પંચનામા/મહાઝાર અને તેની સાથેના જોડાણોની એક પ્રતિ, શોધ થયેલ જગ્યાના ઇન્ચાર્જ/માલિકને આપવી અને તેની મળ્યાની પહોંચ લેવી પણ જરૂરી છે.

**પ્રશ્ન 13. શું કોઈ પણ અન્ય સંજોગોમાં સીજીએસટી/એસજીએસટી અધિકારી ધંધાદારી જગ્યામાં જઈ શકે છે ?**

**ઉત્તર :** હા. આ રીતે પ્રવેશ જઈ શકાય પણ તે માટે એમજીએલના કલમ (કલમ) 64 પ્રમાણે જ જઈ શકાય છે.

આ કાયદાની જોગવાઈ હેઠળ સીજીએસટી/એસજીએસટી અથવા સી એન્ડ એજી અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેમની નિમણુંક સીજીએસટી/એસજીએસટી કાયદાની કલમ 50 થયેલ હોય, તેમને શોધ વોરંટ ઇસ્યુ કર્યા વગર, કોઈ પણ બીઝનેસમાં વપરાતી જગ્યામાં અંદર જવાની પરવાનગી આપે છે. પણ તેનો હેતુ કોઈ પણ ઓડિટ, ચકાસણી, તપાસ જે રેવન્યુના હક/લાભ માટે જરૂરી છે, તેવો હોવો જોઈએ. પણ, આ માટે લેખિત અધિકૃતતા/પરવાનગી જારી કરવાની સત્તા સંયુક્ત કમિશનર/એડીશનલ કમિશનર - સીજીએસટી/ એસજીએસટી રેન્કના અધિકારી જ આપી શકે છે.

કાયદાની આ જોગવાઈની અંદર એવા સ્થળ અથવા બીઝનેસની જગ્યા જે કરપાત્ર વ્યક્તિ દ્વારા પોતાના ધંધાના મુખ્ય સ્થળ અથવા વધારાના સ્થળ તરીકે રજીસ્ટર્ડ કરાવેલ નથી પણ જેમાં રાખેલ હિસાબી ચોપડા, દસ્તાવેજો, કમ્પ્યૂટર.... નું તપાસણી/ઓડિટ કરવું જરૂરી હોય છે.

**પ્રશ્ન 14. શોધ ક્યારે ગેરકાયદે થયેલ કહેવાય ? શું ગેરકાયદેસર થયેલ શોધ દરમિયાન મળેલ (એકત્રિત પુરાવા) ટ્રાયલ પ્રોસિડિંગમાં સ્વીકાર્ય છે ?**

**ઉત્તર :** શોધ જ્યારે માન્ય શોધ વોરંટ વગર થયેલ હોય (એટલે કે શોધ વોરંટ માન્ય સક્ષમ સત્તા સિવાય જારી/ઇસ્યુ કરેલ હોય) અથવા જો કોઈ શોધ – શોધ વોરંટ વગર થયેલ હોય તો તે શોધ

ગેરકાયદેસર શોધમાં પરિણમે છે અને તે કાયદાની સત્તા બહાર ગણાય છે. પણ, આ કારણોના લીધે, આરોપીને લાભ મળી શકે નહિ. આ પ્રમાણે, ગેરકાયદેસર થયેલ શોધ અને તે દરમાયન મળેલ અથવા એકત્રિત પુરાવા જે જપ્તી થયેલ પણ ટ્રાયલ પ્રોસિડીંગ અને એડજુડીકેશન પ્રોસીડિંગમાં માન્ય ગણાય છે.

**પ્રશ્ન 15. જપ્તી શબ્દનો અર્થ શું છે ?**

**ઉત્તર :** 'જપ્તી' શબ્દનો અર્થ મોડલ જીએસટી કાયદામાં અલગ અથવા વિસ્તૃત રીતે કરવામાં આવેલ નથી. પણ કાયદાના લેક્સીકોન શબ્દકોશમાં જપ્તીને એક કાનૂની પ્રક્રિયા જેમાં અધિકારી દ્વારા મિલ્કતોનો કબજો લેવાના પગલા તરીકે વ્યાખ્યાયિત કરેલ છે. જપ્તી એટલે સામાન્ય રીતે બળજબરીથી મિલકતનો કબજો મિલક્તના માલિક પાસેથી લેવો થવા જે કબજો ધરાવે છે તેવા વ્યક્તિ પાસેથી અધિકારી દ્વારા કબજો લેવો, આ રીતે લેવાતો કબજો, માલિક અથવા કબજેદારની ઇચ્છા વિરુદ્ધનો પણ હોઈ શકે છે. અથવા તેવી વ્યક્તિની ઇચ્છા વિરુદ્ધનો હોઈ શકે જે મિલ્કતના કબજાનો ભાગ આપવા માટે રાજી ના હોય – તેને જપ્તી તરીકે ગણી શકાય.

**પ્રશ્ન 16. શું એમજીએલમાં સામાન (માલ) અને માલ પરિવહન કરનાર સાધન (વાહન)ના અટકાયતની સત્તા છે ?**

**ઉત્તર :** હા. એમજીએલની કલમ 69 હેઠળ એક અધિકારી માલ અને માલ પરિવહન કરનાર વાહન (એક ટ્રક અથવા અન્ય પ્રકારના વાહન જેની)ની અટકાયત કરવાની શક્તિ અથવા સત્તા ધરાવે છે. આ અટકાયતની જોગવાઈ હેઠળ જે માલ પરિવહન કરવામાં આવે છે અથવા જે માલ ટ્રાન્સીટમાં સંગ્રહિત કરવામાં આવેલ છે અને તે માલ એમજીએલના કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને પરિવહન અથવા સંગ્રહિત કરવામાં આવેલ છે. આ પ્રમાણે એવા માલની અટકાયત થઈ શકે જે માલ સ્ટોર કરવામાં આવેલ છે પણ તેના સ્ટોકનો કોઈ હિસાબ રાખવામાં આવેલ નથી. અટકાયત કરેલ માલ અને વાહન, લાગુ કર ની ચુકવણી અથવા તેની સમકક્ષ રકમની સીક્યુરીટી જમા કરાવ્યા પછી જ છોડી શકાય છે.

**પ્રશ્ન 17. જપ્તી અને અટકાયતની વચ્ચે કાયદાની દૃષ્ટિએ શું તફાવત છે ?**

**ઉત્તર :** મિલકતના માલિક અથવા મિલકતના કબજેદારને એક કાનૂની નોટિસ/હુકમ દ્વારા એક ચોક્કસ સમય બિંદુ પર, મિલકતના ઉપયોગ કરવાની મનાઈને "અટકાયત" કહેવાય છે. "જપ્તી" એટલે કે વિભાગ દ્વારા માલનો વાસ્તવિક કબજો લેવો.

જ્યારે શંકા હોય કે માલ જપ્તી માટે લાયક છે ત્યારે અટકાયત હુકમ જારી કરાય છે.

જ્યારે જપ્તી માત્ર યોગ્ય તપાસ અથવા તપાસ પછી, યોગ્ય અને લાયક કારણો મળ્યા પછી નક્કી કરાય છે કે માલ જપ્તી માટે લાયક છે ત્યારે જપ્તી કરી શકાય છે.

**પ્રશ્ન 18. શોધ અથવા જપ્તીના સંદર્ભમાં એમજીએલમાં શું રક્ષકો/સાવચેતી આપવામાં આવેલ છે ?**

**ઉત્તર :** શોધ અથવા જપ્તીની સત્તાના સંદર્ભમાં અમુક સાવચેતી/રક્ષકો એમજીએલની કલમ (60)ના હેઠળ આપવામાં આવેલ છે. તે નીચે પ્રમાણે છે :

(1) જપ્તી કરેલ માલ અથવા દસ્તાવેજો એવા જરૂરી સમયથી વધારે સમય માટે ન રાખવા અને જ્યાં સુધી તેની ચકાસણી/ નિરીક્ષણ માટે જરૂર હોય ત્યાં સુધી જ રાખવા.

(2) દસ્તાવેજોની ફોટો કોપી/ઝેરોક્ષ નકલો જે વ્યક્તિ પાસે દસ્તાવેજોનો કબજો હોય તેની પાસેથી મેળવી શકાય.

(3) જો જપ્ત થયેલ માલ માટેની નોટિસ જપ્તી થયાના 60 દિવસની અંદર ના ઇસ્યુ થાય તો, જપ્ત થયેલ માલ તે વ્યક્તિને પાછો આપવો પડે જે વ્યક્તિના કબજામાંથી માલ જપ્ત થયો હયો. નોટિસ આપવાના 60 દિવસના સમયગાળાને 6 મહિના સુધી લંબાવી શકાય પણ તેના માટે વ્યાજબી અને લાયક કારણો હોવા જરૂરી છે.

(4) જપ્ત થયેલ માલ વિસ્તૃત યાદી માલ, જપ્ત કરનાર અધિકારીએ બનાવવી જરરી છે.

(5) અમુક કેટેગરીમાં પડતો માલ જે મોડેલ જીએસટી નિયમો હેઠળ (કોઈ માલ નાશ પામે તેવો હોય અથવા જોખમી પ્રકારનો હોય અથવા જેમ દિવસો વધતા જાય તેમ તેનું મુલ્ય ઘસારાના કારણે ઘટતું જાય તેમ હોય), તેવા માલનો નિકાલ જપ્તી પછી તરત જ કરી શકાય છે.

(6) ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 (ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973)ની જોગવાઈઓ શોધ અને જપ્તી માટે લાગુ પડશે. પરંતુ એક નોટીફિકેશન જે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ 165ની પેટાકલમ (5)ના સુધારા પ્રમાણે લાગુ પડશે – જે પ્રમાણે શોધના રેકોર્ડની પ્રતિ નજીકના ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટને તેમની જાણ/નોંધ સારુ મોકલવાની હોય છે, તેની જગ્યાએ શોધના દસ્તાવેજોની પ્રતિ, સીજીએસટીના અગ્ર કમિશનર/કમિશનર/એસજીએસટીના કમિશનરને મોકલવાની રહેશે.

**પ્રશ્ન 19. શું એવો કોઈ ખાસ દસ્તાવેજ છે જે કરપાત્ર માલના પરિવહન કરતી વખતે સાથે રાખવો જરૂરી છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 61 મુજબ, જો એવા કન્સાઇનમેન્ટ કિંમત રૂ. 50,000/- કરતા વધુ હોય તો પરિવહન કરનાર વાહનના ઇનચાર્જ માટે કાયદામાં જણાવેલ દસ્તાવેજ રાખવું જરૂરી છે.

**પ્રશ્ન 20. "ધરપકડ" શબ્દનો અર્થ શું છે ?**

**ઉત્તર :** મોડેલ જીએસટી કાયદામાં "ધરપકડ"ની કોઈ વ્યાખ્યા આપવામાં આવેલ નથી. પરંતુ જુદા જુદા ન્યાયિક ચુકાદાઓ, એ સુચવે છે કે "કોઈ વ્યક્તિનો, કોઈ કાયદાકીય કમાન્ડ અથવા સત્તા હેઠળ, કબજો મેળવવો." બીજા શબ્દોમાં કહેવાય કે, જો કાયદેસર વોરંટની હેઠળ સ્વૈચ્છિક અથવા બળનો ઉપયોગ કરીને એક વ્યક્તિને તેની સ્વતંત્રતા અથવા આઝાદીના હક્કથી દૂર રાખવામાં આવે અથવા છીનવી લેવામાં આવે, તો તે વ્યક્તિની ધરપકડ થઈ કહેવાય.

**પ્રશ્ન 21. એમજીએલની હેઠળ, યોગ્ય અધિકારી ક્યારે કોઈ વ્યક્તિની ધરપકડ કરવા માટે અધિકૃતતા આપી શકે છે ?**

**ઉત્તર :** જો સીજીએસટી/એસજીએસટીના કમિશનને એમ માનવા કારણ હોય કે કોઈ વ્યક્તિ સીજીએસટી/એસજીએસટી કાયદાની કલમ (73)ની પેટા-કલમ (1) અથવા પેટા-કલમ (2)ના ખંડ (1) અથવા ખંડ (2) નીચે શીક્ષાપાત્ર ગુનો કર્યો છે તો તે અધિકારી, સીજીએસટી/એસજીએસટી અધિકારીને અધિકૃત કરીને/હુકમ કરીને તેવા વ્યક્તિની ધરપકડ કરવા માટે હુકમ કરી શકે. પણ એ અત્યંત

જરૂરી છે કે વ્યક્તિની ધરપકડના કિસ્સામાં કરચોરીની રકમ રૂ. 50,00,000/- (રૂ. પચાસ લાખ)થી વધારે હોય અથવા એ વ્યક્તિ અગાઉ સીજીએસટી/એસજીએસટી કાયદા હેઠળ મોડેલ જીએસટી કાયદાની કલમ 73 ના ગુન્હામાં ગુનેગાર પુરવાર/સાબિત થયેલ હોવો જોઈએ.

**પ્રશ્ન 22. વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોય ત્યારે એમજીએલ હેઠળ શું અગમચેતી પુરી પાડેલ છે ?**

**ઉત્તર :** જ્યારે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોય ત્યારે કલમ 62 હેઠળ ચોકક્સ અગમચેતી આપેલ છે. તે આ છે :

(i) જો વ્યક્તિની સજ્ઞાન ગુના હેઠળ ધરપકડ થઈ હોય તો તેન ધરપકડ માટેનેં કારણોની લેખિતમાં જાણ કરેલી હોવી જોઈએ અને તેને ધરપકડની 24 કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જોઈએ.

(ii) જો વ્યક્તિની નિ-સજ્ઞાન અને જામીનપાત્ર ગુના હેઠળ થઈ હોય તો, સીજીએસટી/એસજીએસટીના નાયબ/મદદનીશ આયુક્ત તેને જામીન ઉપર છોડી શકે છે અને તે ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 (Criminal Procedure Code, 1973) ની કલમ 436 મુજબ પોલીસ મથકના અધિકારીની જોગવાઈઓને આધીન રહેશે.

(iii) ધરપકડને લગતી ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973ની જોગવાઈઓ મુજબ જ તમામ ધરપકડ થવી જોઈએ.

**પ્રશ્ન 23. ધરપકડ દરમિયાન શું સાવચેતીઓ લેવી જોઈએ ?**

**ઉત્તર :** ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 (1974નું બીજું)ની ધરપકડને લગતી જોગવાઈઓ અને પ્રક્રિયાઓને વળગી રહેવું જોઈએ. આથી જરૂરી છે કે, સીજીએસટી/એસજીએસટીના તમામ ક્ષેત્ર અધિકારીઓ ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973ની જોગવાઈઓથી સંપૂર્ણપણે પરિચિત હોવા જોઈએ.

ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973ની કલમ 57ની એક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓની નોંધ લેવી જોઈએ કે જે વ્યક્તિની વોરંટ વગર ધરપકડ થઈ હોય તેને કેસનાં સંજોગો પ્રમાણે જરૂરી હોય તો પણ 24 કલાકથી (ધરપકડની જગ્યાથી ન્યાયાધીશની અદાલત સુધીનો પ્રવાસનો સમય બાદ કરી) વધારે, લાંબા સમય સુધી અટકાયતમાં ના રાખી શકાય.

આ સમયગાળાની અંદર, જી.પી.સી.ની કલમ 56માં દર્શાવ્યા મુજબ, વોરંટ વગર ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિને, ધરપકડ કરનાર વ્યક્તિએ કેસના અધિકાર ક્ષેત્રમાં આવતાં ન્યાયાધિશની આગળ રજૂ કરવો.

ડી. કે. વાસુ – વિ – પશ્ચિમ બંગાળ રાજ્ય સુચિત 1997(21) SCC 416 કેસનાં સિમાચિહ્ન ચુકાદામાં, સર્વોચ્ચ અદાલતે ધરપકડ કરતી વખતે પાલન કરવી જરૂરી ચોક્કસ માર્ગદર્શિકાને રજૂ કરી. જ્યારે આ પોલિસનાં સંદર્ભ છે ત્યારે તે દરેક ખાતાંઓ કે જેની પાસે ધરપકડ કરવાની સત્તા છે તેમણે પણ તે અનુસરવું જોઈએ. આ નીચે મુજબ છે :

(1) ધરપકડનું અનુપાલન અને ધરપકડ કરેલ વ્યક્તિની પૂછપરછનું સંચાલન કરનાર પોલીસ અધિકારીએ ચોક્કસ, દેખીતું અને સ્પષ્ટ ઓળખ અને હોદ્દા સહિત નામ રાખવું જોઈએ. દરેક પોલીસ અધિકારી કે જે ધરપકડ કરેલ વ્યક્તિની પૂછપરછનું સંચાલન કરતા હોય તેમનાં સંપૂર્ણ વિવરણની નોંધ ચોપડામાં કરવી જ જોઈએ.

(2) ધરપકડનાં સમય વખતે, ધરપકડનું અનુપાલન કરનાર પોલીસ અધિકારીએ ધરપકડ મેમો તૈયાર કરવો અને તે મેમોને કોઈ એક સાક્ષી, જે ધરપકડ થયેલ વ્યક્તિનાં કુટુંબની વ્યક્તિ હોય અથવા જે જગ્યાએ ધરપકડ થઈ હોય ત્યાંની આદરણીય વ્યક્તિ હોય, વડે પ્રમાણિત કરવો. તદ્ઉપરાંત ધરપકડ થયેલ વ્યક્તિની પ્રતિહસ્તાક્ષર લેવી અને ધરપકડનો સમય અને તારીખ દર્શાવવી.

(3) જે વ્યક્તિની ધરપકડ અથવા અટકાયત કરવામાં આવી હોય અને તેને પોલીસ મથકનાં કબજામાં અથવા પૂછપરછ કેન્દ્રમાં અથવા અન્ય કારાવાસમાં રાખેલ હોય તો તે એક મિત્ર અથવા સંબંધી અથવા તેની જાણીતી વ્યક્તિ અથવા તેનાં હિતેચ્છુકને વ્યવહારિક બને તે રીતે તેન પોતાને ધરપકડ કરીને ચોક્કસ જગ્યાએ અટકાયતમાં રાખેલ છે તેની જાણ કરવાનૈ હકદાર છે. સિવાય કે ધરપકડ મેમોને પ્રમાણિત કરનાર સાક્ષી તેનાં મિત્ર અથવા સંબંધી હોય.

(4) પોલીસ દ્વારા ધરપકડનો સમય, સ્થળ અને ધરપકડ થયેલ વ્યક્તિની કસ્ટડીની જગ્યા નોટીફાઈ કરવી અત્યંત જરૂરી છે. ધરપકડ થયેલ વ્યક્તિના નજીક મિત્ર અથવા સગા-સંબંધી જો ધરપકડ થયેલા જગ્યાના જિલ્લાની બહાર રહેતા હોય તો તેવા કેસમાં કાનૂની સહાય સંસ્થા જે પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હોય તે સંસ્થામાં ધરપકડની જાણ ટેલીગ્રામ દ્વારા 8 થી 12 કલાકમાં કરવી.

(5) અટકાયતના સ્થળ ઉપર રાખવામાં આવતી ડાયરીમાં ધરપકડ થયેલ વ્યક્તિ વિષે નોંધ કરવી જેમાં ધરપકડ થયેલ વ્યક્તિના મિત્ર અથવા સગાસંબંધી જેને ધરપકડ વિષે જાણ કરવામાં આવેલ છે. તેના વિષે માહિતીની પણ નોંધ કરવી અને ધરપકડ કરનાર

પોલીસ અધિકારીના નામ અને હોદ્દો જેની કસ્ટડીમાં ધરપકડ થયેલ હોય, તેની માહિતી પણ જે તે રજીસ્ટરમાં નોંધવી.

(6) ધરપકડ થનાર વ્યક્તિની વિનંતી પર ધરપકડ વખતે, તે/તેણીની શરીર પર નાના/મોટા કોઈ પણ જાતના જખમ/ઘાની નોંધ ધરપકડ વખતે કરવી. "નિરીક્ષણ મેમો"માં ધરપકડ થયેલ વ્યક્તિ અને ધરપકડ કરનાર પોલીસ અધિકારી બન્નેની સહી હોવી જરૂરી છે અને તેની એક પ્રતિ, ધરપકડ થનાર વ્યક્તિને આપવી જરૂરી છે.

(7) ધરપકડ થયેલ વ્યક્તિનિ અટકાયતના સમય ગાળામાં દર 48 કલાકે તાલીમબદ્ધ ડૉક્ટર પાસે દાકતરી તપાસ કરાવવી. આવા ડૉક્ટર એવી પેનલના સભ્ય હોવા જોઈએ અને જે તે રાજ્યની સ્વાસ્થ્ય સેવાના ડાયરેક્ટર અથવા જે તે કેન્દ્ર શાસિત પ્રદેશના સ્વાસ્થ્ય સેવાઓના ડાયરેક્ટર દ્વારા માન્ય/ એપ્રુવડ હોવા જોઈએ.

સ્વાસ્થ્ય સેવાઓના ડાયરેક્ટરે દરેક તાલુકા અને જીલ્લા માટે આવા ડૉક્ટરોની પેનલ બનાવવી.

(8) બધા જ દસ્તાવેજો/કાગળો જેમા ધરપકડ મેમોનો પણ સમાવેશ કરી અને તેની પ્રતિ ન્યાયાધીશ/મેજિસ્ટ્રેટને તેમના રેકોર્ડ સારુ મોકલવી.

(9) ધરપકડ થયેલ વ્યક્તિને પૂછપરછ દરમિયાન તેના વકીલને મળવાની પરવાનગી આપવી પણ સંપૂર્ણ પૂછપરછ દરમિયાન તેવું કરવું નહિ.

(10) દરેક જિલ્લા મુખ્યાલય અથવા રાજ્ય મુખ્યાલયમાં એક પોલીસ કંટ્રોલ રૂમ હોવો જોઈએ, જ્યાં દરેક ધરપકડ થયેલ વ્યક્તિની માહિતી અને તેની કસ્ટડીની જગ્યાની માહિતીની જાણ ધરપકડ થયાના 12 કલાકમાં કરવી અને આ બધી જ માહિતી પોલીસ કંટ્રોલ રૂમમાં નજરે પડે તેવા સૂચના પટ ઉપર લગાવવી.

**પ્રશ્ન 24. સીબીઈસી દ્વારા ધરપકડ કરવા માટે કયા નિર્ધારિત વ્યાપક માર્ગદર્શક સિધ્ધાંતો અનુસરવામાં આવે છે ?**

**ઉત્તર :** ધરપકડ માટેનો નિર્ણય કેસ-ટુ-કેસ લેવો આવશ્યક છે અને તેના નિર્ધારણ માટે અનેક પરિબળો મહત્ત્વનાં છે, જેવા કે કાયદાના ભંગનો પ્રકાર અને તેની ગંભીરતા, કરચોરી કે અયોગ્ય રીતે ખોટી ક્રેડિટ લેવાઈ હોય તેવા કિસ્સામાં લેવાયેલ ખોટી ક્રેડિટની રકમની માત્રા, પ્રાપ્ત પુરાવાઓ અને તેની ગુણવત્તા, પુરાવા સાથે ચેડા થવાની કે સાક્ષીઓને પ્રભાવિત કરી શકવાની શક્યતા, તપાસ દરમ્યાન અપાયેલ સહકાર વગેરે. ધરપકડ માટેની સત્તાનો ઉપયોગ, જે તે કેસની હકીકતોનો ઉંડાણપૂર્વક – તલસ્પર્શી અભ્યાસ

બાદ જ કરી શકાય છે. આ હકીકતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) ગુનાની તથ્યપૂર્ણ તપાસના હેતુથી;

(2) આવી વ્યક્તિ પલાયન ન થઈ જાય તે કારણથી;

(3) આયોજનપૂર્વક વિશાળ પાયે સ્મલીંગ અથવા કરચોરી જેવી થતી પ્રવૃત્તિ કે માલને સંતાડીને થતી કસ્ટમ્સ ડ્યુટીની ચોરીના કિસ્સાઓ;

(4) ગુનાઓ પાછળ રહેલ માસ્ટર માઇન્ડ કે ચાવીરૂપ ઓપરેટરો જે પરદા પાછળ રહીને/બેનામી આયાતો/નિર્યાતોને નામ હેઠળ બનાવટી (dummy) કે અસ્તિત્વમાં ના હોય તેવા માણસો અથવા ઇમ્પોર્ટ-એક્સપોર્ટ કોડ વાપરવાની પ્રવૃત્તિઓ કરતા હોય.

(5) જ્યાં કરની ચોરી કરવાનો ઉદ્દેશ્ય સ્વયંસ્પષ્ટ હોય, પૂરેપૂરી જાણ આપે/ગુનાહિત માનસથી કૃત્ય થયું છે દેખીતું હોય.

(6) પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા નિવારવા;

(7) સાક્ષીઓને ધમકાવવા તેમના પર અયોગ્ય પ્રભાવ પાડવો; અને

(8) કરચોરી કે સર્વિસ ટેક્સની ચોરીના એવા કિસ્સાઓ કે જેમાં ખૂબ મોટી રકમ સામાન્યતઃ 1 કરોડ રૂપિયાથી વધુ સંડોવાયેલી હોય.

**પ્રશ્ન 25. પોલીસ અધિકારી ક્ષેત્ર હેઠળના (Cognizable) ગુનાઓ કયા છે ?**

**ઉત્તર :** સામાન્ય રીતે કોગ્નિજેબલ ગુના એટલે એવા ગંભીર ગુના છે કે જેમાં કોર્ટની પરવાનગી વિના પણ ગુનાને લગતી વધુ તપાસ કરવી, વોરંટ વિના ધરપકડ કરવાની અને વધુ તપાસ કરવાની સત્તા પોલીસ ઓફિસરને હોય છે.

**પ્રશ્ન 26. નોન-કોગ્નીઝેબલ ગુના કયા છે ?**

**ઉત્તર :** નોન-કોગ્નીઝેબલ ગુનો પ્રમાણમાં ઓછા ગંભીર પ્રકારનો ગુનો છે, જેના વિષે પોલીસ અધિકારીને કોર્ટની પરવાનગી વગર ધરપકડ કરવાની કે વધુ તપાસ કરવાની સત્તા નથી.

**પ્રશ્ન 27. એમજીએલ હેઠળ કોગ્નીઝેબલ અને નોન-કોગ્નીઝેબલ ગુના કયા છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 53(4)ની જોગવાઈઓ મુજબ કરપાત્ર માલ અને /અથવા સેવાઓ સંબંધી ગુન્હાઓ કે જેમાં કરચોરીની રકમ રૂ. 2.5 કરોડથી વધુ હોય તેવા ગુન્હા કોગ્નીઝેબલ અને

બિનજામીનપાત્ર છે. આ એક્ટ હેઠળના અન્ય ગુન્હાઓ નોન-કોગ્નીઝેબલ અને જામીનપાત્ર છે.

**પ્રશ્ન 28. એમજીએલ હેઠળ યોગ્ય અધિકારી (Proper Officer) કયાં સંજોગોમાં સમય ઇસ્યુ કરી શકે છે ?**

**ઉત્તર :** એમજીએલ કલમ 63 હેઠળ યોગ્ય રીતે અધિકૃત સીજીએસટી/એસજીએસટી અધિકારીને સત્તા આપવામાં આવેલ છે, જેના આધારે પોતે જે તપાસ કરી રહ્યા છે તે તપાસના અનુસંધાનમાં કોઈ પણ સંબંધિત વ્યક્તિને સમન્સ ઇસ્યુ કરી હાજર થવા અને યોગ્ય પુરાવા રજૂ કરવા કે અન્ય દસ્તાવેજો કે અન્ય વસ્તુઓ રજૂ કરવા સારુ હાજર થવા ફરમાન કરી શકે છે. આ સમન્સ જે વ્યક્તિના કબજા કે અખત્યાર હેઠળ રહેલ દસ્તાવેજો કે અન્ય વસ્તુઓ રજૂ કરવા, કે અમુક ચોક્કસ સુચિ દસ્તાવેજો અથવા વસ્તુ રજૂ કરવા માટે અથવા તો બધાં જ દસ્તાવેજો કે ચોક્કસ વર્ણન મુજબની વસ્તુઓ રજૂ કરવા માટે હોય છે.

**પ્રશ્ન 29. સમન કરવામાં આવેલ વ્યક્તિની શું જવાબદારીઓ છે ?**

**ઉત્તર :** તે વ્યક્તિ કે જેને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે, તે વ્યક્તિગત રીતે હાજર થવા કે પોતાના માન્ય પ્રતિનિધિને હાજર કરવા કાયદેસર બંધાયેલ છે. સમન્સ ઇસ્યુ કરનાર અધિકારી સમક્ષ હાજર થઈને તપાસની જે વિષયવસ્તુ છે તેનાથી સંબંધી સાચી હકીકત જણાવવા અને તપાસનીસને વસ્તુ વિષયક કોઈ પણ વસ્તુ

વિષે આવશ્યક પુરાવા કે અન્ય વસ્તુઓ રજૂ કરવા કાયદેસર બંધાયેલ છે.

**પ્રશ્ન 30. સમન્સ ઇસ્યુ કરવા છતા હાજર નહિ રહેવાના શું પરિણામ હોઈ શકે ?**

**ઉત્તર :** જે અધિકારીએ સમન્સ ઇસ્યુ કરેલ છે. તેની સમક્ષ પહેલી કાર્યવાહી એને 'ન્યાયિક પ્રક્રિયા'નો દરજ્જો પ્રાપ્ત છે. જો વ્યક્તિ સમન્સ ઇસ્યુ કરેલ હોવા છતાં યોગ્ય કારણ વિના ગેરહાજર રહે તો ભારતીય દંડ સંહિતા (IPL)ની કલમ 174 હેઠળ તેની સામે કાયદેસર કાર્યવાહી થઈ શકે છે. જો આવી વ્યક્તિ ઇસ્યુ થયેલ સમન્સની બજવણી ટાળવા પલાયન થઈ જાય તો તેની સામે ભારતીય દંડ સંહિતાની કલમ 172 હેઠળ દંડનીય કાર્યવાહી થઈ શકે છે. અને જો તે રજૂ કરવા આવશ્યક તેવા દસ્તાવેજો કે ઇલેક્ટ્રોનીક રેકોર્ડ રજૂ નથી કરાયો તો તેની સામે આઈપીસીની કલમ 175 હેઠળ દંડનીય કાર્યવાહી થઈ શકે છે. જો તે ખોટા પુરાવા રજૂ કરે તો તેની સામે આઈપીસીની કલમ 193 હેઠળ દંડનીય પક્રિયા થઈ શકે છે. વધુમાં, જો સમન્સ કરાયેલ વ્યક્તિ સીજીએસટી/આઈજીએસટી ઓફિસર કે જેણે આ સમન્સ ઇસ્યુ કરેલ છે, સમક્ષ હાજર રહેતા નથી, તો તેવી વ્યક્તિ એમજીએલની કલમ 66(3)(ડી) હેઠળ, રૂ. 25000/- રૂપિયા સુધીનો દંડને પાત્ર બને છે.

**પ્રશ્ન 31. સમન્સ ઇસ્યુ કરવા સંબંધી માર્ગદર્શન સિદ્ધાંતો કયા છે ?**

**ઉત્તર :** સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ (CBEC), રાજસ્વ વિભાગ, નાણાં ખાતું, ભારત સરકાર દ્વારા સમયે સમયે માર્ગદર્શક સૂચનાઓ જાહેર કરવામાં આવે છે કે જેના દ્વારા એ કાળજી લેવાય છે કે સમન્સ સંબંધી જોગવાઈઓનો અયોગ્ય ઉપયોગ ન થાય. આવા માર્ગદર્શક સૂચનો ના મુખ્ય પાસા નીચે મુજબ છે :

(i) સમન્સ અંતિમ ઉપાય તરીકે જ ઇસ્યુ કરવું જોઈએ કે જ્યારે કરદાતા યોગ્ય સહકાર ન આપતો હોય અને આ જોગવાઈઓનો ઉપયોગ ટોચના મેનેજમેન્ટ માટે ન થવો જોઈએ.

(ii) સમન્સ ભાષા વધુ પડતી કાયદાકીય કે ઉગ્ર ન હોવી જોઈએ કે જે મેળવનારનાં માનસમાં અયોગ્ય માનસિક તણાવ કે મૂંઝવણ ઉભી કરે.

(iii) સુપ્રિડટેન્ડન્ટ દ્વારા સમન્સ ઇસ્યુ કરતા પહેલા આસિસ્ટન્ટ કમિશનરની નીચે નહી તેવા દરજ્જાના અધિકારીની પૂર્વ મંજૂરી આવશ્યક રહેશે અને આવું સમન્સ ઇસ્યુ કરવા માટેના કારણોની લેખિત નોંધ રાખવાની રહેશે.

(iv) જ્યાં કાર્યપ્રણાલી માટે આવી લેખિત પરવાનગી અગાઉથી લેવી શક્ય નથી તેવા સંજોગોમાં સહાયક કમિશનર કે ઉપરી અધિકારીની મૌખિક કે ટેલીફોનિક પરવાનગી લેવી આવશ્યક છે જેની લેખિત નોંધ

રાખવી જરૂરી છે અને તેની જાણ આવા સક્ષમ અધિકારીને વહેલામાં વહેલી તકે કરવાની રહેશે.

(v) એવા બધાં જ કિસ્સામાં, કે જ્યાં સમન્સ ઇસ્યુ કરાયેલ છે, સમન્સ ઇસ્યુ કરનાર ઓફિસર દ્વારા તેનાથી સંબંધિત રિપોર્ટ આપવો આવશ્યક છે અથવા તેનાથી સંબંધિત કાર્યવાહીની ટૂંકી નોંધ કેસ ફાઈલમાં નોંધવી આવશ્યક રહેશે જે સમન્સ ઇસ્યુ કરવા પરવાનગી આપનાર અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે.

(vi) પ્રારંભિક તબક્કે જ વિશાળ કંપની કે જાહેર ક્ષેત્રના સાહસની સિનીયર મેનેજમેન્ટ પદાધિકારીઓ જેવાં કે સીઈઓ, સીએફઓ જનરલ મેનેજરને સમન્સ સામાન્ય રીતે ઇસ્યુ નહીં કરાય. તેમને સમન્સ એવા સંજોગોમાં જ ઇસ્યુ કરાશે કે જ્યાં તપાસના આધારે એવું સૂચિત થતું હોય કે તેમની નિર્ણય પ્રક્રિયામાં હિસ્સેદારી છે જે રાજસ્વના નુકસાનનું કારણ છે.

**પ્રશ્ન 32. સમન્સ ઇસ્યુ કરતી વખતે કઈ વસ્તુઓની કાળજી રાખવાની આવશ્યકતા છે ?**

**ઉત્તર :** નીચે દર્શાવેલ સુચનાઓનું કોઈ પણ વ્યક્તિને સમન્સ ઇસ્યુ કરાતી વખતે પાલન કરવું આવશ્યક છે :

(i) સમન્સ એવા સંજોગમાં ઇસ્યુ ન થવું જોઈએ કે જ્યાં તે ન્યાયિક (justified) નથી. સમન્સ ઇસ્યુ કરવાની સત્તા

એવા સંજોગોમાં જ વાપરવી જોઈએ કે જ્યાં તપાસ શરૂ કરાઈ છે અને જે તે વ્યક્તિની હાજરી આવી તપાસ માટે આવશ્યક મનાઈ છે.

(ii) સામાન્ય સંજોગોમાં ફરી ફરી સમન્સ ઇસ્યુ ન કરવું જોઈએ. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી આરોપી અથવા સાક્ષીનું નિવેદન ઓછામાં ઓછાં સમયે હાજર થવું પડે તે રીતે રેકોર્ડ કરવું જોઈએ.

(iii) સમન્સમાં આપેલ હાજર થવાના સમયને માન આપવું જોઈએ. કોઈ પણ વ્યક્તિને તેનું નિવેદન રેકર્ડ કરતાં રહેલા કલાકો સુધી રાહ જોવડાવવી ન જોઈએ સિવાય કે તે ખૂબ જ વિચારપૂર્વક એક વ્યૂહ તરીકે નિયત થયું હોય.

(iv) શક્ય હોય ત્યાં સુધી, નિવેદન કાર્યાલયનાં સામાન્ય કામનાં કલાકો દરમ્યાન રેકોર્ડ કરવું જોઈએ; જો કે કેસના સંજોગોને ધ્યાનમાં લઈને સમય અને સ્થળ બાબતે અપવાદ હોઈ શકે છે.

**પ્રશ્ન 33. અન્ય અધિકારીઓનો એવો કોઈ વર્ગ છે કે જેમના દ્વારા સીજીએસટી/આઈજીએસટી ઓફિસરને મદદરૂપ થવું આવશ્યક છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 65 હેઠળ નીચે નિર્દિષ્ટ અધિકારીઓને સીજીએસટી અને એસજીએસટી ઓફિસરોની એમજીએલના અમલીકરણ માટે મદદ કરવા સત્તા અપાયેલ છે તથા તેમ કરવું

તેમના માટે આવશ્યક પણ છે, એમજીએલમાં નિર્દિષ્ટ વર્ગો નીચે મુજબ છે :

(i) પોલીસ;

(ii) કસ્ટમ્સ;

(iii) રાજ્ય/કેન્દ્ર સરકારના અધિકારીઓ કે જે જીએસટીની વસૂલી (Collection)માં પ્રવૃત્ત છે;

(iv) રાજ્ય/કેન્દ્ર સરકારના અધિકારીઓ કે જે જમીન મહેસૂલની વસૂલી (Collection)માં પ્રવૃત્ત છે;

(v) દરેક ગ્રામ અધિકારીઓ.

(vi) અન્ય એવા કોઈ પણ અધિકારીઓ જે રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત કરાયા હોય.

# પ્રકરણ 20

## ગુનો અને દંડ, સજા અને સામૂહિક (Compounding)

**પ્રશ્ન 1. એમજીએલમાં દર્શાવેલ ગુના કયા છે ?**

**ઉત્તર :** આ જીએસટી કાયદાનાં ચેપ્ટર XVIમાં ગુના તથા દંડ દર્શાવેલ છે. કલમ 66માં 21 ગુનાઓનું લિસ્ટ છે. સેક્શન 8માં સામૂહિક સજાનું વર્ણન આપેલ છે. જેનાં કરદાતા સામેલ થતાં નથી. તે ગુનાઓ નીચે મુજબ છે :

(1) બીલ વગર/ખોટાં બીલોથી માલનું વેચાણ કરવું.

(2) માલ સપ્લાય કર્યા વગર બીલ બનાવવું.

(3) ત્રણ માસ વીતવાં છતાંય ઉઘરાવેલો કર જમા ન કરાવવો.

(4) એમજીએલનો ભંગ કરીને ત્રણ માસમાં ઉઘરાયેલ કર ન ભરવો.

(5) સેક્શન 37 પ્રમાણે સ્ત્રોત્ર પર કપાયેલ કર/વેરો ન ઉઘરાવો અથવા ઓછો ઉઘરાવો.

(6) કલમ 43સી પ્રમાણે ઉઘરાવવાલાયક ટેક્સ ન ઉઘારવવો અથવા ઓછો ઉઘરાવવો.

(7) માલ/સર્વિસ મેળવ્યા વગર ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવી અથવા વાપરવી.

(8) ખોટી રીતે મેળવેલ રીફંડ.

(9) કલમ 17નો ભંગ કરીને ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેવી/વહેંચવી.

(10) ટેક્સની ચોરી કરવાની ભાવના સાથે ખોટી માહિતી અથવા નાણાંકીય ચોપડામાં ખોટી માહિતી નાખવી અથવા તો ખોટા એકાઉન્ટ/દસ્તાવેજો તૈયાર કરવા.

(11) ટેક્સ ભરવાનો થતો હોવા છતાંય રજીસ્ટ્રેશન લેવામાં નાકામી.

(12) રજીસ્ટ્રેશનમાં ભરવી જરૂરી માહિતીઓ ખોટી પૂરી પાડવી.

(13) અધિકારીને ફરજ બજવવામાં અવરોધ ઉભો કરવો.

(14) જરૂરી દર્શાવેલ દસ્તાવેજો સિવાય માલનું પરિવહન કરવું.

(15) ટેક્સ ભરવાપાત્ર વેચાણને છુપાવવું.

(16) એક્ટમાં દર્શાવ્યા મુજબનાં દસ્તાવેજો/ચોપડાંની જાળવણી કરવામાં નિરસતા અથવા તે દસ્તાવેજોનો રખરખાવ ન રાખવો.

(17) એક્ટમાં દર્શાવ્યા મુજબનાં દસ્તાવેજો, અધિકારીનાં માંગવા છતાંય ન પૂરા પાડવા અથવા ખોટાં દસ્તાવેજો આપવા.

(18) જપ્ત કરવા પાત્ર માલનું વહન/પરિવહન/રાખવું.

(19) બીજી વ્યક્તિનો જીએસટીઆઈએન વાપરીને બીલ અથવા દસ્તાવેજો બનાવવા.

(20) જરૂરી પુરાવાનો નાશ કરવો/તેમાં છેડછાડ કરવી.

(21) એક્ટ મુજબ જપ્ત કરેલ માલ સાથે છેડછાડ કરવી.

**પ્રશ્ન 2. પેનલ્ટી (દંડ) એટલે શું ?**

**ઉત્તર :** એમજીએલમાં 'Penalty' (દંડ) શબ્દની વ્યાખ્યા નથી. પરંતુ કાયદાકીય રીતે અથવા કાયદાનાં ધારાધોરણો મુજબ દંડ (પેનલ્ટી) એટલે :

- કામચલાઉ દંડ અથવા અમુક રકમની ચુકવણી કેટલાંક દંડની સામે કરવામાં આવે.
- કરદાતાની જવાબદારીમાં આવતી કામગીરીની નિષ્ફળતા અન્વયે કાયદાકીય રાહે કરવામાં આવતી દંડાત્મક કાર્યવાહી.

**પ્રશ્ન 3. દંડની જોગવાઈઓ માટેની કાર્યવાહી સામાન્ય રીતે શું છે ?**

**ઉત્તર :** કાયદાશાસ્ત્રીની પ્રચલિત જોગવાઈઓ મુજબ દંડ લાગુ કરવાની અમુક પદ્ધતિઓ છે. જે કુદરતી કાનુનને આધારિત છે. કલમ 68 મુજબ અમુક શિસ્તતાઓ મુજબ :

- કારણદર્શક નોટિસની બજવણી વગર કોઈ દંડ લાગુ ન થઈ શકે (તથા સુનવણી વગર). જે વ્યક્તિ ઉપર આરોપ ઘડાયા હોય તેને સાંભળ્યા વગર તે લાગુ ન કરી શકાય.
- કેસનો દરેક પાસાંની તપાસ કર્યા બાદ તથા પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કર્યા બાદ દંડનો આધાર રહે છે.
- કાયદામાં દર્શાવેલ ધારાધોરણ મુજબ સમપ્રમાણીત રીતે તથા ગુનાની ગંભીરતાને અનુરૂપ દંડની જોગવાઈ છે.
- દંડના આદેશપત્રમાં ગુનાની ગંભીરતાનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરવો પડે.
- કાયદાની સંપૂર્ણ જોગવાઈઓની સમજ આદેશ પત્રમાં આપવી જરૂરી છે.

કલમ 68માં મુખ્યત્વે દર્શાવેલ છે કે નીચેની બાબતો માટે દંડ લાગુ કરી શકાય નહિ :

- નાની શરતૂચક બદલ (આ નાની શરતચૂક વિષે એક્ટમાં કહેવાયેલ છે કે 5000/- રૂ. થી ઓછો ટેક્સ હોય તો અથવા)
- કાયદાની કાર્યપ્રણાલી ન અનુસરવાની બાબત

અથવા

- નગણ્ય બાબતો જેવી કે સુધારી શકાય તેવી ભૂલો/દસ્તાવેજોમાં ભૂલ વિગેરે.

વધુમાં જ્યાં કાયદામાં ફીક્સ રકમની દંડની જોગવાઈ છે ત્યાં તે મુજબ જ દંડ કરવો.

**પ્રશ્ન 4. એમજીએલમાં દર્શાવ્યા મુજબ દંડનું આવશ્યક પ્રમાણ કયું છે ?**

**ઉત્તર :** કલમ 66(1) માં જોગવાઈ છે કે કરપાત્ર કોઈ પણ વ્યક્તિ જો કલમ 66 મુજબ ગુનો કરે છે તો તેની સામે દંડાત્મક કાર્યવાહી થઈ શકે છે કે નીચે મુજબ છે :

- છેતરપિંડી કરીને મેળવેલ રીફંડ, ક્રેડિટ લેવી. તેને બાદ ન કરવી અથવા મેળવવી અથવા ઓછી બાદ કરવી કે ઓછી ઉધારવી તે ટેક્સ ચોરી જેટલી રકમ.

અથવા

- 10000/- રૂ. માંથી જે વધુ હોય તે.

વધુમાં કલમ 66(2) મુજબ કોઈ પણ રજીસ્ટર્ડ વ્યક્તિ વારંવાર ઓછો ટેક્સ ભરે તે ઉચ્ચ દંડને પાત્ર છે :

- જેટલો ટેક્સ ઓછો ભર્યો હોય તે રકમના 10 ટકાની રકમ. અથવા
- રૂ. 10,000/-, બેમાંથી જે રકમ વધારે થતી હોય તે.

**પ્રશ્ન 5. વારંવાર ઓછો ટેક્સ ભરવાની બાબત દંડ લાગુ પાડવાની વાત અન્વયે શું છે ?**

**ઉત્તર :** કલમ 66(2) મુજબ છ વખત ટેક્સ ભરવાની મુદતમાં 3 વખત ટેક્સ ઓછો ભરવો. આ બાબત પેનલ્ટી (દંડ) લાગુ પાડવા માટે જરૂરી છે.

**પ્રશ્ન 6. શું કરપાત્ર વ્યક્તિ સિવાય બીજી વ્યક્તિ ઉપર દંડ લાગુ પાડવાની કોઈ જોગવાઈ છે ?**

**ઉત્તર :** હા. કલમ 66(3) પ્રમાણે અન્ય વ્યક્તિ ઉપર રૂ. 25000/- સુધીનો દંડ કરવાની જોગવાઈ છે, કે જે વ્યક્તિ –

- 21 ગુનાઓમાંથી એક પણ ગુનામાં સંડોવાયેલ હોય.
- જપ્તી પાત્ર માલની સાથે કોઈ પણ રીતે જોડાયેલ (મેળવવામાં સપ્લાય કરનાર સ્ટોરેજ કરવા અથવા માલનું વહન કરવામાં) હોય.

- એક્ટમાં દર્શાવેલ સેવાઓનાં ગુનામાં સેવા મેળવે અથવા અપાવે.
- સમન્સ ઇસ્યુ કરનાર અધિકારી સમક્ષ હાજર ન થાય.
- કાયદા મુજબ દર્શાવ્યા પ્રમાણેનાં બીલો ન બનાવે અથવા તેનો હિસાબ ન રાખવો.

**પ્રશ્ન 7. એમજીએલમાં દર્શાવી ન હોય તેવા કાયદા ભંગની બાબતો માટે દંડની શું જોગવાઈ છે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 67 મુજબ જો કોઈ પણ વ્યક્તિ કાયદાનાં પરિણામો વિરુદ્ધ કાર્ય કરે કે જે માટે કોઈ ચોક્કસ દંડની જોગવાઈ નથી તો તે બાબતો મટે રૂ. 25000/- સુધીનો દંડ થઈ શકે છે.

**પ્રશ્ન 8. બીલ બનાવ્યા વગર માલનું વહન કરવું અથવા તેની ચોપડામાં એન્ટ્રી ન પાડી હોય તો શું કાર્યવાહી થઈ શકે ?**

**ઉત્તર :** જો કોઈ વ્યક્તિ બીલ બનાવ્યા વગર/તેનું ચોપડામાં એન્ટ્રી કર્યા વગર અથવા ખોટાં દસ્તાવેજો સાથે માલનું પરિવહન કરતો પકડાય તો સદર માલ તથા તે વાહન જપ્તીને પાત્ર બને છે.

સદર માલ ટેક્સ, દંડ તથા વ્યાજ ભર્યા બાદ મુક્ત થઈ શકે છે. અથવા તો તેટલી રકમની સલામતી પુરી પાડીને મુક્ત થઈ શકે.

**પ્રશ્ન 9. જે વ્યક્તિએ કમ્પોઝીશન યોજનાનું ચયન કર્યું હોય તો તેને શું દંડ થઈ શકે ?**

**ઉત્તર :** કલમ 8(3) મુજબ જે વ્યક્તિએ કમ્પોઝીશન યોજનામાં ટેક્સ ભરવાની જવાબદારી લીધી હોય તથા તે જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેની ઉપર ટેક્સની રકમ જેટલા દંડની રકમ લાગુ પાડી શકાય છે.

**પ્રશ્ન 10. જપ્તી એટલે શું ?**

**ઉત્તર :** એક્ટમાં "જપ્તી" શબ્દનો ઉલ્લેખ નથી. આ શબ્દ રોમન કાયદામાંથી આવેલ છે જેનો અર્થ અટકમાં લેવું અથવા માલિક વડે હાથવગું કરવું તે થાય છે.

**પ્રશ્ન 11. એમજીએલમાં કેવા સંજોગો હેઠળ માલ જપ્તીને પાત્ર થાય છે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 70 પ્રમાણે, માલ જપ્તીને પાત્ર થાય છે જો કોઈ વ્યક્તિ :

- આ કાયદા અન્વયે આવતાં ધારાધોરણથી વિરુદ્ધની કાર્યવાહી કરવામાં આવે તેવા માલનું વહન થતું હોય તો તે માલ જપ્તીને પાત્ર છે.

અથવા

- કાયદા પ્રમાણે માલની યોગ્ય નોંધણી ન કરવામાં આવી હોય.
- રજીસ્ટ્રેશન લેવા પાત્ર હોય અને ન લેવામાં આવ્યું હોય તથા માલનું વેચાણ કરે.
- કરચોરી/ટેક્સ ન ભરવાની ભાવના સાથે કાયદા અથવા નિયમોની જોગવાઈઓનો ભંગ.

**પ્રશ્ન 12. યોગ્ય અધિકારી દ્વારા જપ્ત કરાયેલ માલનું આગળ શું થાય ?**

**ઉત્તર :** જપ્ત કરાયેલ માલની માલિકી સરકારની થઈ જાય છે અને દરેક પોલીસ અધિકારી કે જેને યોગ્ય અધિકારી વિનંતી કરે તેઓએ જપ્ત થયેલ માલનો કબજો લેવા માટે મદદ કરવી ઘટે.

**પ્રશ્ન 13. જપ્ત થયા બાદ, જે તે વ્યક્તિને માલ પાછો મેળવવાની તક આપવ જરૂરી છે ?**

**ઉત્તર :** હા. કલમ 70(6) મુજબ, જપ્ત થયેલા માલની રકમ જેટલો જ દંડ (વધુમાં વધુ) ભરવાની શરત સાથે માલ છોડાવવાની તક આપવી જરૂરી છે. આ દંડ, કરની રકમ તથા અન્ય ચાર્જીસથી જુદા રહેલ છે.

**પ્રશ્ન 14. યોગ્ય દસ્તાવેજો વગર માલનાં પરિવહનમાં ઉપયોગી વાહન પણ જપ્ત કરી શકાય છે ?**

**ઉત્તર :** હા. કલમ 71 મુજબ આ પ્રકારના વહનમાં વપરાતા માલને પણ જપ્ત કરી શકાય છે. પરંતુ જો વાહન માલિક એક બાબત સાબિત કરી શકે કે સદર માલ યોગ્ય દસ્તાવેજો વગર, તેની જાણ બહાર કે તેના દ્વારા અધિકૃત વ્યક્તિની જાણ બહાર વહન થાય છે અથવા આ પ્રકારનાં વહનમાં/કૃત્યમાં તેની ભાગીદારી નથી. તો તે વાહન જપ્ત ન પણ થાય. આ રીતે જપ્ત થયેલ વાહનની રકમ જેટલો દંડ ભરવાથી મુક્ત થઈ શકે. કલમ 72 મુજબ, જો દંડ અથવા જપ્તી કે જે કલમ 70 અથવા 71 મુજબ થયેલ છે ને કોઈ પણ પૂર્વગ્રહ વગર મુક્ત કરી શકાય છે.

**પ્રશ્ન 15. ફોજદારી ફરિયાદ એટલે શું ?**

**ઉત્તર :** ફોજદારી ફરિયાદ એટલે કાયદાકીય પ્રક્રિયા આગળ ધપાવવી, જેમાં તોહમતદાર ઉપર ગુનાઓનું ઘડતર કરવાની રીત છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ 198 પ્રમાણે પ્રોસીક્યુશન એટલે કોઈ વ્યક્તિની સામે કાયદાકીય ઓઠા હેઠળ કરવામાં આવતી દંડાત્મક કાર્યવાહી.

**પ્રશ્ન 16. એમજીએલ હેઠળ આવતાં કયા ગુના સેવા છે તેમાં ફરિયાદ દાખલ થઈ શકે છે ?**

**ઉત્તર :** એમજીએલનાં કલમ 73માં પ્રોસીક્યુશન (ફરિયાદ) દાખલ કરવા માટેની જરૂરી ગુનાખોરીની યાદી છે. એવા 12 મુખ્ય ગુનાઓ

નીચે

મુજબ છે :

(1) બીલ બનાવ્યા વગર માલનો પુરવઠો કરવો અથવા ખોટું બિલ બનાવવું.

(2) માલનું પુરવઠો કર્યા વગર બીલ બનાવવું.

(3) 3 મહિના વીતવા છતાંયે ઉધરાવેલ ટેક્સ ન ભરવો.

(4) 3 માસ વીત્યાં છતાંય ઉધરાવેલ ટેક્સ જમા ન કરાવવો.

(5) માલ અને /અથવા સેવાઓને વાસ્તવિક રીતે મેળવ્યા વીના, ઇનપુટ ટેક્સ ક્રેડિટ જમા લેવી અને તેને ઉધારવી અથવા વાપરવી;

(6) ફરેબી રીતે કોઈ પણ રિફંડ લેવું;

(7) કરચોરીના ઇરાદાથી ખોટી માહિતી અથવા નાણાંકીય દસ્તાવેજોનું તરકટ અથવા ખોટા હિસાબ/દસ્તાવેજો રજૂ કરવા;

(8) કોઈ પણ અધિકારીને તેની ફરજ બજાવતી વખતે અવરોધ કરવો અથવા અટકાવવું;

(9) જપ્તી થઈ શકે તેવા માલનો વ્યવહાર જેમ કે ગ્રહણ, પુરવઠો, સંગ્રહ અથવા જપ્ત થઈ શકે તેવા માલનું પરિવહન કરવું;

(10) કાયદાનું ઉલ્લંઘન થાય તેવી રીતે સેવાઓને પ્રાપ્ત કરવી અથવા વ્યવહાર કરવો;

(11) કાયદા/નિયમો હેઠળ તેને લગતી કોઈ પણ માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જવું અથવા ખોટી માહિતી પૂરી પાડવી;

(12) ઉપર દર્શાવેલ 11 અપરાધોમાંથી કોઈ પણ અપરાધ/ગુનો કરવાનો પ્રયાસ કરવો.

**પ્રશ્ન 17. એમજીએલ હેઠળ કોઈ પણ અપરાધની પ્રતીતી માટે શું સજા ફરમાવવામાં આવેલી છે ?**

**ઉત્તર :** કલમ 73(1) માં સજાની યોજના છે, જે નીચે મુજબ છે :

| સંડોવાયેલ ગુનાની વિગત | સજા, કારાવાસ અને દંડ |
|---|---|
| રૂ. 250/- લાખથી વધુની કર ચોરી | પાંચ વર્ષ અને દંડ |
| રૂ. 50/- લાખથી રૂ. 250/- લાખ સુધીની કરચોરી | ત્રણ વર્ષ અને દંડ |
| રૂ. 25/- લાખથી રૂ. 50/- લાખ સુધની કરચોરી | એક વર્ષ અને દંડ |

કલમ 73(2) મુજબ, આ કલમમાં બીજા અથવા ઉત્તરોત્તર અપરાધ માટે અપરાધ સાબિત થાય તો પાંચ વર્ષ સુધી જેલવાસ અને દંડ માટે દંડનીય બનશે.

પરંતુ, કોઈ પણ અપરાધ માટે 6 મહિનાથી ઓછો જેલવાસ નહીં હોય.

**પ્રશ્ન 18. એમજીએલ હેઠળ કયા સજ્ઞાન અને બિન-અજ્ઞાન અપરાધો છે ?**

**ઉત્તર :** એમજીએલની કલમ 73(3) અને 73(4) શરતો અનુસાર

- રૂ. 250/- લાખથી ઓછી કરચોરી હોય તેવા બધા અપરાધો બિન-સજ્ઞાન અને જામીનપાત્ર.
- રૂ. 250/- લાખથી વધુ કરચોરી હોય તેવા બધા અપરાધો સજ્ઞાન અને બીન-જામીનપાત્ર.

**પ્રશ્ન 19. અભિયોગની શરૂઆત કરવા માટે, શું સક્ષમ સત્તાવાહીની મંજૂરી જરૂરી છે ?**

**ઉત્તર :** હા. નિયુક્ત સત્તાવાહની પૂર્વ મંજૂરી વિના કોઈ પણ અપરાધ માટે કોઈ પણ વ્યક્તિની વિરુદ્ધ અભિયોગની શરૂઆત ન કરી શકાય.

**પ્રશ્ન 20. શું 'mensrea' (મેન્સરીઆ) અથવા દોષપાત્ર મનઃસ્થિતિ, એમજીએલ હેઠળ અભિયોગ માટે જરૂરી છે ?**

**ઉત્તર :** હા. પરંતુ, કલમ 75 મનઃસ્થિતિનાં અસ્તિત્વની હાજરી જરૂરી છે, જે ગુનો કરવા માટે જરૂરી હોય અથવા એવી મનઃસ્થિતિ વગર આવો ગુનો ના થઈ શકે.

**પ્રશ્ન 21. દોષપાત્ર મનઃસ્થિતિ શું છે ?**

**ઉત્તર :** કાર્ય કરતી વખતે, 'દોષપાત્ર માનસિક હાલાત' એટલે મનઃસ્થિતિ જેમાં –

- ઇરાદાપૂર્વકનું કાર્ય;
- કાર્ય અને તેની અસરો સમજેલ અને નિયંત્રણક્ષમ છે;
- જે વ્યક્તિને કાર્ય કરવા માટે બળજબરી ન થઈ હોય અને કરેલ કાર્યોની અડચણોમાંથી બહાર આવે;
- વ્યક્તિ માનતો હોય અથવા એવું માનવા માટેના કારણો હોય કે જે તે કાર્ય કાયદાથી વિપરીત છે.

**પ્રશ્ન 22. એમજીએલ હેઠળ કોઈ પણ અપરાધ માટે કંપની વિરુદ્ધ અભિયોગ માંડવાની કાર્યવાહી કરી શકાય ?**

**ઉત્તર :** હા. એમજીએલની કલમ 77 પ્રદાન કરે છે કે દરેક વ્યક્તિ કે જે પ્રભારી છે અથવા કંપનીના ધંધાના કાર્ય માટે જવાબદાર છે તે અને કંપનીની વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે જવાબદાર બને અને તે વ્યક્તિ જ્યારે કંપનીનો કાર્યભાર સંભાળતો હોય ત્યારે કંપની દ્વારા આચરવામાં આવેલ કાયદાના ભંગ માટે સજાપાત્ર બની શકે. જો કોઈ કાયદાનો ભંગ/ગુનો કંપની દ્વારા થયો હોય –

- સંમતિથી/ચશ્મપોશીથી કરવામાં આવેલ હોય, અથવા
- આરોપ્યમય બેદરકારી હોય –

કંપનીનાં કોઈ પણ અધિકારી દ્વારા, તો તે અધિકારીને તે કાયદા ભંગ માટે દોષિત ગણાશે અને તેની વિરુદ્ધ કાર્યવાહી થશે અને તદનુસાર સજા થશે.

**પ્રશ્ન 23. અપરાધોનાં માંડવાળનો મતલબ શું છે ?**

**ઉત્તર :** કોડ ઓફ ક્રિમનલ પ્રોસીજરની કલમ 320માં અપરાધોના માંડવાળની વ્યાખ્યા છે જેના લીધે પ્રતિફળ અથવા અંગત ઉદ્દેશ માટે થતી કાર્યવાહીને રોકી શકાય.

**પ્રશ્ન 24. શું એમજીએલ હેઠળ થતા અપરાધોનો માંડવાળ થઈ શકે છે ?**

**ઉત્તર :** હા. એમજીએલની કલમ 78 અનુસાર નીચે દર્શાવ્યા સિવાયના કોઈ પણ અપરાધ માટે, નિર્ધારિત માંડવાળની રકમનું ભુગતાન કરવાથી માંડવાળ થાય અને તે માંડવાળ કાર્યવાહીની શરૂઆત થાય તે પહેલા અથવા પછી સ્વીકાર્ય બને છે :

- 12 મુખ્ય અપરાધો (પ્ર. 16માં ઉપર સિમાંકન)માંથી 1 થી 7 ક્રમાંકિત અપરાધો, તેમાંથી કોઈ પણ અપરાધ માટે જો કોઈ વ્યક્તિ અપરાધ પ્રભારિત હોય અથવા અગાઉ માંડવાળ થયેલ હોય;
- 12 મુખ્ય અપરાધોમાંથી 1 થી 7 ક્રમાંકિત અપરાધ માટે મદદ/સહાય કરે તેમાંથી કોઈ પણ અપરાધો માટે જો

કોઈ વ્યક્તિ અપરાધ પ્રભારિત હોય અને અગાઉ માંડવાળ થયેલ હોય;

- પુરવઠાની કિંમત 1 કરોડથી વધુ હોય તેવા કિસ્સામાં એસજીએસટી કાયદો/આઈજીએસટી કાયદા હેઠળ કોઈ પણ અપરાધ (ઉપર સિવાયના અપરાધો) માટે, તેમાંથી કોઈ પણ અપરાધો માટે જો કોઈ વ્યક્તિ અપરાધ પ્રભારિત હોય અને અગાઉ માંડવાળ થયેલ હોય;
- સીજીએસટી/એસજીએસટી કાયદાના અંતર્ગત થયેલ અપરાધ સિવાયના કે જે કોઈ પણ અપરાધ જે એનડીપીએસ એક્ટ (NDPS Act) અથવા ફેમા (FEMA) અથવા અન્ય કોઈ કાયદા માટે સિવાય કે;
- આના સંદર્ભમાં નિયત કરેલ કોઈ પણ અન્ય અપરાધો અથવા વ્યક્તિઓ.

કર, વ્યાજ અને દંડની ચુકવણી પછી જ માંડવાળને અનુજ્ઞાત કરી શકાય અને અન્ય કોઈ કાયદા હેઠળ કોઈ કાર્યવાહી અગાઉથી શરૂ થઈ હશે તો સમાધાન થઈ શકશે નહિ.

**પ્રશ્ન 25. અપરાધનાં માંડવાળ માટે શું કોઈ આર્થિક મર્યાદા સૂચવેલ છે ?**

**ઉત્તર :** હા. માંડવાળની કિંમતની નીચલી મર્યાદા નીચે દર્શાવેલ કિંમતથી વધારે હોવી જોઈએ :

- સામેલ કરનો દર 50 ટકા હોય અથવા રૂ. 10000/-

માંડવાળ કિંમતની ઉપલી મર્યાદા નીચે દર્શાવેલ કિંમતથી વધારે હોવી જોઈએ :

- સામેલ કરનો દર 150 ટકા સુધી હોય અથવા રૂ. 30,000/-

**પ્રશ્ન 26. એમજીએલ હેઠળ અપરાધનાં સમાધાનનું પરિણામ શું છે ?**

**ઉત્તર :** કલમ 77ની પેટા કલમ (3) અનુસાર માંડવાળની કિંમતની ચુકવણીથી, આ કાયદા હેઠળ આગળ કોઈ કાર્યવાહી નહીં કરાય અને પહેલાંથી શરૂ થયેલ અપરાધિક કાર્યવાહી રદબાતલ ગણાશે.

# પ્રકરણ 21

## આઈજીએસટી કાયદાની રૂપરેખા

**પ્રશ્ન 1. જીએસટી શું છે ?**

**ઉત્તર :** "એકત્રિત માલ અને સેવાવેરા અધિનીયમ" - (જીએસટી) એટલે આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં કોઈ માલ અને / અથવા સેવાઓ પૂરી પાડવા અંગે આ અધિનિયમ નીચે લીધેલો વેરો.

**પ્રશ્ન 2. આંતરરાજ્ય પુરવઠો શું છે ?**

**ઉત્તર :** આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલ અને / અથવા સેવાઓનો પુરવઠો પુરા પાડવા, જ્યાં પુરવઠાકારનું સ્થળ અને પુરવઠાનું સ્થળ જુદા જુદા રાજ્યોમાં હોય ત્યાં કોઈપણ પુરવઠો (કલમ 3ની પેટા કલમ (1) અને (2))

**પ્રશ્ન 3. આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલ અને / અથવા સેવાઓ ઉપર જીએસટી કર કેવી રીતે લેવાશે ?**

**ઉત્તર :** જીએસટી એ આંતરરાજ્ય પુરવઠા ઉપર કેન્દ્ર દ્વારા લાદવામાં અને વસુલ કરવામાં આવનાર કર છે. બોહળી રીતે જોઈએ તો, જીએસટી એટલે (જીએસટી વત્તા એસજીએસટી, અને તે કર તમામ આંતર રાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન કરપાત્ર

પુરવઠા ઉપર લાદવામાં આવશે. આંતરરાજ્ય વેચાણકારે મુલ્યવૃદ્ધિ ઉપર પોતાની પાસે જમા ઈનપુટ ટેક્સ ક્રેડિટ ભરતા જે કિંમત આવે તેના ઉપર ભરવાની રહેશે. નિકાસકાર રાજ્ય એસજીએસટીની ક્રેડિટ કેજે જીએસટી નો કર ભરવામાં વાપરવામાં આવી હોય તેને કેન્દ્રને તબદીલ કરશે. આયાતકાર વેપારી પોતાના રાજ્યમાં કર ભરશે પરંતુ આયાત માલમાં આઈજીએસટી ક્રેડિટ જમા લેશે. કેન્દ્ર આઈજીએસટી ક્રેડિટ કે જે એસજીએસટી કર ભરવામાં વપરાઈ હોય તે તે આયાતકાર રાજ્યને તબદીલ કરશે. લાગે વળગતી માહીતી કે જે કેન્દ્રીય એજન્સી હિયરીંગ હાઉસ ની જેમ કામ કરતી હશે તેને આપશે, જે દાવાઓ તપાસી ને યોગ્ય સરકારોને ક્રેડિટ ફંડ તબદીલ કરવાનું કહેશે.

**પ્રશ્ન 4. આઈજીએસટી અધિનિયમના મુખ્ય પાસાઓ શું છે ?**

**ઉત્તર :** આઈજીએસટી મુસદ્દામાં કુલ 63 કલમો છે, જે 11 પ્રકરણમાં વહેંચવામાં આવી છે. આ મુસદ્દામાં મુખ્યે, પુરવઠાનું સ્થળ નક્કી કરવા માટેના કાયદાની જોગવાઈઓ છે, જ્યાં આગળ માલના પુરવઠાનો પ્રશ્ન છે ત્યાં, પુરવઠા ના સમય પર માલ જ્યા હતો તે સ્થળ તેના પુરવઠાનું સ્થળ ગણાય. જ્યા આગળ પુરવઠો સેવાઓનો હોય, ત્યાં પુરવઠાનું સ્થળ, સેવાઓ પુરી પાડવામાં આવી હોય તે સ્થાન ગણાય. જ્યાં આગળ માલને તેના નિયત સ્થળે સ્થાપિત કરવાનો હોય અથવા એસેમ્બલ કરવાનો હોય તો, તે સ્થાપિત કરવાના કે એસેમ્બલ કરવાના સ્થળને પુરવઠાનું સ્થળ

ગણાય. જ્યાં આગળ માલનો પુરવઠો વાહન દ્વારા કરવામાં આવે ત્યાં તેના પુરવઠાનું સ્થળ વાહન ઉપર લાદવામાં આવે તે સ્થળ ગણાય.

**પ્રશ્ન 5. આઈજીએસટી માળખાના લાભ શું છે ?**

**ઉત્તર :** આઈજીએસટી માળખાના મુખ્ય લાભ ઉચે મુજબ છે.

(એ) આંતરરાજ્ય પુરવઠામાં આઈટીસી (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) ચેઈનમાં સાંકળની જેમ સતત કામ કરે છે.

(બી) આંતર રાજ્ય નિકાસકાર કે આયાતકાર માટે કોઈ પણ ભંડોળનો ભરાવો નથી થતો અથવા કોઈ પણ અગ્રીમ કરની ચુકવણી નથી કરવાની.

(સી) ટેક્સ ભરતી વખતે આઈટીસી (ઈનપુટ ક્રેડિટ) વપરાઈ જતી હોવાથી, નિકાસકાર રાજ્ય માટે કોઈ રિફંડનો પ્રશ્ન નથી ઉદભવતો.

(ડી) સ્વ અવલોકન માળખું.

(ઈ) કર માળખાની સરળતા સાથે કર નિશ્ચિતતા.

(એફ) કરદાતાઓ માટે કોઈ પણ વધારાની અનુપાલન સિવાય સામાન્ય હિસાબ.

(જી) આ માળખું ઉચ્ચ કક્ષા નું અનુપાલન દ્વારા ઉચ્ચ અને ઉચા પ્રમાણનું ભરણું કાર્યદક્ષ રીતે પુરું પાડે છે. આ

માળખુ "વ્યાપાર થી વ્યાપાર" (બીટુબી) અને "વ્યાપાર થી ગ્રાહ" (બીટુસી) બેન્ને ને સંભાળી શકે છે.

**પ્રશ્ન 6. આયાત / નિકાસ ઉપર જીએસટીમાં કર કેવી રીતે લદાશે ?**

**ઉત્તર :** તમામ આયાત / નિર્યાત આંતર-રાજ્ય પુરવઠાની જેમજ કરપાત્ર (આઈજીએસટી) રહેશે. કર પાત્રતા તેના પુરવઠાના સ્થળના સિદ્ધાંતો ઉપર આધારિત હશે તથા કર આવક પુરવઠાના ઉપયોગવાળા રાજ્યમાં જશે. આઈટીસી (ઈનપુટ ક્રેડિટ) સંપુર્ણપણે મજરે મળશે જ્યા આઈજીએસટી કર આયાત ઉપર ભરેલ હોય. (કલમ 2 પેટા કલમ (સી))

**પ્રશ્ન 7. આઈજીએસટી અધિનીયમ ખુબજ નાના વ્યાપ વાળો અને ખૂબજ ઓછી વ્યાખ્યાનો વાળો કે જેનો મોટો ભાગ સેટલમેન્ટ કમીશનર (setlement commissioner) ને સંબંધિત છે. તો શું સીજીએસટી અથવા એસજીએસટીની જોગવાઈઓ આઈજીએસટીને લાગુ પડશે ?**

**ઉત્તર :** હા. આઈજીએસટી અધિનિયમની કલમ 27 અનુસાર, તેમાં દર્શાવેલ વિવિધ જોગવાઈઓ આઈજીએસટી અધિનીયમને લાગુ પડશે.

**પ્રશ્ન 8. આઈજીએસટી કર કેવી રીતે ભરાશે ?**

**ઉત્તર :** આઈજીએસટી કર આઈટીસી (ઈનપુટ-ટેક્ષ ક્રેડિટ) અથવા રોકડેથી ભરી શકાય છે. પરંતુ કર ભરવામાં આઈટીસીનો ઉપયોગ નીચે બતાવેલ ક્રમ પ્રમાણે જ થઈ શકે.

- આઈજીએસટીની પ્રથમ ઉપલબ્ધ આઈટીસીનો ઉપયોગ જ આઈજીએસટીની ચૂકવણીમાં થાય.
- આઈજીએસટીની આઈટીસી પુરી થયે, સીજીએસટીની આઈટીસીથી આઈજીએસટી કર ભરાય.
- જ્યાં આઈજીએસટી અને સીજીએસટીની આઈટીસી જમા ક્રેડિટ પુરી થઈ ગયા પછી જ ડિલર ને એસજીએસટીની આઈટીસી ક્રેડિટ આઈજીએસટીમાં કર ભરવા વાપરી શકે.

ઉપર મુજબ ક્રેડિટ વાપર્યા પછી બચી ગયેલ ભરવાપાત્ર કર, રોકડમાં ભરી શકાય. જીએસટી પ્રણાલીમાં આઈજીએસટી કર ભરવામાં ઉપર મુજબના ક્રમમાં જ ક્રેડિટ વપરાશે.

**પ્રશ્ન 9. કેન્દ્ર, નિકાસ કર રાજ્ય તથા આયાતકાર રાજ્ય વચ્ચે નાણાંકીય પતાવટ કેવી રીતે થશે ?**

**ઉત્તર :** કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાની પતાવટ બે રીતે થશે, જે નીચે મુજબ છે :

- કેન્દ્ર અને નિકાસકાર રાજ્ય : નિકાસકાર રાજ્ય એસજીએસટીની આઈટીસી જે પુરવાઠાકારે નિકાસકાર

રાજ્યમાં વાપરી હોય, તેટલી જ આઈટીસી / રકમ, નિકાસકાર રાજ્ય કેન્દ્રને આપશે.

- કેન્દ્ર અને આયાતકાર રાજ્ય : ડિલરે એસજીએસટી કર ભરવામાં વાપરેલ આઈજીએસટી ની આઈટીસી (ઈનપુટ-ક્રેડિટ) કે જે રાજ્ય અંદરના પુરવઠામાં વપરાયેલ હોય તેટલી રકમ કેન્દ્ર આયાતકાર રાજ્યને આપશે.

પતાવટની અવધિમાં દરેક ડિલર દ્વારા રજૂ કરવામાં આવેલ હિસાબોની વિગતોને ધ્યાનમાં લઈ, સંચિત આધાર પર રાજ્ય પતાવટ કરશે. તેજ રીતે સીજીએસટી અને આઈજીએસટી હિસાબની વચ્ચે રકમની પતાવટ આદરવામાં આવશે.

# પ્રકરણ 22

## માલ અને સેવાઓના પુરવઠાનું સ્થળ

(Place of Supply of Goods and Services)

**પ્રશ્ન 1. જીએસટી કાયદામાં માલ અને સેવાઓના પુરવઠાના સ્થળ ની શુ જરૂરીયાત છે ?**

**ઉત્તર :** જીએસટીના સામાન્ય સિદ્ધાંત અનુસાર, ઉપયોગના સ્થળ ઉપર કરપાત્રતા / કર ભરવા પાત્ર બને છે. એટલે કે, પુરવઠાના સ્થળ અનુસાર તેનો કર ત્યાનાં કર વિભાગમાં પહોંચવો જોઈએ. પુરવઠાનું સ્થળ નક્કી કરશે કે તે પુરવઠો રાજ્યમાં નોંધ કે આંતરરાજ્ય છે, જેથી કરીને તે નક્કી થઈ શકે કે, પુરવઠામાં એસજીએસટી વત્તા સીજીએસટી લાગુ પડશે કે પછી આઈજીએસટી કે જ્યાં આંતરરાજ્ય પુરવઠો હોય.

**પ્રશ્ન 2. માલ ત સેવાઓમાં પુરવઠા સ્થળ અંગે જોગવાઈઓ કેમ જુદી છે ?**

**ઉત્તર :** માલ સામાનના પુરવઠામાં પુરવઠાનું સ્થળ નક્કી કરવું અઘરું નથી પરંતુ જેમાં સેવાઓ સામેલ કે જે દેખીતી નથી તેમા પુરવઠાનું સ્થળ નીચે મુજબના ધોરણોને ધ્યાનમાં રાખી કરાશે.

(1) પુરવઠાની પદ્ધતિ સેવાઓમાં આસાનીથી તબદીલ કરી શકાય છે. દા.ત. : ટેલીકોમ સેવાઓમાં પ્રી-પેઈડ થી પોસ્ટ પેઈડ બીલીંગનાં સરનામાં બદલી શકાય છે, સોફ્ટવેરમાં રીપેર અને મેન્ટેનંસ ના કરાર ઓન સાઈટથી ઓનલાઈન, બેંકમાં પહેલા ગ્રાહક જાતે જવું પડતું પણ હવે ગમે ત્યાં થી સેવાઓ લઈ શકે,

(2) સેવાઓ આપનાર, સેવાઓ લેનાર અને આપેલ સેવાઓ નક્કી કરવું મુશ્કેલ છે તથા છુપાવી શકાય છે કેમ કે તેની આપ-લે દેખીતી નથી.

(3) સેવાઓ પુરી પાડવા માટે, પુરવઠાનું સ્થળ મુખ્ય નથી, સેવા લેનાર પોતે ફરતા હોવા છતાં સેવાઓ લઈ શકે છે. બીલીંગ સરનામું, રાતોરાત બદલાઈ શકે છે.

(4) ફિલ્મના વિતરણ અને પ્રદર્શનનાં એક કોપી રાઇટ વડે, અનેક રાજ્યોમાં ફિલ્મનું પ્રદર્શન અથવા જાહેરાત અથવા કાર્યક્રમ એક જ સમયે સમગ્ર દેશમાં પ્રસારીત કરવું. એરલાઇન સંભવિત સિઝનલ ટિકિટો, કે 10 પાનાં સમાવિષ્ટ કરી, જારી કરી શકે જેનો ઉપયોગ દેશના કોઈ પણ બે સ્થળો વચ્ચે મુસાફર કરવા માટે કરી શકાય. દિલ્હી મેટ્રો દ્વારા જારી કરવામાં આવેલ કાર્ડનો ઉપયોગ નોઇડા અથવા દિલ્હી અથવા ફરીદાબાદ સ્થિત વ્યક્તિ કરી શકે, રકમની પ્રાપ્તીનાં

સમયે દિલ્હી મેટ્રો સ્થળ અથવા મુસાફરીને ઓળખી શકતું નથી.

(5) સેવાઓના પ્રકાર હંમેશા બદલાતા રહેતા હોય છે અને તેટલે તે નવાં પડકારો ઉભા કરે છે. ઉદાહરણ તરીકે, 15-20 વર્ષ પહેલા કોઈએ પણ ડીટીએચ, ઓનલાઈન માહીતી, ઓનલાઈન બેંકિંગ, ટિકિટોનું ઓનલાઇન બુકિંગ, ઇન્ટરનેટ, મોબાઇલ, દુરસંચાર વગેરે વિશે વિચાર્યું ના હોય.

**પ્રશ્ન 3 : સેવાના પુરવઠામાં કઈ કઈ ધારણાઓને પુરવઠાનું સ્થળ નક્કી કરવા માટે ધ્યાનમાં રાખવા પડે ?**

**ઉત્તર :** સેવાઓના પુરવઠાનું સ્થળ નક્કી કરવામાં ઘણી બધી ધારણાઓનું ધ્યાન રાખવું પડે. જે ધારતા સેવાના પુરવઠાનું સૌથી નજીકનું પરીણામ આપી શકે, તે ધારણાઓ / કારણો પુરવઠાનું સ્થળ નક્કી કરવા માટે વપરાય, જે નીચે મુજબ છે.

(1) સેવા આપનારનું સ્થળ

(2) સેવા લેનારનું સ્થળ

(3) સ્થળ કે જ્યાં પ્રવૃત્તિઓ થાય/કામગીરીનું સ્થળ

(4) જ્યાં વપરાશમાં આવે તે સ્થળ

(5) સ્થળ / વ્યક્તિ કે જેણે તે લાભ લીધો હોય.

**પ્રશ્ન 4. રજીસ્ટર્ડ વ્યક્તિને પુરવઠો (કચ્છ) અને અનરજીસ્ટર્ડ વ્યક્તિને પુરવઠાના વ્યવહારોમાં પુરવઠાના સ્થળના અલગ કાયદાની શી જરૂર છે ?**

**ઉત્તર :** રજીસ્ટર્ડ વ્યક્તિને પુરવઠામાં ભરાયેલ કર / ટેક્ષ લેનાર વ્યક્તિ આઈટીસી મજરે બે છે કે જેથી તે વ્યવહારો વચેટ વ્યવહારો કહેવામાં આવા વ્યવહારોમાં મજેર લીધેલ કર (જીએસટી) સરકારની ઉધાર / લાયબિલીટી વધારે છે જ્યારે લેનાર વ્યક્તિ માટે તે જમા બાજુ છે કે જે તે આઈટીસી વાપરવાનો હક્કદાર છે તેના આગળના કર બોજમાં બીટુબી વ્યવહારોમાં સેવા / પુરવઠો લેનારનું સ્થળ જ બધી જ પરિસ્થિતીઓમાં કામ લાગે છે. કારણકે તે આઈટીસી જન્મ લે છે. બીટુબી વ્યવહારોમાં પુરવઠા ત્યારે જ વપરાય કે જ્યાં આગળ ઉપર તે બીટુસી વ્યવહારોમાં તબદીલ થાય. બીટુસી વ્યવહારોમાં પુરવઠો અંતે વપરાય છે અને કર ખરેખર સરકાર પાસે પહોંચે છે.

**પ્રશ્ન 5. જ્યા માલ પુરો પાડવામાં આવ્યો હોય ત્યા આગળ પુરવઠાનું સ્થળ શું હોય ?**

**ઉત્તર :** માલના પુરવઠાનું સ્થળ મેળવનારને કે માલ સોપવા માટે માલની હેરફેર વખતે હોય તે માલનું સ્થળ રહેશે. (કલમ-5(2))

**પ્રશ્ન 6. જ્યા માલ પુરવઠો, પુરવઠાકારે ના નિદેશ પ્રમાણે ત્રીજી વ્યક્તિને પુરવઠો આપવાનો હોય તો પુરવઠાનું સ્થળ કયું કહેવાય ?**

**ઉત્તર :** ત્રીજી વ્યક્તિના નિર્દેશ પર મેળવનાર / ત્રીજી વ્યક્તિને પુરવઠાકારે માલની સોપણી કરી હોય ત્યાં માલના, પુરવઠાનું સ્થળ આવી વ્યક્તિના વેપારનું મુખ્ય સ્થળ રહેશે.

**પ્રશ્ન 7. જ્યાં માલ / સેવાઓ પુરો પાડવામાં આવે જેમ કે વહાણ, ટ્રેન, મોટર ગાડી, ત્યાં પુરવઠાનું સ્થળ કયું ગણવું ?**

**ઉત્તર :** માલના પુરવઠા માટે, તેના પુરવઠાનું સ્થળ તેને વહાણ / વાહન ઉપર લઈ જવાય તેને પુરવઠાનું સ્થળ ગણાય (કલમ 5(5))

પણ જો સેવાઓના પુરવઠાની વાત હોય તો, જે વાહને સેવા પુરી પાડવાનું સ્થળ, મુસાફરી નોટ તે વાહનના છુટવાનું પ્રથમબિંદુ સ્થળ રહેશે (કલમ-6(11))

**પ્રશ્ન 8. બીટુબી પુરવઠામાં પુરવઠાના સ્થળ માટે સામાન્ય ધારણા કઈ ગણાય ?**

**ઉત્તર :** આઈજીએસટીના કાયદા પ્રમાણે બે પ્રકારના કરપાત્ર વ્યક્તિ બતાવેલ છે. રજીસ્ટર્ડ તથા અન-રજીસ્ટર્ડ રજીસ્ટર્ડ વ્યક્તિનો પુરવઠામાં, તે વ્યક્તિનું સ્થળ જ પુરવઠાનું સ્થળ માનવામાં આવે. કારણકે પુરવઠા મેળવનારનું સરનામું હંમેશા હોય છે માટે.

**પ્રશ્ન 9. અન રજીસ્ટર્ડ પુરવઠો મેળવનાર માટે તેના પુરવઠાનું સ્થળ કયું ગણવું ?**

**ઉત્તર :** સામાન્ય રીતે, પુરવઠા માર્ગોનું સ્થળ જ તેના પુરવઠાનું સ્થળ ગણાય. પરંતુ ઘણા કિસ્સાઓમાં જો પુરવઠા મેળવનારનું સ્થળ નિશ્ચિત ન હોય તો, પુરવઠાકારનું સ્થળ તેનું પુરવઠાનું સ્થળ ગણાય.

**પ્રશ્ન 10. સ્થાવર મિલકત માટે, મિલકતનું સ્થળ જ પુરવઠાનું સ્થળ ગણાય, પણ ધારો કે માર્ગના કામમાં દિલ્હીથી મુંબઈના માર્ગમાં કયું સ્થળ પુરવઠાનું સ્થળ ગણાય ?**

**ઉત્તર :** સ્થાવર મિલકત જે એક કરતા વધારે રાજ્યમાં આવેલ હોય ત્યાં પુરવઠા સેવા અલગ રીતે એકઠી કરેલી અથવા નક્કી કરેલી સેવાઓ માટે કિંમતના પ્રમાણમાં દરેક રાજ્યમાં કરેલા તરીકે ગણવામાં આવશે. આ અંગે કોન્ટ્રાક્ટ / કરારની શરતોમાં અથવા આવો કોન્ટ્રાક્ટ / કરારના અભાવે આ અંગે નિયત કરવામાં આવે તેવા બીજા આવા યોગ્ય ધોરણ અલગ નક્કી કરવામાં આવશે (કલમ 6(5)નું સ્પષ્ટીકરણ)

**પ્રશ્ન 11. જ્યાં સેવાઓનો પુરવઠો એક કરતા વધારે સ્થળે યોજાયો હોય તેવા કિસ્સામાં પુરવઠાનું સ્થળ કયું માનવું. દા.ત. : આઈપીએલ મેચ ઘણા રાજ્યોમાં યોજાય છે.**

**ઉત્તર :** આવા કિસ્સામાં જ્યા નોંધાયેલ વ્યક્તિ હોય તો તેવી સેવાઓનું પુરવઠાનું સ્થળ તે વ્યક્તિનું સ્થળ રહેશે.

પરંતુ જો નોંધાયેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ હોય તો, બનાવ ખરેખર યોજાયો હોય તે સ્થળ રહેશે. જો બનાવ એક કરતા વધારે રાજ્યોમાં યોજાયો હોય તો, આવા બનાવને લગતી સેવા પૂરી પાડવા માટે એકત્રિત રકમ ચાર્જ કરવામાં આવે, તો આ અંગે કરેલ કોન્ટ્રાક્ટ અથવા કરારના પ્રશ્નો આ અંગે કરેલ કોન્ટ્રાક્ટ / કરારની શરતો પરથી ખાતરી કર્યા મુજબ દરેક રાજ્યમાં આમ પુરી પાડેલી સેવાઓના પ્રમાણમાં દરેક રાજ્યમાં પુરવઠાનું સ્થળ લેવામાં આવશે.

**પ્રશ્ન 12: કુરીયર દ્વારા પુરવઠાના પુરવઠાનું સ્થળ કયુ માનવું ?**

**ઉત્તર :** જો વ્યક્તિ નોંધાયેલી ન હોય તો આવો માલ તેના પરિવહન માટે આપવામાં આવે તે સ્થળ ગણાય.

**પ્રશ્ન 13. જો વ્યક્તિ મુંબઈથી દિલ્હી પ્રવાસ કરતો હોય તો પુરવઠાનું સ્થળ કયું માનવું ?**

**ઉત્તર :** નોંધાયેલી વ્યક્તિ માટે, તે વ્યક્તિનું સ્થળ જ ગણાય.

નોંધાયેલી વ્યક્તિ સિવાયની વ્યક્તિ માટે ઉતારું જ્યાથી પ્રવાસ શરૂ કરે તે સ્થળ એટલે કે મુંબઈ ગણાય. પરંતુ જો પરત મુસાફરી કરે એટલે કે દિલ્હી, તો દિલ્હી તેનું પુરવઠાનું સ્થાન ગણાય (કલમ-6(11))નું સ્પષ્ટીકરણ

**પ્રશ્ન 14. જો ટિકીટ / પાસ કે જે ગમે ત્યા પ્રવાસ કરી શકાય તેવો એર ઈન્ડિયા કોઈ વ્યક્તિને આપે તો તેનું સ્થાન કયું ગણાય ?**

**ઉત્તર :** ભવિષ્યના ઉપયોગ માટે પાસનો હક્ક આપવામાં આવે ત્યાં અને ચાલતા હકના પ્રશ્ન વખતે વહાણ ચડવાનો મુદ્દો જાણમાં ન હોય તેથી આવી સેવાના પુરવઠાના સ્થળ તથા પ્રસંગે પેટાકલમ (2) અથવા (3) માં નિર્દિષ્ટ કરવાનો આવે તે રીતે નક્કી કરવામાં આવશે.

**પ્રશ્ન 15. મોબાઈલ કનેક્શનમાં કયું સ્થળ ગણાય ? શું પુરઠાકારનું સ્થળ પુરવઠાનું સ્થળ ગણાય ?**

**ઉત્તર :** આ બાબતમાં પુરવઠાકારનું સ્થળ તે પુરવઠાનું સ્થળ મનાય નહી કારણકે આવી વ્યક્તિઓ પોતાની સેવાઓ ઘણા બધા રાજ્યોમાં પૂરી પાડે છે અને તેટલે ઉપયોગનો કાયદાનું માળખું, ખોરવાઈ જાય અને બધા જ કટ પુરવઠાકારના સ્થળે જતા રહે. મોબાઈલ કનેક્શનના કિસ્સામાં સ્થળ પોસ્ટ પેઈડ – પ્રિ-પેઈડ છે તેના આધારે ગણાય.

પોસ્ટપેઈડમાં સેવા મેળવનારનું સ્થળ ગણાય, જ્યારે પ્રિ-પેઈડમાં વાઉચર / પૂર્વ ચુકવણી મળે અથવા આવા વાઉચર વેચાય તે સ્થળ ગણાય. પરંતુ જો અગાઉ ચુકવણી કરાયેલ સેવા ઈન્ટરનેટ / વિજાણુ રિચાર્જ થાય તો સેવા પુરી પાડનારના રેકર્ડ પરનું મેળવનારનું સ્થળ આવી સેવા પૂરી પાડવાનું સ્થળ રહેશે.

**પ્રશ્ન 16. જો કોઈ ગોવાનો વ્યક્તિ, દિલ્હીના બ્રોકર પાસેથી એનએસઈ (મુંબઈ)ના શેર ખરીદે તો પુરવઠાનું સ્થળ કયું ગણાય ?**

**ઉત્તર :** આવા કિસ્સાનાં પુરવઠાકારના રેકોર્ડમાં પુરવઠો લેનારનું જે સ્થળ હોય તે પુરવઠાનું સ્થળ ગણાય. ગોવા આ કિસ્સામાં સેવાનું સ્થળ ગણાય.

**પ્રશ્ન 17. મુંબઈનો કોઈ વ્યક્તિ કુલુ-મનાલીના આઈસીઆઈસીઆઈ બેંકની સેવાનો લાભ લે તો સેવાનું સ્થળ કયું ?**

**ઉત્તર :** જો સેવા મેળવનારના ખાતામાં સેવાનું જોડાણ ન થયું હોય, તો પુરવઠાનું સ્થળ સેવા પૂરી પાડવાનાં આવે તે સ્થળ એટલે કે કુલ્લુ પરંતુ જો આવી વ્યક્તિનું ખાતુ જોડાયેલુ હોય તો તે સેવાના પુરવઠા કરતા રેકર્ડ પરની મેળવનારને સેવાને સ્થળ ગણાય એટલે કે મુંબઈ. સેવાના પુરવઠાનું સ્થળ ગણાય.

**પ્રશ્ન 18. ગુરગાવનો વ્યક્તિ એરઈન્ડિયામાં મુંબઈથી દિલ્હી મુસાફરી કરે અને જો તેનો પ્રવાસ વીમો તેણે મુંબઈથી લીધો હોય તો સેવાનું સ્થળ કયું ગણાય ?**

**ઉત્તર :** વીમા સેવા પુરી પાડનારનાં રેકોર્ડ પ્રમાણે સેવા લેનાર (મેળવનાર)નું સ્થળ જે હોય તે પુરવઠાનું સ્થળ ગણાય. આ કારણોસર ઈજીએસટી કાયદાની કલમ 6(14)ની જોગવાઈ પ્રમાણે સેવાના પુરવઠાનું સ્થળ ગુડગાંવ ગણાશે.

# પ્રકરણ 23

## જીએસટી પોર્ટલ પરની ફ્રન્ટએન્ડ વ્યવસાયિક પ્રક્રિયા

## Frontend Business Process on જીએસટી Portal

**પ્રશ્ન 1. જીએસટીએન શું છે ?**

**ઉત્તર :** માલ અને સેવા કર નેટવર્ક (જીએસટીએન) એ એક બિન-નફાકારક બિન-સરકારી કંપની છે જે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કર દાતાઓ અને અન્ય સ્ટેકહોલ્ડરોને આઈ.ટી. માળખું અને સેવાઓ પુરી પાડે છે.

જીએસટીએન ફ્રન્ટ એન્ડ સેવાઓ જેવી કે રજીસ્ટ્રેશન (પંજીકરણ), રિટર્ન્સ (પત્રકો) અને કર ચૂકવણી બધાં જ કરદાતાઓને પુરી પાડશે તે સરકાર અને કરદાતાઓ વચ્ચે ઈન્ટરફેસ બનશે.

**પ્રશ્ન 2. જીએસટીએન Genesis શું છે ?**

**ઉત્તર :** જીએસટી પ્રણાલી પ્રોજેક્ટ એ એક વિશિષ્ટ અને જટિલ આઈટી પ્રોજેક્ટ છે. તે વિશિષ્ટ એટલે છે કે તે કરદાતાઓ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો વચ્ચે પહેલીવાર એક સમાન ઈન્ટરફેસ અને આઈટી માળખુ પુરૂં પાડશે. અત્યારે કેન્દ્ર અને રાજ્ય આડકતરાં વેરાંનો વહીવટ જુદા જુદા કાયદાં, નિયમો, પદ્ધતિઓ અને માળખાં પ્રમાણે કરે છે અને તેથી તેમની (એટલે કે કેન્દ્રની અને રાજ્યોની

આઈટી પ્રણાલી પણ સ્વતંત્ર સાઈટોની જેમ કાર્ય કરે છે. આ તમામને જીએસટીનાં અમલ માટે એકીકૃત કરવી એ એક જટીલ કાર્ય છે કેમ કે તે માટે તમામ કર પ્રશાસન (કેન્દ્ર, રાજ્યો અને સંઘ પ્રદેશો)ને સમાન આઈટી પ્રણાલીનાં સ્તરે લાવવું પડે જેમાં કરદાતાઓ અને બહારનાં સ્ટેકહોલ્ડરોને સમાન સ્તરે લાવવા પડે. આ ઉપરાંત જીએસટી એક ગંતવ્ય સ્થાન આધારિત કર હોવાથી, બે રાજ્યો વચ્ચે થતાં માલ અને સેવાઓનાં વ્યાપાર માટે રાજ્યો તથા કેન્દ્રની વચ્ચે મજબૂત સેટલમેન્ટ પદ્ધતિની જરૂર પડશે. (આઈજીએસટી) આ ત્યારે જ શક્ય બને કે જ્યારે સ્ટેકહોલ્ડરો (જેવા કે કરદાતાઓ, રાજ્યો, કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેન્ક)નાં માટે એક મજબૂત આઈટી માળખું અને સેવાઓ હોય કે જે માહિતીને કેપ્ચર કરે, તેની પર પ્રક્રિયા કરે અને તેનું આદાન પ્રદાન કરે.

આ પાસું રાજ્યોનાં નાણાં પ્રધાનોની એમ્પાવર્ડ સમિતીની ચોથી મિટીંગ (2010)માં ચર્ચાયો હતો. આ મિટીંગમાં ડો. નંદન નિલકેનીના વડપણ હેઠળ તથા તેમની સાથે એડિશનલ સચિવ (રાજસ્વ), સભ્ય (બીએન્ડસી), સીબીઈસી, ડીજી (System) (બીઈસી, નાણાંકીય સલાહકાર, નાણાં મંત્રાલય, સભ્ય સચિવ ઈસી અને પાંચ રાજ્યોનાં આયુક્ત, ટ્રેડ વેરા (મહારાષ્ટ્ર, આસામ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને ગુજરાત) સાથે રહીને "Empowered Group on IT Infrastructure for જીએસટી' (EG)ની રચના કરવામાં આવી આ ગ્રુપનો મુખ્ય હેતુ સૂચનાઓ આપવાનો હતો જેમ કે નેશનલ ઈન્ફોર્મેશન યુટિલીટી (એનટીયુ)ની રચના કરવી,

જીએસટી નેટવર્ક (જીએસટીએન) નામનું કોમન પોર્ટલ આયોજીત કરવું તથા તેના ધારાધોરણો અને ઢાંચાનાં નિર્માણ માટેનાં સૂચનો આપવાં. તે માટેની તાલિમ, પદ્ધતિ વગેરેનો રસ્તો અને રણનીતી તૈયાર કરવી, વગેરે.

માર્ચ, 2010માં નાણાં મંત્રાલય દ્વારા પ્રસ્થાપિત TAGUPનાં સૂચનો આવ્યાં કે નેશનલ ઈન્ફોર્મેશન યુટિલીટી (એનટીયુ)નું એક ખાનગી સંસ્થા કે જે જાહેર હેતુ માટે સ્થપાયેલ છે કે તેનું સંચાલન વિશાળ અને જટિલ સરકારી આઈટી પ્રોજેક્ટ કે જેમાં જીએસટી સામેલ છે, નું વહન કરવું. TAGUPનો મુખ્ય હેતુ હતો કે તે જીએસટી, ટીઆઈએન, એનપીએસ વગેરે વિવિધ આઈટી પ્રોજેક્ટને લગતી ટેકનોલોજી અને વ્યવસ્થા જેવી બાબતોનું નિરીક્ષણ કરશે.

ઓગસ્ટ 2010 થી 8 ઓગસ્ટ 2011 સુધી EG (Empowered Group)ની સાત મીટીંગો થઈ કે જેમાં જીએસટીનાં મોડલ વિશે ચર્ચાઓ થઈ. ચર્ચા-વિચારણાને અંતે EGએ સૂચવ્યું કે એક ખાસ આયામ વાહનનું ગઠન કરવું, કે જે જીએસટી સિસ્ટમ પ્રોજેક્ટને લાગુ કરે. કાર્યક્ષમ અને વિશ્વસનીય સેવાઓના આદાન-પ્રદાન માટે EGએ સૂચવ્યું કે એક બીન-સરકારી ઢાંચો તૈયાર કરવો કે જેમાં કુલ્લે 49 % હિસ્સો કેન્દ્ર અને રાજ્યોનાં સરખે ભાગે રહે કે જેમાં મેનેજમેન્ટનું સ્વાતંત્ર્ય, સરકારી નિયંત્રણ, સંસ્થાકીય ઢાંચાની લવચિકતા, નિર્ણય લેવાની ક્ષમતા તેમજ યોગ્ય માનવ સંસાધનને રાખવાની તથા સાચવવાની યોગ્યતા હોય.

જીએસટીએન પર સરકારનું નિર્ણાયક પ્રભુત્વ રાખવાની સાથે EGએ તેની માહિતી હાથવગી રાખવાની ભૂમિકા પણ નિભાવવાની હતી. ગ્રુપે સૂચવ્યું કે એસપીવી પર સરકારનો કાબુ બોર્ડની રચના, ખાસ ઠરાવોની પદ્ધતિ અને શેર હોલ્ડરોની સમજૂતિ વગેરે દ્વારા રાખી શકાશે. વધુમાં શેર હોલ્ડિંગ પેટર્ન દ્વારા કેન્દ્ર અને રાજ્યોનો વ્યક્તિગત અને સામૂહિક હિસ્સો 24.5% (બંને નો) નિયત કરી શકાશે. આ સાથે સરકારી હિસ્સો કે જે 49% હતો તે કોઈ પણ એકલ ખાનગી સંસ્થાના હિસ્સાથી વધારે રહેશે.

ઈજીએ એવી ટેકનોલોજીની જરૂરિયાત દર્શાવી કે જે આ કંપનીના 100% રિટર્ન (પત્રકો)ની સરખામણી કરે. ભારત સરકાર તથા રાજ્યોનાં અધિકારીઓ પાસે વ્યવસાયિક જ્ઞાન રહે. એનએસડીએલ કે જે વ્યવસાયિક તથા સ્વતંત્ર રીતે કામ કરનારી સંસ્થા છે. તેની જેમ જ વ્યવસ્થિત રીતે તકનીકી જ્ઞાન ધરાવનાર વ્યવસાયિકો આ કંપનીને સ્વતંત્ર રીતે ચલાવવા માટેની સત્તા પણ ઈજીએ સૂચવેલ હતી.

આ બધા સૂચનો રાજ્યોનાં નાણાં મંત્રીઓની એમ્પાવર્ડ કમિટીની ત્રીજી (19.8.2011) અને ચોથી મિટીંગ (14.10.2011)માં રજૂ થયા તા. 14.10.2011ની આ મિટીંગમાં સેક્શન 25 બિન-નફાકારક કંપનીની અને ઉપરોક્ત તમામ ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો.

રાજસ્વ વિભાગની જીએસટીએનનું ગઠન કરવાની નોંધ તથા સૂચનાઓને કેન્દ્રીય કેબિનેટે 12 એપ્રિલે 2012નાં રોજ મંજૂરી આપી. કેન્દ્રીય કેબિનેટે નીચેની બાબતો પણ મંજૂર કરી :

(i) જીએસટીએન-એસપીવીનાં ગઠન પહેલાં યોગ્ય અને ઈચ્છુક બીન-સરકારી સંસ્થાઓને શોધવી તથા તેમને નિવેશ માટે તૈયાર કરવી.

(ii) એસપીવી પરનું સરકારી નિયંત્રણ અમૂક બાબતોનું ધ્યાન રાખશે જેવી કે બોર્ડનું ગઠન, ખાસ ઠરાવોની પધ્ધતિ, શેર ધારકોનો કરાર, સરકારી અધિકારીઓની નિમણૂક (deputation) તથા જીએસટીએન એસપીવી તથા સરકાર વચ્ચેનો કરાર.

(iii) જીએસટીએન એસપીવીનાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં કુલ 14 ડાયરેક્ટરો રહેશે. જેમાં 3 ડાયરેક્ટર્સ કેન્દ્રનાં, 3 ડાયરેક્ટર્સ રાજ્યોનાં, કેન્દ્ર તથા રાજ્યોની સંયુક્ત મંજૂરીથી બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનાં એક ચેરમેન, ખાનગી સ્ટેકહોલ્ડર્સના 3 ડાયરેક્ટર્સ કે જે ખુલ્લી ચયન પદ્ધતિ વડે ચુંટાયા હોય.

(iv) જીએસટીએન એસપીવીમાં નિમણૂક પામતાં સરકારી અધિકારીઓ માટે નિયમોમાં છૂટ છાટ.

(v) જીએસટીએન એસપીવી ઉપયોગકર્તાઓ પાસેથી ચાર્જીસ ઉઘરાવી શકશે.

(vi) જીએસટીએન એસપીવી એ સંપૂર્ણ તથા ભારતીય એજન્સી રહેશે કે જે પ્રત્યક્ષ કરવેરાને લગતી સેવાઓ તેમજ જુદી જુદી કર સત્તાઓનો સમાવેશ કરશે.

(vii) રૂ. 315 કરોડની એક વખતની ગ્રાન્ટ ત્રણ વર્ષ માટે મંજૂર કરવામાં આવી કે જે એસપીવીનું પ્રારંભિક માળખુ તથા સંરચના માટે વપરાશે.

કેબિનેટના નિર્ણય પ્રમાણે કંપની એક્ટ, 1956ની ધારા 25 મુજબ જીએસટીના એ બિન-નફાકારક પ્રાઈવેટ લિમિટેડ કંપની રહેશે કે જે નીચે મુજબ ઈક્વીટી માળખુ ધરાવશે.

| | |
|---|---|
| કેન્દ્ર સરકાર : | 24.5% |
| રાજ્ય સરકારો : | 24.5% |
| એચડીએફસી : | 10% |
| એચડીએફસી બેન્ક : | 10% |
| આઈસીઆઈસીઆઈ બેન્ક : | 10% |
| એનએસઈ Stratesic Investment Co. : | 10% |
| LIC Housing Finance Co. : | 11% |

કેન્દ્ર સરકાર તથા રાજ્યોનાં નાણાં મંત્રીઓએ લાંબી ચર્ચા વિચારણાને અંતે જીએસટીએનની વર્તમાન એમ્પાવર્ડ કમિટીનું ગઠન કરેલ છે.

**પ્રશ્ન 3. જીએસટીએન દ્વારા કઈ સેવાઓ આપવામાં આવશે ?**

**ઉત્તર :** જીએસટીએનનાં કોમન જીએસટી પોર્ટલ વડે નીચેની સેવાઓ અપાશે.

(એ) રજીસ્ટ્રેશન (પંજીકરણ) (વર્તમાન કરદાતાઓનું માસ્ટર સ્થળાંતરણ તથા પીએએન આધારિત રજીસ્ટ્રેશન નંબરો)

(બી) પેમેન્ટ મેનેજમેન્ટ

(સી) રિટર્ન ફાઈલીંગ અને પ્રોસેસિંગ

(ડી) કરદાતાઓનું મેનેજમેન્ટ, એકાઉન્ટ મેનેજમેન્ટ, જાહેરનામુ, માહિતી, સ્ટેટસ ટ્રેકિંગ વગેરે.

(ઈ) ટેક્ષ ઓથોરિટી એકાઉન્ટ અને લેજર મેનેજમેન્ટ

(એફ) કેન્દ્ર તથા રાજ્યોની વચ્ચે સેટલમેન્ટની ગણતરી (આઈજીએસટી સમાવિષ્ટ) : આઈજીએસટી માટે ક્લિયરીંગ હાઉસ

(જી) ઈમ્પોર્ટ (આયાત) ઉપરનાં જીએસટીનું પ્રોસેસિંગ અને રીકન્સીલીએશન અને કસ્ટમ્સની ઈડીઆઈ System સાથેનું એકીકરણ

(એચ) એમ.આઈ.એસ. માહિતી અને વ્યવસાયિક ઈન્ટેલિજન્સ

(આઈ) સામાન્ય જીએસટી પોર્ટલ અને કરવેરા પ્રશાસન વચ્ચે ઈન્ટરફેસ જાળવવો

(જે) સ્ટેકહોલ્ડરોને ટ્રેનિંગ / પ્રશિક્ષણ

(કે) ટેક્ષ ઓથોરીટીને વ્યવસાયિક ઈન્ટેલિજન્સ તથા પૃથક્કરણનું પ્રાવધાન કરાવવું.

(એલ) સ્ટેક હોલ્ડરને પ્રશિક્ષણ આપવું, ઉત્તમ શિક્ષા આપવી, અને સંશોધન કરાવવું.

**પ્રશ્ન 4. જીએસટીએન તથા રાજ્યો / સીબીઈસી વચ્ચેનો ઈન્ટરફેસ શું છે ?**

**ઉત્તર :** જ્યારે કરદાતા રજીસ્ટ્રેશન, બીલની માહિતી, રીટર્ન ભરવું, ટેક્ષ ભરવો જેવી બાબતોમાં અટવાઈ જાય ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારની ટેક્ષ ઓથોરીટી તેને વિવિધ પાસાઓમાં મદદ કરશે. આમ, બેક એન્ડ મોડ્યુલનો વિકાસ કેન્દ્ર અને રાજ્ય સરકારો પોતાની મેળે કરશે. જોકે, 24 રાજ્યોએ જીએસટીએનને બેક એન્ડ મોડ્યુલ વિકસાવવા માટે કીધેલ છે. જ્યારે અન્ય રાજ્યો તથા

સીબીઈસીએ પોતાની રીતે બેક એન્ડ મોડ્યુલ બનાવવાની વાત કરેલ છે.

**પ્રશ્ન 5. રજીસ્ટ્રેશનમા જીએસટીએન શું ભાગ ભજવશે ?**

**ઉત્તર :** જીએસટી પોર્ટલમાં રજીસ્ટ્રેશન ઓનલાઈન રહેશે.

અન્ય મુખ્ય ડેટા જેવા કે PAN, વ્યવસાયિક બંધારણ, આધાર, (CIN/ DIN વગેરે ઓનલાઈન જમા કરાવવાનાં રહેશે કે જે લઘુત્તમ દસ્તાવેજીકરણ પ્રસ્તાવિત કરશે.

જીએસટીએન આ એપ્લિકેશનની માહિતી, સપોર્ટિંગ દસ્તાવેજો સાથે રાજ્યો તથા કેન્દ્રને મોકલશે કે જેઓ યોગ્ય મંજૂરી અથવા નામંજૂરી કરીને ડીજીટલ સહી વાળું રજીસ્ટ્રેશન જીએસટીએનને પાછુ મોકલશે કે જેને ત્યારબાદ કરદાતા ડાઉનલોડ કરી શકશે.

**પ્રશ્ન 6. જીએસટીએનમાં ઈન્ફોસીસનો શું રોલ રહેશે ?**

**ઉત્તર :** જીએસટીએન એ મે. ઈન્ફોસીસને સીંગલ Managed Service Provider (MSP) તરીકે એન્ગેજ કરેલ છે. કે જે જીએસટી પધ્ધતિની ડીઝાઈન, ડેવલપમેન્ટ, ડીપ્લોયમેન્ટ, સોફ્ટવેરની બધી એપ્લીકેશન્સ, ટૂલ્સ તથા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જ્યારથી આ સીસ્ટમ ચાલુ (લાઇવ) ત્યારથી પાંચ વર્ષ સુધી મેઇનટેઇન કરશે.

**પ્રશ્ન 7. જીએસટી કોમન પોર્ટલના મુખ્ય મુદ્દા કયા છે ?**

**ઉત્તર :** જીએસટી પોર્ટલ કરદાતા તથા તેમના CA અથવા વકીલોને ઈન્ટરનેટ વડે જોડી શકાશે. તથા ટેક્સ Officials દ્વારા ઈન્ટ્રાનેટ જોઈ શકાશે. એક જ પોર્ટલ દ્વારા જીએસટી આધારીત બધી જ સર્વિસ પ્રાપ્ય (અવેઇલેબલ) રહેશે જેમ કે :-

(1) ટેક્ષ પેયરનાં રજીસ્ટ્રેશન (નવા, જમા કરાવે, કેન્સલ વગેરે)

(2) Invoice Uploaded, પરચેઝ રજીસ્ટર વાપરતું તથા જીએસટી રીટર્ન ફાઈલીંગ

(3) બેન્ક આધારીત ટેક્ષ પેમેન્ટ

(4) આઈટીસી અને કેશ લેજર અને લાઇબ્રેરી રજિસ્ટર

(5) કરદાતાનું MIS, ટેક્ષ ઓફિસીઅલ્સ તથા અન્ય સ્ટેકહોલ્ડર્સ.

(6) BI/Analytic for Tax Official.

**પ્રશ્ન 8. જીએસટી Eco-system નો કોન્સેપ્ટ શું છે ?**

**ઉત્તર :** બધી જ રાજ્ય તથા યુપી સરકારોને Common જીએસટી સિસ્ટમ મળશે. આજ સિસ્ટમ Commercial Tax Department, કેન્દ્રીય વેરા અધિકારી, કરદાતા, બેન્ક્સ તથા બીજા સ્ટેકહોલ્ડરને મળશે.

આ Eco System માં બધા જ સામેલ હશે જેમ કે બધા જ Stakeholder કરદાતાથી Tax Professional થી ટેક્ષ અધિકારી

થી જીએસટી Purchase થી Banks થી એકાઉન્ટીંગ ઓથોરીટી નીચે દર્શાવેલ ચિત્ર વડે આ Eco Systemની સંરચના સ્પષ્ટ થશે :-

**પ્રશ્ન 9. જીએસપી (જીએસટી સુવિધા પ્રોવાઇડર) શું છે?**

**ઉત્તર :** જીએસટી સિસ્ટમને Infosys કંપની વડે ડેવલપ કરેલ છે. જે the Managed Service Provider (MSP) છે. જેનું કામ જીએસટી Core System, જરૂરી IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરૂ પાડવું, જીપીએસ સિસ્ટમને હોસ્ટ કરવું તથા પાંચ વર્ષ માટે તેને ચલાવવું.

Proposed GST Systemને ઈલેકટ્રોનીકલી તૈયાર કરવું. આને નિર્ધારીત કરવા માટે કરદાતાએ વિવિધ પાસા જેવાં કે ઈનવોઈસ સિસ્ટમ, Input Tax Credit ને મેચ કરવી, Parr-wise legen બનાવવું, ટેક્ષ પેમેન્ટ કરવું. ડીજીટલ સિગનેચર વડે આ બધા દસ્તાવેજો પર સહી કરવી વગેરે.

જીએસટી સિસ્ટમ બીટુબી પોર્ટલ તૈયાર કરશે. આ ફક્ત એક જ રસ્તો નહી હોય કે જે કરદાતા અને જીએસટી સિસ્ટમ વચ્ચે સંવાદિતા સાધે છે. Third Party Applications કે જે ડેકસ્ટોપ, મોબાઈલ, બીજા સાધનો વડે જીએસટી સિસ્ટમ જો કે સંવાદિતતા સાધશે. Third Party Application જીએસટી સિસ્ટમ જોડે, એપીઆઈ દ્વારા જોડાશે. આ બધી Applications Third Party Service provider દ્વારા પૂરી પડાશે જેને Generic નામ અપાશે; જીએસપી.

જુદી જુદી Activity જેવી કે રજીસ્ટ્રેશન, ટેક્ષ પેમેન્ટ, રીટર્ન ફાઈલીંગ તથા અન્ય માહિતીઓ જીએસટી System Portal અથવા Eco System વડે જીએસટી System સાથે પૂરી પડાશે. જીએસપી એ યુઝર્સ એજન્સી તરીકે કામ કરશે, તથા કરદાતાને માહિતી પૂરી પાડશે.

**પ્રશ્ન 10. જીએસટી Suvidha Providerની શું ખાસિયત હશે ?**

**ઉત્તર :** જીએસટી devaloped Apps એ જીએસટી સિસ્ટમ સાથે, સિક્યોર API's થી જોડાયેલ રહેશે. જેવી કે :-

- ડેવલપમેન્ટ જુદી જુદી Apps / ટેક્ષ પેયર માટે ઇન્ટરફેસીસ TRP's of જીએસટી System.
- બીજી મૂલ્ય વર્ધિત સેવાઓ કે જે Tax Prayer માટે રહેશે.

જીએસટી સુવિધા પ્રોવાઇડર (GSP's), કરદાતાને યોગ્ય પધ્ધતિ વડે રજીસ્ટ્રેશન થી લઈને અન્ય તમામ સેવાઓ પૂરી પાડશે. Interactionનાં બે સેટ રહેશે. પ્રથમ App user અને જીએસપી તથા દ્વિતીય જીએસપી અને જીએસટી સિસ્ટમ.

**પ્રશ્ન 11. જીએસપીનો ઉપયોગ કરવાથી કરદાતાને શું લાભ થશે ?**

**ઉત્તર :** Taxation Functionaryની મોટી પ્રણાલીને Tax Payer જોઈ શકશે કે જે જીએસપી ની Tax Academy Software વડે મળશે. Tax Prayer, ઇનવોઇસ / Returns તથા ટેક્ષ ભુગતાનનું સમન્વય જીએસપી વડે જોઈ શકશે. જીએસટી પોર્ટલનો બીજા કિસ્સામાં, મેન્યુઅલી પદ્ધતિ વડે પણ ઇનવોઇસ ડેટા તથા રીટર્ન અપલોડ થઈ શકશે. આ પદ્ધતિ બધા જ કર દાતા માટે સમાન રહેશે. બીજી બાજુ જીએસપીનાં આ તમામ હત્વનાં મુદ્દાઓ મોટાં ટેક્ષપેપર્સ, માટે પૂર્ણતા ઓટોમેટેડ fromsial System, એની ઓટો મોડ સિસ્ટમ તથા No System for small size રહેશે.

જીએસપી એ જીએસટી Filling પ્રણાલીને મોજુદા Softwareની પ્રકૃતિને અનુરૂપ રહેશે. જે નાની તથા મધ્યમ કરદાતા માટે એક સરખી જ કામગીરી નીભાવશે. આ તમામને તેમની માહિતી જેમ કે ખરીદ / વેચાણનાં રજીસ્ટર, ઇનવોઇસ વગેરે અપલોડ કરવા તથા તેને જીએસટી Perfect માં સમાનતા જેથી પ્રોસેસમાં સરળતા રહેશે. સમાંતરે ટેક્ષ કન્સલ્ટન્ટને તેનાં ક્લાયન્ટની માહીતી તેના ડેશબોર્ડ પરતી જ મળી જશે કે જેમાં કરેલાં તથા અધૂરા કામોની યાદી હોય.

ઇનોવેટીવ તથા મૂલ્ય આધારીત ફીચર્સ જીએસપી વડે મળી શકશે.

સ્તોત્ર :- http://www.gstn.org/ecosystem/faq_question.php

**પ્રશ્ન 12. જીએસટીએન દ્વારા maintain તથા Devlop થયેલ જીએસટી Common Portal માં કરદાતાનો શું લાભ હશે ?**

**ઉત્તર :** કરદાતા વડે જીએસટીએન માં નીચે મુજબનાં મુખ્ય કાર્ય થશે.

- કર દાતા તરીકે રજીસ્ટ્રેશનની અરજી અને Profile Management.
- ટેક્ષની ચુકવણી, પેનલ્ટી તથા વ્યાજ સાથે
- Invoice Clok, રીટર્ન તથા વાર્ષિક સ્ટેટમેન્ટ ભરવા
- રીટર્ન / ટેક્ષ લેજર / કેશ લેજરનું સ્ટેટસ જોવું.

**પ્રશ્ન 13. જીએસટીએન દ્વારા ડેવલપ કરાયેલ જીએસટી Systemમાં કેન્દ્ર તથા રાજ્યનાં અધિકારીઓ શું ભાગ ભજવશે ?**

**ઉત્તર :** જીએસટીએન માહિતીમાં અધિકારીઓ નીચે મુજબ કામ કરશે.

- કરદાતાની રજીસ્ટ્રેશન ની અરજીને Enroll કરવી, મંજૂર કે નામંજૂર કરવી.
- સ્ટેટ ટેક્સનું Administration કરવું. (એસેસમેન્ટ / ઓડીટ / રીફંડ / અપીલ / Investigation (તપાસ)
- એમઆઈએસ તથા અન્ય Function.

**પ્રશ્ન 14. જીએસટીએન Systemમાં શું દરેક Invoice Line માટે જીએસટીએન યુનીક Identification જનરેટ કરશે ?**

**ઉત્તર :** ના, તે આમ નહીં કરે, સપ્લાયર્સના જીએસટીઆઈએન, બીલ નં., તથા એચએસએન / એસએસી Code સાથે Financial Year નું કોમ્બીનેશન દરેક યુનીક Line બનાવશે.

**પ્રશ્ન 15. Invoice data દરેક દિવસે Upload થશે ?**

**ઉત્તર :** હા, જીએસટી Prepad ગમે ત્યારે / સમયે Invoice data ને Upload કરશે. પહેલાં ફક્ત એકજ વખતે આમ થતું હતું જેથી પ્રાપ્તકર્તા તેને પોતાનાં ખરીદ રજીસ્ટર સાટે જોઈ શકે.

**પ્રશ્ન 16. જીએસટી Portal પર Invoiceને અપલોડ કરવા શું જીએસટીમાં Tools આપશે ?**

**ઉત્તર :** હા, Microsoft Excel ની જેમ જીએસટીએન Spreadsheet ઉપલબ્ધ કરાવશે.

**પ્રશ્ન 17. Leder તથા બીજા Accountsને જોવા માટે જીએસટીએન Mobile App ઉપલબ્ધ કરાવશે ?**

ઉત્તર : હા, જીએસટી Portalને એવી રીતે તૈયાર કરેલ છે કે જે કોઈ પણ Smart Phone વડે જોઈ શકાશે. આથી Cash Ledger, Liability Ledger, આઈટીસી Ledger, વગેરે મોબાઈલ ફોન થી જોઈ શકાશે.

**પ્રશ્ન 18. શું જીએસટીએન ટેક્સ પ્રોફેશનલ્સ (કન્સલ્ટન્ટ)ને જુદો User અથવા password આપશે ? જેથી તેઓ પોતાનાં Clients ની માહિતી જોઈ શકે ?**

**ઉત્તર :** હા. ટેક્ષ પ્રેક્ટીશનર્સને તેમના Clientsનાં User ID અથવા Password નો ઉપયોગ કર્યા વગર જ પોતાના અલગ User ID Password થી માહિતી જોવાની સવલત મળશે.

ફક્ત ફાઈનલ submission જે ટેક્ષ પેપર પોતાનાં ક્લાયન્ટની ડીજીટલ સહી વડે કરી શકશે. (E-sign (OTP) અથવા Digital Signature Certificate વડે થઈ શકશે

**પ્રશ્ન 19. શું ઉપરોક્ત મુજબની સવલત ધરાવતા કરદાતા પોતાનો Tax Professional બદલી શકશે ?**

**ઉત્તર :** હા. કરદાતા પોતાનાં Portal માં જઈને બીજી Tax Professional ની નીમણૂંક, જૂના વાળાને કેન્સલ કરીને કરી શકે છે.

**પ્રશ્ન 20. શું સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સ કે સ્ટેટ (VAT) ન ધરાવતો કરદાતા જીએસટીમાં Fresh Reg. No. Apply કરશે ?**

**ઉત્તર :** ના, જેને સીબીડીટી વડે પીએએન ધરાવતો કરદાતા છે તો તેણે Fresh Application કરવાની રહેતી નથી. તેઓને કામચલાઉ જીએસટી આઈએન અપાશે. જે છ મહીના માટે કાર્યરત રહેશે. જેથી તેઓ જીએસટી Form વગેરે ભરી શકશે. Data Filing Provsional પૂરી થયા બાદ કામચલાઉ રજીસ્ટ્રેશન કાયમીમાં તબદીલ થઈ જશે. સંબંધ ટેક્ષ ઓથોરીટી દ્વારા સમયાંતરે Notifications રજૂ થતાં રહેશે.

**પ્રશ્ન 21. કરદાતાનાં સરલીકરણ માટે શું જીએસટીએન વિડીયો દ્વારા ટ્રેઈનીંગ પૂરી પાડશે ?**

**ઉત્તર :** હા. જીએસટીએન એ કોમ્પ્યુટર આધારીત વીડીયો ટ્રેનીંગ સીસ્ટમની રચના કરી છે. જેથી કરદાતાને જીએસટી Portal ની દરેક Processની માહિતી મળી શકશે.

આ માહિતી જીએસટી Portal તથા દરેક કર સત્તાની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.

**પ્રશ્ન 22. કરદાતા વડે જીએસટીએન પોર્ટલ ઉપર અપાયેલ માહીતી ગુપ્ત રહેશે ?**

**ઉત્તર :** હા. જીએસટીનાં Common Portal ઉપર કરદાતાની બધી જ પર્સનલ તથાં ધંધાકીય માહીતીને ગુપ્ત રાખવા માટે બધા પગલાં લેવાયાં છે. આ બાબતને Role Based Access Control (આરબીએસી) તથા કરદાતાનાં મહત્વનાં દસ્તાવેજોની ગુણવત્તા વહન તથા સ્ટોરેજ દરમિયાન જળવાશે. ફક્ત અધિકૃત કર સત્તાઓ જ આ માહિતીને જોઈ અને વાંચી શકશે.

**પ્રશ્ન 23. જીએસટી દ્વારા કયા સાવચેતીના પગલા લેવાયા છે જેના કારણે જીએસટી સીસ્ટમની સુરક્ષા કરી શકાય છે ?**

**ઉત્તર :** જીએસટી સીસ્ટમ પ્રોજેક્ટમાં એક ખૂબ જ સુંદર રીતે ડેટાની સુરક્ષાનું નેટવર્ક અને સુરક્ષાની સેવા પુરી પાડતું ફ્રેમવર્ક આપેલ છે. તેમાં સુરક્ષાની સાથે ઉચ્ચ પ્રકારના firewalls, માહિતીની intrasion detection માહિતીનું Encryption પુરા પાડે છે અને એની સાથે ખૂબ જ સારી રીતે OS (Operating System) સંપૂર્ણ ઓડિટ ટ્રેલ, છેડછાડ પ્રુફ hashing અલગોરીથમ વગેરે પણ આવે છે. જીએસટીએન આ સાથે સાથે પ્રાથમિક અને સેકન્ડરી ઓપરેશનના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર પણ સ્થાપિત કરે છે જે

sysem પર બદઇરાદાથી થતા હુમલાને રીયલ ટાઇમમાં રોકી શકે છે. જીએસટીએન આ સાથે સક્ષમ રીતે સોર્સ (source) codeનું મોનિટરીંગ કરીને સુરક્ષિત કોડિંગની પ્રથા રાખીને સામાન્ય રીતે જાણીતા અને અજાણ ખતરાથી બચાવે છે.

# પ્રકરણ 24

## ટ્રાન્ઝીશનલ જોગવાઈઓ

## (Transitional Provisions)

**પ્રશ્ન 1. શું જીએસટી અમલમાં આવે એ પહેલાના સમયના છેલ્લા રિટર્નમાં રહેલ સેનવેટ/આઈટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ)ની ક્રેડિટ જીએસટી હેઠળના ઇનપુટ ટેક્સ ક્રેડિટ તરીકે મળી શકે ?**

**ઉત્તર :** હા. નોંધાયેલ/રજીસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિ આવી ક્રેડિટ મેળવવા પાત્ર છે અને તે ક્રેડિટ એના ઇલેક્ટ્રનિક લેજરમાં જમા મળશે. આ ક્રેડિટ કલમ 143ની જોગવાઈ પ્રમાણે મળશે.

**પ્રશ્ન 2. જો એક પંજીકરણ/રજીસ્ટર્ડ કરાવેલ વ્યક્તિ કેપિટલ માલને 2016-17ના છેલ્લા ત્રિમાસમાં ખરીદે છે. તેનું ઇનવોઇસ 31 માર્ચના રોજ મેળવી લે છે, પણ તે કેપિટલ માલ તા. 5 એપ્રિલ, 2017 (જીએસટી સમયકાળ)માં મેળવે છે ત્યારે શું તે વ્યક્તિ 2017-18માં તેની પુરી સેનવેટ ક્રેડિટ મેળવી શકે છે ?**

**ઉત્તર :** હા. તે વ્યક્તિ 2017-18માં કલમ 144(1)ની જોગવાઈ પ્રમાણે તેની સંપૂર્ણ/પુરી સેનવેટ લઈ શકશે.

**પ્રશ્ન 3. જુના કાયદામાં 'X' અને 'Y' ઉપર કેપિટલ માલ ઉપર વેટ ક્રેડિટ નથી મળતી. પણ, આ વસ્તુઓ જીએસટીમાં સમાવિષ્ટ છે તો શું તેની ક્રેડિટ કરપાત્ર વ્યક્તિ ક્લેમ કરી શકે છે ?**

**ઉત્તર :** કલમ 144 (1) ની જોગવાઈ પ્રમાણે તે વ્યક્તિને ઇનપુટ ટેક્સ ક્રેડિટ ત્યારે જ મળી શકે જ્યારે તે અગાઉના/જુના કાયદા અને જીએસટીના કાયદામાં બન્નેમાં મળતી હોય. જ્યારે આ કેસમાં 'X' અને 'Y' પર જુના કાયદા પ્રમાણે કેપીટલ માલ ઉપર વેટ ક્રેડિટ નથી, તેથી તે વ્યક્તિ તેની વેટ ક્રેડિટને જીએસટીમાં ક્લેમ ના કરી શકે.

**પ્રશ્ન 4. ધારો કે આવી વ્યક્તિએ ખોટી રીતે ક્રેડિટ લીધી હોય, તો શું તેની વસૂલી જીએસટીમાં કે પહેલાના કાયદામાં કરાશે ?**

**ઉત્તર :** આ રીતે ખોટી રીતે લેવાયેલી ક્રેડિટની વસુલી જીએસટીના કાયદાની કલમ 143 થી 146 હેઠળ જ થશે.

**પ્રશ્ન 5. એવા બે વ્યક્તિના ઉદાહરણ આપો જે જુના કાયદા પ્રમાણે પંજીકરણ (રજીસ્ટ્રેશન) કરાવવા માટે જવાબદાર ન હતા પણ હવેના જીએસટીના કાયદા પ્રમાણે તેમણે પંજીકરણ (રજીસ્ટ્રેશન) કરાવવું**
**પડે ?**

**ઉત્તર :** તે ઉત્પાદક જેનું વાર્ષિક ટર્નઓવર 60 લાખ હતુ અને એસએસઆઈના લાભના કારણે, તેને રજીસ્ટ્રેશન લેવું જરૂરી નહોતું,

પણ નવા/જીએસટી કાયદા હેઠળ તેમણે પંજીકરણ (રજીસ્ટ્રેશન) લેવું જરૂરી છે, કારણ કે તેમનું વાર્ષિક ટર્નઓર 60 લાખ છે જે જીએસટી કાયદાની કલમ (9)માં દર્શાવેલ મૂળભુત/બેઝીક થ્રેશહોલ્ડ મર્યાદા (રૂ. 10 લાખ) કરતા વધુ છે.

**ઉત્તર :** એક ટ્રેડર/વેપાર જેનું ટર્નઓવર વેટના થ્રેશહોલ્ડ લિમીટથી નીચે છે અને તે પોતાનું વેચાણ ઇ-કોમર્સ (વીજાણુ-વેપાર) મારફતે કરે છે. તો તેને જીએસટીના કલમ 145, કલમ 4 અને કલમ 3ની જોગવાઈઓ પ્રમાણે જીએસટીમાં રજીસ્ટ્રેશન (પંજીકરણ) કરાવવું પડશે. આવી વ્યક્તિને કોઈ થ્રેશહોલ્ડ મર્યાદા લાગુ પડશે નહિ.

**પ્રશ્ન 6. નિયત દિવસે, વેટ ચુકવેલ ઇનપુટની વેટ ક્રેડિટને ઇનપુટ ટેક્સ ક્રેડિટ, શું સેવા આપનારને મળી શકે ?**

**ઉત્તર :** ના. વેટ કાયદામાં સેવાઓનો સમાવેશ થતો નથી. વેટ કાયદામાં માત્ર માલ જ સમાવિષ્ટ છે.

**પ્રશ્ન 7. એક પંજીકૃત (રજીસ્ટર્ડ) કરપાત્ર વ્યક્તિની પાસે વીજાણું ક્રેડટ લેજરમાં રૂ. 1000/- ની આઈટીસી જમા છે જે તેને તેના છેલ્લા રીટર્નના લીધે મળેલ છે. જો હવે તે વ્યક્તિ જીએસટીની કમ્પોજીશન સ્કીમમાં સ્વીચઓવર કરે છે, તો તે વ્યક્તિને શું તેની ઇનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ (ધન વાપસી) મળી શકે ?**

**ઉત્તર :** ના, તે વ્યક્તિને સ્વીચ ઓવર કરવાના આગલા દિવસના સ્ટોક ઉપર થતી ઇનપુટ ટેક્સ ક્રેડિટના રકમ ભરવી પડશે. આવી

રકમ તે ઇલેકટ્રોનિક ક્રેડિટ લેજર અથવા ઇલેક્ટ્રોનિક કેશ લેજરમાંથી ચૂકવી શકાય છે. જો ચૂકવણી ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરથી થાય તો વધારાનો/વધેલો ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) જે બેલેન્સમાં હોય તે કલમ 147 પ્રમાણે ચુકી/લેપ્સ જવાય.

**પ્રશ્ન 8. કેન્દ્રીય વેચાણવેરા કાયદા (સીએસટી એક્ટ) હેઠળ, છ મહિનાની અંદર પરત થયેલ માલની કિંમતને તેના ટર્નઓવરમાંથી બાદબાકી મળેલ છે. જો માલ ખરીદનાર, વેચાણના 6 મહિના બાદ પરત કરે તો, પછી એ માલ સીએસટી અથવા જીએસટી શેમાં કરપાત્ર થાય ?**

**ઉત્તર :** પ્રથમ એ ચકાસી લો કે માલ જીએસટીમાં કરપાત્ર છે. બીજું એ ચકાસો કે માલ નિર્ધારિત તારીખથી 6 મહિના બાદ પરત થયેલ છે. જો બંને પ્રશ્નોના જવાબ હા હોય તો માલ પાછો/પરત કરનાર વ્યક્તિએ તે માલ ઉપરનો કર જીએસટી પ્રમાણે ભરવો પડશે.

પરંતુ જ્યાં નિર્ધારિત તારીખથી 6 મહિનાની અંદર માલ પરત કરવામાં આવે છે તો માલ પરત કરનાર વ્યક્તિએ પરત થયેલ માલ કોઈ પણ કર ચુકવવો પડતો નથી. જો માલની ઓળખનું સત્યાયન થઈ શકે અને તેના વેચાણ ઉપર જુના કાયદા પ્રમાણે વેચાણ વખતે તેનો કર ચુકવાયેલ હોય અને તે નિર્ધારિત/નિયત તારીખથી 6 મહિનાની અંદર તેનું વેચાણ થયેલ હોય. આ માટે કલમ 149 સુસંગત છે.

**પ્રશ્ન 9. જેના ઇનપુટસ કે સેમી ફિનીશડ માલ (કાચો માલ) જોબવર્ક માટે જુના કાયદાના સમયમાં મોકલાવેલ પણ જોબ-વર્ક પતાવ્યા પછી તે માલ નિયત તારીખ/નિર્ધારીત કરેલ તારીખ પછી પાછો આવે છે. તો આવા કિસ્સામાં કર ચુકવણીની જવાબદારી ઉત્પાદક કે જોબ વર્કર, કોની થાય ?**

**ઉત્તર :** નીચેના સંજોગમાં જોબ વર્કર અને ઉત્પાદક બંનેમાંથી કોઈ પણ કર ચુકવવા માટે કોઈ પણ જવાબદાર નહિ થાય.

- કાચો માલ/ઇનપુટ/સેમી-ફિનીશ માલ જો જોબવર્કરને જુના કાયદા પ્રમાણે નિયત/નિર્ધારિત તારીખે મોકલવામાં આવ્યો હોય.
- જોબ વર્કર જો તે માલને નિર્ધારિત તારીખથી છ મહિનાની અંદર (અથવા બે મહિનાના વધારા/એક્સટેન્ડેડ સમયમાં પાછો મોકલી આપે.)
- નિયત/નિર્ધારિત તારીખે, જો ઉત્પાદક અને જોબ વર્કર બંને, તે દિવસના રોજના ઇનપુટના સ્ટોકની વિસ્તૃત માહિતી ઘોષિત, નિયત કરેલ ફોર્મમાં કરે.

આ માટે કલમ 150 અને કલમ 151 સુસંગત છે.

**પ્રશ્ન 10. જો જોબ-વર્કર તેના નિયમીત સમયમાં માલ પાછો ના મોકલે તો શું થશે ?**

**ઉત્તર :** કલમ 150 (1) અને કલમ 151 (1) પ્રમાણે નિયત કરેલ સમયગાળામાં, જો જોબ વર્કર માલ પરત ન કરે તો, જોબ વર્કરને કર ચુકવવો પડે. એ ઉપરાંત, ઉત્પાદક પણ કર ચુકવવા માટે જવાબદાર થાય જો નિયત સમયમર્યાદામાં માલ પરત ના થાય.

**પ્રશ્ન 11. શુ ઉત્પાદક તૈયાર માલ ટેસ્ટીંગ માટે મોકલેલ હોય તો તે માલને બીજી કરપાત્ર વ્યક્તિને ટ્રાન્સફર કરી શકે ?**

**ઉત્તર :** હા. જુના કાયદાની જોગવાઈઓ પ્રમાણે, ઉત્પાદક, કોઈપણ રજસ્ટર્ડ કરપાત્ર વ્યક્તિને કર ભરીને આ રીતે માલને ટ્રાન્સફર કરી શકે છે અથવા કર ભર્યા વિના એક્સપોર્ટ (નિકાસ હેતુ) માટે નિયત કરેલ તારીખથી છ મહિનાની અંદર અથવા એક્સટેન્ડેડ પિરીયડ (સમયગાળા સુધી) ટ્રાન્સફર કરી શકાય છે. આ માટે કલમ 152 સુસંગત છે.

**પ્રશ્ન 12. જો જુના કાયદા પ્રમાણે તૈયાર માલને અમુક પ્રક્રિયાઓ કરવા માટે ફેક્ટરીથી બહાર નિકાલ કર્યો હોય અને તે નિયત કરેલ તારીખે અથવા પછી પાછો/પરત આવે તો શું તેના ઉપર જીએસટી ભરવો પડે ?**

**ઉત્તર :** ના. ઉત્પાદક અથવા જોબ વર્કર દ્વારા કોઈ કર ચૂકવવો નહિ પડે. જો નિયત/નિર્ધારિત તારીખથી પહેલા નિકાલ થયેલ માલ – જેના ઉપર પ્રક્રિયાઓ થવાની હોય જે ઉત્પાદન ના કહી શકાય અને

નિર્ધારિત (નિયત તારીખથી 6 મહિનાની અંદર (02 મહિનાના એક્સટેન્ડેડ સમય)માં માલ પરત/પાછો આવે.

**પ્રશ્ન 13. જો ઉત્પાદીત માલ જુના કાયદા પ્રમાણે, જોબ વર્કરને ત્યાં માલ મોકલે, તો એવો માલ ક્યારે, જીએસટી ચુકવવાપાત્ર ગણાશે ?**

**ઉત્તર :** કલમ 152ની જોગવાઈઓ પ્રમાણે જે વ્યક્તિ માલ પાછો મોકલે છે અને તે જીએસટીમાં કર ચુકવવાને જવાબદાર હોય છે અને જો માલ નિયત કરેલ તારીખ/નિર્ધારિત તારીખથી 6 મહિના પછી માલ પરત થાય તો જીએસટી કર ચુકવવા પાત્ર થાય.

**પ્રશ્ન 14. શું કલમ 150, 151 અને 152 દર્શાવેલ બે મહિનાનું લંબાણ (exension) ઓટોમેટિક છે ?**

**ઉત્તર :** ના. આ બે મહિનાનું લંબાણ ઓટોમેટિક નથી પુરતા કારણો દર્શાવ્યા પછી આ લંબાણ સક્ષમ સત્તા દ્વારા આપી શકાય છે.

**પ્રશ્ન 15. મૂલ્ય/કિંમતના રિવીઝનના કારણે ઇસ્યુ કરવી પડતી ડેબિટ/ક્રેડટ નોટ માટેની સમયમર્યાદા શું છે ?**

**ઉત્તર :** કરપાત્ર વ્યક્તિ કિંમત રિવીઝનના 30 દિવસની અંદર ડેબીટ/ક્રેડિટ નોટ અથવા સપ્લીમેન્ટરી બીલ ઇસ્યુ કરે.

જ્યાં કિંમત/મૂલ્ય રીવાઇઝ કરીને ઓછું કરવામાં આવે, તો કરપાત્ર વ્યક્તિને પોતાની કર ચૂકવવાની જવાબદારી ઓછી કરવાનું

એલાઉડ છે પણ એ માટે શરત છે કે બિલ મેળવનારે પોતાની ઇનપુટ ટેક્સ ક્રેડિટ એ પ્રકારે ઓછું કર્યું હોય – આ માટે કલમ 153 સુસંગત છે.

**પ્રશ્ન 16. જુના કાયદા પડતર, કર અને વ્યાજના રીફંડનું ભવિષ્ય શું છે ?**

**ઉત્તર :** કલમ 153 મુજબ આવા કર અને વ્યાજના પડતર કેસોનો નિકાલ જુના કાયદા પ્રમાણે કરવામાં આવશે.

**પ્રશ્ન 17. સેનવેટ/ઇનપુટ ટેક્સ ક્રેડિટના સંદર્ભમાં કોઈ અપીલ અથવા રિવીઝનના જે જુના કાયદા પ્રમાણે પડતર હોય, તેનું ભવિષ્ય શું છે ? જો તે આઉટપુટની જવાબદારી સાથે સંકળાયેલ હોય તો ?**

**ઉત્તર :** કલમ 155/156ની જોગવાઈઓ મુજબ આવા કેસો જુના કાયદાની જોગવાઈઓનો અંતર્ગત નિકાલ થશે, પણ ઉપર દર્શાવેલ બંને સંજોગોમાં જુના કાયદાની જોગવાઈઓ પ્રમાણે જ પડતર કેસોનો નિકાલ થશે.

**પ્રશ્ન 18. જો એપેલેટ અથવા રિવીઝનલ હુકમ કરદાતા/એસેસીના પક્ષમા આવે તો, તે રિફન્ડ (ધન વાપસી) શું જીએસટીમાં થઈ શકે ?**

**ઉત્તર :** જો એપેલેટ અથવા રિવીઝન ઓર્ડર પાર્ટીના પક્ષમાં આવે તો, રિફન્ડ (ધન વાપસી) જુના કાયદા પ્રમાણે થશે. પણ જો

એપેલટ અથવા રિવિઝન ઓર્ડર પાર્ટીની વિરુદ્ધમાં આવે તો તેના એરિયર્સની રિકવરી જીએસટીની જોગવાઈઓ હેઠળ કરવામાં આવશે.

**પ્રશ્ન 19. જુના કાયદામાં ભરેલા રિર્ટનસના રિવિઝનમાં ઉદ્‌ભવતા રિફંડ (ધનવાપસી) જીએસટીમાં કેવી રીતે ડીલ કરવામાં આવશે?**

**ઉત્તર :** આ કારણથી ઉદભવેલ રિફંડ (ધન વાપસી) જુના કાયદાની જોગવાઈઓની અંતર્ગત આપવામાં આવશે. આ માટે કલમ 158ની જોગવાઈઓ સુસંગત છે.

**પ્રશ્ન 20. જો કોઈ માલ અથવા સેવા પુરવઠાનો કરાર (Contract) જુના કાયદામાં થયેલ હોય અને માલ અથવા સેવાનો પુરવઠો જીએસટીમાં થાય, તો તેના ઉપર કયો કર ચુકવવો પડે ?**

**ઉત્તર :** આવા પુરવઠા માટે જીએસટીની હેઠળ ચુકવવા પાત્ર કર ચુકવવો પડે.

**પ્રશ્ન 21. જો કોઈ સેવાના પુરવઠા માટે બદલામાં થયેલ વ્યવહાર જુના કાયદા પ્રમાણે થયેલ હોય અને તેના ઉપર કર ચુકવાઈ ગયેલ હોય અને શું આવા પુરવઠા ઉપર જીએસટી કર અને આવી સેવાનો પુરવઠો જીએસટીના સમયકાળમાં થાય તો, શું આવી સેવાના પુરવઠા ઉપર જીએસટી કર ચૂકવવો પડે ?**

**ઉત્તર :** ના. આવા માલ અથવા સેવાના પુરવઠા જેની ઉપરના બદલામાં થયેલ વ્યવહાર જો નિર્ધારિત તારીખની પહેલા મળેલ/થયેલ હોય પણ તેવા માલ અથવા સેવાનો પુરવઠો નિર્ધારિત તારીખ પછી પુરો પાડવામાં આવેલ હોય અને તેના ઉપર થતો કર જો જુના કાયદા પ્રમાણે ચુકવાઈ ગયેલ હોય તો આવા માલ અથવા સેવાના પુરવઠો કર ચુકવવા પાત્ર નહિ થયા. આ માટે કલમ 160 સુસંગત છે.

**પ્રશ્ન 22. જો માલ/સેવાનો પુરવઠો જુના કાયદાના સમયમાં થયેલ હોય પણ બદલાના વ્યવહારની આંશિક રકમ, નવા જીએસટીના સમયમાં મળેલ/પ્રાપ્ત થયેલ હોય, તો નવા/જીએસટી સમયમાં તેના પર શું કર ચુકવવો પડે ?**

**ઉત્તર :** ના. કલમ 161ની જોગવાઈ પ્રમાણે આવા પુરવઠા ઉપર કોઈ કર ચુકવવો નહિ પડે. જો તેની ઉપર થતો ચુકવવાપાત્ર કર જુના કાયદાના સમયમાં ચુકવાઈ ગયેલ હોય.

**પ્રશ્ન 23. જો આઈએસડી (ISD) એ સેવાઓની પ્રાપ્તિ જુના કાયદાના સમયમાં કરેલ હોય તો શું તેના સંદર્ભની આઈટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ)ની વહેંચણી આઈએસડી કરી શકે ?**

**ઉત્તર :** હા. કલમ 162ની જોગવાઈઓ મુજબ, તેવી સેવાઓની આઈટીસીની વહેંચણી તે આઈએસડી કરી શકે. ભલે તે સેવાઓને

લગતા ઇનવોઇસ/ઇનવોઇસીસ, નિર્ધારિત દિવસે અથવા તેના પછી મળેલ હોય.

**પ્રશ્ન 24. જો માલ (કેપીટલ ગુડઝ સાથે) જ પ્રિન્સીપાલનો હોય પણ નિર્ધારિત થયેલ/કરેલ તારીખે તે માલ એજન્ટ ત્યાં પડેલ હોય અથવા પાસે હોય, તેવા કિસ્સામાં શું એજન્ટ તેવા માલની આઈટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ) લઈ શકે ?**

**ઉત્તર :** આવા કિસ્સાઓમાં એજન્ટ નીચેના સંજોગોમાં તેવા માલની આઈટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ) લઈ શકે.

- એજન્ટ જીએસટીમાં રજસ્ટર્ડ (પંજીકૃત) કરપાત્ર વ્યક્તિ છે.
- જો નિર્ધારિત થયેલ તારીખના આગળના દિવસે, જો પ્રિન્સીપાલ અને એજન્ટ બંને એજન્ટને ત્યાં પડેલ માલના સ્ટોકની વિગતો જાહેર કરેલ હોય.
- તેવા માલ માટેના ઇનવોઇસની તારીખ, નિર્ધારિત/નક્કી કરેલ તારીખથી આગળના દિવસની તારીખથી 12 મહિનાથી વધારે જુની ના હોવી જોઈએ.
- જો પ્રિન્સીપાલે આવા માલની આઈટીસી ના લીધેલ હોય અથવા રીવર્સ કરેલ હોય.

  કલમ 162એ અને કલમ 162બી ની આ જોગવાઈઓ એસજીએસટી કાયદા માટે જ છે.

**પ્રશ્ન 25. જો નિર્ધારિત તારીખ/દિવસની પહેલા જો માલ એપ્રુવલ બેઝીઝ પર મોકલેલ હોય અને વેચનાર તેવા માલને નિર્ધારિત થયેલ તારીખ/દિવસના છ મહિના પછી પાછો મોકલે છે તો, એવા કિસ્સામાં શું જીએસટી કર ભરવો પડે ?**

**ઉત્તર :** હા. નિર્ધારિત થયેલ તારખ/દિવસના 6 મહિના (લંબાણ થયેલ 2 મહિના) પછી રીજેક્ટ/રીટર્ન આવેલ હોય અને તે માલ, જીએસટીમાં કર ચુકવવા પાત્ર થતો હોય તો તેના ઉપર જીએસટીમાં કર ચુકવવો પડે. આ કલમ 162 (ડી) ની જોગવાઈઓ એસજીએસટીના કાયદામાં જ લાગુ પડી શકે છે.

# દાવો જતો કરવાની નોટીસ (ડિસ્ક્લેમર નોટિસ)

કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક, અમદાવાદના અધિકારીઓએ કરેલ આ ગુજરાતી અનુવાદમાં શક્ય તેટલી કાળજી લેવામાં આવી છે. તેમ છતાં જો કોઈ સંભવિત ત્રુટી, ક્ષતિ કે હકીકત દોષ રહી ગયેલ હોય તેના લીધે, તેમજ ભાષાંતરીત પુસ્તકની વિગતોના આધારે કરવામાં આવતા કાર્યોના લીધે, થતા પરિણામો માટે અંગ્રેજીમાં લખાયેલ પુસ્તકને વધુ માન્ય ગણવું. કોઈ પણ અર્થઘટન માટે મૂંઝવણ થાય તો અંગ્રેજી પુસ્તકમાં આપેલ વિગતોને માન્ય ગણવી. આ પુસ્તિકા માત્ર સામાન્ય ઝાંખી પૂરી પાડવા માટે બનાવેલ છે અને કાનૂની અભિપ્રાય તથા સલાહ તરીકે ગણવામાં ના આવે વધુ વિગતો માટે આપને વિનંતી છે કે મૉડેલ જીએસટી કાયદાનો સંદર્ભ લેવામાં આવે.

સંદર્ભ પુસ્તક :

Frequently Asked Questions (FAQ) on GST

English Edition, Central Board of Excise & Customs,

New Delhi